આંતરભારતી પુસ્તકમાળા

પંજાબી એકાંકી

પંજાબી એકાંકી

સંપાદક
અતરસિંહ
અનુવાદક
દિનકર જોષી

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, નવી દિલ્હી

1978 (શક 1900)

Original Title : Choonven Punjabi Ekanki (Punjabi)
Gujarati Translation : Punjabi Ekanki

રૂ. : **10.50**

પ્રકાશક : ડાયરેક્ટર, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, એ - 5, ગ્રીન પાર્ક,
નવી દિલ્હી 110 016

મુદ્રક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ 380 014

ભૂમિકા

પંજાબી નાટક તથા રંગમંચ, પંજાબની સાંસ્કૃતિક પુનર્જાગૃતિના ઉત્તરાર્ધનું પ્રદાન છે. પંજાબ પરના અંગ્રેજી સામ્રાજ્યના વિજયના ફળસ્વરૂપે પશ્ચિમી સભ્યતા તથા સંસ્કૃતિના સંપર્કથી ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં પંજાબમાં પુનર્જાગૃતિનો આરંભ થયો. પંજાબી સંસ્કૃતિની પુનર્જાગૃતિનો પ્રથમ તબક્કો મધ્યકાલીન રહસ્યવાદી ઇસ્લામનો પ્રવેશ અને શીખ ધર્મના ઉદય સાથે શરૂ થયો. આ સમયગાળામાં પંજાબમાં ધર્મ, કાવ્ય, સંગીત, ચિત્રકળા તથા વાસ્તુકળાનાં ક્ષેત્રોમાં સજીવ અને બલિષ્ઠ આંદોલન પ્રગટયાં અને વિકસ્યાં, પણ નૃત્ય અને નાટક જેવાં દૃશ્ય-શિલ્પો ઉપેક્ષિત રહ્યાં. કળાનાં વિકસિત ક્ષેત્રોમાં પણ પ્રેરણાનો સ્રોત ધર્મ રહ્યો, રાજ્ય નહીં! ફળસ્વરૂપે કળાનાં આ ક્ષેત્રોમાં મધ્યકાલીન પંજાબમાં ધર્મની છાપ ઘણી સ્પષ્ટ છે. પંજાબી ઇતિહાસના મધ્યકાળમાં, ઇસ્લામને નાટયકળા પ્રત્યે ખાસ અભિરુચિ નહોતી અને શીખ ધર્મનું પણ એ પ્રત્યે કોઈ વલણ નહોતું. એટલું જ નહીં, શીખ ગુરુઓએ 'નાટક-ચેટક'ને તો 'કુકર્મ' કહ્યું છે!

સંસ્કૃત નાટયપરંપરાના પતન પછી, લાંબા વખત સુધી પંજાબમાં વેશ-ભૂષા, નકલ તથા રાસલીલા જેવી લોકભવાઈ જ મુખ્યત્વે જળવાઈ રહી. ગુરુ-શિષ્યનો પાઠ તથા કૃષ્ણ અને રામલીલાના પ્રચલિત ચલણની સાક્ષી તો ગુરુ નાનકદેવ પણ આપે છે:

"વાઈન ચેલે નચનિ ગુરુ
પૈર હલાઈન ફેરનિ સિર

ઉડિ ઉડિ રાવા ઝાટે પાએ
વેખે લોક હસે ઘર જાએ

રોટયાં કારણિ પૂરહિ તાલ
આપ પછાડહિ ધરતી નાલિ

ગાવનિ ગોપિયાં ગાવનિ કાન્હ
ગાવન સીતા રાજે રામ
નરચન કુદન મન કા ચાઓ
નાનક જિન મનિ ભઉ તિનહાં મનિ ભાઓ."

રાજ્યાશ્રયથી વંચિત તથા ધાર્મિક સંપ્રદાયોથી તિરસ્કૃત નાટક લોક-ભવાઈના સ્વરૂપે જેમ તેમ ટકી તો રહ્યું, પણ એક કલા તરીકે એનો વિકાસ થઈ શક્યો નહીં. સમકાલીન સાહિત્ય જોડે એને સંબંધ નહોતો કે ન તો એ સંબંધ જોડવા કોઈએ પ્રયત્ન કર્યો. આ કલાપ્રકારની સામાજિક સ્વીકૃતિ લગભગ ખતમ થઈ ગઈ હતી, એટલું જ નહીં, પણ આ પ્રકારના કલા-કારોનો સામાજિક મોભો પણ ભાંડ, મિરાસી, કલૌત કે રાસધારી જાતિ જેવો ઊતરતી કક્ષાનો ગણાતો. પંજાબમાં અંગ્રેજી રાજ્યની સર્વોપરીતા સ્થપાયા પછી પશ્ચિમના પ્રત્યક્ષ અને પરોક્ષ એવા વિવિધ સંપર્કો સાથે જ પંજાબની સાંસ્કૃતિક પુનર્જાગૃતિનો બીજો તબક્કો આરંભાયો ત્યાં સુધી આ સ્થિતિ પ્રવર્તી રહી.

ઓગણીસમી સદીના મધ્યકાળમાં જે નવજાગૃતિ પેદા થઈ એની અસર દ્વિમુખી હતી. એની એક બાજુ આધુનિકતાવાદ અને બીજી બાજુ પુનઃસ્થા-પનાવાદ(Revivalist) હતો. પંજાબને જ્યારે બ્રિટિશ ભારતમાં ભેળવી દેવામાં આવ્યું ત્યાં સુધીમાં અંગ્રેજોને અહીં આવ્યાને લગભગ બે સૈકા તથા અહીં એમના સામ્રાજ્યની સ્થાપનાને લગભગ એક સૈકો થઈ ચૂક્યો હતો. ફળસ્વરૂપે એક બાજુ પશ્ચિમી સંસ્કૃતિને ભારતમાં સ્વીકારવાની પ્રક્રિયા આરંભાઈ ચૂકી હતી તો બીજી બાજુ આના વિરોધમાં આપણી પ્રાચીન સંસ્કૃતિનું મહત્ત્વ પુનઃસ્થાપિત કરવાનું આંદોલન પણ શરૂ થઈ ચૂક્યું હતું. પહેલું વલણ આધુનિકતાવાદનું અને બીજું વલણ પુનઃસ્થાપનવાદનું હતું.

પુનઃસ્થાપનવાદી આંદોલને સહુ પ્રથમ સંસ્કૃત નાટકોનું પંજાબીકરણ કર્યું અને પછીથી સંસ્કૃત નાટ્યપરંપરાના ઢાંચામાં મૌલિક નાટકોના સર્જનના શ્રીગણેશ મંડાયા. અનુવાદકોમાં ડૉ. ચરનસિંહ (કાલિદાસકૃત 'શાકુંતલ') તથા માનસિંહ(વિક્રમોર્વશીયમ્)નાં નામો ઉલ્લેખનીય છે. ભાઈ વીરસિંહ(1872–1957), બાબા બુદ્ધસિંહ(1781–1931), વ્રજલાલ શાસ્ત્રી(જન્મ 1891) તથા લાલા કૃપાસાગરે(1875–1939) સંસ્કૃત નાટકોનું અનુકરણ કરતાં

મૌલિક નાટકો લખ્યાં, પણ આમાંથી કોઈએ પોતાની કૃતિને રંગમંચ પર રજૂ કરવાનો પ્રયત્ન કર્યો નહીં.

સંસ્કૃત સાહિત્યના પ્રાચીન કાળમાં એકાંકી નાટકો રચાતાં. ભાસરચિત એકાંકી 'દૂતિવાકચ' તથા 'ઊરુભંગ' તથા રાજા મહેન્દ્ર વિક્રમ વર્મનરચિત એકાંકી 'ભગવદ્દ અજ્જુકે' તથા 'મત વિલાસ' આનું પ્રમાણ છે. આમ છતાં સંસ્કૃત નાટકોના પંજાબી અનુવાદકો કે પછી એ પરંપરાના મૌલિક પંજાબી સર્જકો કોઈએ નાટ્યરચનાની કળામાં કોઈ ખાસ રસ લીધો નથી.

પ્રાચીન લોકનાટ્યની પરંપરાને ત્યજીને સાહિત્યિક નાટકોને રંગમંચ પર રજૂ કરવાનું ચલણ એકાંકીઓ દ્વારા જ આરંભાયું અને પશ્ચિમી નાટ્યરૂપોનો પંજાબી આવિર્ભાવ પણ એકાંકીથી જ થયો એ એક નોંધપાત્ર હકીકત છે. પશ્ચિમી ઢબે લખાઈને ભજવાયેલું પહેલું નાટક 'દુલ્હન'(સુહાગ)–1933– એક એકાંકી હતું. એના કર્તા દયાળસિંહ કૉલેજ(લાહોર)ના અંગ્રેજી સાહિત્યના વિદ્યાર્થી ઈશ્વરચંદર નંદા હતા. એમને નાટકો લખવાની અને ભજવવાની પ્રેરણા કૉલેજના અંગ્રેજ પ્રિન્સિપાલ પી. આઈ. રિચાર્ડ્સની પત્ની મિસિસ નોરાહ રિચાર્ડ્સ પાસેથી મળી. બલવંત ગાર્ગી, આ સ્વર્ગીય અંગ્રેજ મહિલાને પંજાબી નાટકની જનની કહે છે એ યોગ્ય જ છે! આ સદીના બીજા દશકાના આરંભમાં શ્રીમતી નોરાહની પ્રેરણાથી જ સ્થાનિક પૃષ્ઠભૂમિમાં આધુનિક શિલ્પ અને શૈલીમાં એકાંકી રજૂ કરવાના ગંભીર પ્રયત્નો થયા. આરંભના આ સફળ પ્રયોગોને પંજાબી શ્રોતાગણે જે આવકાર આપ્યો એનાથી આ શૈલીનાં બહુમુખી નાટકોને વેગ મળ્યો. વીસમી સદીના ત્રીજા અને ચોથા દશકામાં સંપૂર્ણ પંજાબી નાટકો લખાયાં તથા ભજવાયાં. નાટકના આ સમગ્ર વિકાસનું કેન્દ્ર અવિભક્ત પંજાબનું પાટનગર લાહોર હતું. આ ગાળા દરમ્યાન લાહોર ઉત્તર ભારતનું એક અગત્યનું રાજકીય, શૈક્ષણિક અને સાંસ્કૃતિક કેન્દ્ર બની ચૂક્યું હતું.

ઈ. સ. 1940ની આસપાસ પંજાબી એકાંકીના વિકાસનો બીજો તબક્કો શરૂ થયો. આ આંદોલનનું કેન્દ્ર પણ લાહોર હતું અને આ સમયમાં લાહોર પંજાબનો, રાજકીય, આધ્યાત્મિક, યુવક ક્રાન્તિની ચળવળો તથા સાંસ્કૃતિક-સાહિત્યિક પુનર્જાગૃતિનો કિલ્લો બની ચૂક્યું હતું, એટલું જ નહીં, એની અસર નીચે અમૃતસર અને પ્રીતનગર પણ પંજાબી સાહિત્યના મુખ્ય પ્રવાહોનાં

કેન્દ્ર બનવા માંડ્યાં હતાં. એ સમયે જ શરૂ થયેલા લાહોર રેડિયો સ્ટેશનેથી પંજાબી સાહિત્ય અને ખાસ કરીને વાર્તા, સમીક્ષા, કાવ્ય અને નાટકનો વિકાસવેગ ઝડપી બન્યો. લાહોર રેડિયોનું માધ્યમ જોકે ઉર્દૂ હતું, પણ પંજાબીને પૂરતો અવકાશ અપાયો હતો. આના પરિણામે પંજાબી સાહિત્યકારોને એક નવું જ માધ્યમ સાંપડ્યું. આ માધ્યમથી મુખ્ય લાભ એ થયો કે લિખિત સાહિત્યનાં લિપિનાં બંધનોથી મુક્ત એવું શ્રાવ્ય સાહિત્ય રેડિયો દ્વારા મોટા જનસમૂહને સીધું જ મળી શક્યું.

લાહોર રેડિયો સ્ટેશનની સતત માગ, નવી નવી એમેચ્યોર નાટ્ય સંસ્થાઓ, રાજકીય કૉલેજ(લાહોર)માં અહમદશાહ બુખારી સ્થાપિત ડ્રામેટિક ક્લબ, પ્રિન્સિપાલ જી. ડી. સોંધી સંચાલિત ઓપન એર થિયેટર તથા લિટલ થિયેટર ગ્રૂપનાં સ્વસ્થ અને મૌલિક સર્જનો, પ્રીતનગરમાં સરદાર ગુરબક્ષસિંહે સ્થાપેલું આદર્શવાદી નાટ્યમંડળ તથા અમૃતસરની ખાલસા કૉલેજની આસપાસ મંડરાયેલી મૌલિક પંજાબી સાહિત્યપ્રતિભાને કારણે, પાંચમા દશકામાં પંજાબી એકાંકીનો પ્રભાવ અને ગૌરવ મંચ પર સ્થાપિત થયાં. આ સમયગાળામાં પંજાબી રેડિયો નાટ્યકળાના પ્રખ્યાત સાધક રફીક મીર ઉજાગર આવ્યા. રફીક મીરે રંગમંચનું શિક્ષણ પશ્ચિમમાં લીધું હતું. એમનાં નાટકો 'અક્ખિયાં' તથા 'વૈરી'એ તત્કાલીન સમયમાં વિષયની સજીવતા, જોરદાર સંવાદ, વેરો, તીવ્ર નાટકીય સંઘર્ષ અને રજૂઆતથી રેડિયો માધ્યમનો જે ઉપયોગ કર્યો એ રેડિયો નાટકોના ક્ષેત્રમાં પંજાબી જ નહીં, ઉર્દૂ અને હિંદી નાટકોની સરખામણીમાં પણ શ્રેષ્ઠ મનાયો છે. ઈ. સ. 1940માં પ્રગટ થયેલો સંતસિંહ સેખોંનો એકાંકી સંગ્રહ 'છે ઘર' કદાચ પંજાબી ભાષાનો પ્રથમ સંગ્રહ છે. આ સમયગાળામાં જ સરદાર ગુરબક્ષસિંહનું લાંબું એકાંકી 'પ્રીત મુકુટ', 'હોણીદા લિશકારા' તથા 'પ્રીતમણી' લખાયાં અને ભજવાયાં. હરચરણસિંહનો પ્રથમ એકાંકી સંગ્રહ 'જીવનલીલા'(1940) તથા બલવંત ગાર્ગીનો પ્રથમ સંગ્રહ 'કુંઆરી ટીસી' (1945)માં પ્રગટ થયો.

પાંચમા દશકાનાં પહેલાં સાત વરસ પંજાબી એકાંકીના વિકાસમાં અગત્યનાં છે. આ કાળમાં મૌલિક નવોન્મેષો પ્રગટ્યા. આ વરસોમાં એમેચ્યોર પંજાબી થિયેટર પ્રચલિત થયું અને નાટકની કલાત્મક અભિવ્યક્તિ માટે રેડિયોના માધ્યમે નવી શક્યતાઓનો દરવાજો ખોલ્યો. આ સાત વરસોમાં જે નાટ્યકારો

આવ્યા એમનું પ્રદાન જ પંજાબી નાટકોમાં મુખ્ય ગણાય છે. આમાં સંતસિંહ સેખોં, હરચરણસિંહ, બલવંત ગાર્ગી, કર્તારસિંહ દુગ્ગલ વગેરે મુખ્ય છે. આજ લગી આ નાટકકારો એમના અનુગામીઓથી વધુ નહીં તોય એમની સમકક્ષ સક્રિય રહ્યા છે. આ નાટકકારોએ એમના પુરોગામીઓની જેમ જ નાટ્ય-કલેવરની સાધના તો કરી છે, પણ એમનું મુખ્ય પ્રદાન તો 1913-14થી શરૂ થયેલા એકાંકી નાટ્યપ્રયોગોને વેગ આપવામાં તથા સાહિત્ય અને રંગમંચનાં કલાસ્વરૂપોને તપાસવામાં રહ્યું છે.

1947માં આઝાદી સાથે સદીઓથી પંજાબનું સાંસ્કૃતિક અને રાજકીય કેન્દ્ર રહેલું લાહોર ભારતીય પંજાબથી વિખૂટું પડી ગયું. લાહોરમાં જે સંસ્થાઓ અને મંડળો હતાં એમનું પુનર્સ્થાપન થઈ શકે એવું એકેય કેન્દ્ર પૂર્વ પંજાબમાં નહોતું. વિભાજિત વિશ્વવિદ્યાલયો સોલન, સિમલા, હોશિયારપુર, અમૃતસર વગેરે ક્યાંય અલોપ થઈ ગયાં. જલંધર તથા સિમલા વચ્ચે આમ-તેમ ફર્યા કરતું પાટનગર ચંડીગઢમાં સ્થિર થયું. રેડિયો સ્ટેશન તથા ઉર્દૂ-પંજાબી અખબારો જલંધરમાં સ્થિર થયાં. જ્ઞાત અને અજ્ઞાત એવાં અનેક કારણોને લીધે લાહોરના સાંસ્કૃતિક જીવનની સમગ્ર વ્યવસ્થા વેરવિખેર અને છિન્નભિન્ન થઈ ગઈ! આવડી મોટી ઊથલપાથલની પંજાબના સાંસ્કૃતિક જીવન પર ઘેરી અસર ઊપજે એ સ્વાભાવિક હતું.

લાહોર જવાથી જે ખોટ પડી છે એ આજ સુધી પુરાઈ નથી. એની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, સુઘટ્ટ સાંસ્કૃતિક પીઠિકા, વિવિધતા, શહેરી આચાર તથા વ્યવહારકુશળતા, સૂક્ષ્મતા અને જટિલતા, રાજકીય કે અર્ધરાજકીય આંદોલનો, વ્યાપારધંધાના પ્રવાહો, શૈક્ષણિક અને યુવક પ્રવૃત્તિઓ જેવાં પરસ્પરાવલંબી તત્ત્વોને લીધે આ નગરે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એનું સમકક્ષ પંજાબમાં એકેય સ્થળ નહોતું, આજેય નથી, કદાચ થઈ શકશે પણ નહીં! અન્ય સાહિત્યિક પ્રશાખાઓથી નાટક એ અર્થમાં ભિન્ન કળા છે. એની સાધના નિતાંત વ્યક્તિગત વિદ્યા નથી. એનું સ્થાન કોઈ નદીતટે, જંગલમાં કે એકાંતમાં નથી. એ તો જનસમૂહની વચ્ચે ખભેખભો અથડાય એવી ભીડમાં જન્મે છે, ઊછરે છે અને શક્તિ મેળવે છે. એની વિશેષતા એ જ છે કે એ એક સામૂહિક નાગરિક કલા છે. લાહોર જવાથી નાટ્ય-પરંપરામાં જે શૂન્યાવકાશ સરજાયો એ પંજાબમાં ક્યાંય પુરાયો નથી. એનું

કારણ કદાચ એ જ છે કે ભારતીય પંજાબનાં બીજાં નગરો સાચા અર્થમાં નગર નહીં, પણ શહેરી સગવડોવાળા મોટા મોટા કસબા જ છે!

ભાગલા પછી, પહેલાં સિમલામાં લિટલ થિયેટર ગ્રૂપ અને પછી દિલ્હીમાં, ગુરુદયાળ ખોસલાના પ્રયત્નોથી પંજાબી થિયેટર ગ્રૂપે પંજાબી નાટકને ફરી વાર સચેત કરવા પ્રયત્નો કર્યા. દિલ્હીમાં શીલા ભાટિયાએ દિલ્હી આર્ટ થિયેટરના ઉપક્રમે પંજાબી સંગીત નાટકો તથા ઑપેરા કળાને પુનર્જીવિત કરવા સખત પરિશ્રમ કર્યો. આનું અનુકરણ કરીને તેરાસિંહ રાજા તથા જોગિંદર બાહરલા જેવા અન્ય કલાકારો અને યુનાઇટેડ થિયેટર ભટિંડાએ પોતાનાં ગીત અને સંગીત-નાટકો વડે નાટ્યકલાને જનસમૂહ સુધી પહોંચાડવાના સંનિષ્ઠ પ્રયાસો કર્યા. આ તમામ પ્રયાસો છતાં નાટક પંજાબના કલાક્ષેત્રનું એક સહજ અંગ હજુ સુધી બની શક્યું નથી. પંજાબ વિશ્વવિદ્યાલય–ચંડીગઢમાં બલવંત ગાર્ગીના માર્ગદર્શન હેઠળ ઇન્ડિયન થિયેટર ડિપાર્ટમેન્ટ તથા પંજાબી વિશ્વવિદ્યાલય – પતિયાલામાં સ્પીચ ઍન્ડ ડ્રામા ડિપાર્ટમેન્ટ(જેમાં હરચરણસિંહ, જી. એસ. ખોસલા વગેરે જોડાયેલા હતા)ની સ્થાપનાથી પંજાબી નાટ્યકળાના વિકાસ તથા શિક્ષણ અને અધ્યયનને પ્રોત્સાહન મળ્યું. આ સાથે જ અમૃતસરમાં ગુરશરણસિંહ તથા પતિયાલામાં ઇન્ડિયન સ્કૂલ ઑફ ડ્રામાના શિક્ષિત કલાકાર હરપાળ ટિવાણા તથા તેમની પત્ની નીના ટિવાણાની અવિરત લગનથી પંજાબમાં આત્મનિર્ભર નાટ્યસાધનાનું વાતાવરણ તૈયાર થયું છે. શ્રીમતી ટિવાણા પોતે પણ એક કુશળ કલાકાર છે. આમ છતાં એ હકીકત છે કે આજે પંજાબમાં 40થી ઓછી વયનો એકેય નાટ્યકાર નથી અને એમાંય રંગમંચીય ક્ષમતા ધરાવતાં નાટકો લખનારાં બહુ જ ઓછાં છે. આજ સુધી નાટકો મુખ્યત્વે વાચનક્ષમતા અર્થે જ લખાય છે. નાટકની રંગમંચીય ક્ષમતા અંગેની વ્યાપક પરંપરા જો પઠનીય નાટકોની પીઠિકામાં ન હોય તો નાટકનો વાચક એની કલ્પનાશીલતાના સહારે એને દૃશ્યમાન કલ્પી શકે નહીં, જેના ફળસ્વરૂપે નાટક માત્ર સંવાદોના રૂપમાં આલેખાયેલી વાર્તા જ બની રહે છે. પંજાબી નાટકની આજે આ જ પરિસ્થિતિ છે.

પંજાબી એકાંકી નાટક વિશે વિચારતાં એક હકીકત લક્ષમાં રાખવી જોઈએ કે એકાંકી નાટક એ પશ્ચિમમાં પણ એક સ્વતંત્ર કલાપ્રકાર નથી. પૂરા

નાટકનો એ એક ભાગ છે અને નવા પ્રકાર તરીકે નાટકથી ભિન્ન હોવા છતાં એની કલા, આકાંક્ષા, બૌદ્ધિક શક્તિ અને સૌંદર્ય-સામર્થ્યની દૃષ્ટિએ એટલો મહત્ત્વપૂર્ણ નથી. પશ્ચિમમાં આ પ્રકારનો વિકાસ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં કોઈક કલાત્મક ભૂમિકા પરથી નહીં, પણ નાટકના આરંભ પૂર્વે પ્રેક્ષકોની માનસિક ભૂમિકાની પુરવણી રૂપે થયો છે. વિલિયમ સિંજ, લેડી ગ્રેગરી તથા યીટ્સ જેવાં મહાન આયરિશ નાટ્યકારોની સાધનાથી, આયર્લૅન્ડના રાજકીય, સાંસ્કૃતિક આંદોલનોની પૃષ્ઠભૂમિમાં આ પ્રકાર વિકસ્યો છે. પણ આ સિવાય વિશ્વસાહિત્યના સંદર્ભમાં નાટકોના ઇતિહાસમાં એનો કોઈ નિર્ણયાત્મક કે સ્થાયી પ્રભાવ પડ્યો નથી.

પંજાબીમાં નાટ્યસાહિત્યે સામૂહિક સ્તરે ગદ્યસાહિત્યને અનુસરવાનો પ્રયત્ન કર્યો છે. ઓછામાં ઓછું નાટકીય વસ્તુની પસંદગીમાં તો આ સાવ સાચું છે. આ વસ્તુઓને નિભાવવાથી તો આ વિદ્યા નવલકથા કે નવલિકા જેવી સ્પષ્ટતા કે પ્રયોગો કરી શકી નથી. અન્ય ભારતીય ભાષાઓમાં પણ કદાચ આ જ પરિસ્થિતિ હશે. પંજાબમાં આનું કારણ એ લાગે છે કે કાવ્ય કે ગદ્યની તુલનામાં નાટ્યકલાનો વિકાસ થયો નથી. એનું એક ગૌણ કારણ કદાચ એ પણ હોય કે કવિતા, નવલકથા કે નવલિકાની રચના વ્યક્તિગત ધોરણે થાય છે અને એમાં એકાંત વાચન જ અભિપ્રેત હોય છે. આથી એમાં ગમે એટલા ક્રાંતિકારી વિચારો, રૂઢ સમાજવ્યવસ્થાવિરોધી સૂચનો, સામૂહિક ક્રાંતિ નિર્માણ કરવા માટે નિર્ભયતાથી રજૂ થઈ શકે છે. પણ નાટકની રજૂઆત જનસમૂહ વચ્ચે થાય છે અને જે તથ્યોને પરોક્ષ રૂપે માણસ આનંદે છે એનો ટોળાંની સાથે રહીને આવિષ્કાર કરવામાં એને કોઈ સંકોચ થતો નથી. સમૂહનો ભાવાવેશ, કયા પ્રકારની ભાવુક પ્રતિક્રિયા ધરીને આવશે એ સદાય કોયડો રહે છે. આથી વિષયવૈવિધ્ય સીમિત થવા ઉપરાંત એની રજૂઆતની મુશ્કેલી પણ આ નાટ્યરૂપની વિશેષતા બની રહે છે. વસ્તુવૈવિધ્ય અને રજૂઆતની દૃષ્ટિએ તપાસતાં પંજાબી નાટક, નવલ-કથા કે નવલિકાની સરખામણીએ કલાપ્રયોગોમાં પાછળ રહી ગયું છે.

ઇશ્વરચંદર નંદાનાં પ્રારંભિક એકાંકીઓ સામાજિક સુધારણાને કેન્દ્રમાં રાખીને લખાયેલાં છે, જેમાં રસના ઉદ્ભવસ્થાન જેવાં પાત્રો વ્યાજખોર, વાતોડી સ્ત્રીઓ, લાંચિયો કર્મચારી, કૉન્ટ્રાક્ટર, દંભી સાધુઓ વગેરે — દાહક

અને જોરદાર સંવાદો, આખી રજૂઆતની પાછળ લયાત્મક વ્યંગ તથા હાસ્ય પ્રમુખ સ્થાને રહ્યાં છે. પંજાબી એકાંકીના વિકાસના બીજા તબક્કામાં પૂરતું વૈવિધ્ય નજરે પડે છે. નંદાની સુધારાવાદી વિચારધારા હરચરણસિંહના હાથમાં ભાવાત્મક નાટકીય રૂપ ધારણ કરે છે. હરચરણસિંહની શક્તિ નાટ્ય સંઘર્ષને તીક્ષ્ણ અને તીક્ષ્ણતર રૂપે રજૂ કરવામાં જ રોકાયેલી રહે છે. ગંભીર બૌદ્ધિકતા અને ઝીણવટભરી દૃષ્ટિને લીધે સંતસિંહ સેખોં નજીવા વિષયોમાં પણ નાટ્યાત્મકતા અને ગંભીરતાથી રજૂ કરવામાં સિદ્ધહસ્ત છે. બલવંત ગાર્ગીએ મનુષ્યની સામાજિક સ્થિતિને પોતાની સાધનાના કેન્દ્રમાં નથી રાખી કે નથી રાખ્યાં એની આસપાસના નિર્મળ બૌદ્ધિક તેજલિસોટાને! એમનું પ્રદાન જનસમૂહની રોજિંદી પરિસ્થિતિનાં રસપ્રદ રહસ્યોની અભિવ્યક્તિમાં રહ્યું છે!

નાટકનું માધ્યમ, બલવંત ગાર્ગી માટે, વ્યક્તિના આંતરબાહ્ય સંઘર્ષો તથા એમાંથી થતી આત્મસ્વીકૃતિનું પ્રતીક છે. એમનાં નાટકોમાં પારસ્પરિક સંઘર્ષોનાં મૂળતત્ત્વ, વ્યક્તિદ્વન્દ્વને જ વિભિન્ન રૂપે રજૂ કર્યો છે. મનુષ્યની આંતરબાહ્ય પ્રકૃતિ વચ્ચે રહેલા સંબંધને પ્રતીકાત્મક ભાષાના પ્રયોગથી સ્પષ્ટ કરવામાં બલવંત ગાર્ગી પંજાબી નાટકમાં અદ્વિતીય છે.

આમ તો જોકે કર્તારસિંહ દુગ્ગલ અને ગુરદયાલસિંહ ખોસલાની નાટ્યકલા સ્વાતંત્ર્યોત્તર કાળમાં જ વિકસી છે. પણ સાચું કહીએ તો આ બન્ને લાહોરની જ નીપજ છે. કર્તારસિંહ દુગ્ગલે લાહોર રેડિયો સ્ટેશનેથી, ગુરદયાલસિંહે લિટલ થિયેટર ગ્રૂપના ઉપક્રમે આ કલાનો આવિષ્કાર કર્યો. દુગ્ગલનાં નાટકો જોકે મંચ પર સફળતાપૂર્વક ભજવાયાં છે, પણ ટેકનિકની દૃષ્ટિએ આ રેડિયો-નાટકોનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. આઘાત-પ્રત્યાઘાતમાં પ્રતિક્ષણે રંગ બદલતા ભાવોના સંઘર્ષને સંપૂર્ણ રીતે રજૂ કરવો એ આ માધ્યમનું ધ્યેય રહ્યું છે. દુગ્ગલે નાટકીય સંવાદોમાં જનસમૂહની ભાષાને બદલે કાલ્પનિક કાવ્યમય ભાષા દ્વારા પ્રભાવ ઉત્પન્ન કરવાનો પ્રયોગ કર્યો છે. ગુરદયાલસિંહની શૈલી મુખ્યત્વે પરિહાસપૂર્ણ છે અને મનુષ્યનાં વાણી અને વર્તન વચ્ચે રહેલી અસંગતિને વ્યક્ત કરીને એના અહંને એ છંછેડે છે. સ્વાતંત્ર્યોત્તર પંજાબી નાટકને પોતાની અભિવ્યક્તિના કલા-માધ્યમ તરીકે સ્વીકારનારાઓમાં અમરિકસિંહ સહુથી કુશળ નાટ્યકાર છે, પણ થોડાંક

વરસોની સફળતા પછી એમની પ્રતિભા અન્ય ક્ષેત્રે રોકાઈ જવાથી પાછલાં વરસોમાં એમનું પ્રદાન ગૌણ રહ્યું છે. એમનાં નાટકોનું પોત ઘણું ઘટ્ટ હોય છે. આસપાસનાં વિભિન્ન દૃશ્યો, માનવસ્વભાવની સંકુલતા તથા એની અસંખ્ય આકાંક્ષાઓ અને ભયોને નાટકમાં એવી રીતે ગૂંથે છે કે અંતિમ ક્ષણે ચરમસીમાએ બધાં તત્ત્વો એક ઘરેડમાં આવી જાય છે. ગુરચરણસિંહ જસૂજા અને હરચરનસિંહ ઘેરી માનવીય સંવેદનાને અને એની જટિલ ચેતનાને વ્યક્ત કરે છે, આથી ઊલટું કપૂરસિંહ ઘુમ્મણ, ઇશ્વરચંદર નંદાનું પાત્ર-કૌશલ્ય અને હરચરણસિંહની અતિ-નાટકીયતાને હાથમાં લઈને સમાજ-સુધારણાની લગનને આગળ લઈ જાય છે.

આ સંગ્રહમાં લેવાયેલાં એકાંકીઓ, આ બધા નાટકકારોની મુખ્ય કલા-પ્રવૃત્તિની પ્રતિનિધિ રચનાઓ છે. પ્રત્યેક એકાંકી પંજાબી એકાંકી કલાનું કોઈ ખાસ પાસું સ્પષ્ટ કરે છે, એટલું જ નહીં, પણ પંજાબી લોકજીવનની કોઈ નવીન બાજુને પણ રજૂ કરે છે જે સ્થાનિક હોવા સાથે વ્યાપક પણ છે. આ પંજાબી નાટકકારોમાં સર્વશ્રી ઇશ્વરચંદર નંદા, સંતસિંહ સેખોં, ગુરદયાલસિંહ ખોસલા, બલવંત ગાર્ગી, કર્તારસિંહ દુગ્ગલ અને અમરિક-સિંહે એમ.એ. કક્ષાએ અંગ્રેજી સાહિત્યનું અધ્યયન કર્યું છે તથા કેટલાક તો અંગ્રેજી સાહિત્યના કુશળ પ્રાધ્યાપકો પણ છે. કદાચ આને કારણે જ પંજાબી સાહિત્યમાં, એકાંકીનું મૂળ પશ્ચિમી રૂપ, સ્વાભાવિકતાથી ઊતર્યું છે.

— અતરસિંહ

અનુક્રમ

બેઈમાન

—ઈશ્વર ચંદર નંદા

પાત્રસૂચિ

મોટર વર્કશોપનો મૅનેજર : વય ચાળીસ-બેંતાળીસની આસપાસ
મોટરમાલિક : વય પચાસની આસપાસ
મોટરમાલિકની પત્ની : વય ચાળીસ-પિસ્તાળીસની આસપાસ
મિસ્ત્રી વસંતરામ : વય ત્રીસ-બત્રીસની આસપાસ
પોલીસ ઇન્સ્પેક્ટર : વીમા કંપનીનો એજન્ટ : વર્કશૉપનો
કારીગર : ચોકીદાર

[**સ્થળ:** મોટર વર્કશોપમાં મૅનેજરની ઑફિસ.

સમય: બપોર પછી ચાર-પાંચ વાગ્યાની આસપાસ. મોટર રિપેર થવાનો એકધારો ઠક્ ઠક્ અવાજ તથા કારખાનાનો કોલાહલ સંભળાય છે. મંચ પર જમણી બાજુના ખૂણા પર દરવાજે 'સ્ટોર' એવું પાટિયું લટકે છે. મૅનેજરના ટેબલ સામે, દીવાલ પર કૅલેન્ડર લટકાવેલું છે. ડાબી તરફ ખૂણામાં સ્ટૂલ પર ચોકીદાર બેઠો છે. મોટરમાલિક જમણી તરફના દરવાજેથી અંદર પ્રવેશે છે.]

મોટરમાલિક (ચહેરા પર ગુસ્સો ઊભરાય છે. મૅનેજરની ખુરશી ખાલી જોઈને ચોકીદાર તરફ મોં ફેરવે છે.)**:** ક્યાં ગયા મૅનેજર સાહેબ?

ચોકીદાર: અહીં આટલામાં જ છે — સાહેબ, બોલાવું?

મોટરમાલિક: હા, હા, જલદી બોલાવ. (ચોકીદાર જાય છે.) અપ્રામાણિકતાની પણ કંઈ હદ નથી! બિલ પૂરેપૂરું મોંઘુંદાટ અને ઉપરથી લટકામાં ઇનામ! અને આમ ન કરો તો... તો... ગાડીનું આવી જ બન્યું! આ કારીગર લોકો એકનો સુધારો કરશે અને બીજાનો બગાડો....

(મૅનેજર પ્રવેશે છે.)

મૅનેજર: પધારો, પધારો સાહેબ! શું હુકમ છે? (ખુરશી તરફ હાથ લંબાવીને) બેસો ને!

મોટરમાલિક: પરમ દિવસે મેં હેડલાઇટની ડીપર રિપેર કરવા મોકલી હતી?

મૅનેજર: એ હજુ રિપેર નથી થઈ કે શું? મિસ્ત્રીને મેં તરત જ કહી દીધું હતું — (ચોકીદાર તરફ) વસંતરામને હમણાં જ બોલાવી લાવ.

મોટરમાલિક: નહીં, નહીં, મિસ્ત્રીને બોલાવવાની કશી જરૂર નથી. રિપેરિંગ તો થઈ ગયું છે.

મૅનેજર: તો પછી રિપેરિંગ બરાબર નથી થયું? કોઈ ખામી રહી ગઈ છે? એ પણ હમણાં જ બરાબર કરી દેશે.

મોટરમાલિક: ના જી! ખામી કશી નથી રહી! ડીપર તો એકદમ નવી બની ગઈ છે.

મૅનેજર : આભાર ! અમારો તો એ મુદ્રાલેખ જ છે સાહેબ ! ભાવ ઊંચો પણ કામ એ-વન ! તમે તો જાણો જ છો — અમે વર્કશૉપમાં અનુભવી અને હોશિયાર કારીગરોને જ રોકીએ છીએ. ભલેને પગાર વધારે આપવો પડે ! શિખાઉ કારીગરોને અમે કદી રોકતા નથી. બીજી વર્કશૉપમાં તમને આવું ક્યાંય નહીં મળે !

મોટરમાલિક : તમારું કામ ઘણું સંતોષકારક છે એમાં બેમત નહીં !

મૅનેજર : ખૂબ ખૂબ આભાર સાહેબ ! આપની મહેરબાની એ જ અમારો સંતોષ છે. ફરમાવો, બીજી કંઈ કામસેવા ?

મોટરમાલિક : એક વાત કહેવી તો છે જ. પણ... પણ... થોડોક સંકોચ થાય છે.

મૅનેજર : અરે વાહ ! આ તો તમારું પોતાનું ગૅરેજ છે. સંકોચ વળી શાનો ?

મોટરમાલિક : મારે માત્ર આટલું જ જાણવું છે — તમારે ત્યાં કારીગરોને આ બક્ષિસ આપવાનો રિવાજ ક્યારથી શરૂ થયો ?

મૅનેજર : અરે હોય સાહેબ ! એવો રિવાજ અમારે ત્યાં કદી ન હોય ! બક્ષિસ વળી કેવી ? કારીગરોને ખોબો ભરીને પગાર ચૂકવીએ છીએ. છોગામાં વળી ઓવરટાઇમની ચુકવણી ! અને આમ છતાં વળી બક્ષિસ કેવી ? તમારી પાસે કોઈએ બક્ષિસ માગી કે શું ?

મોટરમાલિક : સાચું કહું તો મને હવે એમ લાગે છે કે —

મૅનેજર : શું લાગે છે ?

મોટરમાલિક : મારે માટે હવે બે જ રસ્તા રહ્યા છે. એક તો આ કારીગર લોકોનાં ખિસ્સાં અવારનવાર ભરતો રહું — નહીં તો કોણ જાણે કેટલોય નકામો ખર્ચ કરાવ્યા કરશે ! અને કોક વાર ક્યાંક વંકાઈ બેસે તો જાનનું જોખમ —

મૅનેજર : આટલું બધું ? શું વાત છે ?

મોટરમાલિક : અને બીજો રસ્તો એ છે કે આ ગૅરેજને જ રામરામ કરી દઉં !

મૅનેજર (હસે છે)**:** અરે, તમને એમ જવા કોણ દેવાનું છે ? આ ગૅરેજ તમારા માટે છે સાહેબ ! કારીગરો માટે નહીં ! તમે નારાજ થઈને અહીંથી જતા રહો એથી વધુ બદનામી અમારી બીજી કઈ હોઈ શકે ?

મોટરમાલિક : પણ મૅનેજર સાહેબ, એ સિવાય હવે બીજો માર્ગ જ નથી.

મૅનેજર : ચાલો, તમારી વાત કબૂલ-મંજૂર! પણ સાહેબ! મારી વાત તો સાંભળો! તમારી પાસે જો કોઈ કારીગરે બક્ષિસની માગણી કરી હોય તો હું એ બદલ તમારી માફી માગું છું! એ કમબખ્ત કોણ હતો એ તમે કહો! હું એને એવો પાઠ શીખવી દઈશ કે બચ્ચો યાદ કરતો રહેશે!

મોટરમાલિક : શિક્ષા કરવી, ન કરવી એ તમે જાણો! સાચી પરિસ્થિતિ તમને જણાવી દેવી એ મારી ફરજ છે.

મૅનેજર : સાવ સાચી વાત! તમારી વાત જાણીને મને બહુ દુ:ખ થયું છે. અમારા વિશે હું તમને ખાતરી કરાવવા માગું છું સાહેબ! બધી વાત મને વિગતવાર કહો!

મોટરમાલિક : ભલે! તમે તો જાણો જ છો કે તે દિવસે મારી ગાડીની હેડલાઇટ બગડી ગઈ હતી!

મૅનેજર : જી હા!

મોટરમાલિક : અને તમારા કારીગરે એને રિપેર કરવા માટે ગાડીમાંથી કાઢી લીધી હતી.

મૅનેજર : બરાબર!

મોટરમાલિક : આજે મેં તપાસ કરી તો એણે મને કહ્યું કે—

મૅનેજર : શું કહ્યું?

મોટરમાલિક : કે ડીપર સાવ જ નકામી થઈ ગઈ છે અને એ રિપેર થઈ શકે એમ જ નથી.

મૅનેજર : પછી?

મોટરમાલિક : એટલે મેં એની પાસેથી નવી ડીપર નખાવી લીધી.

મૅનેજર : હાં... હાં...

મોટરમાલિક : અને જ્યારે મેં જૂની ડીપર વિશે પૂછપરછ કરી તો કહે કે એના તો એકેએક ભાગ નકામા થઈ ગયા હોવાથી એને ભંગારમાં ફેંકી દીધી છે. એટલે મેં આ નવી ડીપરની કિંમત પૂછી તો પેલા મિસ્ત્રીએ કહ્યું — જે મરજીમાં આવે તે આપો! આ સાંભળીને મને તો ભારે નવાઈ લાગી. મેં ફરીથી પૂછ્યું — ડીપર સ્ટોરમાંથી ખરીદી તો લાવ્યા હશો ને? તો કહેવા લાગ્યો — તમે એમ જ સમજી લો ને? રાજીખુશીથી જે કંઈ આપશો તે લઈ લઈશું! તમારું કામ થઈ ગયું એટલે ભયોભયો! — આ સાંભળીને હું એવો તો ડઘાઈ ગયો કે કંઈ જવાબ સૂઝ્યો જ નહીં. મને ગૂંચવાયેલો

જોઈને પેલો ઉસ્તાદ કહેવા લાગ્યો — કેમ, સાહેબ! મારું કહેવું તો સમજી ગયા ને? એ ઉસ્તાદની વાત મને હવે બરાબર સમજાઈ ગઈ હતી. મારાથી હવે મૂંગા રહી શકાય એમ નહોતું. એટલે મેં ધીમેથી કહી દીધું — ભલે, ભલે, તને પાંચ રૂપિયા મળી જશે! એટલે પેલાએ ખુશ થઈને કહ્યું — મહેરબાની તમારી સાહેબ! આવું કંઈક ઇનામ મળતું રહે તો કામ કરવામાંય જીવ લાગે — બસ, ત્યારથી મને તો ખાતરી થઈ જ ગઈ, પણ પછી થયું — બક્ષિસના રૂપિયા આપતા પહેલાં તમારા કાને વાત તો પહોંચાડવી જોઈએ!

મૅનેજર : તમારી ઘણી મહેરબાની સાહેબ! હું તમારો આભાર માનું છું.

મોટરમાલિક : હવે સવાલ તો એ છે મૅનેજર સાહેબ, કે આ બદલાવેલી ડીપર નવી જ છે કે પછી જૂનીને જ રંગરોગાન કરીને ઠોકી બેસાડી હશે? અને આમ મારા પૈસા ખંખેરી લેતા હશે!

મૅનેજર : બેઈમાનીની હદ થઈ ગઈ! (ચોકીદારને) અરે, જરા હરબંસને બોલાવજે! (ચોકીદાર જાય છે.) સાહેબ, તમારી માફી માગતાંય મને તો હવે શરમ આવે છે. પાંચ-છ વરસથી આ વર્કશૉપ સંભાળું છું. આ પહેલો જ પ્રસંગ છે જ્યારે શરમથી માથું ઊંચું નથી કરી શકતો. અત્યાર લગી હું ખાંડ ખાતો હતો કે અમારા કારીગરો જેટલા કુશળ છે એટલા જ પ્રામાણિક છે. પણ આ નાલાયકે મારી આંખ ઉઘાડી નાખી. (હરબંસ આવે છે.)

હરબંસ : તમે મને બોલાવ્યો સાહેબ?

મૅનેજર : હા, હરબંસ! જો આ શેઠસાહેબની ગાડીમાં વસંતરામે હમણાં જ ડીપર બેસાડી છે. એ કાઢીને અહીં લઈ આવ. અને જો, વસંતરામને એની જાણ ન થાય એની કાળજી રાખજે! જરા જલદી હોં!

હરબંસ : અબઘડી આવ્યો સાહેબ! (જાય છે.)

મૅનેજર : બક્ષિસ વિશે તમે જે કહ્યું એ તો આના કરતાંય ઘણું શરમજનક કહેવાય. ઠીક છે! હમણાં જ હું એની સાન ઠેકાણે લાવી દઉં છું.

મોટરમાલિક : હવે તમે જ કહો મૅનેજર સાહેબ! આ સંજોગોમાં મારે બીજું કરવુંય શું? એક વાર જો આ રીતે પૈસા ખવડાવવાની ટેવ પાડી દઉં તો પછી આ કારીગરો સાથે તો રોજનો પનારો પડ્યો. એટલે સૌથી સારો ઉપાય તો એ છે કે હું ગૅરેજ જ બદલી નાખું.

મૅનેજર : તમે ખૂબ નારાજ થયા છો! પણ વિશ્વાસ રાખો, તમારી નારાજી હું દૂર કરી દઈશ. આ સવાલ જેટલો તમારો છે એટલો જ મારો પણ

છે. કોણ જાણે, અત્યાર સુધીમાં અમારા કેટલાય ગ્રાહકો આ રીતે સાપે પકડેલ છછુંદરની જેમ ફસાયા હશે અને અમને છોડી ગયા હશે! મારે આની પૂરેપૂરી તપાસ કરવી જ પડશે! (હરબંસ ડીપર લઈને પ્રવેશે છે.)

હરબંસ (ડીપર આપે છે): લ્યો, સાહેબ! બીજું કંઈ?

મૅનેજર: તું તારે જા હરબંસ! (હરબંસ જાય છે. મૅનેજર ડીપરને ઝીણવટથી જુએ છે.) આ ડીપર નવી નથી. જોકે દેખાવમાં એ નવી જેવી લાગે છે ખરી! આને ઘણી ચાલાકીથી નવી જેવી બનાવી છે.

મોટરમાલિક: એટલે કે આ એની એ જ જરીપુરાણી ડીપર છે એમ જ ને?

મૅનેજર: આ નવી નથી એ વાત ચોક્કસ! નવીની ચમક આટલી બધી ન હોય! (બતાવે છે.) આ જુઓ! કેવી ચમકે છે! આ ચમક એ માત્ર પેટ્રોલની જ કરામત છે. છતાં જરા ખોલીને બધું તપાસી લઈએ! (ટેબલના ખાનામાંથી પેચિયું કાઢીને ડીપર ખોલે છે.) અરે બાપ રે! આમાં તો એક ખીલી સુધ્ધાં નવી નથી.

મોટરમાલિક: ત્યારે તો પેલા ઠગે મને ખરો બનાવ્યો!

મૅનેજર: ઠીક છે! એનાં કરતૂતનાં ફળ હવે એણે ભોગવવાં જ પડશે. એની બધી ચાલાકી પકડાઈ ગઈ છે. (ચોકીદારને) અલ્યા, જા, વસંતરામને બોલાવી લાવ!

ચોકીદાર: જી હા! (જાય છે.)

મોટરમાલિક: તમારે એની સાથે જો એકલા જ વાત કરવી હોય તો હું બહાર જતો રહું.

મૅનેજર: નહીં રે સાહેબ! તમારે શા માટે જવું જોઈએ? તમારી હાજરીમાં જ આ વાતનો ફેંસલો થવા દો.

મોટરમાલિક: પહેલાં આવું કોઈ વાર બન્યું છે ખરું મૅનેજર સાહેબ?

મૅનેજર: બનવાજોગ છે કે મારા ધ્યાન બહાર ક્યારેક એવું બન્યું પણ હોય! આ વર્કશૉપ એની ઈમાનદારી અને ઉત્તમ કારીગરી માટે નામ કમાય એ જ મારા પ્રયત્નો રહ્યા છે. પણ આ કમબખ્તે મારું કર્યુંકારવ્યું ધૂળ કરી નાખ્યું! (વસંતરામ આવે છે.)

મૅનેજર (ક્રોધથી): તારી સામે ફરિયાદ છે વસંતરામ!

વસંતરામ: જી!

મૅનેજર: જી જી શાનો કરે છે? તને એની ખબર પડી ગઈ લાગે છે!

વસંતરામ: મેં હમણાં જ હરબંસને ગાડીમાંથી ડીપર કાઢતાં જોયો હતો. (પછી મોટરમાલિક તરફ નજર ફેરવીને) અને આ શેઠજી પણ અહીં હાજર છે!

મૅનેજર: તારે આ બાબતમાં શું કહેવું છે?

વસંતરામ: કંઈ જ નહીં!

મૅનેજર: કંઈ જ નહીં એટલે તું કહેવા શું માગે છે?

વસંતરામ: સાહેબ, મારો વાંકગુનો જ જ્યાં મને ખબર ન હોય ત્યાં હું બોલુંય શું?

મૅનેજર: ઝાઝી ચાવળાઈ રહેવા દે વસંતરામ! તારી સામે શા માટે ફરિયાદ થઈ છે એની શું તને ખબર નથી?

વસંતરામ: ફરિયાદનું કારણ તો મારાં ફૂટેલાં કરમ, બીજું શું? પણ મારો ગુનો શું છે?

મૅનેજર: તું એમ સીધી રીતે જવાબ નહીં આપે! બોલ, આ સાહેબની ગાડીમાં ડીપર કોણે તેં જ બદલાવેલી ને?

વસંતરામ: જી હા! મેં જ...

મૅનેજર: આ ડીપર કોની છે?

વસંતરામ: એમની ગાડીમાંથી કાઢી હતી એટલે એમની જ હશે ને!

મૅનેજર: પાછી તેં ચાવળાઈ આદરી! સીધેસીધા જવાબ આપવા માંડ!

વસંતરામ: જેનાં નસીબ ફૂટી ગયાં હોય એના માટે બધું સરખું જ છે!

મૅનેજર: તારા ફૂટેલા નસીબનો કકળાટ તું પછીથી કરજે! અત્યારે સીધેસીધું કહી દે! આ ડીપર આ શેઠસાહેબની જ છે કે પછી નવી છે?

વસંતરામ: એ નવી ક્યાંથી હોય!

મૅનેજર: તો પછી તેં એમને એમ કેમ કહ્યું કે એ નવી છે?

વસંતરામ: મેં એવું ક્યારે કહ્યું સાહેબ? મેં તો આપને એટલું જ કહ્યું કે આ ડીપર મેં એમની ગાડીમાંથી કાઢી હતી એટલે એમની જ હશે!

મૅનેજર: એ તો તું અત્યારે કહે છે! પણ શરૂઆતમાં તેં આમને ડીપર અંગે શું કહ્યું હતું?

વસંતરામ: એટલું જ કે શેઠસાહેબ, આપની આ ડીપર બિલકુલ બગડી ગઈ હતી. એને નવા જેવી બનાવતાં ઘણી મહેનત પડી છે. કેમ શેઠજી, મેં આમ જ કહ્યું હતું ને?

મોટરમાલિક : ખોટું! હળાહળ ખોટું! તેં તો એમ કહ્યું હતું કે ડીપર સાવ નકામી થઈ જવાથી તેં એને ભંગારમાં ફેંકી દીધી હતી. એની જગાએ નવી ડીપર બેસાડી દીધી છે!

વસંતરામ : આપ તો મોટા માણસ છો સાહેબ! આપને માઠું લાગી જાય એવો એકેય શબ્દ મારાથી બોલી શકાય નહીં. પણ સાચી વાત તો એ છે કે આપને કશીક ગેરસમજ થઈ લાગે છે!

મોટરમાલિક : એનો અર્થ એ થયો કે મેં જે કંઈ કાનોકાન સાંભળ્યું એ બધું ખોટું અને ગેરસમજવાળું! કાં તો મારી બુદ્ધિ બહેર મારી ગઈ હોવી જોઈએ અથવા મારું મગજ ઠેકાણે નહીં હોય એમ જ ને?

વસંતરામ : ના સાહેબ ના! એવું તો કેમ કહેવાય? પણ આપને કશીક ગેરસમજ થઈ છે એ વાત નક્કી!

મોટરમાલિક (કટાક્ષથી) **:** તો હવે પછી તું એમ પણ કહેવાનો કે તેં મારી પાસે જે બક્ષિસ માગી હતી એમાંય મારી કશીક —

વસંતરામ (વચ્ચેથી જ) **:** જી હા, સાહેબ! એમાં પણ આપની ગેરસમજ છે. મેં બક્ષિસ માગી જ નહોતી. ઊલટું તમે એમ કહેલું કે આને બદલે નવી ડીપર નાખી હોત તો સારું થાત! મેં તમને કહેલું કે નવી ડીપરની કિંમત નવ-દસ રૂપિયા લગભગ થશે. ત્યારે તમે કહેલું કે ના રે ભાઈ! મારે તો બે-ચાર રૂપિયામાં કામ પતાવવું છે. (સહેજ વ્યંગથી) અને સાહેબ, મેં તરત જ કહ્યું કે આ વર્કશૉપમાં એ નહીં બને! એટલે તમે ફુંગરાઈ જઈને સીધા અહીં આવીને મારી સામે ફરિયાદ કરી.

મોટરમાલિક : અરે ભગવાન! હવે તો હદ થઈ ગઈ! આ હું શું સાંભળું છું? હું જાગું છું કે ઊંઘમાં છું એ જ સમજાતું નથી!

વસંતરામ : મારા ધારવા મુજબ તો આપ સાહેબ ઊંઘમાં જ લાગો છો.

મૅનેજર : ચૂપ રહે, નાલાયક! (મોટરમાલિકને) આપ માઠું ન લગાડતા સાહેબ! હું આ બેઈમાનને સીધોદોર કરી દઈશ.

મોટરમાલિક : આ પણ અજબ વાત છે. આ તો બકરું કાઢતાં ઊંટ પેઠું! અહીં તો દોષનો ટોપલો મારા માથે જ ઢોળવામાં આવે છે. ચોર કોટવાળને દંડે તે આનું નામ! અને હજુ બલ્બવાળી વાત તો મેં તમને કહી જ નથી મૅનેજર સાહેબ! કોણ જાણે, તમે લોકો મારા માટે શુંય ધારતા હશો?

મૅનેજર: આપ તો શરીફ અને આબરૂદાર ગૃહસ્થ છો. આ બદમાશે જેમતેમ બકવાસ કરીને આપનું અપમાન કર્યું છે. હું સાચે જ આપની માફી ચું છું. આપ એ બલ્બવાળી વાત પણ કહી જ નાખો.

મોટરમાલિક: કહું તો ખરો, પણ પાછાં કોણ જાણે કેટલાંય જૂઠાણાં મારા માથા પર ખડકાશે! આજ સુધીમાં આટલો બધો હલકો માણસ મેં કદી જોયો નથી. વાતવાતમાં મને જ જૂઠો પાડે છે!

મૅનેજર: તમતમારે વાત કહો સાહેબ! એના બોલ્યા સામું જોશો નહીં!

મોટરમાલિક: બન્યું એવું કે આ તમારા મિસ્ત્રીએ મને કહ્યું કે મારી ગાડીના બલ્બ ખરાબ થઈ ગયા છે એટલે બદલવા પડશે અને જો નહીં બદલું તો ડીપર બદલવાનો કોઈ અર્થ નહીં રહે!

મૅનેજર: બરાબર.

મોટરમાલિક: અને પછી કહે કે તમને સસ્તામાં અપાવી દઈશ.

મૅનેજર: એમ? કયાંથી અપાવશે?

વસંતરામ: મારા બાપના ઘરેથી! શું વાર્તા જોડી કાઢી છે!

મૅનેજર: સાચેસાચું કહી દે વસંતરામ! વાત શું હતી?

વસંતરામ: વાત શું હોય? ધૂળ અને ઢેફાં! મને હેરાન કરવા માટે ઊપજાવી કાઢેલી બધી અધ્ધર વાતો છે!

મોટરમાલિક: સાંભળી લીધું ને મૅનેજર સાહેબ? જે બાકી હતું એ હવે પૂરું કર્યું, હું જૂઠો, અપ્રામાણિક, ગપોડી, ચુગલીખોર… રહે છે હવે કાંઈ બાકી?

વસંતરામ (પોતાનો બચાવ કરતો હોય એમ)**:** આપ સાહેબ નકામા ગુસ્સે થાઓ છો! મેં તો આપની વિરુદ્ધ એકેય આવો શબ્દ નથી કહ્યો!

મોટરમાલિક: બહુ થયું ભાઈ! બહુ થયું! થાકયો તારાથી તો! હું હાર્યો અને તું જીત્યો! હવે તો બસ ને!

મૅનેજર: ચૂપ કર ઉદ્ધત! તારી બોબડીને લગામ કર!

વસંતરામ: ભલે સાહેબ! હું ચૂપ રહીશ.

મૅનેજર: એમ નહીં! પહેલાં એ કહે કે આ શેઠજીએ તારા ઉપર જે આક્ષેપ કર્યો છે એ તું સ્વીકારે છે કે નહીં?

વસંતરામ: એ વાત હું કેવી રીતે સ્વીકારું સાહેબ?

મૅનેજર: એનો અર્થ એમ કે તું તારી જાતને નિર્દોષ માને છે!

વસંતરામ : સાવ સાચું કહ્યું !

મૅનેજર : જો ! જે કંઈ બન્યું છે એ સાચેસાચું કહી દે !

વસંતરામ : એટલે કે જૂઠાણું માનીને માફી માગું એમ જ ને ?

મોટરમાલિક : જોયું ને ! એની જીભ કેવી ચાલે છે !

મૅનેજર : જોજે હોં વસંતરામ ! પછી એમ ન કહેતો કે તને બચાવ કરવાની તક નહોતી આપી ! (મોટરમાલિકને) તમે આ બાબતની લેખિત ફરિયાદ આપી દો સાહેબ ! એ કાગળ રેકર્ડ પર આવી જાય એટલે હું એના પર મારો નિર્ણય લખી દઈશ. (વસંતરામને) તારે કંઈ લેખિત નિવેદન આપવું છે ?

વસંતરામ : જી ના, સાહેબ !

મૅનેજર : એ સિવાય બીજું કંઈ કહેવું છે ?

વસંતરામ : જી ના, સાહેબ !

મૅનેજર : ભલે, જા અને તારું કામ સંભાળ !

વસંતરામ : જેવો હુકમ ! (મોટરમાલિકને) નમસ્તે જી !

(વસંતરામ જાય છે, મોટરમાલિક ફરિયાદ લખે છે. નેપથ્યમાંથી અવાજો સંભળાય છે.)

એક અવાજ : વસંતરામ !

બીજો : વસંતરામ !

ત્રીજો : અરે, યાર ! આ ધાંધલધમાલ શાનાં છે ?

વસંતરામ : કંઈ નહીં રે !

ચોથો : કેમ ભાઈ ! મૅનેજર સાહેબ કંઈ બહુ તપી ગયા હતા ?

પાંચમો : મૂંઝાઈશ નહીં ! જે વધારે ગરજે એ ઝાઝું વરસે નહીં હોં દોસ્ત !

પહેલો અવાજ : પણ બન્યું છે શું એ તો કહે વસંતરામ !

વસંતરામ : અરે, જવા દો ! તમે બધા પોતપોતાના કામે વળગોને !

મોટરમાલિક (ફરિયાદનો કાગળ આપે છે) **:** લો આ ! હવે તમે જાણો અને તમારું કામ જાણે ! મેં તો નક્કી કરી જ નાખ્યું છે કે —

મૅનેજર : હું બરાબર સમજું છું કે તમને ખૂબ લાગી આવ્યું છે. પણ સાહેબ, હું તમને હાથ જોડું છું ! તમે આકળા થશો નહીં ! અમે તમને નારાજ નહીં જ થવા દઈએ ! તમને પૂરી ખાતરી કરાવી આપીશું. (મોટરમાલિકની પત્ની પ્રવેશે છે. એના હાથમાં બેત્રણ પૅકેટ્સ છે.)

પત્ની : અરે ! તમે કેટલું બધું મોડું કર્યું ? હજુ ગાડી રિપેર નથી થઈ કે શું ? મારી તો બધી ખરીદી પૂરી થઈ ગઈ !

મોટરમાલિક : વારુ, તો મૅનેજર સાહેબ! અમે હવે જઈશું. ઘણું મોડું થયું છે.

મૅનેજર : તમને મોડું થાય છે એ વાત તો સાચી સાહેબ! પણ હવે વધુ વાર નહીં, જો બેએક મિનિટ વધુ રોકાશો તો તમારી મહેરબાની થશે. બહેન, તમે પણ બેસો ને! (નમ્રતાપૂર્વક) ફક્ત બે જ મિનિટ હોં!

મોટરમાલિક : અરે, ભાઈસા'બ! આજે તો હેરાન હેરાન થઈ ગયો છું. મહેરબાની કરીને હવે તો જવા દો.

પત્ની : ગાડી હજુ નથી બની કે શું?

મૅનેજર : અરે, હોય કંઈ બહેન! ગાડી તો ક્યારની તૈયાર છે. (મોટર-માલિકને) વસંતરામ વિશેનો મારો ચુકાદો સાંભળીને જ તમે જાઓ.

મોટરમાલિક : માફ કરજો! પણ અમે ઉતાવળમાં છીએ!

મૅનેજર : બસ, આટલી જ વાર! (ચોકીદારને) અરે, જરા વસંતરામને બોલાવી લાવ. મારો ચુકાદો હું એક જ મિનિટમાં જણાવી દઉં છું. (વસંતરામ આવે છે.) વસંતરામ, તેં ઘણું ખોટું કર્યું છે! આવા સારા માણસ જોડે તેં બદમાશી કરી. હલકાઈ આચરીને તેં પૈસા પડાવવાની કોશિશ કરી. તારી આ અપ્રામાણિકતાથી તારી જ નહીં, આ ગૅરેજની પણ તેં બદનામી કરી છે. તને અત્યારે હમણાં જ ડિસમિસ કરવામાં આવે છે. સમજ્યો?

વસંતરામ (આશ્ચર્યથી)**:** ડિસમિસ! ડિસમિસ!

મૅનેજર : હા, ડિસમિસ! તારા જેવા કારીગરને નિભાવવા એ આવા સારા માણસ પર જુલમ કરવા બરાબર છે!

વસંતરામ : પણ સાહેબ! એમણે જે આક્ષેપ મારા પર મૂક્યો છે એ સાચો નથી.

મૅનેજર : તું તો એવું જ કહેવાનો!

વસંતરામ : ઓહ! તો પછી હવે ઢાંકપિછોડો નકામો છે સાહેબ! હું મારી ભૂલ કબૂલ કરું છું.

મૅનેજર (આશ્ચર્યથી)**:** એમ! તો તું ભૂલ કબૂલે છે? તેં લુચ્ચાઈ કરી! તું જૂઠું બોલ્યો.

વસંતરામ : જી હા, સાહેબ! મેં લુચ્ચાઈ કરી હતી. હું જૂઠું બોલ્યો હતો.

મૅનેજર : જોજે હોં! સાવ સાચી વાત કહે! તું પહેલાં જૂઠું બોલ્યો હતો?

વસંતરામ : હું સાચું કહું છું. મેં પહેલાં જૂઠું કહ્યું હતું! (મોટરમાલિક તરફ ફરીને) મારા માટે આમણે જે કહ્યું તે બધું અક્ષરેઅક્ષર સાચું છે. મેં જે કંઈ કહ્યું એ ઉપજાવી કાઢેલું હતું.

બધાં : ખરેખર ?

મૅનેજર : એમ વાત છે! તું પાછી બનાવટ તો નથી કરતો ને?

વસંતરામ : જી ના સાહેબ! સાચું કહું છું. મેં પહેલાં બનાવટ કરી હતી.

મોટરમાલિક : સત્યને કયાં સુધી ઢાંકી શકાય?

મૅનેજર : હરામખોર! એમ કહે કે તેં પહેલાં જે કહ્યું હતું એ જ સાચું હતું. જૂઠું નહોતું.

વસંતરામ : તમે તો મને ડિસમિસ કરી જ દીધો છે સાહેબ! પછી સાચું શું અને ખોટું શું?

મોટરમાલિક : મૅનેજર સાહેબ! તમારો આ કોયડો મને સમજાયો નહીં! હવે આની જૂઠી વાતને સાચી કહેવાનું તમે શા માટે કહો છો? એનો અર્થ તો એ થશે કે તમે મને ખોટો પાડવા માગો છો.

મૅનેજર : ના સાહેબ! એવું નથી. હકીકતમાં પહેલેથી જ વસંતરામની વાત મને સાવ ખોટી નહોતી લાગી. મને એમ થયા જ કરતું હતું — કયાંક ગેરસમજ થઈ હોવી જોઈએ. બનવાજોગ છે, તમે બન્ને તમારી રીતે સાચા પણ હો!

મોટરમાલિક : તો પછી આ બધું મારી બનાવટ કરવા માટેનું નાટક હતું એમ જ ને?

મૅનેજર : માફ કરજો, શેઠસાહેબ! એવું પણ નથી! તમારા માટે અમને માન છે. અમારો આ ધંધો તમારાથી તો ઊજળો છે. પણ ધંધો ચીજ જ આંટીઘૂંટીવાળી છે!

પત્ની : તમે ઘણા ચાલાક લાગો છો હોં!

મોટરમાલિક : તમારી ચાલાકીથી તો મારી હાલત કફોડી થઈ ગઈ!

મૅનેજર : આપ બેફિકર રહો સાહેબ! અમે આપની સેવામાં જ છીએ.

મોટરમાલિક : લેખિત ફરિયાદની લમણાંઝીક કર્યા વિના ચૂપચાપ સીધો જ બીજા ગૅરેજમાં ગાડી લઈ ગયો હોત તો સારું થાત!

મૅનેજર : એ વાત તો કરશો જ નહીં શેઠજી! મારા પર ભરોસો રાખો અને જુઓ કે હું બધો મામલો કેવી રીતે સંકેલી લઉં છું!

મોટરમાલિક : રહેવા દો, બહુ થયું! હજુ હમણાં તો આ બે બદામના મિસ્ત્રી સામે મારી વાતનું તમે સૂરસૂરિયું કરી નાખ્યું છે!

મૅનેજર : અરે હોય કંઈ! હજુ આ વાત પૂરી નથી થઈ!

વસંતરામ : પણ મારો તો ભોગ લેવાઈ ચૂક્યોને સાહેબ!

મૅનેજર : તને તો યોગ્ય શિક્ષા કરવાનો જ છે! અને એ તને ડિસમિસ કરવાની જ.

વસંતરામ : સાચું બોલું કે પછી જૂઠું — બેય રીતે ડિસમિસ! કુદરતનો કોપ, બીજું શું?

મોટરમાલિક : ના રે! બે-ચાર દિવસ આમ ટટળાવીને પછી માફ કરી દેશે.

મૅનેજર : બને જ નહીં! આ મારો પાક્કો નિર્ણય છે.

મોટરમાલિક : કે પછી કોઈ નવી ચાલાકી છે?

મૅનેજર (હસે છે.)**:** હું કદાચ જૂઠો હોઉં તોય આપ મારો થોડોક ભરોસો રાખો. શરૂઆતમાં આવી બદમાશી વિશે મારું મન માનતું નહોતું. પણ હવે એણે પોતે જ ગુનો કબૂલી લીધો છે. એટલે મારો આ નિરધાર પહાડ જેવો અચળ છે. હવે નહીં માનવાનું કોઈ કારણ નથી. આના જેવા બેઈમાન કારીગરો માટે અમારી વર્કશૉપમાં કોઈ સ્થાન નથી.

મોટરમાલિક : બહુ સારું! તો હવે અમે જઈશું! (પત્નીને) ચાલો.

મૅનેજર : એક મિનિટ. (ચોકીદારને) તાબડતોબ બે વીમટો લઈ આવ.

વસંતરામ : કેમ! હજુ પણ શું કાળજું પૂરેપૂરું ઠર્યું નથી કે શું?

મોટરમાલિક : આવો બકવાસ જ જો સાંભળવાનો હોય તો મારે રોકાવું નથી.

વસંતરામ (ગરમ થાય છે.)**:** આપે રોકાવું પડશે શેઠજી! હજુ મારે ઘણું ઘણું કહેવાનું છે!

મૅનેજર : ખબરદાર! જો એકેય શબ્દ બોલ્યો છે તો —

વસંતરામ : નહીં! ડિસમિસ કર્યા પછી તમે મને મૂંગા રહેવાનું કહો છો? ચૂપ તો તમે રહો! મારા પેટ પર તમે લાત મારી! મારી ખાના-ખરાબી કરી નાખી! મારું રૂંવાડેરૂંવાડું સળગે છે!

મૅનેજર : તને તારી કરણીનું ફળ મળ્યું છે.

વસંતરામ : સાચું બોલવાની સજા!

મૅનેજર : ના, અપ્રામાણિકતા, લુચ્ચાઈ અને જૂઠું બોલવાની આ સજા છે.

વસંતરામ : આવડીક નાની વાતનું આવડું મોટું વતેસર! કીડીને કોશનો ડામ!

મૅનેજર : નાની વાત? લુચ્ચાઈ, બેઈમાની, જૂઠાણું, આ શું નજીવી વાત કહેવાય?

વસંતરામ : કદાચ ન પણ હોય! તોય મને એ તો કહો સાહેબ! આ મોટાં મોટાં કારખાનાંઓ, આ મહેલ જેવા બંગલાઓ, વાડીવજીફા, આ બધું મેળવવામાં કોઈ કદી જૂઠું બોલ્યું જ નહીં હોય? આ બધુંય શું સત્ય અને ન્યાયની માટીમાંથી જ બન્યું છે? લુચ્ચાઈ અને બદમાશી, લાંચરુશવત અને કાળાંબજાર આ બધું કરીને ધન કમાઓ, ખજાના ભરી દો એટલે પત્યું! કોની તાકાત છે કે તમારી સામે ચૂં કે ચાં કરે? આ બધું ધનવાનો માટે ખરાબ નથી. ખરાબ છે બધુંય ગરીબો અને નિર્ધનો માટે... કૃષ્ણ કરે એ લીલા અને બીજા કરે તે છિનાળવું...વાહ ભાઈ!

મૅનેજર : ચાલ જા, નીકળ અહીંથી! અમારે તારું ભાષણ નથી સાંભળવું! તારી ધૃષ્ટતા હદ બહાર જાય છે!

વસંતરામ (ટોણો મારતો હોય એમ) **:** હું તો રહ્યો ગરીબ માણસ! ધૃષ્ટતા કરવાનું મારું શું ગજું હોય!

મૅનેજર : બહુ થયું! મૂગો મૂગો અહીંથી રવાના થઈ જા!

વસંતરામ : હા, પણ જતાં પહેલાં તમને આગ જેવાં વેણ સંભળાવતો જઈશ.

મોટરમાલિક : આ તો અસહ્ય છે. આ માણસ તો –

વસંતરામ (વચ્ચેથી જ)**:** જી હા! આ માણસ બાળોતિયાંનો બળેલો છે. તમને એ નહીં સમજાય! તમે રહ્યા શ્રીમંત માણસો! પાણી માગો ત્યાં દૂધ હાજર થાય! સવામણ રૂની તળાઈમાં તમે સૂનારાંઓ! તમારી ચારેય બાજુ બધીય સાહ્યબી હાજર! ભૂખ, તરસ અને ગરીબી શું કહેવાય એનો તમને ખ્યાલ પણ ક્યાંથી હોય?

મોટરમાલિક : હે ભગવાન! આ ઉપાધિમાં ક્યાંથી ફસાયા?

વસંતરામ : તમારી નજરે હું બેઈમાન ઠર્યો, તમે મને નોકરીમાંથી છૂટો કરી દીધો. મારાં બચ્ચાંઓને મોઢેથી રોટલો આંચકી લીધો! શાબાશ! (મોટરમાલિકને) અને શેઠજી! હવે તો તમેય ખુશ ને? બદમાશને બરાબર સજા થઈ ખરું ને! હવે ઘરે જઈને પેટ ભરીને બત્રીસ પકવાન આરોગો સાહેબ!

મૅનેજર-મોટરમાલિક (બન્ને સાથે જ)**:** તોબા! તોબા! તું હવે મૂંગો રહીશ?

વસંતરામ : કરમનો આગળિયાત હું, તમારી દુઆથી કપાળ ફૂટતો આજે ઘરે જઈશ ત્યારે બચ્ચાં પૈસા માગશે તો એમને માર પડશે. ઘરવાળી વચ્ચે પડશે તો એય માર ખાઈ બેસશે ! અને હું માણસજાતને, કિસ્મતને અને ખુદ ભગવાનનેય ગાળો દેતો દેતો મારાં નિર્દોષ બચ્ચાં ભૂખે ન મરી જાય એ માટે કોઈ ભલા માણસનું ખિસ્સું કાપીશ.

મૅનેજર : જહાન્નમમાં જા ! તને ફાવે તે કર ! તારો આ કકળાટ ઘણો સાંભળ્યો ! હવે બંધ કર !

વસંતરામ : હજુ વાર છે ! તમારે બાકીની વાત પણ સાંભળવી પડશે.

મોટરમાલિક (પત્નીને)**:** ચાલ ઊઠ ! આપણે રવાના થઈએ.

પત્ની : આવું શું કરો છો ? હું તો આની વાત સાંભળીશ. કહો મિસ્ત્રી ! જરૂર કહો, તમારી વાત !

મોટરમાલિક : એનો લવારો સાંભળીને તો ધરાઈ ગયાં.

મૅનેજર : હવે ચૂપચાપ અહીંથી ચાલતી પકડ, નહીં તો —

વસંતરામ : નહીં તો ફાંસીએ લટકાવશો એટલું જ ને ? લટકાવી દો.

પત્ની : તમતમારે તમારી વાત કહેવા માંડો મિસ્ત્રી !

વસંતરામ : બહેન, તમે તો મારાં મા બરાબર છો. મને માફ કરજો પણ મારો ગુનો બેઈમાની નથી પણ મારી ગરીબી છે. હવાઉજાસ વિનાની એક બંધિયાર કોટડીમાં રહું છું અને દિવસભર પરસેવો પાડયા પછી કોરો રોટલો મળે છે. દૂધ-ઘી તો ચાખવાય નથી મળતાં. જુઓ, (ખમીસ ઉતારે છે) મારા ખમીસની દશા ! બનિયન પણ ચીંથરું બની ગયું છે. બાળબચ્ચાંનાં કપડાં પણ એવાં જ ચીંથરાં થઈ ગયાં છે. પણ હજાર હાથવાળો સાક્ષી છે. આ ચીજો માટે મેં કદી અપ્રામાણિકતા નથી કરી. પણ આ ભૂખ અને માંદગીનું શું કરું ? બૈરી તાવમાં તરફડતી પથારીવશ પડી છે. બચ્ચાં ભૂખ્યાં રડે છે. દવાદારૂ માટે એક પૈસોય નથી. એક જોડીદાર પાસે ઉછીના માગ્યા તો એય મારી જેવો જ કંગાળ નીકળ્યો. અંતે એમ થયું કે આપ તો શ્રીમંત માણસ છો ! બેચાર રૂપિયાની આપને શી પડી હોય ? તમારી પાસેથી પડાવીને દવા લઈ આવું તો એમાં કયું પાપ થઈ જાય છે ! ડૂબતો માણસ બીજું કરેય શું ? જૂઠુંય બોલ્યો અને બેઈમાનીય કરી ! લાચાર હતો ! બસ, આ મારો વાંક, આ મારો ગુનો !

પત્ની (મૅનેજરને) **:** તમે આ લોકોને પૂરતો પગાર કેમ નથી આપતા ? બિચારા બીજું કરેય શું ? ભૂખ્યા ઓછું મરાય છે ?

મોટરમાલિક : રહેવા દે તું! ક્યાં આ લુચ્ચાની વકીલાત કરવા માંડી?

મૅનેજર : આ બદમાશે તો આપણને બદનામ કરી નાખ્યા છે.

વસંતરામ : બહુ થયું સાહેબ! અમારાં કરતૂતો તરત જ તમારી નજરમાં ખટકે છે. પણ તમારી પોતાની જાતને ક્યારેય અરીસામાં જોઈ છે? અહીં જે કંઈ બની રહ્યું છે એ અમે પણ નજરોનજર જોઈએ છીએ. આંધળા નથી! પણ તમે રહ્યા મોટા માણસ! પૂછવાવાળું કોઈ નથી ને!

મૅનેજર : તારી બોબડી બંધ કરીને અહીંથી ચાલતી પકડ, જા!

મોટરમાલિક : કેવો બેફામ બકવાસ કરે છે આ લુચ્ચો! આ તે કારીગર છે કે પછી માથાનો દુખાવો? તમે આવાને રાખ્યો ક્યાંથી?

મૅનેજર : શું થાય સાહેબ? મને દયા આવે છે. નહીં તો આવા નગુણાઓને તો —

વસંતરામ : જોઈ લીધી તમારી દયા! મારાં ભૂખ્યાં બાળકોનાં મોઢાંમાંથી રોટલો ઝૂંટવી લીધો.

પત્ની : મૅનેજર સાહેબ, તમે આને કાઢી નહીં મૂકતા! બિચારો ક્યાં જશે? શું કરશે?

મોટરમાલિક : તું ચૂપ રહે!

મૅનેજર : તમે એની કુહાડે કાપવા જેવી જીભ જોઈને બહેન?

વસંતરામ : તો કાપી નાખોને એ જીભને પણ! મારું રૂંવાડેરૂંવાડું પોકારી પોકારીને કહેશે — તમેય પૂરા બેઈમાન છો! લુચ્ચા છો! લબાડ છો! ખોટાં બિલો બનાવીને લૂંટ ચલાવો છો!

(સૂટબૂટમાં સજ્જ એવો એક માણસ પ્રવેશે છે. એ વીમાએજન્ટ છે.)

વીમાએજન્ટ : હલ્લો, મૅનેજર સાહેબ! માફ કરજો, પણ બતરાસાહેબની ગાડીના રિપૅરિંગનું જે બિલ તમે મોકલ્યું છે એ અંગે અમારી હેડઑફિસેથી ફરી વાર પૂછપરછ થઈ છે. મારે થોડીક તપાસ કરવાની છે.

મૅનેજર (ગભરાટથી)**:** કેમ! શી વાત છે? મને સમજાયું નહીં!

વીમાએજન્ટ : વાત એમ છે કે બતરાસાહેબની ગાડીના રિપૅરિંગનું તમે 649 રૂપિયાનું બિલ મોકલ્યું હતું, એ બાબતમાં મારે જરાક—

મૅનેજર : ઠીક, ઠીક સમજી ગયો! અત્યારે હું બહુ જ કામમાં છું. કાલે હું તમારી ઑફિસે આવીને બધી વાત સમજાવી દઈશ.

વીમાએજન્ટ : પણ ચોક્કસ આવજો હોં! મારે ફરીથી ધક્કો ન થાય. (જાય છે.)

વસંતરામ (ખોટું હસે છે): મને પણ સાથે લેતા જજો સાહેબ! બધું સમજાવી દઈશ. એના ડાઇનેમોનું રિપેરિંગ મેં જ તો કર્યું હતું! જુઓ ને, નવો ડાઇનેમો નાખ્યો હતો ને!

મોટરમાલિક: વધુ પડતું લાગે તોય મારી એક સલાહ માનો! જેટલા કારીગરો આવા બેઈમાન હોય એને વીણી વીણીને કાઢી મૂકો! નહીં તો તમારા ગૅરેજની બદનામીનો પાર નહીં રહે!

વસંતરામ: શેઠજીએ બહુ સાચી સલાહ આપી હોં! તમે તો મોટા સરકારી અધિકારી જેવા લાગો છો! એક એવો ફતવો જ બહાર પાડી દો કે કારીગરોનાં હવાપાણી બંધ! બધા આપોઆપ મરી જશે. કોઈ કારીગર બચશે જ નહીં, પછી વળી બેઈમાની કેવી?

મોટરમાલિક: બહુ થયું મૅનેજર સાહેબ! હવે હદ થઈ ગઈ! હવે રોકાવું મુશ્કેલ છે. મને જવા જ દો. (પત્નીને) ચાલ...

મૅનેજર (મિસ્ત્રીને): હરામખોર! તારી લૂલીને સીવીને અહીંથી જાય છે કે નહીં? (મોટરમાલિકને) હું તમારો ગુનેગાર છું, સાહેબ! પણ તમે નારાજ ન થતા. આ કાંટાને મેં પૂરેપૂરો કાઢીને ફેંકી દીધો છે. ફરી વાર ક્યારેય તમે એને અહીં નહીં જુઓ. તમને જે તકલીફ પડી છે એ બદલ તમારી માફી માગું છું.

(મોટરમાલિક અને એની પત્ની જવા માંડે છે ત્યાં જ એક પોલીસ ઇન્સ્પેક્ટર અંદર પ્રવેશે છે. પેલા બન્ને બહાર નીકળી જાય છે.)

ઇન્સ્પેક્ટર: માફ કરજો, પણ રાયસાહેબ જ્વાલાદાસ અહીં આવ્યા હતા?

મૅનેજર: જી શું બન્યું છે? એ તો હમણાં જ અહીંથી ગયા! હજુ આટલામાં જ હશે! જરૂર હોય તો બોલાવું! (ખુરશી ધરે છે) બેસો ને!

ઇન્સ્પેક્ટર: થૅંક-યુ! એમને જરૂર બોલાવો! ખાસ કામ છે. (મૅનેજર દરવાજા પાસે જઈને બૂમ પાડે છે)—રાયસાહેબ, રાયસાહેબ, જરા એક મિનિટ, પાછા આવો! (મોટરમાલિક પાછો ફરે છે.)

મોટરમાલિક: એક તો મોડું થઈ જ ગયું છે એમાં તમે પાછો બોલાવો છો! કહો, શી વાત છે?

મૅનેજર: આ ઇન્સ્પેક્ટર સાહેબને તમારું કામ છે!

ઇન્સ્પેક્ટર: નમસ્તે જી! આજે તો આપને શોધતાં નાકે દમ આવી ગયો! અહીં દર્શન થયાં.

મોટરમાલિક: એમ! તમને ઘણી તકલીફ થઈ હશે! બોલો, શો હુકમ છે?

ઇન્સ્પેક્ટર: અરે, અમારો ધંધો જ આ! (ખિસ્સામાંથી કાગળ કાઢીને) માફ કરજો, પણ આપના નામનું આ વૉરન્ટ છે!

મોટરમાલિક: વૉરન્ટ! મારી ધરપકડનું વૉરન્ટ?

ઇન્સ્પેક્ટર: ના જી! આપની ધરપકડ માટે નહીં, પણ આપની ગાડી કબજે લેવાનું આ વૉરન્ટ છે! (સીટી વગાડે છે) ડ્રાઇવર! (પોલીસનો ગણવેશ પહેરેલો ડ્રાઇવર આવે છે) જા, રાયસાહેબની ગાડીમાં બેસી જા! અને રાયસાહેબ, આપની ગાડીની ચાવી સોંપી દો!

મોટરમાલિક: અરે, પણ મામલો શું છે? શું બન્યું છે! મારી ગાડી તમે કબજે કેમ લો છો?

ઇન્સ્પેક્ટર: છૂપી પોલીસે એવી બાતમી આપી છે કે તમારી આ ગાડી ચોરાઉ માલ છે! અમારી તપાસ ચાલુ છે. હાલ તુરત ગાડી પોલીસના કબજામાં રહેશે.

વસંતરામ: પણ સાહેબ! એની ડીપર તો મેં રિપૅર કરી છે હોં!

મોટરમાલિક: ચૂપ કર બેઇમાન!

(મોટરમાલિકના આ છેલ્લા શબ્દો સાથે જ પડદો પડે છે.)

નિયતિ

—સંત સિંહ સેખોં

પાત્રસૂચિ

માનસિંહ : ગંગાપુરના મહારાજા

વિજયસિંહ : યુવરાજ

વિશ્વનાથ : મંત્રી

રાજેશ્વરી : જૌહરમાંથી બચી ગયેલી ભાનપુરની મહારાણી, જેણે મહારાજા માનસિંહનો આશ્રય લીધો છે.

[શાહી ઠાઠમાઠથી સજ્જ એવો રાજમહેલનો એક ખંડ છે. રાજા માનસિંહનો મુખ્ય મંત્રી વિશ્વનાથ અને યુવરાજ વિજયસિંહ ખૂબ ગંભીરતાપૂર્વક વાતોમાં ગૂંથાયેલા નજરે પડે છે.]

વિજયસિંહ : કેટલી શરમજનક વાત છે મંત્રીજી! રાજકુમારીને હજુ પૂરાં સોળ વરસ પણ નથી થયાં.

વિશ્વનાથ : એટલું જ નહીં, એ ખરેખર ભાનપુરના રાજકુટુંબમાંથી જ આવે છે એનીય આપણને ખાતરી નથી. લોકો વાત તો એવી કરે છે કે રાજાના મૃત્યુ પછી રાજકુટુંબની બધી જ સ્ત્રીઓ જૌહર કરીને બળી મરી હતી!

વિજયસિંહ : મને ખાતરી છે કે એ ભાનપુરના રાજકુટુંબમાંથી જ આવે છે. એની એકેએક વાત સાચી લાગે છે.

વિશ્વનાથ : તમને આની ખાતરી કેવી રીતે થઈ કુમાર?

વિજયસિંહ : રાજેશ્વરીએ પોતે જ મને આ વાતની ખાતરી કરાવી આપી છે. અને મંત્રીજી! રાજેશ્વરી જેવી સુંદર અને જાજરમાન સ્ત્રી રાજકુટુંબ સિવાય બીજે ક્યાં હોય?

વિશ્વનાથ : ઉંમરના પ્રમાણમાં રાજેશ્વરી સુંદર છે એ વાત તો સાચી. પણ રજવાડી રહેણીકરણી આ ઉંમરેય સૌંદર્ય જાળવી શકે ખરી હોં! મને લાગે છે એને ચાળીસ તો થયાં હશે.

વિજયસિંહ : ના રે! માંડ પાંત્રીસ! એને માંડ અઢાર થયાં હશે ત્યાં તો વૃજેશ્વરીનો જન્મ થયો હતો!

વિશ્વનાથ : એણે સૌંદર્ય જાળવી રાખ્યું છે એ એક જોગાનુજોગ છે! બાકી સ્ત્રીઓ જો મા બનવાની આટલી ઉતાવળ ન કરે તો—

વિજયસિંહ (ઉતાવળે)**:** એ વાત જ જવા દો ને મંત્રીજી! રાજેશ્વરીની ઉંમર કે એના રૂપ વિશે વાતો કરવા તો આપણે અત્યારે મળ્યા નથી ને!

વિશ્વનાથ : ના રે! આપણને વ્રજેશ્વરીની ઉંમર સાથે સંબંધ છે! એ ભલેને એટલી સુંદર હોય! આપણે શું? તમારા પિતાનો અજંપો હું બરાબર

સમજું છું. એ તો પહેલેથી જ રૂપના ભ્રમર છે! અને આ રાજકુમારીનું રૂપ પણ ક્યાંય જોટો ન જડે એવું તો છે!

વિજયસિંહ: આટલી સુંદર સ્ત્રીની પુત્રી કંઈ કમ તો ન જ હોય! રાજેશ્વરી જ્યારે જુવાન હશે ત્યારે એનું રૂપ પણ કેવું બે કાંઠે ઊભરાતું હશે? મને તો એ જ નથી સમજાતું કે આનાથી વધુ સૌંદર્ય બીજું કયું હોઈ શકે?

વિશ્વનાથ (ધીરજથી)**:** સાચે જ! મા-દીકરી બેઉ ખૂબ સુંદર છે!

વિજયસિંહ: પણ જવા દો! આપણે એની સાથેય કોઈ લેવાદેવા નથી.

વિશ્વનાથ (વિચારપૂર્વક)**:** નથીસ્તો! આપણે તો માત્ર એ જ વિચારવાનું છે કે —

વિજયસિંહ: પચાસ વરસની પ્રૌઢ વયે મારા પિતા આ સોળ વરસની કન્યાના પ્રેમમાં પડી જાય એ કેવું શરમજનક કહેવાય! હું તમને એ જ કહેવા માગું છું કે વ્રજેશ્વરીને હજુ પૂરાં સોળ વરસ પણ નથી થયાં.

વિશ્વનાથ: એમ તો કુમાર! આપના પિતાજીનેય પિસ્તાળીસથી વધુ વરસ નથી થયાં હો! તમે એમને પચાસે પહોંચાડવાની ઉતાવળ કરો છો!

વિજયસિંહ (હસે છે)**:** એથી શો ફરક પડવાનો છે? પિસ્તાળીસ વરસની ઉંમરેય આ બધું બેહૂદું તો કહેવાયને!

વિશ્વનાથ: હાસ્તો વળી! ખૂબ બેહૂદું કહેવાય!

વિજયસિંહ: આવડી ઉંમરની તો એમને દોહિત્રીઓ છે! આ રાજકુમારીને તો એમણે પિતૃભાવે જોવી જોઈએ!

વિશ્વનાથ: હા, એક રીતે તમારી વાત સાચી છે! મને લાગે છે, તમારી બહેનની ઉંમર પણ આઠ વરસની તો હશે જ!

વિજયસિંહ: અરે આઠ હોય! પૂરાં દસ હશે! જુઓ, હું ગણતરી કરી બતાવું... બરાબર... આઠ વરસ ઉપર થોડાક મહિના થયા હશે! તો મારી વાત બરાબર છે ને મંત્રીજી! આ ઘણી શરમની વાત કહેવાય અને તમારે એના પર ધ્યાન આપવું પડશે!

વિશ્વનાથ (માથું ખજવાળે છે.)**:** હું એમ વિચારતો હતો કે મહારાજાના છેલ્લા લગ્નને પાંચેક વરસ તો થયાં હશે, નહીં?

વિજયસિંહ: હા! માંડ પાંચ વરસ થયાં હશે! મહારાણીની ઉંમર અત્યારે પચીસથી વધુ નહીં હોય! એ વખતે હું તો સાવ નાદાન બચ્ચું હતો. તમે એ લગ્નનો વિરોધ કેમ નહોતો કર્યો મંત્રીજી?

વિશ્વનાથ : મેં તો ખૂબ વિરોધ કર્યો હતો પણ મહારાજાએ કશું કાન પર ન લીધું. મેં તમને પહેલાં જ કહ્યું કે મહારાજા રૂપના ભમરા છે! અને એ જ એમનું પ્રારબ્ધ છે! એમની નિયતિ છે!

વિજયસિંહ : અને આ વખતે એવું ન બને એટલા માટે તમને હું પહેલેથી જ ચેતાવી દેવા માગું છું.

વિશ્વનાથ : પણ મહારાજા અજંપ છે અને દરેક પાંચ વરસ પછી એમનામાં વાસનાનો આવેગ ઊઠે છે! આ છેલ્લા લગ્ન પહેલાં એમણે લગ્ન ક્યારે કરેલાં? મને લાગે છે કે દસેક વરસ થયાં હશે! તમારી ઉંમર ત્યારે લગભગ બારેક વરસની હશે.

વિજયસિંહ : એમના વાસનાના આવેગને હવે આપણે વારવો પડશે! તમે જુઓ છો, માતાજીને હજુ પચીસ વરસ પણ નથી થયાં. આ ઉંમરે એમને આઘાત લાગે —

વિશ્વનાથ : આ પહેલાં એમણે પણ કોઈકને આ ઉંમરે જ આઘાત પહોંચાડયો હતો! આગલાં રાજમાતાની ઉંમર પણ ત્યારે માંડ ત્રીસેકની હતી.

વિજયસિંહ : ત્યારે તો મારા મોઢે દૂધ ફોરતું હશે! પણ હવે હું આ ગાંડપણનો જબરદસ્ત વિરોધ કરીશ! પચીસ વરસની એક યુવાન સ્ત્રીને આ રીતે હડસેલી દેવી —

વિશ્વનાથ : તમારા આ વિરોધનું કારણ માતાજીની યુવાન અવસ્થા છે કે પછી વ્રજેશ્વરીની બાલ્યાવસ્થા છે?

વિજયસિંહ : મંત્રીજી! આજે તમે જરા વધુ પડતા ગંભીર લાગો છો! ગમે તેમ હોય! પિતાજીના વારસામાં મારે સાવકી માતાઓનું ટોળું નથી જોઈતું! અને મને કમકમાં તો એ વાતનાં આવે છે કે વ્રજેશ્વરી જેવી અબળા એમની હવસખોરીનો ભોગ બને છે.

વિશ્વનાથ : હવસ તો હોય, કુમાર, પણ આ તો રાક્ષસી હવસ! પણ આજે તમે કંઈક વધુ પડતા ગરમ થઈ ગયા છો.

વિજયસિંહ : તમને મારી વેદનાનો ખ્યાલ નહીં આવે મંત્રીજી! વ્રજેશ્વરી મારી નાની બહેન નથી. પુત્રી બરાબર છે! એને પૂરાં સોળ વરસ પણ નહીં થયાં હોય એવી ગભરુ લાગે છે! મને ખાતરી છે, આ ઘટના એ સમજતી જ નથી! આ કરતાં તો બહેતર છે કે એક બકરાની જેમ કાળીમાતાને એનો ભોગ ચડાવી દેવામાં આવે! મારા પિતાનો ભોગ બનતી તો અટકે!

વિશ્વનાથ : હા, પણ મહારાજા કોઈ દેવતા તો છે નહીં !

વિજયસિંહ : બરાબર ! એ માણસ છે અને એમણે હવે માણસાઈનો પરચો આપવો પડશે ! આ જાતનું ગાંડપણ એ માણસાઈ નથી.

વિશ્વનાથ : વાત તો સાચી. પણ કુમાર ! રાજા-મહારાજાઓ આવા માણસ નથી હોતા.

વિજયસિંહ : હું તો માણસ છું.

વિશ્વનાથ : તમે હજુ રાજકુમાર જ છો ! પણ એમ નહીં માનતા કે આ બાબતમાં હું તમારા પિતાજીનાં કાર્યોને વખોડતો નથી.

વિજયસિંહ (ઊંડા દુ:ખપૂર્વક) **:** પણ તમે એને રોકવાનો કોઈ પ્રયત્ન કરતા નથી.

વિશ્વનાથ : શું થઈ શકે એમ છે એ તો આપણે વિચારી રહ્યા છીએ.

વિજયસિંહ : ના, તમે એવું વિચારતા પણ નથી.

વિશ્વનાથ : એવું નથી કુમાર ! આ બાબતમાં હું ખરેખર ગંભીરતાપૂર્વક વિચારું છું પણ મને કોઈ રસ્તો સૂઝતો નથી.

વિજયસિંહ : મને ભય છે કે આ વખતેય તમે પહેલાંની જેમ જેવાં જેનાં નસીબ કહીને બેસી રહેશો !

વિશ્વનાથ : પહેલાં હું એકલો જ હતો કુમાર ! હવે આપણે બે છીએ ! મને આશા છે કે આ વખતે આપણે સફળ થઈશું !

વિજયસિંહ : હું તો પ્રતિજ્ઞાબદ્ધ છું !

વિશ્વનાથ (સાંભળ્યું જ ન હોય એમ) **:** વ્રજેશ્વરી નાદાન છે. આ બાબતમાં એનું કંઈ નહીં ઊપજે ! તમે હમણાં જ કહ્યું કે એ તમારી પુત્રી જેવી છે.

વિજયસિંહ : હા, હા ! ચોક્કસ !

વિશ્વનાથ : મને લાગે છે, કુમાર, કે તમારા પૂરતી પણ આ વાત કંઈ બરાબર ન કહેવાય ! તમારી ઉંમર બાવીસ વરસની છે અને વ્રજેશ્વરીની સોળ. તમારી વાત પણ અજબ તો કહેવાય, હોં !

વિજયસિંહ : એની તમે ખાસ ચિંતા ન કરો મંત્રીજી ! એમ માનો કે હું વ્રજેશ્વરીને મારી નાની બહેન સમજું છું.

વિશ્વનાથ : હા, આ કંઈક વાજબી કહેવાય ! મહારાજા રાજેશ્વરીના પ્રેમમાં પડયા હોત તો વાત કદાચ ગળે ઊતરી જાત ખરી !

વિજયસિંહ : ના, એ પણ ઠીક નહીં ! પિતાજીને હવે કોઈ પણ પરસ્ત્રી પર મોહિત થવાની જરૂર શી છે ?

વિશ્વનાથ : સવાલ જરૂરતનો નથી ! મોહિત થવાની કોઈનેય જરૂર નથી — તમારા પિતાજીને તો નહીં જ ! પણ આ વાત હવે એમના સ્વભાવનું લક્ષણ બની ચૂકી છે ! તમે જોજો, એવું ન સમજતા કે મહારાજા રાજેશ્વરીના પ્રેમમાં પડે એને હું વખાણી રહ્યો છું.

વિજયસિંહ : જોકે લાગે છે તો એવું જ હોં !

વિશ્વનાથ : તમે જ કહો, હું એમને કેવી રીતે અટકાવું ?

વિજયસિંહ : સલાહ આપવા જોગ તો તમે છો.

વિશ્વનાથ : હા, અમે આપીએ તે સલાહ કહેવાય અને માગીએ તે મત ! મારે તમારો મત માગવો જોઈતો હતો ! (હસે છે.)

વિજયસિંહ : વારુ ! આ બાબતમાં મારા વિચારો શું છે એ તમે પિતાજીના કાને પહોંચાડી દેજો. એમને પ્રસંગની ગંભીરતા સમજાવજો. બેચાર વાર માથું હલાવીને એમને કહી દેજો કે આમ બનવા દઈ શકાય નહીં. આ રીતે જ તમે લોકોને આવાં દુષ્કૃત્યોથી બચાવી શકશો. એમને સન્માર્ગે વાળી શકશો. (હસે છે.)

(દરવાજા પર સંત્રી દેખાય છે.)

વિશ્વનાથ : અંદર આવ ભાઈ ! (સંત્રી અંદર આવીને પત્ર આપે છે. મંત્રી વાંચે છે.) ભલે, એમને અંદર લઈ આવ. (રાજેશ્વરીનું સ્વાગત કરવા માટે દરવાજા તરફ આગળ વધે છે.) પધારો, મહારાણીજી ! (રાજેશ્વરીને અંદર દોરી લાવે છે. કુમાર પોતાની જગા પર સ્થિર ઊભા રહે છે.) આપે અહીં આવવાની તકલીફ કેમ લીધી મહારાણીજી ?

રાજેશ્વરી : હડહડતો અન્યાય થઈ રહ્યો છે, મંત્રીજી ! જૌહરમાંથી બચવાનું જે પાપ મેં કર્યું છે એનો કદાચ દેવ અમને દંડ દઈ રહ્યા છે.

વિશ્વનાથ : મહારાણીજી, મન મક્કમ રાખો ! આપે, આપની રૂપાળી પુત્રીને આગમાં બળી મરતી બચાવીને પુણ્યનું કામ જ કર્યું છે ! જરૂર પડ્યે ખુદ યમના દરબારમાંય આ વાતની હું સાક્ષી આપીશ.

રાજેશ્વરી : પણ આજે તો દેવ સમાન ગણાતો પુરુષ એનું ભક્ષણ કરવા તૈયાર થયો છે, જેને માટે મેં મારા પ્રાણનીય પરવા નહોતી કરી એવી મારી આ પુત્રી—

વિજયસિંહ : અમે એ જ વિચારી રહ્યા છીએ.

રાજેશ્વરી : મને એ વાતની ખબર પડી એટલે જ તો મારું દુઃખ રડવા આવી છું.

વિશ્વનાથ : તમને એમ કરવાનો હક છે.

રાજેશ્વરી : અગ્નિની જ્વાળામાંથી હું મારી પુત્રીને બચાવી લાવી છું. હવે મહારાજાની વાસનાની જ્વાળામાંથી તમે એને ઉગારો.

વિજયસિંહ : મારા પ્રાણના ભોગે પણ હું એને બચાવીશ.

વિશ્વનાથ : કુમાર, જરા સ્વસ્થ થાઓ ! મહારાજ માનસિંહ મારા માલિક છે અને એમના વિશે ગમે એવાં વેણ સાંભળવાની મને ટેવ નથી.

વિજયસિંહ : આવાં કડવાં વેણ સંભળાવ્યા વિના મારાથી રહેવાતું નથી, મંત્રીજી ! રાજકુટુંબ માટે આ એક આફત છે !

વિશ્વનાથ : કડવા શબ્દો સિવાય પણ બીજા રસ્તા વિચારી શકાય ખરા.

રાજેશ્વરી : હા, જો તમે મદદ કરો તો ! કુમાર, મહેરબાની કરીને તમે મંત્રીજીની વાત ધ્યાનથી સાંભળો.

વિશ્વનાથ : મહારાણીજી ! સહુ પહેલાં તમે તમારો મત આપો. તમારા વિચાર પ્રમાણે આ બાબતમાં આપણે શું કરવું જોઈએ ?

રાજેશ્વરી : મને લાગે છે કે ઉધમનગરના મહારાણા રાવિંદર સિંહ પાસે તમે અમને મોકલી આપો. મારી પુત્રી એની વાગ્દત્તા છે. મારા પતિના અવસાનના આગલે દિવસે જ તેઓ ભાનપુર છોડી ગયા હતા. તેમણે અમને તેડાવ્યાં છે અને મહારાજાને કહેણ પણ મોકલ્યું છે. અને આનાથી અમે રાજકુટુંબની સ્ત્રીઓ હોવા વિશે પણ તમને ખાતરી થશે. તમને એની શંકા છે. આ રહ્યો રાવિંદરનો પત્ર... (મંત્રી આગળ પત્ર ધરે છે.)

વિશ્વનાથ : તમારી વાત પર કોઈ નેય એવો વહેમ આવે જ નહીં, મહારાણીજી ! તમે તો નખશિખ રાજવંશી જ છો. પછી એની સાબિતી માટે મને વળી આવા પત્રની શી જરૂર ? મને લાગે છે કુમાર, કે આપણે આ લોકોને ઉધમનગર જ મોકલી દઈએ.

રાજેશ્વરી : પણ એ વાત સહેલી નથી. અહીંથી ચૂપચાપ નાસવું પડશે.

વિશ્વનાથ (માથું હલાવીને)**:** ના, તમારે ચોરીછૂપીથી જવાનું નથી. મહારાણીજી, તમારે માટે અને તમારી પુત્રીને માટે હું મારા માલિક વિરુદ્ધ કોઈ કાવતરું નહીં કરું ! મહારાજ તમારા અહીં ચાલ્યા જવાની વિરુદ્ધ શા માટે છે ?

વિજયસિંહ : હવસખોર ધણખૂટની જેમ—

વિશ્વનાથ (આ શબ્દોને કાનમાં જતા રોકતો હોય એમ કાન પર હાથ દબાવે છે.)**:** શું કારણ હશે ?

વિજયસિંહ: કારણ વળી બીજું શું? હવસખોરી!

વિશ્વનાથ (કુમારના રોષથી નારાજ થઈ ને): તોપણ કંઈક બહાનું તો હોવું જોઈ એને!

રાજેશ્વરી: બહાનામાં અમારું દુર્ભાગ્ય. મારી પુત્રી તો કહે છે, જે રાવિંદરે અમને ભાનપુરમાં એકલાં છોડી દીધાં હતાં એની પાસે એ કદી પણ નહીં જાય.

વિશ્વનાથ: નાદાન છે ને! એવું માનતી હશે કે રાવિંદરે પણ યુદ્ધમાં ખપી જવું જોઈતું હતું.

રાજેશ્વરી: હા, એમ જ કહે છે.

વિશ્વનાથ: મહારાણીજી! મારું તો માનવું છે કે એમણે બન્નેએ યોગ્ય જ કર્યું છે! તમારી પુત્રી જૌહરથી બચી ગઈ અને એનો ભાવિ પતિ યુદ્ધના છેલ્લા દિવસે થયેલી કત્લેઆમથી!

રાજેશ્વરી: નાસી જવા માટે મેં જ મારી પુત્રી પર ખૂબ દબાણ કર્યું હતું. એ તો અગ્નિમાં બળી મરવા માટે તૈયાર હતી.

વિશ્વનાથ: એની બાબતમાં મહારાજની ઇચ્છા શી હતી એનો એને ખ્યાલ છે?

રાજેશ્વરી: હા, એને ખબર છે. પણ ભવિષ્ય અંગે એને જરાયે પડી નથી. રાવિંદર સામે તો એને એટલો તિરસ્કાર છે કે એની પાસે જવા કરતાં દ્વારપાળ સાથે રહેવું વધુ પસંદ કરે છે.

વિશ્વનાથ: જેની ઉપર મહારાજાના ચાર હાથ હોય એને વળી દ્વારપાળ સાથે રહેવાની શી જરૂર?

રાજેશ્વરી: મંત્રીજી, આપણી આ તમામ મુસીબતોનું કારણ આ કન્યા જ છે! સુલતાનના શાહજાદા જોડે જો એને પરણાવી દીધી હોત તો આજે આ હાલત ન હોત!

વિજયસિંહ (આવેશમાં આવીને): રાજેશ્વરી, તમે આવું વિચારો છો?

રાજેશ્વરી: એવું નથી કુમાર, એવું નથી! (વિશ્વનાથ પણ ગૂંચવાય છે.) અમે અમારી આબરૂ સિવાય સર્વસ્વ લૂંટાવી દીધું છે.

વિજયસિંહ: અને હવે મારા પિતા સુલતાન બની રહ્યા છે. મને કહેવા દો, એક કાયર સુલતાન! (વિશ્વનાથ સાંભળવા ન માગતો હોય એમ કાન પર હથેળીઓ દબાવે છે. રાજેશ્વરીને આંખની ઇશારતથી સમજાવે છે કે વિજયસિંહને બહાર મોકલી દો.)

રાજેશ્વરી : કુમાર, તમે વધુ પડતા ગુસ્સે થયા છો ! મહેરબાની કરીને તમે થોડા સમય માટે બાજુના ખંડમાં બેસો અને અમને બન્નેને આ મામલામાં શાંતિથી વિચાર કરવા દો.

વિજયસિંહ : જેવી તમારી ઇચ્છા. (ઊભો થાય છે.)

રાજેશ્વરી (નમ્રતાથી) **:** કુમાર, માઠું તો નહીં લગાડો ને ?

વિજયસિંહ (જતાં જતાં) **:** ના રે... જરાયે નહીં ! (જાય છે.)

રાજેશ્વરી (થોડીક વાર ગૂંચવાતી હોય એમ ચૂપ રહે છે) **:** બરાબર કર્યું ને મંત્રીજી ?

વિશ્વનાથ : બરાબર ! હવે સીધી રીતે વાત થઈ શકશે ! તમને નથી લાગતું કે તમારી કન્યા મહારાજાના પ્રેમનો સ્વીકાર કરે એ વાજબી છે ?

રાજેશ્વરી : એનું કારણ મેં તમને કહ્યું જ છે.

વિશ્વનાથ : એમ નથી. રાવિંદરની કાયરતા નહીં પણ ખરેખર તો ઈર્ષા જ એનું કારણ છે.

રાજેશ્વરી : તો પછી મારા કરતાં તમે વધુ જાણતા લાગો છો ! ઈર્ષા વળી કેવી ?

વિશ્વનાથ : એને કુમાર તરફથી નિરાશા સાંપડી છે ! મારી આવી બેધડક વાતથી તમે માઠું નહીં લગાડો ને !

રાજેશ્વરી : ના, ઘણુંખરું તો નહીં ! પણ એને નિરાશ કરવામાં કુમાર વાજબી હતા.

વિશ્વનાથ : પણ વ્રજેશ્વરી જેવી સુંદર અને સ્વાભિમાની સ્ત્રીને નિરાશ કરવી એ કંઈ સહેલું નથી. રાજા રાવિંદરથી સાંપડેલી નિરાશાનું પરિણામ તમે જાણો જ છો. (ક્ષણભર મૌન) વ્રજેશ્વરીના પ્રેમને સ્વીકારવાનું તમે કુમારને સમજાવી શકો ખરાં ? મને ખાતરી છે કે તમારા જેવી ગુણિયલ સ્ત્રીથી આ કામ બની શકશે. અને જો ખરાબ ન લગાડો તો એક બીજી વાત પણ કહું —

રાજેશ્વરી : કહો.

વિશ્વનાથ : આવી પ્રણય-ઘટનાઓમાં મા ઘણુંખરું દીકરીને મદદરૂપ થાય જ છે.

રાજેશ્વરી : મારાથી એ નહીં બને.

વિશ્વનાથ : જો આમ બને તો પછી વ્રજેશ્વરી માટે મહારાજાના પ્રેમનો સ્વીકાર કરવાની વાત જ નથી રહેતી અને મને ખાતરી છે કે મહારાજા

ગમે એટલા કામી ભલે હોય પણ પોતાના પુત્ર સાથે એ પ્રણયદ્વંદ્વ નહીં જ ખેલે!

રાજેશ્વરી: મારા હાથની વાત નથી રહી. મારા પ્રયત્નો નિષ્ફળ ગયા છે.

વિશ્વનાથ (અવિશ્વાસથી)**:** તમે કુમારને સમજાવવા પ્રયત્ન કર્યો છે ખરો? તમે નિષ્ફળ થાઓ એ મારે ગળે ઊતરતું નથી.

રાજેશ્વરી: ના, એવું નથી! વ્રજેશ્વરીને સમજાવવા માટે મેં બધી કોશિશ કરી જોઈ છે. આ વાતને બધી બાજુએથી વિચારી જોવા પણ મેં એને ખૂબ સમજાવી જોઈ છે.

વિશ્વનાથ: બીજી બાજુઓની વાતથી તો એ ઊલટી ભડકે છે! તમે એના રોષને, એની ઈર્ષાને ઠારવા પ્રયત્ન કરો!

રાજેશ્વરી (રોષપૂર્વક)**:** એ કોની ઈર્ષા કરે છે? કોના પર રોષ કરે છે? (રડવા માંડે છે) એની ઈર્ષાનું કારણ હું છું. કુમાર એને પ્રેમ નથી કરતા કેમ કે કુમારને મન એ પુત્રી બરાબર છે. મારી સગી દીકરી મારી સાથે શોકય જેવો વર્તાવ કરશે એવી મને કલ્પના પણ હોત તો હું જૌહરથી બચત જ નહીં! હવે મારા પર રોષ અને ઈર્ષા કરીને એ પોતાની જિંદગી એક બુઢ્ઢા દુરાચારીને હવાલે કરવા તૈયાર થઈ છે! અરેરે, ભગવાન! તારી ગતિ કેવી ન્યારી છે!

વિશ્વનાથ: મહારાણીજી! તમે મહારાજને અન્યાય કરી રહ્યાં છો. તમે એ તો જાણો જ છો કે આવી વાતો સાંભળતાં મને કેટલું દુઃખ થાય છે!

રાજેશ્વરી (ડરતી હોય એમ)**:** મનેય એનું દુઃખ છે. પણ વ્રજેશ્વરીની ઈર્ષાવૃત્તિનો મહારાજ ગેરલાભ શા માટે લે છે?

વિશ્વનાથ: વ્રજેશ્વરી આ બધું ઈર્ષાવશ થઈને જ કરે છે એની મહારાજને ખબર નહીં જ હોય!

રાજેશ્વરી: હોય કંઈ! એમને બધી જ ખબર છે!

વિશ્વનાથ: તો કદાચ ક્રોધવશ થઈનેય આવું કરતા હોય!

રાજેશ્વરી: શું કહ્યું? મહારાજને આ વાત પર અણગમો છે;

વિશ્વનાથ: માફ કરજો, પણ આપણે એક ખૂબ ગંભીર વિષય પર વાત કરી રહ્યાં છીએ. હું ગમે એટલો પ્રયત્ન કરું તોય આકરા શબ્દો વપરાઈ જ જાય છે! અને હવે આપણી વાત પણ એવા તબક્કે પહોંચી છે કે મારે સાફસાફ વાત કરવી જ પડશે.

રાજેશ્વરી: ચિંતા ન કરો મંત્રીજી! મને ખબર છે. તમારાથી કશુંય અજાણ્યું નથી.

વિશ્વનાથ: જાણવા-ન જાણવાનો સવાલ નથી. પણ મને ખાતરી છે કે તમે મને ક્ષમા કરશો જ. મહારાજને તમારા માટે એવી જ લાગણી છે, જેવી તમને મહારાજ માટે છે!

રાજેશ્વરી: હં!

વિશ્વનાથ: પણ માત્ર આટલેથી વાત અટકતી નથી.

રાજેશ્વરી: હું નથી વૃદ્ધા કે નથી દુરાચારિણી!

વિશ્વનાથ: કુમારના કહેવા મુજબ તમારી ઉંમર પાંત્રીસની છે. અને પાછાં જૌહરથી બચવા માટે નાસેલાં છો!

રાજેશ્વરી: મને ત્રીસ વરસ થયાં છે અને વજ્રેશ્વરીને પંદર! હું જ્યારે પંદર વરસની હતી ત્યારે વજ્રેશ્વરીનો જન્મ થયો હતો.

વિશ્વનાથ: હં, તો તો પછી તમારી અને કુમારની ઉંમર વચ્ચે ફક્ત આઠ વરસનો જ તફાવત છે. અને તમારા જેવી સુંદર અને ગુણવાન સ્ત્રી માટે આઠ વરસનો ફરક કંઈ બહુ ન કહેવાય. વળી મહારાજે તો આ ગાંઠ વાળી જ લીધી છે.

રાજેશ્વરી: મને તમે ગુણવાન કહો છો એ તમારી મહેરબાની છે. પણ હું તમને ખાતરી આપું છું કે મેં કુમારથી કોઈ વાત કદી છુપાવી નથી.

વિશ્વનાથ: નહીં જ તો! જોકે તમારી વિરુદ્ધ જતી કહેવાય એવી કુમારની એક ભૂલ પણ તમે સુધારી નથી. કુમાર તમારું વય ચોત્રીસ-પાંત્રીસ સમજે છે અને તમે તો છો ફક્ત ત્રીસનાં. પણ મહારાજ...

રાજેશ્વરી: મહારાજ મને એક ચારિત્રહીન વૃદ્ધા માને છે!

વિશ્વનાથ (કાન પર હાથ મૂકે છે)**:** મહારાણીજી, આવા શબ્દોથી તમારી જીભ અભડાય છે. તમે જૌહરથી નાસી છૂટયાં એ વાતને જ મહારાજ અપશુકનિયાળ માને છે.

રાજેશ્વરી: એમ તો વજ્રેશ્વરી પણ જૌહરથી નાસેલી છે!

વિશ્વનાથ: એ તમારા કબજામાં હતી. પણ મારું માનવું છે કે આ આખીય ઘટનામાં તમે તમારી કુશાગ્રતાનો સરસ પરિચય આપ્યો છે અને મેં તમને અગાઉ કહ્યું એમ મહારાજા તો આ બધું ઈર્ષાવશ થઈ નેય કરતા હોય!

રાજેશ્વરી : હા, ખરું કારણ ઈર્ષા જ છે. પણ તેઓ ઈર્ષા શા માટે કરે છે? શું હું કુમારને યોગ્ય નથી? મારા માટે તો સુલતાને ખૂનખાર યુદ્ધ કર્યું હતું!

વિશ્વનાથ : પણ કુમાર તો સુલતાનથી ઘણા નાના છે.

રાજેશ્વરી (આવેશથી)**:** કુમાર પચીસ વરસના છે. એમણે પોતે મને કહ્યું છે. અને પાંચ વર્ષની શી વિસાત? મારી ઉપરથી તો રાજપાટ ઓળ-ઘોળ થયેલાં છે!

વિશ્વનાથ : પ્રેમમાં તો વળી સો વરસનો ફરક પણ કંઈ ન કહેવાય.

રાજેશ્વરી : હા, કુમાર મને ચાહે છે. હું કુમારને ચાહું છું. અમે કોઈની ઈર્ષા કરતાં નથી.

વિશ્વનાથ : અનવાજોગ છે. સામી બાજુએ પણ કશી ઈર્ષા ન હોય!

રાજેશ્વરી : શું? ઈર્ષા, જીદ કે રોષ જે કહો તે! તમે હમણાં એક ક્ષણ પહેલાં તો કહ્યું!

વિશ્વનાથ : મને ખબર નથી મહારાણી! આ તો મારું અનુમાન માત્ર છે. પણ સંભવ તો ખરો કે સામી બાજુએ પણ પ્રેમની સચ્ચાઈ જ હોય! આપણે હમણાં જ વાત થઈ એ પ્રમાણે પ્રેમમાં તો સૈકાઓનો ફરક પણ મામૂલી જ કહેવાય!

રાજેશ્વરી : અશક્ય! રાજેશ્વરી મહારાજને ચાહતી હોય એ વાત મારે ગળે જ ન ઊતરે! મને લાગે છે, મંત્રીજી, કે તમે મહારાજનો પક્ષ લઈ રહ્યા છો, પણ એક વાત સમજી લેજો, આ જગતમાં મારી ઇચ્છાથી વિરુદ્ધ કોઈ કશું જ નથી કરી શકતું! (ક્રોધથી) જો મહારાજ મારી પુત્રી જોડે લગ્ન કરશે તો બદલો લેતાં મને આવડે છે. સુલતાન માટે ગંગાપુર કંઈ દૂર નથી!

વિશ્વનાથ : પણ તમે કુમારનાં પ્રેયસી છો એટલું ધ્યાનમાં રાખજો અને કુમારની પ્રેયસીના મોઢામાં આ શબ્દો?

રાજેશ્વરી (સાંભળ્યું જ ન હોય એમ)**:** કુમાર ક્યાં ગયા? ત્યાં તો નહીં ગયા હોય? (રાજેશ્વરી બાજુના ખંડમાં ચાલી જાય છે. મંત્રી કેટલીક પળો માટે વિચારમગ્ન બની રહે છે. મહારાજ માનસિંહ પ્રવેશે છે. મંત્રી એમનું અભિવાદન કરતા હોય એમ આગળ આવે છે.)

માનસિંહ : મંત્રીજી, કુમાર જોડે કંઈ વાત થઈ?

વિશ્વનાથ : જી! એક વાર થઈ!

માનસિંહ : તમારા કહેવાની કંઈ અસર થઈ ખરી? તમે એને બધું સાફ-સાફ કહ્યું છે ને?

વિશ્વનાથ : સાચી વાત તો એ છે કે હજુ તો અર્ધી વાત થઈ હતી.

માનસિંહ : પછી શું થયું?

વિશ્વનાથ : ત્યાં રાણી રાજેશ્વરી આવી પહોંચ્યાં!

માનસિંહ : એમ! એણે એના સ્ત્રીચારિત્ર્યની જાળ છેક સુધી ફેલાવી લાગે છે! રીઢું હરણ એની જાળમાં નહીં ફસાય એની ખાતરી છે. હં, તો પછી ત્રણેય વચ્ચે વાત થઈ હશે?

વિશ્વનાથ : ના, કુમાર બહાનું કાઢીને બાજુના ખંડમાં ચાલ્યા ગયા.

માનસિંહ (હસે છે) **:** અરે વાહ! તો પછી રીઢું હરણ જ જાળમાં ફસાયું કે શું? પછી તમે શું કર્યું એ તો કહો!

વિશ્વનાથ : રીઢું હરણ આ સ્ત્રીઓથી વિશેષ સમજદાર છે! અને જ્યારે નાનું હરણ ઠેકડા મારતું સામેથી જાળમાં ફસાતું હોય ત્યારે પેલા રીઢા હરણને ફસાવે પણ કોણ?

માનસિંહ : એમ વાત છે! એ છલંગો મારીને સામેથી ફસાય છે! તમને ખબર છે, વ્રજેશ્વરીએ મને શું કહેવડાવ્યું હતું?

વિશ્વનાથ : જી!

માનસિંહ : એની માતા એને નસાડી જવાનું કાવતરું કરી રહી છે અને એટલે મારે સત્વરે જ કંઈક કરવું!

વિશ્વનાથ : વ્રજેશ્વરીને બિચારીને ક્યાંથી ખ્યાલ હોય કે આ ઉંમરે આપણાથી કશુંય ઉતાવળે ન થાય!

માનસિંહ (પ્રેમથી મંત્રીના ગાલ પર ટપલી મારે છે) **:** પણ આ બુઢ્ઢો અને લુચ્ચો બ્રાહ્મણ મારા કરતાં પાંચ વરસ મોટો છે હોં!

વિશ્વનાથ : મજાક છોડો મહારાજ! ખરી વાત એ છે કે આપ વાસનાના આ દોરને શમાવી કેમ નથી શકતા?

માનસિંહ : કુમાર અને રાજેશ્વરીનો માર્ગ નિષ્કંટક થાય એટલા માટે!

વિશ્વનાથ : રાજેશ્વરીના મોહમાંથી કુમારને પણ પાછા વાળી શકાય! મા-દીકરીને વહેલી તકે ઉધમપુર રવાના કરી દઈએ તો શો વાંધો છે? સ્ત્રીઓ તો આખરે કાળના પાશ જેવી છે! મને ડર લાગે છે મહારાજ! પહેલાં ભાનપુર એમને કારણે જ બળીને ભસ્મ થઈ ગયું અને હવે ગંગાપુર એમનાથી જેટલું દૂર રહે એટલું સારું!

માનસિંહ : પણ કાળ કરતાં પ્રેમ વધુ પ્રબળ હોય છે!

વિશ્વનાથ : હકીકતે પ્રેમ પણ કાળનું જ એક વિકરાળ રૂપ છે!

માનસિંહ : માનસિંહ એક રાજપૂત છે અને પ્રેમની વચ્ચે આવનારી તમામ મુસીબતોને એ પહોંચી વળે એમ છે.

વિશ્વનાથ : એકપક્ષી પ્રેમ માટે આવડું મોટું બલિદાન યોગ્ય નથી.

માનસિંહ : કયો પ્રેમ એકપક્ષી છે? તમને શું એમ લાગે છે કે વ્રજેશ્વરી મને પ્રેમ નથી કરતી? અને એય એટલા માટે કે મને ચાળીસથી વધુ વરસ થયાં છે? પણ હું બ્રાહ્મણ નથી કે ચાળીસ થઈ જાય એટલે નિષ્ક્રિય થઈ જાઉં! હું રાજપૂત છું અને વ્રજેશ્વરી આ બરાબર સમજે છે! વળી સુલતાનના મનમાં મારા માટે જે માનમરતબો છે એ કંઈ દરેક રાજપૂત માટે નથી હોતો. વ્રજેશ્વરી આ પણ સમજે છે અને સુંદરી તો વીરપુરુષને વરે છે, નાદાન બચ્ચાને નહીં!

વિશ્વનાથ : પણ દાસી જોડે કહેવડાવેલા સંદેશા ઉપરાંત બીજો કોઈ પુરાવો છે ખરો? અને આ દાસીઓને એમની કામગીરીનું ભાન પણ શું હોય?

માનસિંહ : મને ખબર છે! આ દાસી પર મને વિશ્વાસ છે!

વિશ્વનાથ : જી! મને એ પણ યાદ છે મહારાજ, કે આ જ દાસી આપની અને રાણી ચંદ્રાવતી વચ્ચે સંદેશાઓની આપલે કરતી હતી. પણ ત્યારે મહારાજ પાંચ વરસ વધુ નાના હતા અને રાણી ચંદ્રાવતીની ઉંમર પણ પચીસની આસપાસ હતી.

માનસિંહ : વ્રજેશ્વરી પણ કંઈ અણસમજુ નથી! અઢાર વરસથી ઉપર છે! પણ આ વૃદ્ધ બ્રાહ્મણ આજે આ ઉંમરના ચકરાવામાં ક્યાંથી ફસાયો? ઉંમર રાજપૂતો અને પ્રેમીઓ પર કશી અસર નથી કરતી.

વિશ્વનાથ : પણ કાળના ઓછાયા પર?

માનસિંહ : તમે ડરી ગયા છો! પાંચ વરસ પહેલાં જ્યારે સુલતાને આપણા પર આક્રમણ કર્યું ત્યારે તો તમે નિર્ભીક હતા! ત્યારેય મેં ચંદ્રાવતી જોડે લગ્ન કર્યાં હતાં! આપણા શૌર્યથી ગભરાઈને જ સુલતાને પારોઠનાં પગલાં ભર્યાં હતાં અને હવે તમે એક સ્ત્રીથી આટલા ડરી ગયા!

વિશ્વનાથ : હા, મહારાજ! આ સ્ત્રીઓ તો કાળના પાશ જેવી હોય છે! મેં વ્રજેશ્વરીને નીરખીને તો નથી જોઈ પણ રાજેશ્વરીને જેટલી જોઈ છે એ ઉપરથી કહું છું કે મહારાજ! તમે બને એટલા એનાથી દૂર જ રહેજો!

માનસિંહ: એમ વાત છે! તો રાજેશ્વરીએ તમારા ઉપર ભયાનક જાદુ કર્યું લાગે છે! તમેય ક્યાંક એના મોહમાં નથી ફસાયાને?

વિશ્વનાથ: આપના આ સેવકને મોહ જીતી શકે એમ નથી, પણ હું ભયભીત જરૂર થયો છું અને એ હું કબૂલું પણ છું.

માનસિંહ: રાજેશ્વરીથી ડરી ગયા છો?

વિશ્વનાથ: નિયતિથી!

માનસિંહ: પ્રેમીજન નિયતિથી વિશેષ પ્રબળ હોય છે! અને પ્રેમ મારા પક્ષે છે! રાજેશ્વરી અને માનસિંહ પરસ્પર ચાહે છે અને નિયતિનો મુકાબલો કરી શકે એમ છે!

વિશ્વનાથ: નિયતિનું બીજું નામ જ પ્રેમ છે, મહારાજ!

માનસિંહ: જે રાજેશ્વરીને હું ગમે તે ક્ષણે કારાવાસમાં ધકેલી શકું કે પછી દેશનિકાલ કરી શકું એમ છું એનાથી તમે આટલા બધા ડરો છો? એ તો એક વેશ્યા છે. તમે એને આટલી પ્રબળ માનો છો? વિજયસિંહ જેવા બેવકૂફને એણે પોતાની જાળમાં લપેટ્યો છે, પણ એને આ જાળમાંથી છોડાવવાની શક્તિ મારામાં છે! હું તો પહેલેથી જ કહેતો હતો કે વિજયસિંહ બેવકૂફ છે! તમે જ એને બગાડ્યો છે!

વિશ્વનાથ: કબૂલ કરું છું મહારાજ! મેં જ એમને બગાડ્યા છે. પરંતુ અત્યારે મામલો નાજુક છે કે ત્યાગની અપેક્ષા તમારી પાસેથી જ રહે! પરમાત્માએ આપને રાજ્ય અને રાજકુળના રક્ષક બનાવ્યા છે. એટલા માટે પણ આપે ત્યાગ કરવો જોઈએ.

માનસિંહ: એક વાત સમજી લો, વિશ્વનાથ, કે એમ કરવાથી પણ આ વેશ્યા કુમારનો પીછો નહીં છોડે! એના સકંજામાંથી કુમારને છોડાવવો જ પડશે અને ભગવતીની કૃપાથી મારામાં એટલી શક્તિ છે. એ કુલટાને હું સીધીદોર કરી દઈશ. રાજેશ્વરી આ મહેલની બહાર પગ નહીં મૂકી શકે! ભાવિનું નિર્માણ જો આમ જ હોય તોય મને પરવા નથી, પણ એ રંડી પાસે તો હું શહેરની શેરીઓમાં ભીખ મંગાવીશ. (બાજુના ખંડમાંથી પગલાંનો અવાજ) આ ઓરડામાં કોણ છે?

વિજયસિંહ (અંદર આવે છે.)**:** હું છું. મેં તમારો બધો લવારો સાંભળ્યો છે. રાજેશ્વરી વેશ્યા નથી, પણ તમે નફ્ફટ છો! રાજેશ્વરી જેવી ગભરુ કન્યાને તમે જાળમાં ફસાવી છે! ધણખૂંટ! તમે શું એમ માનો છો કે રાજેશ્વરી તમને ચાહે છે?

વિશ્વનાથ: શાંત થાઓ, કુમાર...શાંતિ જાળવો! દ્વારપાળ ક્યાંક સાંભળી ન જાય. (કુમારને શાંત કરવા આગળ વધે છે, પણ કુમાર એને ધક્કો મારીને હડસેલી દે છે. દરમ્યાન મહારાજા મ્યાનમાંથી તલવાર ખેંચે છે અને ક્રોધથી હાથા પર આંગળાં દબાવે છે.)

માનસિંહ: રાજેશ્વરી વેશ્યા જ છે અને એણે તારા જેવા બેવકૂફને બરાબર પંજામાં લીધો છે. ચૂપચાપ બેસી રહે! હવે તો હું તને ભિખારી અને રાજેશ્વરીને વેશ્યા બનાવીને જ છોડીશ! બાપને ગાળો દેવાનું પરિણામ તને બતાવી ન દઉં તો હું રાજપૂત નહીં!

વિજયસિંહ: રાજેશ્વરી કાં તો મારી સાથે રાણી બનશે કાં તો મારી સાથે જ ભિખારણ! અને તમને તો, વ્રજેશ્વરીનાં વસ્ત્રોને સ્પર્શીને આવતી હોય એવી હવા સુધ્ધાં લેવા નહીં દઉં (મંત્રી હાંફતો હાંફતો ચૂપચાપ ઊભો રહે છે.)

માનસિંહ (તલવાર ઉગામીને)**:** નાલાયક! બદમાશ! (કુમાર ઉપર કૂદે છે) દ્વારપાળ! (કુમાર ઉપર હુમલો કરે છે. કુમાર પણ કટાર ખેંચી કાઢે છે.)

વિજયસિંહ (જખમી થઈને પડતાં પડતાં)**:** તું પણ લેતો જા ધણખૂંટ! શીલ લૂંટવામાં તેં પાછું વાળીને જોયું નથી. (રાજાની છાતીમાં કટાર હુલાવી દે છે. બન્ને નીચે તૂટી પડે છે. બાજુમાંથી રાજેશ્વરી દોડતી આવે છે.)

વિશ્વનાથ (રાજેશ્વરી તરફ ફરીને)**:** આ કાળ! આ ભાવિ!! નિયતિ!!! તું અને તારી કન્યા કાળના સાક્ષાત્ પડછાયા છો!

રાજેશ્વરી (મોંમાં ઝેર ઠાલવી દે છે)**:** મારા માટે આટલું પૂરતું છે! અને આ દવા વ્રજેશ્વરી પણ જાણે છે! બાકી તો માતા ભગવતી એની રક્ષા કરશે! (ઢગલો થઈ જાય છે.)

(પડદો)

મુડદાનું રૅશન

ગુરુદયાલ સિંહ ખોસલા

પાત્રસૂચિ

(મંચ પર દાખલ થવાના ક્રમાનુસાર)

દેવકી : નારાયણદાસની પત્ની

બિલ્લુ અને કૃષ્ણા : બાળકો

નારાયણદાસ :

રાજ : નારાયણદાસનો ભાઈ

પોલીસ :

વૃદ્ધ : નારાયણદાસના પિતા

[10' × 12'નો સામાન્ય ઓરડો. બે ખાટલા, એક ખુરશી, બેત્રણ પેટીઓ, કાથીની વળગણી પર લટકતાં મેલાં કપડાં તથા એવો જ પરચૂરણ સામાન. સામેની દીવાલ પર ખીલીએ એક ફાનસ લટકાવેલું છે. દીવાલ ધુમાડાથી કાળી પડી ગઈ છે. એક ગરીબ માણસનું રહેઠાણ. આ બધાં વચ્ચે બે ચીજ ઊઠી આવે છે. એક છે બાળકોની લાલ રંગની ચાલણગાડી અને બીજી છે ફાનસની નજીક ટાંગેલો એક રંગીન પંખો. સમય સવારનો. ડાબી તરફ બહાર જવાનો રસ્તો છે અને જમણી તરફ એક નાની, ઊભી સીડી છત પર જવા માટે ટેકવી છે. ખાટલા ઉપર બે બાળકો અલગ અલગ સૂતાં છે. લગભગ ત્રીસેક વરસની દેવકી વળગણી પરથી એક વસ્ત્ર ખેંચીને જેમતેમ પહેરે છે. આળસ મરડે છે. એણે રંગીન પણ મેલાં ખમીસ અને સુરવાલ પહેર્યાં છે. હમણાં જ ઊંઘમાંથી ઊઠી હોય એમ વાળ વીખરાયેલા છે. નાનાં બાળકોને પ્રેમપૂર્વક સરખાં સુવાડે છે. બચ્ચું જાગી જાય છે. સહેજ રડે છે, દેવકી એને થપથપાવતાં બોલે છે — બિલ્લુ બેટા, હજુ સવાર નથી થયું. સૂઈ જા. બચ્ચું ચૂપ થઈ જાય છે. દેવકી પથારીનો વીંટો કરીને ખાટલા પર મૂકે છે. બીજા ખાટલાને ઊભો કરીને ઊંચકે છે. ત્યાં બહારથી નારાયણ અંદર આવીને ખાટલો પકડી લે છે.]

નારાયણ: આટલી બધી ઉતાવળ શી છે? તને કેટલી વાર કહ્યું છે કે વજન ઊંચકવું નહીં.

દેવકી: વજન ઊંચકવાથી હું ઓછી જ ઘસાઈ જવાની છું?

નારાયણ: તમારું બૈરાંઓનું તો ભલું પૂછવું.

દેવકી (ખભા ઉછાળીને): હં...

નારાયણ (લોટો અને અંગૂછો ધરે છે): લે, આ પકડ. (ખાટલો બહાર લઈ જાય છે. ખાટલો જવાથી ત્યાં રહેલો રસોડાનો સામાન નજરે પડે છે. થોડાંક વાસણ, ડબ્બા, બાજતણ વગેરે. ચૂલા પાસેની દીવાલ સાવ કાળી થઈ ગઈ છે. દેવકી અંગૂછાને વળગણી પર ફેંકીને લોટો નીચે વાસણો સાથે મૂકે છે.

ચૂલામાંથી રાખ કાઢીને થાળીમાં ભરે છે. નારાયણ અંદર આવે છે. વય લગભગ 35 વરસ. માથા પર ટૂંકા વાળ, લાંબી મૂછો અને મેલાં પણ રંગીન વસ્ત્રો પહેર્યાં છે. ખાટલાની પાંગતે બેસીને સિગારેટ સળગાવે છે.)

દેવકી: અંગૂછો તો બહાર સૂકવી દેવો'તો! ભીંજાયેલો જ અંદર લાવ્યા!

નારાયણ: તેલ ઘસ્યા પછી મારે માથું લૂછવું છે.

દેવકી: હમણાં હમણાં રોજ રોજ માથામાં તેલ ઘસો છો! ક્યાંક ખાતર પાડવું છે કે શું?

નારાયણ: ના રે! આજે જમાદાર ડીપો જોવા આવવાનો છે. મારાં નવાં કપડાં કાઢી દે અને જો, હું છોકરાને મોકલું ત્યારે બે કપ ચા બનાવીને મોકલી દેજે. જમાદાર સાથે રોજનો પનારો થયો! અને વળી સાથે બેસીને ચા પીવાથી થોડુંક મન પણ હળવું થાય! (દેવકી ટ્રંકમાંથી નવાં કપડાં કાઢે છે. નારાયણ મેલું કાઢીને નવું ખમીસ પહેરે છે.)

દેવકી: જમાદારનો કંઈ વખત ખરો? ક્યારે આવે એ બલા જાણે! હું આખો દિવસ ચૂલો સળગાવીને બેસી થોડી જ રહું? છોકરાને કહેજો, કંદોઈની દુકાનેથી ગરમ પાણી કીટલીમાં ભરતો આવે. ચાની ભૂકી એમાં નાખી દઈશ.

નારાયણ: કંદોઈની દુકાને પાણી હોય કે ન પણ હોય! અને જમાદાર પાછો આવશેય ઘોડે થઈને! હું છોકરાને કહી રાખીશ કે ધ્યાન રાખે. જેવો જમાદાર દેખાય કે તરત જ ઘરે આવે. બે ડગલાં છેટી તો દુકાન છે!

દેવકી: મારે શું? હું તો ચૂલો સંભાળીને બેસી રહીશ. પછી કહેતા નહીં કે બળતણ કેમ વપરાઈ ગયું અને સાંજે આવતાંવેંત એય નહીં પૂછતા કે કપડાં ધોયાં કે નહીં!

નારાયણ: બસ, બસ, બહુ થયું! હમણાંથી દેવતા દેવાની જરૂર નથી. એકાદ કલાક પછી સળગાવજે! આવતે વરસે બળતણની દુકાન જ ખોલવી છે એટલે આ રોજની કડાકૂટ નહીં! અત્યારે તો ચાનું પાણી હું કંદોઈની દુકાનેથી લઈ આવું છું. કીટલી લાવ.

દેવકી (બેઠાં બેઠાં જ કીટલી ધરે છે)**:** લ્યો...

નારાયણ (કીટલી પકડે છે)**:** અને ગ્લાસ પણ લાવ... દૂધ લેતો આવું.

દેવકી: થોડીક ખાંડ પણ લેતા આવજો.

નારાયણ: હજુ પરમ દિવસે તો એક શેર ખાંડ મોકલી'તી! બધી વપરાઈ ગઈ?

દેવકી: આ છોકરાંઓ ખાંડ તો દીઠી નથી મૂકતાં! એટલે વધુ રાખવી જ નહીં.

નારાયણ: હમણાં તો રેશનની દુકાન આપણી છે એટલે નભે છે. પણ જો બીજાની જેમ માપસર મળવા માંડે તો મોળી ચા પીવાનો જ વારો આવે.

દેવકી: તમે પાછા મોળી ચા પીઓ એવા ખરાને! (સીડી તરફ જોઈ ને) અને તમારા બાપા પણ મોળી ચા પીએ ખરા? કપમાં છ ચમચી તો ખાંડ નાખે છે!

નારાયણ: જવા દે! તારે તો કમાવા નથી જવું પડતું ને?

દેવકી: બે છેડા સરખા તો મારે જ કરવા પડે છે ને! વળી તમારા બધાની કચકચ પણ સાંભળવાની! કોક વાર દૂધનો ગ્લાસ અધૂરો હોય તોય તમારા બાપાને રાત આખી ઊંઘ નથી આવતી. કૃષ્ણા જ્યારથી સ્કૂલે જતી થઈ ત્યારથી રોજ એને એક નોટબુક અપાવવી પડે છે. કોક વાર તમારી દાળ બરાબર ઊકળી ન હોય તો તમેય ઘૂરકવા માંડો છો. એક બલ્લુનું મોં હજુ ઊઘડ્યું નથી, નહીં તો એય મારું લોહી પીત!

નારાયણ: અરે ગાંડી! જો તો ખરી, તારી બધીય ફિકર હવે ગઈ સમજ! જમાદાર માટે કડક ચા બનાવીને મોકલજે! આપણી દુકાનને જો સોએક રેશનકાર્ડ પણ મળી જાયને તો બધો ખર્ચ નીકળી જશે! લાવ, દુકાનની ચાવીઓ ક્યાં છે?

દેવકી: તમારી સત્તર નંબરની દુકાને સો કાર્ડ! વો દિન કહાં કે મિયાંકે પાંવમેં જૂતી! (ઊઠીને ઓશીકા નીચેથી ચાવીનો ઝૂડો કાઢી આપે છે) એ દિવસ ઊગે ત્યારે મને સોનાનાં કડાં કરાવી આપજો.

નારાયણ (દેવકીનો ચાવીવાળો હાથ પકડી લે છે)**:** જોજે તો ખરી! સો શું બીજાં પચાસ કાર્ડ પણ જો મારી દુકાન નંબર સત્તરને મળી જાય તોય તારાં કડાંનો મેળ ખાઈ જાય! હજુ હમણાં તો તને પેલો જાપાની પંખો નહોતો લાવી આપ્યો?

દેવકી: એમાં જાણે મોટી ધાડ મારી હશે! ચાર આનાનો પંખો જ ને!

નારાયણ: જે દિવસે ઑફિસેથી ઑર્ડર પાસ થઈ જાય એ જ દિવસે તને સોનીની દુકાને લઈ જઈશ! મનપસંદ કડાં લઈ લેજે!

દેવકી (હાથ છોડાવીને)**:** ના... ના... હુકમ નીકળે કે તરત કડાં લઈ લેવાય! સરકારનું ભલું પૂછવું! આજનો ઑર્ડર...કાલે ફોક...ખટપટ ઓછી

છે! જ્યારે આપણી દુકાને પૂરાં સો કાર્ડ જમા થઈ જાય પછી જ હું કડાં બનાવડાવીશ.

નારાયણ: ચિંતા કર મા! હું જમાદાર સાથે આજે જ બધું પાકું કરી લઈશ. (પગથી સિગારેટ કચડે છે)

દેવકી: હવે ઝટ કરો, (સીડી તરફ નિશાની કરીને) લાલાજી ચા માટે ઉતાવળા થયા હશે.

નારાયણ (બહાર જતાં જતાં): મારા પાયજામામાં નાડું નાખી દેજે! (દેવકી નાડી નાખીને વાસણ ઊંચાંનીચાં કરે છે. ચૂલાની રાખ ફેંકવા બહાર જાય છે. સાત વરસની કૃષ્ણા પથારીમાંથી બેઠી થાય છે.)

કૃષ્ણા (ઓરડો ખાલી જોઈને): મા...

દેવકી (બહારથી): આવું હોં બેટા! (અંદર આવે છે) હજુ ઊઠવાને વાર છે, સૂઈ જા.

કૃષ્ણા: મને ભૂખ લાગી છે મા!

દેવકી: તારા બાપા દૂધ લેવા ગયા છે. આવે એટલે ચા બનાવી દઉં.

કૃષ્ણા (હઠ કરીને): તો એમ કર મા! થોડી ખાંડ આપી દે...

દેવકી: અભાગણી, તું ખાંડ પાછળ લાગી છે પણ તારો બાપ મારો જીવ ખાય છે.

કૃષ્ણા: અંહું... અંહું... અંહું...

દેવકી (સિગારેટના એક ડબ્બામાંથી મુઠ્ઠી ભરીને ખાંડ એને આપે છે): લે, મર! હવે એક કલાક લગી ઘોંટાઈ રહેજે! મને શાંતિથી ઘરકામ પતાવી લેવા દે. (કૃષ્ણા ખાંડનો ફાકડો મારીને સૂઈ જાય છે. દેવકી ચૂલામાં લાકડાં ભરે છે. પછી બગાસું ખાઈને આળસ મરડે છે. ઊઠીને ભીના કપડાથી આંખ લૂછે છે. નારાયણ આવે છે. એના એક હાથમાં ખમીસની ચાળથી પકડેલી કીટલી છે અને બીજા હાથમાં ગ્લાસ છે)

નારાયણ (મજાકથી): ચહેરાની સફાઈ ચાલી રહી છે કે શું? (પ્રેમપૂર્વક) પાઉડર છાંટવાની તૈયારી ચાલે છે?

દેવકી: જાઓ હવે! (ચૂલા પાસે જાય છે.)

નારાયણ (કીટલી અને ગ્લાસ એની સામે મૂકે છે. દેવકીનો હાથ પકડીને ખેંચે છે): વાત તો સાંભળ!

દેવકી (હાથ છોડાવી લે છે): વેળા-કવેળા તો સમજો! (ધીમેથી) કૃષ્ણા જાગે છે! (ચા બનાવવા માંડે છે.)

નારાયણ: ઠીક ભાઈ ઠીક!

દેવકી: જમાદાર દુકાને આવવાનો હોય તો પછી હિસાબકિતાબ તો બરાબર કરી લો!

નારાયણ: હા, હા! ઠીક યાદ કરાવ્યું! (નારાયણ પેટી ઉપરથી હિસાબનો ચોપડો અને પેન લે છે. ભીંતને અઢેલીને ખાટલા પર બેસીને લખે છે. દેવકી પિત્તળના બે ગ્લાસમાં ચા ભરે છે. દુપટ્ટાના છેડાથી પકડીને એક ગ્લાસ નારાયણને આપે છે અને બીજો ઉપર લઈ જાય છે. નારાયણ આંગળીના વેઢા ગણે છે પણ હિસાબ મળતો ન હોય એમ કપાળે કરચલીઓ પડે છે.)

દેવકી (ઉતાવળે પાછી ફરે છે): લાલાજી તો હજુ ઊઠ્યા પણ નથી. મેં બેત્રણ વાર ઉઠાડ્યા પણ ખરા. રોજ તો સવારે ઊઠીને દાતણપાણી પણ પતાવી લે છે! તમે જરા તપાસ તો કરો!

નારાયણ (કંટાળાથી): વચ્ચે વચ્ચે ટકટક નહીં કરવાનું મેં તને કેટલી વાર કહ્યું છે? માંડ તાળો મળતો હતો ત્યાં...

દેવકી: પહેલાં તમારા બાપનો હિસાબ તો બરાબર તપાસો. (નારાયણ ચોપડો બંધ કરીને, પેન કાન પર મૂકીને ઉપર જાય છે. દેવકી કપાળે હાથ મૂકે છે) અભણ ધણીનું આ જ તો દુઃખ છે! (ચૂલા પાસે બેસીને કામે વળગે છે. થોડી વારમાં ગભરાયેલો નારાયણ પ્રવેશે છે)

નારાયણ: અરે! લાલાજીની તો નાડી જ નથી ચાલતી!

દેવકી: હેં!

નારાયણ: જરા, જો તો ખરી!

(નારાયણ અને દેવકી ઉપર જાય છે. કૃષ્ણા પથારીમાં બેઠી થાય છે. ચારે બાજુ જોતી બહાર નીકળે છે. ડબ્બામાંથી ખાંડનો ફાકડો ભરીને પાછી પથારીમાં પડે છે. થોડી વારમાં દેવકી પાછી ફરે છે. વાસણો એક બાજુ હડસેલીને ઢગલો કરી દે છે. કડાઈ ચૂલા પર મૂકે છે. નારાયણ આવે છે. દેવકી પાસે બેસીને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડે છે. દેવકી એની પીઠ પર હાથ મૂકીને આશ્વાસન આપે છે અને પોતાની આંખ લૂછે છે.)

નારાયણ: અરેરે! લાલાજી!...લાલાજી રે!! (કૃષ્ણા પથારીમાંથી ઊઠીને નારાયણ તરફ ત્રાંસી નજરે જુએ છે.)

કૃષ્ણા : મા મને ભૂખ લાગી છે. (ઊઠીને નારાયણ પાસે જાય છે. નારાયણ એને ઊંચકીને ખોળામાં બેસાડે છે. ઊઠીને દેવકી પાસે જાય છે. દેવકી એને ચાનો ગ્લાસ આપે છે. કૃષ્ણા ચા પી જાય છે અને પછી માતાપિતા તરફ તાકે છે) મા, બાપુ કેમ રોવે છે?

નારાયણ : કૃષ્ણા, દીકરી! લાલાજી તો ગુજરી ગયા!

કૃષ્ણા : લાલાજી ગુજરી ગયા? મારે લાલાજી સાથે જવું'તું! (દોડીને જાય છે. ત્યાં દેવકી એને અટકાવે છે)

નારાયણ : એને જવા દે! ભલે દર્શન કરી લેતી!

દેવકી : એને એકલી કેમ જવા દેવાય? (પટાવતી હોય એમ) કૃષ્ણા, લાલાજી મરી ગયા છે.

કૃષ્ણા : મરી ગયા? પણ એમાં બાપુ કેમ રુવે છે? લાલાજી તો રોજ કહેતા'તા કે એમને એંસી વરસ થઈ ગયાં છે એટલે એક દિવસ મરવાના જ છે! (અટકીને) એંસી વરસના થયા પછી બાપુ પણ મરી જશે હેં?

દેવકી (કૃષ્ણાને ડાબી તરફના દરવાજા તરફ દોરીને)**:** તું બહાર જઈને રમ.

કૃષ્ણા : મા, મને પિપરમીટ અપાવીશને?

દેવકી : અપાવીશ હેં! (એને બહાર મોકલી દે છે. પછી નારાયણ તરફ ફરીને) હવે ઊઠો અને સગાંવહાલાંને ખબર આપો!

નારાયણ : રાજ આવીને બધાંને કહેવડાવશે! હું તો લાલાજી પાસે બેસીશ.

દેવકી : રાજનું શું ઠેકાણું? એ તો આઠ આઠ દિવસ લગી ઘરે નથી આવતો. (અટકીને) અને સ્મશાને પહોંચાડવાના ખર્ચનુંય કાંક વિચારવું પડશેને! ઘરમાં તો એક કોડીય નથી!

નારાયણ : સગાંવહાલાં પણ કંઈ ને કંઈ તો મદદ કરશે જ ને!

દેવકી : સગાંવહાલાંની મદદ મળશે ઠેઠ મસાણે પહોંચ્યા પછી! એ પહેલાં નહીં! (ધીમેથી) તમે મોટા છો એટલે વહેવાર તો બધો તમારે જ કરવો પડશે. રાજને તો ભોજિયોય નહીં પૂછે! આખી દુનિયા એ દારૂડિયાનાં લક્ષણ જાણે છે! તમે બે પૈસા પેદા કરો છો અને વળી લાલાજી પૂરી ઉંમર ભોગવીને ગયા છે એટલે રેશમી કફન નહીં ઓઢાડીએ તોય નાક કપાઈ જશે! રાજ તો છેલ્લે વખતે એનો ભાગ લેવા આવશે. આવીને કહેશે – લાલાજીની પાઘડીનું અર્ધું કપડુંય મને આપી દો!

નારાયણ : તને શું લાગે છે?

દેવકી: મારું માનો તો લાલાજીની પેટી ખોલીને એમાં જોઈ લો, હમણાં કરવા જોગ ખર્ચીના પૈસા રાજ આવ્યા પહેલાં એમાંથી કાઢી લો.

નારાયણ: કેટલોક ખર્ચ થશે હેં?

દેવકી: ઓછામાં ઓછો સો રૂપિયા તો થશે જ ને! મારા બાપુ મરી ગયા ત્યારે રૂપિયા બસ્સોની ઊઠી ગઈ હતી!

નારાયણ: ઠીક ત્યારે, તું લાલાજીનો ઇસ્કોતરો લઈ આવ (દેવકી ઉપર જાય છે. નારાયણ નવું ખમીસ કાઢીને, વળગણી પરથી જૂનું ખમીસ લઈને પહેરે છે. ઇસ્કોતરો લઈને દેવકી આવે છે.)

દેવકી (જમીન પર મૂકે છે.)**:** લ્યો, આ ચાવી!

નારાયણ: ક્યાંથી મળી?

દેવકી: લાલાજીના ઓશીકા નીચે હતી! (નારાયણનો હાથ, ચાવી લેતાં ધ્રૂજે છે, પછી ચાવી પકડે છે) હું ખડકી બંધ કરી આવું! (ડાબી બાજુ સાંકળ ચડાવવા જાય છે. પછી બેય જણાં બેસીને ઇસ્કોતરો ખોલે છે. એમાંથી કેટલીય ચીજવસ્તુ બહાર કાઢે છે.)

નારાયણ: આ પાકીટમાં શું છે? (ખોલીને નોટો કાઢે છે. ગણે છે) એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ અને સાત...કુલ સિત્તેર થયા.

દેવકી: બીજો ખૂણોય જોઈ લો.

નારાયણ: એમાં છ રૂપિયા (નોટો અને પરચૂરણ કાઢે છે) અને અગિયાર આના છે.

દેવકી: કુલ થયા છોત્તેર રૂપિયા અને અગિયાર આના! આટલું નહીં થાય! બીજું કંઈ છે? એક (એક પડીકું ખોલે છે) ચૂંક લાગે છે. લગભગ અર્ધોએક તોલો તો હશે જ!

નારાયણ (ચૂંક લઈને વસવસો કરતો હોય એમ)**:** માની આ એક માત્ર યાદગીરી લાલાજીએ જાળવી હતી! (એક પુસ્તક ઉપાડીને) આ લાલાજીની ગીતા છે. (પાનાં ઉથલાવે છે.)

દેવકી: જુઓ તો! આ નાનકડી નોટબુકમાં પેન્સિલ રાખી છે! કૃષ્ણાના હાથમાં જો આ પેન્સિલ આવી જાય તો બેડો પાર! (ખાટલા પર મૂકે છે) આ શું છે? (એક પડીકું ખોલે છે) હાંસડી?

નારાયણ: આ મારાં દાદીમાની છે.

દેવકી (જોઈ રહે છે)**:** ઉપર સોનાનું પતરું મઢેલું છે અને સાંકળી પણ

સોનાની જ લાગે છે. સોનું એકાદ તોલો તો હશે જ. માએ રાજની વહુ માટે એને જાળવી રાખી હતી. પણ રાજને કંઈ મહેનત જ કરવી નથી એટલે આ હાંસડી એમ ને એમ પડી રહી. આ રૂપિયા રાખી લો! મસાણે લઈ જવામાં ખર્ચ તો થશે ને?

નારાયણ (પૈસા ખિસ્સામાં મૂકે છે): બાકીના ઘટતા પૈસાનું કેમ કરીશું? ચૂંક વાણિયાને ત્યાં ગીરો મૂકીને પચાસેક રૂપિયા લઈ આવું?

દેવકી: વાણિયાને ત્યાં શીદને ગીરો રાખો છો? મારી પાસે મારી બહેનના સો રૂપિયા થાપણ પડી છે. આ ચૂંક રાખીને એમાંથી પચાસ રૂપિયા કાઢી દઉં છું. પછી બહેનના પૈસા ભરપાઈ કરીને ચૂંક લઈ લઈશું. (ઊઠીને ખાટલા નીચેથી એક પેટી ખેંચે છે. એને ખોલીને એમાં ચૂંક મૂકી દે છે અને પૈસા કાઢે છે. નારાયણ ઇસ્કોતરો ખોલે છે)

નારાયણ: આ ડબ્બીમાં શું છે? (ડબ્બીમાંથી પત્તાંની જોડ કાઢીને પત્તાં ચીપે છે) બગીચામાં બેઠા બેઠા લાલાજી એમના જોડીદારો સાથે આ પત્તાંથી જ રમ્યા કરતા હતા. (સહેજ હસે છે) ડબ્બી પર લખ્યું છે — લાલા કિરપારામ! લાલાજીએ કાગળોનો કેવો ઢગલો કર્યો છે! (કાગળના એક વીંટા ઉપરથી દોરો છોડે છે) આ લાલાજીની જન્મપત્રિકા છે. (ખોલીને જુએ છે. પાછી વીંટો કરી દે છે) આ બધાય પત્રો કાકાના છે. દેશમાં આપણું જે મકાન હતું એના એકઢાળિયાનું આ ભાડાખત છે! અને આ શું છે? લાલાજીએ શાળાંત પરીક્ષા પાસ કરી હતી એનું સર્ટિફિકેટ... અને આ રેશનકાર્ડ છે! (ઝીણી નજરે જોયા કરે છે) આની નોંધ ગયા મહિને મેં મારા હાથે જ કરી હતી. બસ, હવે એની લેણદેણ પૂરી થઈ!

દેવકી: હજુ રાતે તો લાલાજીએ તમને કહ્યું હતું કે સવારે આ કાર્ડ લઈ જજે.

નારાયણ: આજે એમનું રેશન લાવવાનો વારો હતો ને!

દેવકી: બે જ કલાકનો ફેર પડી ગયો. તમે દુકાને જતી વેળા આ કાર્ડ લઈ ગયા હોત અને છોકરા સાથે રેશન મોકલી દીધું હોત!

નારાયણ: હા, એમ જ થાત! પણ ભગવાનને ગમ્યું તે ખરું!

દેવકી: પણ હમણાં રાજ આવશે. સાંજ સુધીમાં ફોઈબા અને બીજાં સગાં પણ આવી પહોંચશે. જો લાલાજીનું રેશન આવી ગયું હોત તો દાણા અને ખાંડની ખેંચ ઓછી થઈ જાત!

નારાયણ : વાત તો સાચી છે. (વિચારે છે) અને હજુ ક્યાં કોઈને કશી ખબર પડી છે? તું કહેતી હો તો હમણાં દોડાદોડ રેશન લઈ આવું.

દેવકી : એમાં ખોટુંય શું છે? તમે જાઓ. હું આ ઇસ્કોતરાનું ધ્યાન રાખીશ. જલદી કરજો હોં...ક્યાંક રાજ આવી પહોંચશે!

નારાયણ : ખડકી અંદરથી બંધ કરી દેજે.

(નારાયણ રેશનકાર્ડ, અંગૂછો અને ખીંટી પરથી થેલી ઉતારીને બહાર જાય છે. દેવકી અંદરથી ખડકી બંધ કરીને બધું સમુંનમું કરે છે ત્યાં નાનું બાળક રડવા માંડે છે. દેવકી બાળકને સુવાડવા મથે છે પણ બચ્ચું જોરથી રડે છે. બચ્ચાને છાતીએ વળગાડીને દૂધ પાય છે. બચ્ચું ઘડીક ચૂપ રહે છે પછી પાછું રડવા માંડે છે. રડતા બચ્ચાને ઊંચકીને દેવકી ઇસ્કોતરાની ચીજો સરખી ગોઠવે છે ત્યાં બારણે ટકોરા પડે છે. દેવકી ઉતાવળે ઉતાવળે બધું સમેટવા માંડે છે. ટકોરા વધતા જાય છે. બધું ઇસ્કોતરામાં ઠાંસીને ખાટલા નીચે હડસેલીને દેવકી દરવાજો ખોલે છે. ચોવીસ-પચીસ વરસનો એક યુવાન અંદર આવે છે. એની દાઢી પાંચ-છ દિવસથી વધી હોય એવી છે. વાળ વિખરાયેલા છે અને ખમીસ ફાટેલું તથા મેલું છે, પગ ઉઘાડા છે.)

દેવકી (ચૂપ થઈ ગયેલા બચ્ચાને ખાટલા પર સૂવાડે છે)**:** બહુ મોડું કર્યું તેં રાજ.

રાજ : ભાભી, એક પાંચ રૂપિયા તો આપો!

દેવકી : રાજ, લાલાજી ગુજરી ગયા છે.

રાજ (લાગણીહીનતાથી)**:** ક્યારે? (ખુશ થતાં) ખરેખર? તો તમે મને પાંચ રૂપિયા નહીં આપો તોય ચાલશે. હું લાલાજીના ઇસ્કોતરામાંથી લઈ લઈશ. (ઉપર જવા માંડે છે)

દેવકી (રસ્તો રોકતાં)**:** રહેવા દે રાજ, રહેવા દે. હજી તો લાલાજીનું શરીર ઠર્યું પણ નથી. મડદાની મતાને હાથ ન લગાડાય.

રાજ : મારે તો રૂપિયા જોઈએ છે! બાપ તો મારો મરી ગયો છે, તમે શું કામ રડો છો? વચ્ચેથી ખસી જાઓ.

દેવકી : રાજ, હું તને પગે પડું છું. (નમે છે) આવું પાપ કરીશ નહીં. લે, પાંચ રૂપિયા હું તને આપું છું.

રાજ (વિચારીને)**:** ભલે! (જેવો રાજ દેવકીના હાથમાંથી નોટ લે છે કે તરત જ નારાયણ, ખભા પર પોટલું અને હાથમાં થેલી ઊંચકીને અંદર પ્રવેશે છે)

નારાયણ : રાજ !

રાજ : ભાઈ ! (રાજ દોડીને નારાયણને વળગી પડે છે. નારાયણના હાથમાંથી થેલી છટકીને ખાંડ વેરાય છે. રાજ ખાંડની મુઠ્ઠી ભરીને ફૂંકે છે) આ શું છે ભાઈ ? (નારાયણના હાથમાંથી રૅશનકાર્ડ અને ચાવી લઈને વારાફરતી જુએ છે. પછી રૅશનકાર્ડ વાંચે છે.) લાલા કિરપારામ — ઉંમર વરસ અઠ્ઠોતેર. (કાર્ડ પાછું આપે છે) લાલાજીનું રૅશન ! તમે બહુ સારું કર્યું હોં ભાઈ ! (નારાયણને પોટલી પાછી આપે છે) અને આ શું ? લોટ ? (હસીને થેલી ફંફોસે છે) આ રહ્યો લોટ ! (હસીને થેલી અને પોટલી એક બાજુ હડસેલે છે. બચ્ચા પર ઓઢાડેલી ચાદર ખેંચીને, બગલમાં દબાવીને બહાર નીકળી જાય છે. નારાયણ અને દેવકી જોઈ રહે છે.)

દેવકી (ખાટલા નીચેથી ઇસ્કોતરો કાઢીને)**:** પહેલાં આ સંભાળી લો.

નારાયણ : કેમ તેં નથી સંભાળ્યું ?

દેવકી : કેવી રીતે સંભાળું ? જેવા તમે ગયા કે તરત જ બિલ્લુએ ભેંકડો તાણ્યો અને બીજી બાજુ રાજ બારણું ખટખટાવવા માંડયો ! માંડ માંડ બધું સમેટીને ઇસ્કોતરો ખાટલા નીચે સંતાડી દીધો.

નારાયણ (બધું ઠીકઠાક કરી ગોઠવીને ઇસ્કોતરો બંધ કરે છે. પછી કશુંક યાદ આવ્યું હોય એમ)**:** અરે ! તેં યાદ પણ ન કરાવ્યું ? રાજ તો દુકાનની ચાવીઓય લેતો ગયો !

દેવકી : અને સાથે ચાદર પણ...

નારાયણ : એ બધું ખેદાનમેદાન કરી નાખશે. મને જવા દે... (ઇસ્કોતરો ઉતાવળે દેવકીને આપે છે. બહાર જવા દોડે છે. બરાબર એ જ વખતે અંદર આવી રહેલા એક માણસ જોડે ઉંબરામાં અથડાય છે. નવાગંતુક જમાદાર છે. આધેડ વય, માથે ખાખી પાઘડી અને હાથમાં દંડૂકો છે. એને જોતાંવેંત દેવકી ઇસ્કોતરો ખાટલા નીચે સરકાવી દે છે અને ઢોળાયેલી ખાંડ પર કપડું ઢાંકી દે છે.)

જમાદાર : ધીરે ધીરે, ભાઈ નારાયણદાસ ! (નારાયણ હાથ જોડીને પાછો હટે છે.) શી ગરબડ છે ?

નારાયણ : નમસ્તે જમાદાર સાહેબ ! (સીડી તરફ નિશાની કરીને) આજે સવારે લાલાજી ગુજરી ગયા.

જમાદાર : ગુજરી ગયા ? પણ તું તો એવી રીતે કૂદાકૂદ કરતો હતો કે જાણે લાલાજી ઘોડે ચડવાના હોય !

નારાયણ : આવા વખતે તો સૂધબૂધ ઠેકાણે રહે જ ક્યાંથી?

જમાદાર : અરેરે! બહુ ખોટું થયું! (ધીમેથી) મેં બહારથી સાદ પાડ્યો પણ કંઈ જવાબ ન મળ્યો એટલે થયું કે જરા અંદર જઈને જોઉં તો ખરો! આજે ઑફિસે મારે બહુ જરૂરી કામ છે, થયું કે તને કહેતો જાઉં કે આજે દુકાન તપાસવા મારાથી આવી નહીં શકાય!

નારાયણ : બહુ મોટી મહેરબાની થઈ! અમારા જેવા ગરીબોનો તમે ખ્યાલ રાખો છો.

જમાદાર : બહુ ખોટું થયું ભાઈ! બહુ ખોટું થયું! જોકે લાલાજી તો ખર્યું પાન હતા!

નારાયણ : હા... એંસી કરતાંય વધુ ઉંમર હતી.

જમાદાર : ખેર! જવાનો વખત તો એમનો થઈ જ ગયો હતો! પણ તોય માવતર કંઈ થાય છે! હિંમત રાખજે નારાયણ! ભગવાન તને બળ આપશે! (અટકીને) નનામી ક્યારે લઈ જશો?

નારાયણ : બપોર પછી જ જવાશે. હજી તો આડોશપાડોશ કે સગાં-સંબંધીમાં ક્યાંય ખબર પણ નથી કર્યા.

જમાદાર : ઠીક ત્યારે! આજે ઑફિસમાં પુષ્કળ કામ છે. જો વેળાસર પતશે તો તો પાછો જરૂર આવીશ. (નારાયણ જમાદારને હાથ જોડે છે. જમાદાર જવા માંડે છે ત્યાં જ માથા પર પોટલું ઊંચકીને રાજ અંદર આવે છે. જમાદાર સાથે અથડાય છે.)

જમાદાર : અરે એય! બાપના મરવાથી રાજી થઈ ગયો હોય એમ કૂદકા શાનો મારે છે? અને આ શું લાવ્યો છે? (રાજ પોટલું ઉતારે છે. જમાદાર એમાં હાથ નાખે છે)

રાજ : નમસ્તે જમાદાર સાહેબ! હું રૅશન લાવ્યો છું.

જમાદાર : આટલી બધી મણ એક ખાંડ! કોઈ કુંભકર્ણનું રૅશન છે શું?

રાજ : ના રે ભાઈસા'બ! ખાંડ તો થોડી છે! બાકી તો લોટ છે!

જમાદાર : પણ આ રૅશન કોનું છે?

રાજ : લાલાજીનું...(આમતેમ જોવા માંડે છે.)

જમાદાર : લાલાજીનું રૅશન છે! આજે કાં તો મારી બુદ્ધિ મારી બહેર ગઈ છે કે કાં તો તમારા બેયનાં ભેજાં ગેપ થઈ ગયાં લાગે છે!

રાજ : ભાઈસા'બ લગનટાણે તો...

જમાદાર (ચીડથી): અલ્યા એય! હજી બાપનો અગ્નિસંસ્કાર પણ નથી કર્યો ત્યાં તને લગનની ચિંતા થવા માંડી? પણ બોલ તો ખરો! મામલો શો છે? નારાયણ, તું જ કહેને! (નારાયણ ચૂપ રહે છે.)

રાજ: જમાદાર સાહેબ! વાત એમ છે કે કાલના છાપામાં આવ્યું હતું કે લગન કે મરણના પ્રસંગે ઘરે આવનારાં મહેમાનોને જમાડવા માટે પચાસ માણસોનું રૅશન મળે છે. બરાબર ને? હું એ જ લઈ આવ્યો છું. જુઓ આ કાર્ડ... (નારાયણ એને રોકવા જાય છે. પણ રાજ સમજ્યા વિના કાર્ડ જમાદારને સોંપી દે છે)

જમાદાર (કાર્ડ વાંચે છે): લાલા કિરપારામ! ઉંમર વરસ અઠ્ઠોતેર! (કાર્ડ ફેરવે છે) કાર્ડવાળાનું મૃત્યુ થવાથી પચાસ માણસનું રૅશન આપવામાં આવ્યું છે! નારાયણદાસ — દુકાન નં. સત્તર! નારાયણ! આ રૅશન તો તારી દુકાનેથી જ અપાયું છે! વળી સાથે સાથે ચાલુ અઠવાડિયાનું રૅશન પણ આપ્યું છે! (વિચારીને) રૅશનનું અઠવાડિયું આજથી શરૂ થાય છે અને આમાં તારીખ પણ આજની જ છે! અક્ષર બીજા કોઈકના છે! અને હજુ તો રૅશન આપવાનો સમય પણ નથી થયો! અલ્યા, સાચું કહો, આ બધું શું છે? તમારો બાપ મરી ગયો છે કે જીવે છે?

રાજ (ગભરાઈને): ભાઈસા'બ, મને તો કંઈ જ ખબર નથી! હું તો આજે સવારે, આઠ દિવસ પછી ઘરમાં આવ્યો કે તરત ભાભીએ ખબર આપ્યા કે લાલાજી ગુજરી ગયા છે! (જમાદાર ધ્યાનથી સાંભળે છે. દરમિયાન દેવકી ખાટલા નીચેથી ઇસ્કોતરો કાઢીને દુપટ્ટાથી ઢાંકીને સીડી ચડી જાય છે)

નારાયણ: જમાદાર સાહેબ! લાલાજી રાતના ઊંઘમાં જ ગુજરી ગયા છે. તમે જાતે જ ઉપર જઈને ખાતરી કરી લો. અમને તો સવારે ખબર પડી. એમનું ચાલુ અઠવાડિયાનું રૅશન હું ગઈ કાલે જ લાવ્યો હતો. કાલની તારીખ નાખવી એ તો ગેરકાયદેસર કહેવાય એટલે મેં આજની તારીખ નાખી હતી!

જમાદાર: વાહ! કાલની તારીખ નાખવી એ ગેરકાયદેસર હતું તો પછી અઠવાડિયું શરૂ થયા પહેલાં જ રૅશન લઈ લીધું એ કાયદેસર હતું? એમ કહે કે એક ગુનો છુપાવવા માટે બીજો ગુનો કર્યો હતો!

નારાયણ: ઘરમાં મરણ થયું હોય ત્યારે ખરખરે આવનારાં સગાં-સંબંધીઓને રોટલો તો ખવડાવવો જ પડે ને! એટલે લાલાજીનું રૅશન લાવી રાખ્યું હતું!

જમાદાર : હવે રહેવા દે! તને કાલે જ ખબર પડી ગઈ હતી કે લાલાજી આજે મરી જવાના છે? દુકાન ઘરની ખરી ને! મનમાં આવે એટલા ગોટાળા કરવાના, કેમ?

નારાયણ : જમાદાર, આવા આપદકાળે તો બીજાને મદદ કરવી જોઈએ ને?

જમાદાર (ગુસ્સાથી) **:** અને અલ્યા રાજ! કોની રજાથી તું સરકારી દુકાનેથી આ પચાસ માણસોનું રેશન લઈ આવ્યો છે? વળી દુકાનદારના નામની બનાવટી સહી પણ કરી નાખી છે! તારો ગુનો તો ઘણો ગંભીર છે! હમણાં તમને બેઉ ભાઈઓને મજા ચખાડવી પડશે!

નારાયણ (જમાદારના પગમાં પડે છે) **:** માફ કરો જમાદાર સાહેબ! મરણ જેવો પ્રસંગ છે! નાતજાતમાં આબરૂના કાંકરા થઈ જશે!

જમાદાર (દયા કરતો હોય એમ) **:** ઠીક છે! રાજ, આ રેશનકાર્ડ લઈને મારી સાથે ઑફિસે ચાલ. બધું બરાબર કરી દઈશ.

નારાયણ : જા રાજ, જલદી જા! સાથે આ પોટલું પણ લેતો જા. જમાદાર સાહેબ જેમ કહે એમ જ કરજે! (રાજ પોટલું ઊંચકે છે) તમારી મોટી મહેરબાની થઈ! અમારા બાપનું મુડદું રખડી પડતું તમે બચાવ્યું છે!

(સીડી પરથી દેવકીની ચીસ સંભળાય છે. એ દોડતી આવે છે અને ઇસ્કોતરા સાથે નીચે પડે છે.)

દેવકી (ચીસ પાડે છે) **:** લાલાજી...!

(બરાબર એ વખતે, એંસી વરસનો વૃદ્ધ, એક હાથમાં લાકડી અને બીજા હાથમાં ગ્લાસ લઈને ધીમે ધીમે સીડી ઊતરે છે. વૃદ્ધનો તમામ પહેરવેશ, એનાં ચશ્માં, ઝભ્ભો, ધોતિયું મેલાં અને અસ્તવ્યસ્ત છે. ટૂંકી દાઢી છે. કાને ઓછું સાંભળે છે અને આંખે ઝાંખપ વરતાય છે. એને જોતાંવેંત બધાં પોતપોતાની જગાએ સ્તબ્ધ થઈ જાય છે. દેવકી ઊભી થાય છે.)

વૃદ્ધ (ધીમેથી, અટકી અટકીને) **:** વહુની ચીસ કેમ સંભળાઈ? બધાં સાજાં-નરવાં તો છો ને? (અટકીને) દીકરી, તું ક્યાં ગઈ? (ગ્લાસવાળો હાથ લંબાવીને) લે, મારી ચા ગરમ કરી દે. પડી પડી ઠરી ગઈ છે. (ડરી ગઈ હોય એમ દેવકી ઊઠીને ગ્લાસ લે છે. દરમિયાન વૃદ્ધ પહેલા પગથિયા સુધી ઊતરી આવે છે) આજે તો ઘણું મોડું ઉઠાયું. ડૉક્ટર સુરેશસિંહે ગઈ કાલે

આપેલી ઊંઘની દવા બહુ કામિયાબ નીકળી. ઘસઘસાટ ઊંઘ આવી ગઈ પણ હવે શરીર દુ:ખે છે. ગરમ ગરમ ચા પીવાથી કંઈક ઠીક લાગશે. (સીડી ઊતરીને નીચે આવે છે ત્યાં ઇસ્કોતરામાંથી નીકળેલી કોઈક ચીજ એના પગે ભરાય છે.) આ શું 'લ્યા? (જોવા જાય છે ત્યાં તો નારાયણ નમીને એ ઉઠાવી લે છે. વૃદ્ધ એક ડગલું આગળ વધે છે ત્યાં ફરીથી પગમાં કંઈક અથડાતાં ઠેસ લાગે છે. નારાયણ ફરીથી ચપળતાથી પિતાના પગ પકડી લે છે)

નારાયણ: લાલાજી, દબાવી દઉં? તમને ઠેસ વાગી ગઈ!

વૃદ્ધ: હશે! કંઈ વાંધો નહીં! (આગળ વધે છે. ઇસ્કોતરાની લગોલગ પહોંચે છે ત્યારે દેવકી અને નારાયણનો શ્વાસ અધ્ધર થઈ જાય છે. નારાયણને એકાએક કશુંક સૂઝે છે)

નારાયણ: રાજ! લાલાજીને ખુરશી તો આપ. (રાજ હલચલ કરે એ પહેલાં જ દેવકી ઝડપથી ખુરશી આપે છે. નારાયણ ઇસ્કોતરા પર ખુરશી મૂકી દે છે. લાલાજીને ખુરશી પર બેસાડીને એના ખભા દબાવે છે)

વૃદ્ધ: હવે દબાવવાની કંઈ જરૂર નથી. મારી ચા ગરમ થઈ?

દેવકી: હમણાં જ લાવી! (દેવકી ગૂંચવાય છે. રાજના હાથમાં ગ્લાસ આપીને એના કાનમાં કશુંક કહે છે. રાજ ગ્લાસ લઈને ખસી જાય છે.)

વૃદ્ધ (જમાદારને જોઈ ને)**:** કોણ, જમાદાર છે કે? (નારાયણ વૃદ્ધની પાછળ ઊભો રહીને જમાદારને હાથ જોડીને આજીજી કરે છે.)

જમાદાર (શરમાતો હોય એમ)**:** જી! હું છું લાલાજી! કહો, તમારી તબિયત કેમ છે?

વૃદ્ધ (ઊઠવા જાય છે)**:** તમે ઊભા છો કેમ? બેસોને! (નારાયણ ટેકો કરે છે.)

જમાદાર: રહેવા દો. તમે બેસી જ રહો. હું અહીં બેસીશ. (ખાટલાની કિનાર પર બેસે છે.)

વૃદ્ધ: હવે આ ઉંમરે અમારું શરીર જુવાન જેવું તો ન જ હોય! શ્વાસ હજુ ચાલે છે એટલો વળી ઈશ્વરનો પાડ! આજકાલ ઊંઘ બરાબર નથી આવતી એટલે કાલે ડૉ. સુરેશસિંહ પાસે ગયો હતો. નારાયણની દુકાન પાસે દવાખાનું છે ને એ જ! (દેવકી ગુપચુપ ખુરશી નીચેથી ઇસ્કોતરો ખેંચીને એમાં ચીજો ભરવા માંડે છે.) મેં કહ્યું કે દાક્તર સાહેબ, ઊંઘ બરાબર નથી આવતી,

તો એણે એક દવા આપી. કહ્યું કે ઊંઘ જરાયે ન આવે તો ચમચી ભરીને લઈ લેજો. કાલે રાત્રે પાડોશમાં લગ્નપ્રસંગ હતો. અર્ધી રાત લગી શોરબકોર અને શરાબની મહેફિલ થતી રહી! ગમે એટલી દવા લઉં પણ એમાં ઊંઘ આવે ક્યાંથી? પછી અર્ધી રાતે ચમચી ભરીને આ દવા લઈ લીધી. દાક્તરે જ કહ્યું હતું કે ઊંઘ બિલકુલ ન આવે તો જ દવા લેજો. (ઇસ્કોતરામાંની એકાદ ચીજ વૃદ્ધની નજરે પડે છે. દેવકી એ તરફ ઇશારો કરીને નારાયણનું ખમીસ ખેંચે છે. નારાયણ ઉપાડી લે છે)

વૃદ્ધ: શું છે?

નારાયણ: કંઈ નહીં લાલાજી! કપડું પડી ગયું હતું.

વૃદ્ધ: એવું છે જમાદાર, જે દાક્તરની દવા લઈએ એના કહેવા પ્રમાણે કરવું જોઈએ ને? નહીં તો દવા નકામી થાય! એટલે જ દવા લીધા પછી એવી ઘસઘસાટ ઊંઘ આવી ગઈ કે બહુ મોડો ઊઠ્યો. નારાયણની વહુ રોજ સવારે ચાનો ગ્લાસ મારા ઓશીકે મૂકી જાય છે. આજેય આવી હતી પણ હું ઊઠ્યો જ મોડો! ચા સાવ ઠરી ગઈ. એમાં વાંક તો મારો જ છે. એ બિચારી શું કરે? (સહેજ હસે છે. દેવકી ઇસ્કોતરો ઉપાડે છે. વહુ! ચા હજુ ગરમ નથી થઈ કે શું? (ચૂલા તરફ જુએ છે પણ દેવકી દેખાતી નથી) ચૂલોયે સળગાવ્યો નથી! દેવકી ક્યાં ગઈ નારાયણ?

નારાયણ (ગભરાઈને)**:** આટલામાં જ ક્યાંક હશે, લાલાજી!

વૃદ્ધ: આજ ચૂલો કેમ નથી સળગાવ્યો?

નારાયણ: ચૂલો તો સળગાવ્યો'તો પણ દેવકીએ ઠારી દીધો હશે. આજ તમે બહુ મોડા ઊઠ્યા અને વળી બળતણનીય આજકાલ કેટલી તંગી છે?

વૃદ્ધ: હું કાંઈ એટલો બધો મોડો નથી ઊઠ્યો! કેટલા વાગ્યા જમાદાર?

જમાદાર (ખિસ્સામાંથી ઘડિયાળ કાઢીને)**:** મારી ઘડિયાળમાં તો હજુ સાડા છ જ થયા છે લાલાજી! (નારાયણ હાથ જોડીને જમાદારને વિનવે છે. ઘડિયાળ કાને ધરે છે) પણ મારી ઘડિયાળ તો બંધ પડી ગઈ છે.

વૃદ્ધ (કાન ધરીને)**:** શું કહ્યું જમાદાર?

જમાદાર: મારી ઘડિયાળ તો બંધ પડી ગઈ છે.

વૃદ્ધ: હું નીચે આવ્યો ત્યારે રાજ જેવું કોણ નજરે પડ્યું હતું?

નારાયણ: જી! રાજ જ હતો! હમણાં આવશે.

વૃદ્ધ: અને આજે તારે દુકાન નથી ખોલવી?

નારાયણ : ખોલું છું લાલાજી !

વૃદ્ધ : પણ તો પછી ક્યારનો મારું શરીર શાનું દબાવ્યા કરે છે ? આવું તો તું કોઈ દિવસ કરતો નથી. (અટકીને) શું થયું છે ? મારું શરીર દુઃખે છે અને મને કોઈ ચા પણ આપતું નથી. દેવકી ક્યાંય દેખાતી નથી. (દેવકી સીડી ઊતરતાં આ વાક્ય સાંભળીને અટકી જાય છે) હમણાં તો રાજ અહીં હતો, એય ક્યાંક ગાયબ થઈ ગયો ! અને તું જાણે કંઈ કામકાજ ન હોય એમ મારા માથે ઝળૂંબીને ઊભો છે ! જમાદાર સાહેબની ઘડિયાળ બંધ પડી છે અને ચૂલો સળગ્યો નથી. (ઊભો થાય છે) કહે તો ખરો ! વાત શું છે ? (બધાં સામે જોવા માંડે છે. બેત્રણ ડગલાં આગળ વધીને મંચની વચ્ચોવચ ઊભો રહે છે. બધાં સ્તબ્ધ છે) આજે કોઈ મરી ગયું છે કે શું ? (બધાં પથ્થરની જેમ સ્થિર થઈ જાય છે. કૃષ્ણા બહારથી દોડતી અંદર આવે છે અને વૃદ્ધના પગે વળગી પડે છે. વૃદ્ધ એના માથા પર હાથ ફેરવે છે)

કૃષ્ણા (પાછી ખસે છે)**:** લાલાજી ! તમે તો મરી ગયા હતા ને ! બધા મરી ગયા પછી જ્યાં જાય છે એની વાર્તા તમે મને હવે કહેશો ને ?

(વૃદ્ધ ખુરશી શોધવા માંડે છે. એના પગ ત્રાંસા થવા માંડે છે. દેવકી, નારાયણ અને જમાદાર ત્રણેય એને ટેકો આપવા આગળ વધે છે.)

(પડદો પડે છે)

મનની મનમાં

—હરચરણ સિંહ

પાત્રસૂચિ

શેરૂ
કરમો
થાણદાર
ચંબો
કરમસિંહ
રાજા (ગાંયજો)

[ગામની વચ્ચોવચ એક જુનવાણી મકાન, જેનો દરવાજો પૂર્વદિશામાં એક ગંદી અને સાંકડી શેરીમાં પડે છે. આંગણામાં લીમડાનું ઝાડ છે. ઝાડ નીચે ત્રીસેક વરસની એક લાંબીપાતળી, સુંદર સ્ત્રી પાટલા પર બેસીને આંખમાં મેશ આંજે છે. એણે નવાં વસ્ત્રો પહેર્યાં છે. એના ચહેરા પર પ્રસન્નતા વ્યાપેલી છે. જોકે વચ્ચે વચ્ચે ઉદાસીનતા પણ ફરકતી દેખાય છે. હાથમાં અરીસો લઈને મોં જુએ છે અને ખુશ થાય છે. બારણા પર બહારથી ટકોરા પડે છે. ઝટપટ અરીસો, કાજળની ડબ્બી વગેરે પાટલા નીચે છુપાવીને સાંકળ ખોલવા ઊઠે છે.]

બહારથી અવાજ : અંબો, અંબો ! હું પૂછું છું, તું તૈયાર થઈ ગઈ કે નહીં ?

અંબો (ઘૂમટો તાણીને દરવાજો ખોલે છે) **:** તૈયારીમાં ક્યાં રથ જોડવાના છે ? (ત્રીસેક વરસનો ભરાવદાર યુવક શેરૂ, ગળામાં કંઠી છે. લુંગી વીંટાળી છે તથા આંટાદાર પાઘડી પહેરી છે. મૂછો તથા ચહેરા પર સુગંધી અત્તરનો છંટકાવ છે.)

શેરૂ (મૂછ પર તાવ દેતાં) **:** અરે વાહ ! ક્યા બાત હૈ !

અંબો : અંદર આવને ! બહાર કેમ ઊભો છે ?

શેરૂ (મલકાતાં)**:** મને થયું — તેં ક્યાંક મને ઓળખ્યો જ નહીં કે શું ?

અંબો : તને નહીં ઓળખું તો પછી ઓળખીશ કોને ?

શેરૂ : તો પછી આ ઘૂમટો કાં તાણ્યો ? પોતીકા જણની નજર ન લાગે ! છેડો ખસેડી લે તો દર્શન તો થાય !

અંબો (છેડો ખસેડીને હસતાં હસતાં) **:** સાચે જ ! આજે મને તારી બહુ શરમ લાગે છે.

શેરૂ (એકીટશે જોઈ રહે છે)**:** અંબો ! આમ જોને...મારી સામે !

અંબો : બોલોને !

શેરૂ: મને થયું કે વહેમ કાઢી નાખું! કોઈક બીજું જ ન હોય ક્યાંક! સાચેસાચ! આજે તો સાવ જુદી જ દેખાય છે. એટલી બધી સુંદર લાગે છે કે જાણે ચોમાસામાં નૈનાદેવીનું મંદિર ન હોય!

અંબો (હસતાં હસતાં લટકો કરે છે)**:** ખરેખર?

શેરૂ: એવું લાગે છે — જાણે આકાશમાંથી સાક્ષાત્ કોઈ પરી ન ઊતરી હોય!

અંબો: બહુ થયું! મને શરમ આવે છે.

શેરૂ: સાચે જ! આજે પહેલી વાર તને આટલી ખુશ જોઉં છું.

અંબો: આજે તને જોઉં છું અને કંઈનું કંઈ થઈ જાય છે! ચૌદ ચૌદ વરસના બળાપા પછી આજે જાણે સુખનો સૂરજ ઊગ્યો છે.

શેરૂ: તેં ક્યાં કશું જોયું જ છે અંબો? જડની જેમ તેં તો આજ લગી નરકની યાતના સહ્યા કરી છે.

અંબો: એમાં કોઈ શક નહીં! સાક્ષાત્ નરક!

શેરૂ: હં! અને જો, ઝૂમખાં, ચૂડી, મોજડી, કપડાંલત્તાં બધું બરાબર છે ને?

અંબો: તું જે કંઈ લાવ્યો છે એ બધુંય બરાબર છે.

શેરૂ: કંઈ અધૂરું તો નથી રહેતું ને? અને હા, આ કંગન વળી કઈ બલા છે?

અંબો: આ નામ તેં ક્યાં સાંભળ્યું?

શેરૂ: કાલે હું શહેરમાં ગયો ત્યારે ટાંગામાં બેઠી બેઠી બે બાઈઓ વાતો કરતી'તી. એકે કહ્યું કે મેં તો મારી વહુને કંગન ઘડાવી દીધાં છે. સોનીનાં એટલાં તો વખાણ કરતી'તી...

અંબો (હસીને)**:** એક દાગીનાનું નામ છે. કાંડે પહેરવા માટે...પણ ઘણો મોંઘો થાય હોં.

શેરૂ: પૈસાની ચિંતા તું છોડી દે. વાડી ગીરો મૂકીને પણ તારા માટે હું કંગન ઘડાવીશ. જોજે તો ખરી, એક જાટ સાથે તેં સંબંધ બાંધ્યો છે.

અંબો: મારે કંઈ નથી જોઈતું. તને મેળવીને મેં બધું જ મેળવી લીધું છે.

શેરૂ: અવતાર એળે શીદને જવા દેવો? ખાવુંપીવું અને પહેરવુંઓઢવું, આ બે જ તો મોજ છે દુનિયામાં! શરીર અને દિલને ખુશખુશાલ રાખવું! હાયવોય શા માટે? ચાર દીની આ જિંદગી મોજમજા વિના વીતે કેમ?

અંબો (પાટલો ખસેડીને)**:** બેસને!

શેરૂ: હવે બેસવાનું વડલાને છાંયે, કૂવાના થાળા ઉપર! વાડીના કામેથી થાકચોપાકચો હું, ભાથું લઈ ને તું આવે એની રાહ જોતો હોઈશ...

અંબો: ત્યાં બેસીને હું તો મેણાં સાંભળતી હતી.

શેરૂ: જવા દે એ જૂની વાતો! હવે તો તું એ ખેતરની રાણી બનવાની...

અંબો: અને તું રાજા.

શેરૂ: તારી સાથે જ મારું બધું રાજપાટ આવી ગયું! મનની માનેલીનો સથવારો ન મળે તો જીવ્યું મૂઆ બરાબર જ છે! (અંબો સામે જોતાં મસ્તીથી) હવે તો જુગતે જોડી મળી ગઈ!

અંબો (મલકાતાં એનો હાથ પકડી લે છે): સાચું કહે છે કે પછી મને રાજી કરવા કહી રહ્યો છે?

શેરૂ: નાનપણથી મારી એક જ ઇચ્છા રહી છે અંબો!

અંબો: શાની?

શેરૂ: એ જ કે પત્ની મળે તો મનની માનેલી જ! નહીં તો કંઈ નહીં. ગુરુએ આજે એ પૂરી કરી.

અંબો (ઊંડો શ્વાસ લઈ ને): પણ ભિખારી છોકરીઓની તો મનની મનમાં જ રહી જાય છે. માવતર જ્યાં દોરે ત્યાં જવાનું...

શેરૂ: ખરેખર તો ઈશ્વરે તને મારા માટે જ બનાવી હતી. ભગવાનનો પાડ માનો કે આ ઊલટું ચક્કર સૂલટું થઈ ગયું!

અંબો (ડૂમો ભરાય છે): આવા દારૂડિયા અને લબાડના ગળે મને વળગાડી દેનાર માબાપ ઉપર મને એટલું બધું ખોટું થઈ જાય છે...

શેરૂ (સાંત્વન આપતો હોય એમ): બધુંય પાધરું થઈ ગયું અંબો! ઘીના ઘડે ઘી પડી ગયું ને!

અંબો: મને બીક લાગે છે...પાછું ક્યાંક એ ઢોળાઈ જશે તો!

શેરૂ: એ વાત જ જવા દે પગલી! (ઉપરની તરફ નજર ફેરવીને) લીમડાના આ ઝાડને નવાં પાંદડાં ફૂટયાં છે એવી રીતે તારોય નવો અવતાર થયો છે.

અંબો: એ તો દર વરસે નવાં ફૂટે છે. પણ મારી આશાઓ તો ચૌદ વરસમાં એકેય વાર પાંગરી નથી.

શેરૂ: બસ, હવે ઈશ્વરની દયાથી વરસોવરસ તારી આશાઓ પાંગર્યા જ કરશે. (બન્ને હસે છે)

અંબો: આજે તું તે દિવસની જેટલો જ ખુશ લાગે છે.

શેરૂ: હેં! કયા દિવસ જેટલો? કહે ... કહે ... મારા સોગન.

અંબો : મેળો ભરાયો હતો એ દિવસ ! તું હવાડે ઊભો રહીને ઢોરને પાણી પાતો હતો અને હું બેડું ભરવા આવી હતી.

શેરૂ : સાચે જ ! એ દિવસથી જ તું મારા મનમાં વસી ગઈ છે ! પાણી ભરીને તું તો ચાલી ગઈ હતી, પણ પછી તારી દશાનો વિચાર કરતો હું ક્યાંય સુધી રોયો હતો. મન એટલું ભરાઈ ગયું હતું કે પછી મેળામાં ગયો જ નહીં.

અંબો : ખરેખર ?

શેરૂ : બસ, ત્યારથી જ મેં મનમાં ગાંઠ વાળી લીધી હતી કે જે થવાનું હોય એ ભલે થતું, પણ અંબોનું દુઃખ તો દૂર કરવું જ. બધી મોજમજા છોડી દીધી, દિવસરાત એક કર્યાં, ન બોલાવવા જેવા માણસોની ભાઈસા'બી કરી... જ્યાંત્યાં રખડી રખડીને, તને ચૂંદડી ઓઢાડવા માટે ગામ આખાને સમજાવ્યું છે !

અંબો (ભાવવિભોર થઈને)**:** તેં મારા માટે કેટલું દુઃખ ભોગવ્યું છે ?

શેરૂ : પણ આ દુઃખમાંય જે સંતોષ હતો એ એક લહાવો છે ! શરાબના પહેલા ઘૂંટ જેવી એ લિજ્જત !

બહારથી અવાજ : ચૌધરી સાહેબ !

શેરૂ : કોણ, રાજા ?

રાજા (બહારથી જ)**:** તમને ગોતવા તો ગામ આખું ગાંડું કર્યું ચૌધરીજી !

શેરૂ : હજુ કેટલી વાર છે ?

રાજા : બસ, તમે આવો એટલી જ વાર ! બધાં આવી ગયાં છે.

શેરૂ : બસ, તો હું આ આવ્યો. તારી પાછળ જ છું ! (અંબોને) તું ગભરાયેલી કેમ લાગે છે ?

અંબો : ખડકીએ આણે અવાજ કર્યો ત્યાં મને એવી તો ફાળ પડી...થયું કે મારી નણંદ આવી કે શું ! કાળજું હજીય ફફડે છે !

શેરૂ : ભલે આવતી. એમાં બીક શાની ?

અંબો : તને ખબર નથી, એ તો આફતનું પડીકું છે.

શેરૂ : મિયાંબીબી રાજી તો ક્યા કરેગા કાજી ! ગમે તે ભલેને આવે ! હવે આમાં મીનમેખ ન થાય !

અંબો : મારાં કપડાં-લત્તાં તો ઘરભેગાં કરી દે ! ક્યાંક પેલી સાથેસાથ આવી ન જાય !

શેરૂ : અહીંથી આપણે એક પણ ચીજ નથી લેવી. તું ચિંતા શું કામ કરે છે? ઘરવખરીથી આખું ઘર ભરી દઈશ. (જતાં જતાં) તું તૈયાર થઈને જલદી આવી જજે.

અંબો : મારે અહીં કામ પણ શું છે? આ સાડલો બદલું એટલી વાર...

(અંબો વરંડામાં ચાલી જાય છે. ગભરાયેલી લાગતી એક સ્ત્રી ઝડપથી પ્રવેશે છે)

કરમો : ભાભી... ભાભી અમરકૌર!

(કપડાં બદલતી અંબો બહાર આવે છે. સામે કરમોને જોતાંવેંત ધ્રૂજી જાય છે.)

અંબો : તમે ક્યારે આવ્યાં બે'ન?

કરમો : વાત શી છે ભાભી? રાતે મેં એક ઊડતા સમાચાર સાંભળ્યા ત્યારથી મારી તો ઊંઘ ઊડી ગઈ છે! એ વાત સાચી છે કે ખોટી?

અંબો (નિર્ભયતાથી)**:** સાવ સાચી!

કરમો : હાય મા! તેં આ શું કર્યું?

અંબો : ચોરે જઈને પંચને પૂછ... એને પૂછીને જ બધું થયું છે.

કરમો : અભાગણી, કહે તો ખરી! અહીં તને શાનું દુઃખ છે?

અંબો : બે'ન મારી! જો તું મારી જેમ વિધવા હોત તો તને મારું દુઃખ શું છે એ સમજાઈ જાત!

કરમો (કપાળ કૂટે છે)**:** હાય હાય! હે ભગવાન! આ કુલટાએ તો મારા ભાઈને જીવતો જ મારી નાખ્યો!

અંબો : બાર બાર વરસથી જે ધણી છોડીને જતો રહ્યો હોય... ન કશી ખબરઅંતર, ન કોઈ કાગળપત્તર... ન લીધી કાંઈ સારસંભાળ... મારા માટે તો એ ક્યારનોય મરી ચૂક્યો છે!

કરમો : અરે, તું તો તારાને જ ખાવા ધાય છે! કહે તો ખરી, અહીં તને શું ઓછું આવ્યું?

અંબો : બાપનો કયો ગરાસ છે કે જેને પકડીને બેસી રહું! કેવી કેવી તાણખેંચમાં મેં દિવસો ખુટાડ્યા છે! આજે તું ભાઈનું ઉપરાણું લઈને આવી છે. પણ જ્યારે હું પારકાં દળણાં દળીને કે લોકોનાં મેલાં ધોઈને પેટનો ખાડો પૂરો કરતી હતી ત્યારે તું ક્યાં હતી?

કરમો (વરંડામાં ડોકિયું કરીને)**:** અરેરે! અભાગણી! આ ભર્યું ઘર તારા કયા યારને લૂંટાવી દીધું છે?

અંબો: ચૂલાની રાખ સિવાય ઘરમાં હતુંય શું? જે કંઈ હતું એ બધું તો દારૂ પાછળ વેડફાઈ ગયું હતું!

કરમો: જુઓ તો ખરા, કેવો જમાનો આવ્યો છે! ધણીની રાહ જોવામાં તો બાઈમાણસ આખો અવતાર પૂરો કરી દેતી...

અંબો: મેં શું ઓછું કર્યું છે? એક એક દિવસ ગણીને બાર વરસ વીતાવી દીધાં! વાત કરવી સહેલી છે બે'ન! જ્યારે માથે પડેને ત્યારે સમજાય!

રાજા (બહારથી)**:** બહુ વાર લગાડી વહુ! બધાં તમારી રાહ જુએ છે.

અંબો: આ આવી... (કપડાં સરખાં કરતાં) જવા દે મને! આ ગાંયજો બિચારો ક્યારનો ધક્કા ખાય છે! લોકોનેય કેવું લાગે?

કરમો (ઢીલી પડી જતાં)**:** મારું આટલું વેણ રાખ, ભાભી! તેં આટલી રાહ તો જોઈ છે... હવે બેચાર મહિના વધારે થોભી જા. ધીરજ રાખ.

અંબો: ધીરજનીય કાંઈ હદ ખરી? એની વાટ જોવામાં તો મેં મારી સોના જેવી જુવાની ઓગાળી નાખી! અને આવીને પણ એ મને કઈ રાજગાદી પર બેસાડવાનો છે? એની એ મારપીટ પાછી ચાલુ થશે!

કરમો: તારાં અપલક્ષણ પે'લેથી જ મારી નજરમાં આવી ગયાં હતાં.

અંબો: એવું જ હોત તો ક્યારનીય મોઢું કાળું કરીને ભાગી ગઈ હોત... ચૌદ વરસ લગી આ ખંડિયેરમાં બેસી ના રહેત!

કરમો (હતાશ થઈને કૂટવા માંડે છે)**:** અમરો! તારું કમોત થાય! પારકાના ઘરમાં ઘલાઈને તું અમારી આબરૂના કાંકરા કરવાની, ખરું? એ હરામખોર પંચોની નજર સામે જ તને કૂટી નાખીશ. જોઉં છું, તને કેમ ચૂંદડી ઓઢાડાય છે? (ચાલવા માંડે છે)

થાણદાર (ક્રોધથી)**:** આખું પંચ ત્યાં તારી રાહ જુએ છે અને તું અહીં ક્યારની શું કરે છે?

અંબો: શું કરું કાકા? કરમો આવવા દે ત્યારેને?

કરમો (જોરથી ચીસ પાડીને)**:** અમરો! લાજશરમ છોડીને જાય છે, પણ તને તો નરકમાંય જગા નહીં મળે!

થાણદાર: ગાંડપણ રહેવા દે કરમો! ધમાલ છોડ અને એને જવા દે!

કરમો: કાકા, એ તો પહેલેથી છિનાળ હતી, પણ તમેય એને રોકી નહીં!

થાણુદાર : રામ રામ ! એના જેવી ડાહી તો ક્યાંય મળશે નહીં, જે તકલીફો વચ્ચે એણે દિવસો ગુજાર્યા છે એવું કોણ કરશે ? બે વીઘાં જમીન છે એમાં ઊપજે છે શું ? એ લબાડ તો આને સંભારતોય નહીં હોય અને આ બિચારી આટલાં વરસ લગી શોષાતી રહી !

કરમો : એને ગયે ગમે એટલાં વરસ થયાં, પણ જ્યારે આવશે ત્યારે આખું ઘર ભરી દેશે ! તમે મારા ભાઈને ઓળખતા નથી !

થાણુદાર : એ હીણુકમાઉને અમે બધાં બરાબર ઓળખીએ છીએ !

શેરૂ : અંબો, તું શું કરે છે ? ગાંયજો કેટલી વાર આવી ગયો ! (થાણુદાર તરફ જોઈને) વડીલને પણ ધક્કો ખાવો પડયો !

થાણુદાર : એ બિચારી શું કરે ? કરમોએ એને આવવા જ ન દીધી !

શેરૂ : કરમો એને રોકવાવાળી કોણ છે ?

થાણુદાર : તું મૂંગો રહે છોકરા ! હું એને પહોંચી વળીશ.

કરમો : ખબરદાર ! ઘરે જઈને માબહેન ઉપર રુઆબ કરજે ! મારું નામ તો લઈ જો !

થાણુદાર : હવે ચૂપ રહેને ! હજી તો તારું નામ પણ કોણે લીધું છે ?

શેરૂ : તો પછી ઝટ ચાલોને ! મોડું થાય છે !

થાણુદાર : ઉતાવળો ન થા ! જવાય છે ! આને સમજાવી જોવા દે ! ચાલ, કરમો, એક બાજુ ખસી જા અને વહુને જવા દે.

(ખડકીમાંથી ખાંસીનો અવાજ આવે છે. બધાં એ તરફ જુએ છે. એક માંદલા ચહેરાવાળો પુરુષ પ્રવેશે છે.)

કરમસિંહ : વાહ ! ગુરુજીની કૃપા ! કેમ છો થાણુદારસાહેબ ?

થાણુદાર : અરે કરમ !

કરમ : હું આજે જ આવું છું થાણુદારસાહેબ ! કેમ બહેન ! મજામાં છે ને ? અરે ગાંડી ! રડે છે શીદને ?

કરમો (વળગી પડે છે) **:** ભગવાનનો પાડ કે તું આવી ગયો ભાઈ ! પણ ખબરઅંતર તો કહેવડાવવા'તા ! રાહ જોતાં જોતાં આજે આ દિવસ આવી ગયો !

કરમ : મારો વિચાર તો હજુય આવવાનો નહોતો... પણ દિવસે દિવસે માંદગી વધતી જાય છે !

થાણુદાર : એ તો કહે, ભલા માણસ ! કાંઈ ઠામઠેકાણું કેમ નહોતું જણાવ્યું ? કેટલાં વરસ થઈ ગયાં તને અહીંથી ગયાને ?

કરમ: તમે તો મને ઓળખો છો. હું એનો એ જ છું. બદલાયો નથી. (ખાંસવા માંડે છે)

કરમો: શું થાય છે ભાઈ?

થાણદાર: દમ! બીજું શું હોય? પીવાની લત છૂટી નહીં હોય!

કરમ: આખી દુનિયા ફર્યા પછી પણ આપણા રામ તો એના એજ રહેવાના.

કરમો: ભાઈ, સરસામાન બધો પાછળ ટાંગામાં આવે છે ને?

કરમ (હસે છે)**:** સામાન વળી કેવો! આ પહેર્યાં છે એ બે કપડાં.

થાણદાર: જેવો ગયો હતો એવો જ પાછો આવ્યો છે!

કરમો (શ્વાસ લઈ ને)**:** ખેર ભાઈ, તું આવ્યો! બધુંય આવી ગયું! (શેરૂ અને અંબો સ્તબ્ધ થઈ ને પરસ્પરની સામે જોઈ રહે છે. અંબો અંદર જતી રહે છે. શેરૂ બહાર ચાલ્યો જાય છે.)

કરમ: બીજા શું ખબર છે થાણદારસાહેબ? ગામમાં બધી ખેરિયત તો છે ને?

થાણદાર: બધુંય એવું ને એવું છે! (વાતાવરણ હળવું કરતો હોય એમ) કરમો, ભાઈ ને પાણીબાણી તો આપ. બીજી બધી વાતો પછી કરજે.

કરમ: તું ક્યારે આવી કરમો?

કરમો: હજુ હમણાં જ આવી ભાઈ! પગમાંથી ચંપલેય નથી કાઢયાં.

કરમ: ચાલો, તું આવી ગઈ એ પણ સારું થયું!

કરમો: પાટલા પર બેસી જા ભાઈ! અરે ભાભી! અમરકૌર! બહાર તો આવો, પાણીબાણી તો પાઓ.

કરમ: અમરકૌર!! એ હજુ જીવે છે? અરેરે! મેં તો માન્યું'તું કે એ તો ક્યારનીય મસાણ ભેગી થઇ ગઈ હશે!

કરમો (દરવાજા તરફ અંદર જોઈ ને)**:** દોડો દોડો ભાઈ! જલદી કરો.

કરમ (ડોકાઈ ને)**:** અરે! હું આવવાનો હતો એટલે એણે આવાં સુંદર કપડાં પહેર્યાં હતાં?

કરમો: ના... ના... ભાઈ... ના! પકડો તો... એના મોઢામાં પાણી રેડવા દો.

કરમ: એ અભાગણી મારી વાટ જોઈ ને જ બેઠી હતી, એમ ને?

(કરમસિંહ એને જોઈ ને ધ્રૂજી જાય છે. જાણે ભૂતકાળ જોતો હોય એમ આંખ ફાડીને જોઈ રહે છે. ગુનેગારની જેમ અંબોનો ચહેરો જોઈ ને ગભરાઈ જાય છે. કરમો એના મોંમાં પાણી રડે છે.)

(પડદો પડે છે)

કિનારે આવેલું વહાણ

—બલવંત ગાર્ગી

પાત્રસૂચિ

સુરજિત : નાવિક
દીપો : પત્ની
લાજો : બહેન
સુંદર : મિત્ર
ફેરિઆ

[નદીતટે એક ઝૂંપડી છે. ચપ્પુ, દોરડું અને જાળ નજરે પડે છે. **મંચ** પર પાછળના ભાગમાં એક નાની ખાટલી પર બીમાર ફોઈબા સૂતેલી છે. દીપો અને લાજો બેઠાં બેઠાં વાતો કરે છે. દીપો ચૂલો ફૂંકે છે.]

લાજો : દીપો !

દીપો : હં !

લાજો : ફોઈબાની ખાંસી બંધ થતી નથી. શ્વાસ ચડયો હોય એમ લાગે છે. કયારેક કયારેક દમ વધી જાય છે ત્યારે શ્વાસ પણ નથી લેવાતો. કાઢો ઊકળી ગયો ?

દીપો : કયારની ફૂંકયા કરું છું, પણ આજે તો જાણે કે દેવતા પણ ઠરી ગયો છે. કાઢો હજુ ઊકળ્યો જ નથી.

લાજો : બે દિવસથી કાઢો પાઈ એ છીએ, પણ કાંઈ આરામ લાગતો નથી. દમ વધતો જ જાય છે. ગયા વખતે લાવ્યાં હતાં એમ કાશી વૈદની દવા લઈ આવ ને !

દીપો : અર્ધી રાત થવા આવી છે અને બહાર નદીનાં પાણી વધતાં જાય છે. જવુંય કેવી રીતે ?

લાજો : બીજું જાય પણ કોણ ? કોઈ છે તો નહીં !

દીપો : પણ હું કેવી રીતે જાઉં ?

લાજો : આ કાઢો પાઈને ફોઈબાની છાતી પર માલિસ કરી દે. એનાથી એને રાહત મળશે. હું જોઉં છું કોઈ મળી જાય તો. (બહાર જુએ છે.) ઓહો ! પાણી તો વધતું જ જાય છે. છાલક ઠેઠ આપણા ઘર સુધી આવે છે. હોડીને તેં ઝાડ સાથે બરાબર બાંધી છે ને ?

દીપો : એને કંઈ નહીં થાય. બરાબર બાંધી છે. (ગીત સંભળાય છે)

અલ્લાબેલી, અલ્લાબેલી,
જાવું જરૂર છે !
બંદર છો દૂર છે !

બેલી તારો, બેલી તારો,
બેલી તારો તું જ છે!
અંદર છો દૂર છે!

લાજો : આવા કટાણે કોણ ગાતું હશે ?

દીપો : કોણ જાણે !

લાજો : ખચ્ચ ખચ્ચ એવો ચપ્પુનો અવાજ સંભળાય છે ?

દીપો : હં !

લાજો : ગામ આખાએ પોતપોતાની હોડીઓ કિનારે બાંધી દીધી છે એવે વખતે આ કોણ હશે ?

દીપો : કોણ જાણે ! નદી તો એ કાંઠે વહેવા માંડી છે !

લાજો : જોને, પવન પણ કેવો તેજ છે ! જાણે બધુંય ઊડી જવાનું છે !

દીપો : લાજો, મને તોફાનની બહુ બીક લાગે છે.

લાજો : આવું તોફાન જોઉં છું અને મને એ દિવસ યાદ આવી જાય છે ! મારો ભાઈ તને છોડીને ચાલ્યો ગયો હતો એ દિવસ...

દીપો : એ દિવસ સંભારીશ નહીં લાજો !

લાજો : મારાથી તો એ દિવસ ભુલાતો જ નથી. મેં તને કેટલીય વાર કહ્યું છે — આ ઝૂંપડી જ અપશુકનિયાળ છે ! આપણે એને છોડી દઈએ, પણ તું માનતી જ નથી.

દીપો : આ ઝૂંપડી કેમ છોડાય ? પૂરાં છ વરસ અહીં ગાળ્યાં છે. ડોળીમાં બેસાડીને આ આંગણે જ તારા ભાઈ મને લાવ્યા હતા ! ફાનસના અજવાળામાં, મારો ઘૂમટો ખસેડીને તેં પહેલી વાર મારો ચહેરો જોયો હતો ! તું જ મને દોરી લાવી હતી આ ઝૂંપડીમાં ! આ ઝૂંપડી મને ગમે છે. કેટલી બધી યાદ અહીં દટાયેલી પડી છે !

લાજો : અને આ અપશુકનિયાળ જગાએ જ તારો લાલ મરી ગયો.

દીપો : હા, મારો બેટો અહીં જન્મ્યો અને અહીં જ મરી ગયો. સાંજ ઢળ્યા પછી દીવાબત્તી ટાણે હું મારા સગા હાથે એને અહીંથી દસ ડગલાં દૂર લઈ જઈને દાટી આવી હતી. મારાથી આ જગા કેમ છોડાય ?

લાજો : મને તો એની બીક લાગે છે ! અંદર કંઈ કંઈ થવા માંડે છે !

દીપો : સવારસાંજ હું એની નાનકડી કબર જોવા જાઉં છું. મારા કાળજાનો કટકો અહીં દફનાવ્યો છે. મારું મન પણ હવે એક મોટી કબર

જેવું જ થઈ ગયું છે. કેટલી બધી ઇચ્છાઓ અને યાદો એમાં દટાયેલાં પડ્યાં છે!

લાજો : છોડ એ બધી વાતો! ફાનસ લઈને જા અને કાશી વૈદ પાસેથી દવા લઈ આવ. હું ફોઇબા પાસે બેઠી છું.

દીપો : ફાનસની વાટ ટકશે નહીં. પવન કેવો ફૂંફાડા મારે છે! આ બધા પડછાયા પણ દીવાલ પર કેવા હલે છે? આ ઝૂંપડીમાં કેટલી બધી ચીજોના પડછાયા છે! યાદોના આ પડછાયા નીચે હું દટાઈ જાઉં છું. આ જાળ, આ દોરડું, આ તૂટેલું ચપ્પુ! આ ચપ્પુ લઈ ને તારા ભાઈ કેટલીય વાર સામે કિનારે જતા.

લાજો : એ તારાથી થાકીને જતો રહ્યો છે!

દીપો : મારાથી?

લાજો : નહીં તો શું? તું જાણતી હતી કે સુરજિતભાઈ તને બેહદ પ્રેમ કરે છે અને આમ છતાં તું સુંદરના પ્રેમમાં કેવી રીતે પડી? આખા ગામના ખલાસીઓ સામા પક્ષે હતા તોય કોઈના કહેવાની પરવા કર્યા વિના સુરજિતભાઈ તને અહીં લઈ આવ્યા હતા!

દીપો : અને હું પણ, ગામના કેટલાય સરસ સરસ જુવાનોને છોડીને એની પાછળ પાછળ ખેંચાઈ આવી હતી ને?

લાજો : એટલે તો એ તારા ઉપર ઓળઘોળ થતો હતો! એ તારી બધી જ ચાલ ભૂલી જાત, સિવાય કે તેં એના ખાસ દોસ્ત સાથે કરેલો પ્રેમ! એક ઘર તો ચુડેલ પણ છોડે છે!

દીપો : લાજો, લાજો, ઈશ્વરને ખાતર ચૂપ થઈ જા!

લાજો : તારા આવા કામથી જ મેં મારો ભાઈ ખોયો!

દીપો : લાજો, લાજો, મને હોડીના સોગંદ છે, નદીકિનારાના સોગંદ છે. સુંદર સાથે મેં એવો કોઈ પ્રેમ કર્યો નહોતો!

લાજો : ગાંડી! પ્રેમમાં તે કંઈ જાત હોતી હશે! પ્રેમ ઓછો જ કપડું કે ફૂલ છે કે જેની જુદી જુદી જાત હોય! ગાંડી રે ગાંડી! પ્રેમ એટલે પ્રેમ! જેમ સતલજનું પાણી એટલે પાણી! તું સુંદરને ચાહતી હતી!

દીપો : ના...ના!

લાજો : મને એની ખબર છે.

દીપો : તું મને બદનામ ન કર લાજો! તને તો પ્રેમનો અનુભવ છે! તારો પ્રેમી તાવમાં મરી ગયો હતો! એ પ્રેમને સંભારીને તું આજ સુધી પરણી નથી. તું આવું બોલે તો તને એ પ્રેમના સોગંદ છે.

લાજો : આજેય સુંદર ક્યારેક તારી નજરે પડે છે ત્યારે તારાથી ધ્રૂજી જવાય છે. છેટેથી એનો અવાજ સાંભળતાંવેંત, લોટ બાંધતાં બાંધતાં તારો હાથ અટકી જાય છે અને કાન સરવા થઈ જાય છે!

દીપો : લાજો, લાજો!

લાજો : સ્ત્રી તો એનું નામ જે એકની થઈને રહે.

દીપો (ડૂસકું ભરતાં)**:** મને એની ખબર છે.

લાજો : તારાં આ આંસુ મેં ઘણી વાર જોયાં છે. મને ખબર છે, તું આ આંસુ કોના માટે પાડે છે?

દીપો : લાજો!

લાજો : હું જે કહું છું એ સાવ સાચું છે.

દીપો : પણ લાજો, કોઈ પરપુરુષ માટે મનમાં જરાક અમસ્તો વિચાર કરવો એય શું પાપ છે? એક થોડોક ઉમંગ, આપોઆપ જન્મેલી એક લાગણી...

લાજો : હાસ્તો!

દીપો : પણ હાય! મારા મનનું હું શું કરું? તોફાની મોજાંઓથી બચાવીને મેં મનને કેટલા જોરથી બાંધી રાખ્યું છે! જેમ કિનારા પર બાંધેલી હોડીને નદીની છાલકો ભીંજાવે ખરી પણ હડસેલી નથી શકતી એ રીતે જ ... સુરજિત જાણતો તો હતો જ કે હું માત્ર એની જ છું અને તોય એને ઈર્ષા આવી!

લાજો : પ્રેમની બાબતમાં કોઈ પુરુષ છેતરપિંડી સહી શકતો નથી. તું સુંદરને ચાહતી'તી. તારી આંખમાં લાગણીનો જે ઊભરો છે એ કોઈ પણ પુરુષને આખી જિંદગી તરફડાવ્યા કરે એવો છે. તું સુંદરને ચાહતી'તી!

દીપો : પણ એમાં હું શું કરું? મારું મન જ એવું છે! ઈશ્વરે એને એવું જ બનાવ્યું છે! મને કહે તો ખરી, આ મારા કાન છીપલાં જેવા છે, મારું નાક નાજુક છે, મારી ગરદન લાંબી છે એ રીતે જ મારું મન પણ એવું જ આવેગોથી ભર્યું ભર્યું છે, એમાં મારો શો વાંક? મારું નાક જો લાંબું હોત અને ચહેરા પર શીળીનાં ચાઠાં હોત કે કપાળ ઉપર કાળો ડાઘ હોત તો મને કોણ ચાહવાનું હતું? સુંદર પણ નહીં!

લાજો : એવાં કથોરાં વેણ શું કામ બોલે છે?

દીપો : ખબર નથી પડતી કે સુંદરના પ્રેમમાં એવું તે શું છે! એમાં કંઈક જુદું જ છે! એ ભાગ્યે જ કશું બોલે છે. ચૂપચાપ ઊભો રહે છે — હે ભગવાન! મને માફ કર! હું કેવું કેવું બોલું છું!

લાજો : તું સુંદરને કોઈ વાર નથી મળી?

દીપો : કોઈ વાર નહીં! બાજુમાંથી એ ચાલ્યો જાય છે. કિનારા પર હોડીને હડસેલીને હું એની પાસેથી ચાલી જાઉં છું. બસ, એને જોઉં છું અને આખા શરીરમાં ઝણઝણાટી થઈ જાય છે. જીભ તાળવે વળગે છે. હું એને કદી નહીં બોલાવું! મને બીક લાગે છે.

લાજો : તું એનાથી ડરે છે?

દીપો : ના! મને મારી ખુદની બીક લાગે છે. મારી લાગણીઓનો ભય! મારા તકદીરનો ભય!

લાજો : પણ શા માટે?

દીપો : તને યાદ છે એ રાત — સુરજિત નટાવાનો ખેલ જોવા અખાડામાં ગયો હતો. મશાલચીઓ મોટી મોટી મશાલો લઈને ખેલ કરતા હતા. હું એકલી જ ઘરે હતી. ત્યારે સુંદર આવ્યો. તે દિવસે નદીમાં પૂર આવ્યાં હતાં. એણે ચપ્પુ અને જાળ અહીં મૂક્યાં અને પછી મારી પાસે આવીને ઊભો રહ્યો! દીવાના અજવાળામાં એની પાસેની માછલીઓ ચમકતી'તી. મેં એના બાવડા પર અડીને જોયું હતું —

લાજો : ગાંડી જ છે ને!

દીપો : મેં તો બસ, અમસ્તો જ હાથ ફેરવ્યો'તો. પથ્થર જેવાં એ કઠણ બાવડાં! ઘડીક તો થયું — એને ચૂસી જાઉં!

લાજો : એનું નામ તો પ્રેમ છે ગાંડી!

દીપો : મેં એમ જ એને થોડોક હલાવ્યો. એણે મારા ગાલ નીચે, અહીં ગરદન ઉપર, વાળની એક લટ ચીટકેલી હતી ત્યાં, પોતાની આંગળીઓ ફેરવી. એ રાતે હવાનું તોફાન આવું જ હતું, નદીનું પૂર પણ આટલું જ હતું. એના સ્પર્શથી મારું રોમેરોમ ઝણઝણી ઊઠ્યું. એનો એ પહેલો જ સ્પર્શ... મેં આંખ મીંચીને મારું માથું એની છાતી પર મૂકી દીધું. બરાબર એ જ વખતે તારો ભાઈ પાછળથી આવી પહોંચ્યો. એની આંખમાં આગ વરસતી હતી. એના હાથમાં ઉઘાડું ચપ્પુ હતું. મારી સામે જોઈને એણે

ચપ્પુ ઉછાળ્યું — એનું શરીર ટટ્ટાર થઈ ગયું હતું — ગાંડાની જેમ એણે ચીસ પાડી અને પછી ચપ્પુ દીવાલ પર ફેંકી દીધું. ચપ્પુના બે કટકા થઈ ગયા અને એય નીચે પડી ગયો —

લાજો : અને પછી એ ચાલ્યો ગયો !

દીપો : હું એની પાછળ દોડી. એનું પહેરણ પકડી લીધું. એને વિનવણી કરી. એને હાથ જોડીને સમજાવ્યો કે સુંદર સાથે મારે બીજો કોઈ સંબંધ નથી. પણ એ માન્યો જ નહીં.

લાજો : પ્રેમ જેટલો ગાઢ, વહેમ પણ એટલો જ જલદ રહેવાનો.

દીપો : હોડી છોડીને એણે તોફાનમાં હંકારી મૂકી. આખી રાત મા એની રાહ જોતી રહી. પાણી પથ્થરની જેમ અથડાતું રહ્યું, ચીસો પાડીને ગરજતું રહ્યું, પણ એનો ક્યાંય પત્તો ન લાગ્યો. પાણી ઊતરી ગયું ત્યારે કિનારાના કાદવમાં ખૂંચી ગયેલાં એના જોડા, લુંગી અને પાઘડી મળી આવ્યાં. આ ત્રણેય ચીજો મેં સાચવીને, સુકાવીને પેટીમાં રાખી મૂકી છે. એટલે તો આ ઝૂંપડી હું છોડતી નથી. મેં ક્યારેય સુંદરને આ ઝૂંપડીમાં નથી આવવા દીધો. મનોમન મેં હમેશાં એક જ પ્રાર્થના કરી છે કે એક દિવસ સુરજિત પાછો આવીને જુએ અને સમજે કે એની યાદમાં હું કેટલી ઝૂરું છું !

લાજો : હવે એની યાદ જ માત્ર બચી છે. એ ક્યારેય નહીં આવે. (ફોઈબા જોરથી ઉધરસ ખાય છે)

લાજો : કાશી વૈદ પાસેથી જરા દવા તો લઈ આવ. ક્યાંક રાતમાં જ શ્વાસ બંધ ન પડી જાય ! કાશી વૈદની દવા એને માફક આવે છે.

દીપો : પાણી ઘણું ચડયું છે અને કાશી વૈદનું ઘર ઢાળની પેલી બાજુએ છે. ઢોળાવ તો આખો પાણીમાં ડૂબી ગયો છે ! (ગીત સંભળાય છે—

અલ્લાબેલી, અલ્લાબેલી
બેલી તારો તું જ છે !)

અરે ! આ તો સુંદરનો અવાજ છે. હોડી ખેંચીને ઝાડ સાથે બાંધતો લાગે છે.

લાજો : એને જ કહે ને ! કાશી વૈદને બોલાવી લાવે.

દીપો : તું જ કહી દે ને !

લાજો (બૂમ પાડે છે)**:** સુંદર !

દીપો : મારી છાતી ધકધક થવા માંડે છે. પગ પાણી પાણી થઈ જાય છે !

લાજો: તું ફોઈબાનું ધ્યાન રાખ. હું સુંદરને કહું છું — એ કાશી વૈદને બોલાવી લાવે. મારું વેણ એ પાછું નહીં ઠેલે. હમણાં જ વીજળીના ચમકારામાં મેં જોયું — એ સુંદર જ છે! કિનારેથી આ બાજુ આવી રહ્યો છે.

દીપો: વરસાદ હજુય ચાલુ જ છે?

લાજો: ખાસ નહીં. થોડીક ઝરમર છે! કદાચ નદીના પાણીની છાલક પણ હોય. તું ફાનસ ધર, હું ઝાંપો ખોલું.

દીપો: ચીમની કેટલી કાળી થઈ ગઈ છે. હું એને સાફ કરી દઉં, લાજો?

લાજો: ના રે! રાત એટલી અંધારી છે કે આટલું અજવાળું તો બહુ થયું.

દીપો: ભલે, તો હું ફોઈબા પાસે બેસું છું.

(લાજો ઝાંપો ખોલે છે. સુંદર પ્રવેશે છે.)

સુંદર: ઉફ્ફ...નદીમાં જબરું પૂર આવ્યું છે. આખા ગામમાં પાણી ફરી વળ્યું છે.

લાજો: હે ભગવાન!

સુંદર: હા, ગામના લોકો પોતપોતાનાં ઢોરઢાંખર લઈને પૂરથી બચવા ભાગી રહ્યા છે. બાજુના ઊંચાઈ પર આવેલા ગામમાં બધા રોકાશે.

લાજો: બૂટેવાલ?

સુંદર: હા, બૂટેવાલ.

લાજો: એ તો દીપોનું પિયર છે.

સુંદર: કેટલાય મગરમચ્છ નદીકાંઠે આવીને ફસાઈ ગયા છે.

લાજો: તારી હોડી ક્યાં છે?

સુંદર: હું બચાવી લાવ્યો છું. માતાના વડલે બાંધી છે.

લાજો: ફોઈબા બહુ માંદાં છે. એની ઉધરસ કેમેય અટકતી નથી. તું કાશી વૈદ પાસેથી દવા લઈ આવીશ?

સુંદર: ભલે, જાઉં છું. પણ કાશી વૈદ પણ કદાચ ભાગી ગયો હશે.

લાજો: એનું ઘર તો ઊંચાઈ ઉપર છે. એ શું કામ ભાગે? તોફાનોથી ગભરાઈને એ ક્યાંય નહીં જાય. બાર વરસ પહેલાં જે પૂર આવ્યું હતું એમાં આખું ગામ ખાલી થઈ ગયું હતું. પણ એ ક્યાંય નહોતો ગયો. મનમોજી છે. ભાંગ પીવાનો શોખીન છે. અત્યારેય ભાંગ પીને ઘરમાં પડ્યો હશે. તું એની પાસેથી દવા લઈ આવ. એની પડીકી અસરકારક છે. રોગ જડમૂળથી નીકળી જાય છે. ફોઈબાને તો એ સિવાય કોઈની દવા માફક જ નથી આવતી.

સુંદર : ભલે, હું હોડી લઈને જ જાઉં. પાણીનાં નાળાં વહે છે. હું અબઘડી પાછો આવીશ. હોડી લઈને જાઉં છું એટલે કાશી વૈદને તેડતો જ આવીશ.

લાજો : અને જો એ પોતે ન આવે તો દવા લેતો આવજે. એને દવાની ખબર છે. વીસ વરસથી એ આ ઘરને ઓળખે છે. એણે પડીકાંઓ બનાવી જ રાખ્યાં હશે, પણ ત્રણ દિવસથી તો પાણી જ ઊતરતાં નથી. અમારાથી જવાતું જ નથી. પહેલાં જ્યારે જ્યારે ફોઈબાએ એની પડીકી લીધી છે ત્યારે એમને આરામ થઈ ગયો છે.

સુંદર : હું જાઉં છું.

(સુંદર જાય છે. લાજો ઝાંપો બંધ કરે છે. ખાટલી પર સૂતેલી ફોઈ જોરથી ખાંસવા માંડે છે.)

લાજો : દીપો, જરા છાણું તો સળગાવ. ફોઈબાને શેક કરીએ. અને જો, સુંદર દવા લેવા ગયો છે એની ફોઈબાને ખબર ન પડે હોં ! એને જો ખબર પડશે તો એ દવા લેશે જ નહીં. સુંદર એને દીઠો નથી ગમતો. (ફોઈબાની ખાંસીનો અવાજ.)

ફોઈબા : કાશી વૈદ પાસે દવા લેવા કોણ ગયું છે ?

લાજો : બાજુવાળા નથ્થુને મેં કહ્યું છે.

ફોઈબા : નથ્થુનું તો ગાંડી માથે બેડું ! રસ્તામાં જ પડીકાં ફેંકી દેશે ! તે દિવસે હોડીને ઝાડ સાથે બાંધવાનું કહ્યું તો ચપ્પુ જ તોડી લાવ્યો.

લાજો : મૂંઝાશો નહીં. એ પડીકાં લઈ આવશે.

ફોઈબા : એ કરતાં જીવનને કહેવું'તું ને. એ લઈ આવત.

લાજો : જીવન તો એની ઘરવખરી લઈને કાલે સાંજે જ ગામમાંથી જતો રહ્યો છે. એનાં બૈરી-છોકરાં અને આખું ઘર બીજે ગામ જતું રહ્યું છે. પાછળ રહ્યો છે પેલો ખોડંગાતો બળદ ! વાડામાં ઊભો ઊભો ભાંભરડાં નાખે છે બિચારો !

ફોઈબા : ભગવાન આ ગામ પર કયું વેર વાળતો હશે ? દર ચાર વરસે આવું પૂર આવે છે. પાણીના જોર આગળ કોઈનું શું ચાલે ? હે ભગવાન !

લાજો (દીપોને)**:** તેં બટાટા બાફવા મૂકી દીધા ?

દીપો : હા.

લાજો : કેટલા ?

દીપો : ત્રણ ! મને ભૂખ નથી.

લાજો : મારા પેટમાં તો ગલૂડિયાં બોલે છે.

દીપો : ફોઈબા ઊંઘી ગયાં લાગે છે.

લાજો : સારું થયું એને ઊંઘ આવી ગઈ. શાંતિ વળશે !

દીપો : શ્વાસ તો હજુ ચડેલો જ છે.

લાજો : બિચારાં ! જિંદગી આખી દુઃખમાં ગઈ છે ! હું નાની હતી ત્યારે અમારી મા મરી ગઈ. ફોઈબાએ જ અમને બેઉને પાળ્યાં-પોષ્યાં છે. મને યાદ છે — રાતના જ્યારે ઘાસમાં આગિયા ચળકતા હતા ત્યારે ફોઈબા અમને રાજા-રાણીની વાર્તા કહેતાં. કોઈ વાર જાદુગરની તો કોઈ વાર દેવદેવીની વાર્તા. કોઈ વાર સમુદ્રની તો કોઈ વાર મછવાઓની. નદીને સામે કાંઠે સુરજિત માછલાં પકડવા જતો ત્યારે ટોપલો ભરીને માછલાં લઈ આવતો. ફોઈબા માછલીઓ શેકતાં. તેં માછલીઓ શેકી ?

દીપો : ના, એમ ને એમ ઘડામાં પડી છે.

લાજો : માછલી શેકતાં મને ફોઈબાએ શીખવ્યું હતું. કોક વાર સુરજિત નદીમાં તરતો તરતો ક્યાંય નીકળી જતો ત્યારે ફોઈબા હોડી લઈ ને એની પાછળ જતાં અને એને પકડીને લઈ આવતાં. હવે તો એનાથી ઉઠાતુંય નથી.

દીપો : ખોરાક પણ ક્યાં લેવાય છે ? કાલે મેં રાબ બનાવી દીધી તો વાડકો હાથમાં લઈ ને મૂકી દીધો. (બારણે ટકોરા પડે છે. લાજો ઝાંપો ખોલે છે. કીચડથી લથબથ સુંદર નજરે પડે છે) દવા લાવ્યો ?

સુંદર : હા, ત્રણ પડીકાં છે. ત્રણ ત્રણ કલાકને અંતરે આપવાની છે.

લાજો : કેવી રીતે ?

સુંદર : ગરમ પાણી અથવા કાઢા સાથે.

લાજો : લાવ ભાઈ ! ભગવાન તારું ભલું કરે.

(સુંદર જાય છે. લાજો પડીકાં લઈ ફોઈબા પાસે આવે છે)

લાજો : દીપો, કાઢો ઊકળી ગયો ?

દીપો : એ તો ક્યારનો ખદખદે છે.

ફોઈબા (વ્યગ્રતાથી) : હે ભગવાન ! ઉપાડી લે.

દીપો : બહુ પીડા થાય છે ફોઈબા ?

ફોઈબા (ખાંસે છે): હું અહીં લાચાર થઈ ને ઘરમાં પડી છું. આ ઉધરસ અને આ દુખાવાથી રાતદિવસ કેમેય ખૂટતાં નથી. નદીના તરંગોની જેમ આવ-જા થયા જ કરે છે!

દીપો: જરા ફરો તો ફોઈબા! તમારા પડખામાં શેક કરી દઉં.

લાજો: ગોટો બહુ ગરમ તો નથી ને?

દીપો: ના, ફલાલીનમાં વીંટેલો છે.

લાજો: ફોઈબા, પીડા કંઈ ઓછી થઈ?

ફોઈબા: હજુ તો એમ ને એમ જ છે!

લાજો: કાશી વૈદે પડીકાં મોકલ્યાં છે હોં!

ફોઈબા: કદાચ એનાથી ફરક પડે.

લાજો: આ ત્રણ પડીકાં છે. ત્રણ ત્રણ કલાકે લેવાનાં છે.

દીપો: કેવી રીતે?

લાજો: ગરમ પાણી કે કાઢા સાથે.

દીપો: આ ગરમ ગરમ ગોટો ફોઈબાની છાતી પર રહેવા દે. સારું લાગશે. એક પડીકું હમણાં આપીએ અને બીજું પછીથી....

લાજો: હું ફોઈબાને દવા પાઉં છું.

દીપો: તેં ઝાંપો બરાબર બંધ નથી કર્યો લાગતો. નદીની છાલકો અંદર લગી આવે છે.

લાજો: જા, ઝાંપો બરાબર વાસી આવ.

(લાજો દવા બનાવવા અંદરના ભાગમાં જાય છે. દીપો ઝાંપો બંધ કરવા આવે છે. બહાર ડોકાય છે.)

દીપો (દબાતે અવાજે): સુંદર, તું હજુ અહીં ઊભો છે?

સુંદર: હા, હું જતો જ હતો.

દીપો: તારી હોડી ક્યાં છે?

સુંદર: પેલી બાજુ! તને એક વાર જોઈ લેવા પૂરતો રોકાયો હતો.

દીપો: ઠીક. હવે તું જા.

સુંદર: જાઉં જ છું.

દીપો (એકાએક): અરે! તારા માથા પર આ ઘા શેનો છે?

સુંદર: રસ્તામાં અંધારું બહુ હતું. એક જગાએ લપસીને પડી ગયો. ઝાડનું ઠૂંઠું આડું પડયું હતું. એની સાથે માથું અથડાયું.

દીપો : અરેરે ! હવે તું જા.

સુંદર : એ રાત પછી ક્યારેય તારા ઘરે નથી આવ્યો. બસ, આવતાં-જતાં રસ્તામાં તને જોઈ લઉં છું.

દીપો : આવા તોફાનમાં તું ક્યાં ગયો હતો ?

સુંદર : ઓલ્યા મેરૂનો ઘોડો ખોવાઈ ગયો હતો. કોણ જાણે ક્યાં ગયો ? પાણીમાં ક્યાંક તણાઈ ગયો હશે. પત્તો જ ન લાગ્યો. હું એને ગોતવા ગયો હતો.

દીપો : મળ્યો ?

સુંદર : ના.

દીપો : ઘોડાને ગોતવા તું શું કામ ગયો હતો ? તને કંઈક થયું હોત તો ? ગામમાંથી બધાં જતાં રહ્યાં છે, તું કેમ નથી જતો ? તારાં ક્યાં ઢોરઢાંખર છે કે જેને સાચવવા તું બેઠો છે ?

સુંદર : મને તોફાનની બીક નથી. મને તો થયું — આમ તો તને હું નહીં મળી શકું. કોણ જાણે તોફાન વધે અને ઝૂંપડીમાંથી કોક મને બોલાવે....

દીપો (ગભરાઈને) **:** તે દિવસે પણ આમ જ...ના... ના... તું જા...!

સુંદર : એ દિવસે... હા ! એ રાત ! એ તોફાન ! તારો સ્પર્શ મારા મનના અણુએ અણુને ઝણઝણાવી ગયો હતો. તારી છબી મારા મનમાં ઊંડી ઊતરી ગઈ છે !

દીપો : મને સુરજિતની બીક લાગે છે. એ દિવસ પછી મને એનો ભય વધી ગયો છે.

સુંદર : તને ભ્રમ થયો છે.

દીપો : કેટલીય વાર તને બોલાવવાનું મન થાય છે, પણ ગળામાંથી અવાજ જ નથી નીકળતો. એમ થાય છે કે તને બોલાવીશ તો નદીને સામે કાંઠેથી સુરજિત હોંકારો દેશે !

સુંદર : તું તો ગાંડી છે ! કેટલાં વરસ થયાં એ વાતને ?

દીપો : ચાર.

સુંદર : જાણે કાલની જ વાત ! હજુ હમણાં જ બન્યું હોય એમ ! એ રાત અને આજની રાતમાં જાણે કોઈ ફરક જ નથી ! દીપો, તું એવું ન બોલ ! તને જોવા માટે કેટલીય રાત આ ઝૂંપડીની આજુબાજુ ચક્કર માર્યાં છે. શિયાળાની ઠંડી રાત્રે, દૂર ભીની રેતીમાં કલાકો લગી ઊભો રહેતો ! મારું તાળવું સુકાઈ જતું. મારાં સપનાં આ રેતીમાં ધસાઈ જતાં.

દીપો : સુંદર, તું આ અંધારાથી બીતો નથી ? અને આ વધતા જતા પૂરથી પણ નહીં ?

સુંદર : પૂરે તો બધુંય સમથળ કરી નાખ્યું છે.

દીપો (કંપે છે)**:** પાણીની અંદર – તળિયે શું હશે એ કોણ જાણે ? નજરે તો કંઈ દેખાતું નથી !

સુંદર : અંધારામાં મને તારી ચમકતી આંખ દેખાય છે. ભીની ભીની આંખ....

દીપો : મને અડીશ નહીં. મારાથી એ રાત હજુય નથી ભુલાતી !

સુંદર : સુરજિત હવે પાછો નહીં આવે. તેં મનમાં એક તરંગ ભરી રાખ્યો છે. તારા મનમાં વહેમ છે અને રાતદિવસ એ ભયની મારી તું તારા શરીરને નિચોવી રહી છે. એને ગયે ચાર વરસ થયાં. એની પાઘડી, જોડા અને લુંગી, પાણી અને કાદવથી લથબથ મળ્યાં હતાં, એને જરૂર મગર ખાઈ ગયો હશે. પણ તારો હાથ કેમ ધ્રૂજે છે ?

દીપો : ભયથી....

સુંદર : શાનો ભય ?

દીપો : હાય ! આ અવાજ શાનો છે ?

સુંદર : એ તો કિનારે બાંધેલી હોડીની સાંકળ હતી. પાણીની થપાટો એને અથડાય છે એનો અવાજ.

દીપો : જાણે પાણીમાં કોઈ ચાલતું હોય એવું લાગે છે. જાણે કાદવમાં ખૂંચેલી કોઈક ચીજને કોઈ ખેંચતું ન હોય ! મનમાં કંઈ કંઈ થવા માંડે છે !

સુંદર : બધો વહેમ છે.

દીપો : કોણ હશે ?

સુંદર : કોઈ નહીં ! તારો તરંગ ઊછળીને બહાર આવ્યો !

દીપો : તારો હાથ પકડું છું ત્યારે મન કેવું ભરાઈ જાય છે !

સુંદર : તારા હૃદયના ધબકારા મને અહીં સુધી સંભળાય છે !

દીપો : કેટલીક વાર એવું લાગે છે કે મારું હૃદય એક વાર એટલા જોરથી ધબકવા માંડશે કે પછી સાવ બંધ પડી જશે. તારા સ્પર્શે મારા રોમેરોમમાં ઝણઝણાટી પેદા કરી દીધી છે. એવી જીવતી ઝણઝણાટી જેને કોઈ આદિ નથી, કોઈ અંત નથી. (આગળ વધીને ભાવવશ થતાં) સુંદર !

સુંદર : હું !

દીપા : સુંદર, મારું માથું ભારે ભારે થઈ રહ્યું છે! નજર સામે ચિનગારીઓ તરવરે છે. તારી છાતી પર માથું ટેકવું છું ત્યારે હૃદય જોરથી ધબકવા માંડે છે!

સુંદર : દીપા !

દીપા (ભારે અવાજે) **:** મારા લોહીમાં હોડી ફરતી હોય એવું લાગે છે. મારી નસોમાં કશુંક ફરી રહ્યું છે — દોડી રહ્યું છે! કાશી વૈદનાં પડીકાંથી ફોઇબાની પીડા શમી ગઈ છે. કોઈ એવું પડીકું નહીં હોય કે જેનાથી નદીનો આ ઊભરો શમી જાય અને તોફાન ચાલ્યું જાય! એક એવું પડીકું જેનાથી મારા હૈયામાં ચાલતું આ તોફાન શમી જાય!

સુંદર : આ તોફાનની રાહ જોવામાં તો મેં ટાઢતડકો વેઠયાં છે!

દીપા : આ તોફાને મારા ચાર ચાર વરસના જીવતરને પાણીમાં ડુબાવી દીધું છે.

સુંદર : એ રાત અને આજની રાતમાં કંઈ જ ફેર નથી. કાળ જાણે એક નાનકડું ચક્કર ફરી ગયો. એ રાત જાણે લંબાઈને આજની રાત ઉપર આવીને બેસી ગઈ હોય. . . . તારાં આ ધ્રૂજતાં વેણુમાં મારાં બધાં સપનાં ઓગળી જાય છે! તારો હૂંફાળો સ્પર્શ . . . તારી ધડકતી છાતીમાં . . . (નેપથ્યમાંથી વહેતી નદીના ખળખળાટ જેવું હાસ્ય સંભળાય છે. પછી સ્પષ્ટ અવાજ આવે છે. દીપા ચીસ પાડે છે.) કોણ? દીપ, તું કેમ ગભરાય છે? કોણ છે?

દીપા : સુરજિત! વીજળીના ચમકારામાં મેં જોયું — કિનારેથી ચાલતો ચાલતો એ આપણી તરફ આવી રહ્યો છે.

સુંદર : તને ખાલી ભ્રમ થયો લાગે છે! (ફરી વાર હાસ્ય સંભળાય છે)

દીપા : નક્કી એ સુરજિત જ છે! તારી પાછળ સુરજિત ઊભો છે, સુરજિત. (કાદવમાં ખરડાયેલો સુરજિત પ્રવેશે છે.)

સુરજિત : હા, હું સુરજિત જ છું! મને જોઈને ગભરાઈ કેમ ગયાં?

દીપા : સુરજિત!

સુરજિત : મને ખાતરી હતી કે મેં જે કંઈ જોયું હતું એ સાચું જ હતું.

દીપા : ના સુરજિત, ના! (કાકલૂદી કરતાં) ના...ના...!

સુરજિત : સુંદરની છાતી પરથી તેં માથું કેમ ખસેડી લીધું?

દીપો (ડૂસકાં ભરતાં) **:** ના... ના... સુરજિત... ના !

સુરજિત : અહીંથી હું જતો રહ્યો હતો... નદીને સામે પાર ! મારી પાઘડી, જોડા અને લુંગી નદીને સોંપી દીધાં ! હું બધું ભૂલવા માટે પેલી બાજુ ચાલ્યો ગયો. બધા ઉમંગો અને બધી યાદોને છોડી દીધાં... પણ હું શું કરું ? ચાર ચાર વરસ લગી તારી આખરી ચીસ, આંસુમાં ભીંજાયેલો અવાજ, આ બધું કાનમાં ગુંજતું જ રહ્યું.

દીપો (ડૂસકાં) **:** હું...

સુરજિત : તારાં ડૂસકાં મારા મનમાં છીપલાંની જેમ તરતાં રહ્યાં. ઘડીક થયું — તારી વાત કદાચ સાચી હતી... મારી ભૂલ હતી. હા... હા... હા... ચાર વરસ લગી હું ન આવ્યો. હું મારા નસીબથી ડરતો હતો. દિલમાં આશાની એક ચિનગારીને સળગતી રાખવા માગતો હતો. વહેલો આવ્યો હોત તો એય બુઝાઈ જાત. તારી છેલ્લી ચીસના ભણકારા મારા મનમાંથી જતા જ નહોતા. જેમ જેમ હું દૂર જતો હતો એમ એમ તારી વેદનાભરી ચીસ ઘેરી બનતી જતી હતી. ચાર વરસ લગી જ્યાં જ્યાં કામ કર્યું ત્યાં ત્યાં તારો અવાજ, તારું હાસ્ય, તારો સ્પર્શ કામની વચ્ચે આવીને ઊભાં રહેતાં. ખેતરોનાં પાણી વચ્ચે મને તારો પડછાયો દેખાતો. બળદો હંકાવતાં વાગતી ઘંટડીઓમાં તારા હાસ્યનો કલરવ સંભળાતો... હે ભગવાન ! હું પાછો આવ્યો જ શું કામ ?

દીપો (પૂર્વવત્ ડૂસકાં ભરતાં) **:** મારી વાત સાંભળો... મારી વાત સાંભળો... મારી વાત તો સાંભળો... તમે જે જોયું એ ખોટું છે ! મારા પર ભરોસો રાખો. તમે જે જોયું એ ખોટું છે ! સુરજિત, વિશ્વાસ કરો....

સુરજિત : તારા પર વિશ્વાસ રાખું કે મારી નજર ઉપર ? મનમાં ઘૂમરાતા ભાવો પર રાખું કે સુંદર પર ?

દીપો : સુંદર તો ફોઈબા માટે દવા લઈ આવ્યો હતો. દવા આપીને જતો હતો. હું ઝાંપો બંધ કરવા આવી અને વાતો કરવા માંડયાં.... ચાર વરસ પછી પહેલી જ વાર...

સુરજિત : હા...હા...હા...

દીપો : એમાં સુંદરનો કંઈ વાંક નથી. લાજોએ એને બોલાવ્યો હતો. એ તો માત્ર પડીકાં લેવા ગયો હતો અને...

સુરજિત : હા...હા...હા...! સુંદર — મારો લંગોટિયો દોસ્ત ! અમે સાથે જ હોડી હાંકતાં શીખ્યા.... મારી હોડીનું એ ધ્યાન રાખતો.... મારી

કદી કોઈએ સાંભળ્યું છે
કે પંદર વરસ સુધી એક છાપરા નીચે વિસામો લીધા પછી
કોઈ ખીલો તોડીને નાસી જાય!
(આંખમાં આંસુ ઊભરાય છે)
રાજી!
તેં મારો ત્યાગ ત્યારે ન કર્યો —
જ્યારે આપણે એક ટંકનું ભોજન લેતાં
અને બીજો ટંક — વાતો અને માત્ર વાતોમાં તું ભૂલી જતી
જ્યારે તારી ભૂખીતરસી છાતીમાં દૂધ નહોતું
એટલે તારા લાડલાને
હાલરડાં ગાઈને સૂવાડી દેતી!
એ હાલરડાં — જેમાં તારા લાડલાના બાપનાં
વખાણ — અપરંપાર વખાણ રહેતાં —
અને ત્યારે ઊભરાઈ જતી તારી આંખને
મારાથી છુપાવીને તું હસ્યા કરતી હતી!
હોઠ પર ઘડી ઘડી
મલકાટ વેરતી હતી!
મારા કપાળ પરની કરચલી તારાથી જીરવાતી નહોતી!
રાજી!
તેં મને ત્યારેય નહોતો છોડ્યો —
જ્યારે પથારીવશ હતો હું
મોતને ત્યારે બહુ છેટું નહોતું
ડૉક્ટર તને કહેતા હતા કંઈક
અને મને કંઈક
કોઈ પાસેય નહોતું ઢૂકતું ત્યારે
મારી મેલી, ગંદી ચાદર
તું ધોયા કરતી — થાક્યા વિના
મારાં ભીનાં વસ્ત્રો
બદલતાં તને ગ્લાનિ થતી નહોતી!

મારા તરડાયેલા હોઠ ત્યારે તું ચૂમી લેતી
મારા અસ્થિપિંજરને તું પસવારતી'તી
મારા સુકાયેલા હાથને
રહી રહીને તું તારી આંખ પર મૂકતી હતી!
રાતોની રાતો જાગીને તેં મારી સારવાર કરી!
ઈશ્વર પાસે અસંખ્ય વાર મારું ક્ષેમ પ્રાર્થ્યું!
રાજી!
તેં મને ત્યારેય ન છોડયો.
જ્યારે મધરાત વીત્યે હું ઘરે પાછો ફરતો
મારા સમગ્ર અંગે ત્યારે દુર્ગંધ પ્રસરતી'તી
એ દુર્ગંધ — પોતાની પત્નીના
અધિકારની અન્યત્ર લહાણી કરીને આવતા
એક પુરુષની દુર્ગંધ!
અને મારા હોઠ પર ત્યારે
પરસ્ત્રીનાં ચુંબનોનાં નિશાન
તાજાં જ રહેતાં!
મારી નજરમાં જ્યારે
ખંધાઈ હતી, પ્રપંચ હતો,
લુચ્ચાઈ અને છેતરપિંડી હતી
અને તું બારીમાંથી તાકયા કરતી હતી
મારી પ્રતીક્ષા કરતી!
મદિરાથી મદહોશ મારા અસ્થિર કદમોને ટેકો દઈને
ટૅક્સીમાંથી તું જ મને લઈ આવતી!
(આંખમાંથી આંસુ ટપકે છે)
અને હવે આજે આ ઇમારતોનો હું સ્વામી
ત્રણ ત્રણ બાળકોનો હું બાપ
કાંદાની વાસ સુધ્ધાંથી મોં ફેરવી લઉં છું ત્યારે
તેં મને ત્યજી દીધો!
હવે હું શરાબ નથી પીતો
એટલે નશો નથી
દુઃખ ભુલાતું નથી!

હવે હું આંખ ઉઠાવીને
પરસ્ત્રીના રૂપને જોતો નથી
એટલે તેં કરેલા અન્યાયનો
બદલો લઈ નથી શકતો!
હવે જ્યારે મારાં ફૂલ જેવાં કોમળ બચ્ચાં
ઘરમાં તું નથી હોતી ત્યારે
મારાં પગલાંમાં રહેલી બેચેનીને
અનાથ શાં જોઈ રહે છે!
તું ચાલી ગઈ—એવે વખતે
જ્યારે પથિકના પગમાં
ચાલવાની શક્તિ નથી બચી!
હવે જ્યાંત્યાં થાક ખાવા બેસી જાય છે
હવે કોઈક ગીત સાંભળવા મન તરસે છે
પાંપણો પરસ્પર ઉપર થાકીને ઢળી પડે છે!
તું અત્યારે જતી રહી
જ્યારે ખુદ મંજિલ સામેથી
પથિકના પગ પાસે ચાલી આવે છે!
તું અત્યારે જતી રહી
જ્યારે આપણી પુત્રી
તારું સાંગોપાંગ રૂપ ધરી રહી છે
બિલકુલ તારું જ બદન
ઓહ! તારું જ સ્મિત
ઓહ! તારી જ ચાલ!
તું અત્યારે જતી રહી
રાત્રે મારી આંખ અનેક વાર ઊઘડી જાય છે ત્યારે
આ ઘરની દીવાલો
તારી પ્રતીક્ષા કરતી જોયા કરે છે!
જ્યારે એક પછી એક
તારા જ ટેલિફોન આવ્યા કરે છે!

કળી ખીલવા માંડે છે
એક મૃદુ સંસ્પર્શ માટે ત્યારે!
તું અત્યારે જતી રહી
તેં વાવેલી વેલીઓ પર
પુષ્પો પાંગરવા માંડયાં છે ત્યારે!
(જાતને સ્વસ્થ કરે છે)

આજે દોઢ વરસ થઈ ગયું!
એ ખંડની ગૅલરીઓ એમ ને એમ બંધ છે
ત્યાં હવે કોઈ હાસ્ય સંભળાતું નથી!
સત્ય, ધર્મ, ન્યાયની ચર્ચા થતી નથી!
આજે દોઢ વરસ થઈ ગયું
એમ લાગે છે, જાણે હું
ક્યાંક કરાડોમાં આથડું છું
જળ વિનાનાં વૃક્ષો
ઉષ્મા વિનાનો તડકો
શૈત્ય, શૈત્ય, શૈત્ય!
અવાવરુ કેડીઓ પર જામી ગયેલા બરફની ઠંડક
પશુઓની ખરીઓની વચ્ચે
તળાવોના તટે જામેલા કીચડની ઠંડક
તૂટેલી ઝૂંપડીમાં હમણાં જ વરસેલા બરફની ઠંડક!
ગંધહીન પુષ્પ જેવો,
નિષ્પ્રાણ, શક્તિહીન સ્પર્શ જેવો,
મલકાટ — મ્લાન, નિરર્થક રસહીન!
(જાણે અતીતમાં અટવાઈ જાય છે)

એ દિવસ વસંતનો હતો
ગયા વરસે
એ ફોજનો કપ્તાન
અમારા પડોશમાં રહેવા આવ્યો હતો!
આ જ બારીમાં ઊભાં હતાં
હું અને મારાં બાળકોની માતા

હોડીને એ ગમે એવાં તોફાનથી બચાવી લાવતો. એ મારો દોસ્ત હતો. અને એણે...

સુંદર : પણ હું...

સુરજિત (અટકાવીને) **:** તું કંઈ બોલીશ નહીં સુંદર ! તારે બોલવાની જરૂર જ નથી. તું કદી મારી સામે બોલ્યો નથી... અને હવે બોલતો પણ નહીં !

દીપો (ઝળઝળિયાં ભરીને) **:** મને આ પળની જ બીક હતી. આ ઝાડીઝાંખરાં અને છાલકો પાછળ ઊભું રહીને ભાવિ મને પકડવાની રાહ જોતું હતું !

સુરજિત : ચાર વરસથી હું સુંદરની છાતી પર ટેકવેલું તારું માથું જોતો રહ્યો છું. છેલ્લી વાર જોયેલો તારો ભયભીત ચહેરો, એના ઉપર સુંદરના પ્રેમની રેખાઓ તરવરતી હતી — લાખ મથામણ છતાંયે ભુલાયો નથી. એને ભૂલવા માટે આજે આવ્યો છું.

દીપો (કાકલૂદી કરતાં)**:** ઊભા રહો ! જરા મારી વાત સાંભળો ! તમારે મારી વાત સાંભળવી જ પડશે. તમે જે કહો છો એ ખોટું છે — સાવ ખોટું — તમારા સોગંદ. તમારી યાદના સોગંદ. (સુરજિત ચાલવા માંડે છે. દીપો એનો હાથ પકડી લે છે. પરવશતાથી) તમે પાછા ચાલ્યા જશો ? હે ભગવાન !

સુરજિત : મને છોડી દે... મને જવા દે... તું ચાલી જા...

દીપો (આંસુભર્યા અવાજે)**:** જિંદગીની અંધારી રાતે મેં તમારી રાહ જોયા કરી હતી. મટકુંય માર્યા વિના તમારી રાહ જોઈ હતી. આ આખો કિનારો મારા પગ તળેથી પસાર થયો છે. આંખ સહેજ મળી ત્યાં તમે આવી પહોંચ્યા . . . .

સુરજિત : મને જવા દે.

દીપો : ક્યાં જશો ?

સુરજિત : જ્યાં મારાં સપનાં લૂંટાઈ રહ્યાં છે ત્યાં . . . . આખો નદીકિનારો સૂમસામ પડ્યો છે . . . . હું હવે કદી પાછો નહીં આવું !

દીપો : આ ઝૂંપડીમાં હું તમારાં બચ્ચાંની અને તમારી યાદને જાળવીને પડી રહી છું. તમે જશો નહીં.

(સુરજિત હાથ છોડાવીને ચાલ્યો જાય છે. પાણીનો ખળખળાટ અને પવનનો સૂસવાટો સંભળાય છે.)

સુંદર: એ પાછો જતો રહ્યો. પાછો જતો રહ્યો.

દીપો (રડતાં રડતાં રોષપૂર્વક)**:** હા... અને હવે તું પણ જતો રહે! જા...

સુંદર: મારી વાત સાંભળ દીપો!

દીપો: જા... ચાલ્યો જા...

સુંદર: દીપો તને એકાએક શું થયું, દીપો?

દીપો: જા... જતો રહે... અબઘડી ચાલ્યો જા... મારે ઝાંપો બંધ કરવો છે! (ચીસ પાડે છે) જા...જા...જા...

(સુંદર જાય છે. દીપો ઝાંપો બંધ કરે છે. પછી ઝાંપા પર પીઠ ટેકવીને ધ્રુસકે ધ્રુસકે રડે છે.)

(પડદો પડે છે)

ઉપરવાળી મંજિલ

—કર્તાર સિંહ દુગ્ગલ

પાત્રસૂચિ

એક પુરુષ

સ્થળ

ઉપલા માળના ખંડની ખુલ્લી બારી

[કોઈ મહાનગરના ફેશનેબલ વિસ્તારમાં મકાનના ઉપલા માળે આવેલો એક ખંડ. ખંડની ખુલ્લી બારી પાસે એક વયસ્ક પુરુષ ઊભો છે. બારીમાંથી બહાર રાજમાર્ગ દેખાય છે. મકાનનું મુખ્ય પ્રવેશદ્વાર દેખાય છે. પડોશના મકાનનું આંગણું અને વરંડો દેખાય છે. દૂરથી સ્ટેશને આવતી-જતી ગાડીઓનો શોર પણ સ્પષ્ટ સંભળાય છે.

બારી પાસે ઊભેલો પુરુષ ખડખડાટ હસે છે. એવું લાગે છે, નોકરે હમણાં જ જણાવેલી કોઈક વાત પર એ હસી રહ્યો છે.

જ્યારે પડદો ઊંચકાય છે ત્યારે નોકરની પીઠ નજરે પડે છે. પડદો પૂરો ઊંચકાઈ જતાં એ પીઠ સરકી જાય છે.

પુરુષ હસી રહ્યો છે. હાસ્યમાં ધૃણા ભળે છે અને પછી ઝેર ઉમેરાય છે.]

પુરુષ (વિષભર્યું હાસ્ય ચાલુ રાખીને) :

મેમસાહેબ સ્ટેશને ગયાં છે,
પ્રેમીને વળાવવા—(હાસ્ય)
ખુદ પ્રેમ ઊઠીને ચાલ્યો
અરમાનોની આહુતિ દેવા! (હસવું રોકી દે છે)
મેમસાહેબ સ્ટેશને ગયાં છે,
છેલ્લી વાર, પોતાના હાથની ઉષ્માથી
એક પરપુરુષની આંગળીઓ પંપાળવા માટે!
મેમસાહેબ સ્ટેશને ગયાં છે,
છેલ્લી વાર પોતાની
મદમસ્ત આંખોથી
એક પરપુરુષની પાંપણોમાં
સ્વપ્નાં સળગાવવા માટે!
મેમસાહેબ સ્ટેશને ગયાં છે,
છેલ્લી વાર એક પત્નીના હોઠને
એક પરપુરુષના સ્પર્શથી અપવિત્ર કરવા!

જેમ વૃક્ષડાળ પર કોઈ માળો બનાવે
અને ડાળ તૂટી પડે,
સ્વયં અંધારું, દિલની શ્યામલતાથી ગાઢું બને,
અને પ્રગટે
જેમ કોઈ ભૂલો પડેલો પથિક
અંધિયાર શેરીમાં આશરો લે! (ક્રોધથી દાંત ભીંસે છે)
મેમસાહેબ સ્ટેશને ગયાં છે,
કેમ કે આજે એનો ઢોલો સિપાઈ જઈ રહ્યો છે—
દૂર-સુદૂર, જ્યાં ગોળીઓનો વરસાદ વરસે છે,
જ્યાં વાદળા ચીરીને બૉમ્બ વરસે છે,
લોહીની નદીઓ વહે છે.
અને જ્યાં મોત
સ્વામી અને સેવક વચ્ચે
કોઈ ભેદ નથી જાણતું
જ્યાં મોત ફરી વળે છે
એના પર—જેની પાછળ
કોઈ રોનારું નથી
અને એના પર પણ—
જેના પથ પર
પતિપુત્રને ત્યજીને પડોશીની પત્નીઓ
ટગરટગર જોયાં કરતી!

(એકાએક રડમસ અવાજે)

આવું કદી બન્યું છે?
આદિમાનવે પણ કદી આવું કર્યું હશે
કે એક પાંત્રીસ વરસની પત્ની
પ્રેમનું પુનરાવર્તન કરે?
ક્યાંય આવું બન્યું છે
કે ત્રણ બાળકોની માતા
એક પરપુરુષ પાછળ પાગલ થઈ જાય?

જોતાં રહ્યાં — ક્યાંય સુધી !
ઝીણી ઝરમર વરસતી હતી !
ચોપાસ કાદવ અને માત્ર કાદવ
જહાજ જેવી તોતિંગ અને ભરેલી
એક બસ આવી
અને વજનદાર પગરખાંવાળા સૈનિકો
ઉતાવળે ઉતાવળે
પેટીપટારા ઉતારવા માંડ્યા
જાણે કોઈ ઊની કે રેશમી વસ્ત્ર ઊંચકે એ રીતે !
સૈનિકો
કપ્તાનને સલામ ભરતા હતા. અમસ્તા અમસ્તા !
અને સળગતી સિગાર મોંમાં રાખીને
એ વરંડામાં ઘૂમતો રહ્યો !
બારીમાંથી અમે આ બધું જોતાં હતાં — જોતાં રહ્યાં !
પવન ફૂંકાવા માંડ્યો — ઠંડીનો ચમકારો
મારી પત્નીનો હાથ
વારંવાર ધ્રૂજતો રહ્યો
જાળીદાર દુપટ્ટાનો છેડો
ઘડીઘડી મસ્તક પર ગોઠવતી રહી
ઘડી ઘડી એ નીચે સરકતો રહ્યો !
પછી મેં બારી બંધ કરી દીધી !
મેં બારી બંધ કરી —
મારા શયનકક્ષમાં
સિગારની આછી વાસ વ્યાપી જતી
હું અનુભવી રહ્યો !
સાંજે
ડ્રેસિંગ ટેબલ સામે ઊભેલી પત્નીને
ચૂપકીદીથી આવીને ચૂમી લીધી
ત્યારે થયું
સિગારની ગંધ જલદ બની ગઈ છે !

એના હોઠમાંથી એ સિગારની ગંધ ઊભરી
મારા મોંમાં
સિગારનો સ્વાદ ઊભરાયો !
એ દિવસે, બીજે દિવસે, પછીના દિવસે
દિન–પ્રતિદિન,
સિગારની ભીની ભીની ગંધ
ચાદરમાંથી, તકિયામાંથી, પુસ્તકોમાંથી
પાણી કે પાત્રોમાંથી,
એના અંબોડેથી, એના મલકાટેથી
એની અદાઓમાંથી
મને સિગારની ભીની ભીની ગંધ આવતી
ફૂલદાનીનાં ફૂલોમાંથી !
હું બારી-બારણાં સજ્જડ ભીડી દેતો
અને તોય
સિગારની એ ગંધ જબરદસ્તી ખંડમાં ઘૂસી જતી
લાખો અગરબત્તીની ધૂમ્રસેરો
નિષ્ફળ, બેકાર, વ્યર્થ !
પછી એક વાર
હું એને જોતો રહ્યો — જોતો જ રહ્યો
એણે કહ્યું
'સિગારેટ — છી !
સિગાર પીવાની જે છટા અને મજા —
અને મારી આંગળીઓ વચ્ચે દબાયેલી
સિગારેટ
કોણ જાણે ક્યારે
સરકીને નીચે પડી ગઈ !
નીચે પાથરેલો ગાલીચો સળગી ઊઠયો
ત્યારે જ ખ્યાલ આવ્યો !
મારા અંગે નખ-શિખ જ્વાળા સળગી ઊઠી !
અને એ વારંવાર કહેતી રહી,

'મને આણામાં મળેલો ગાલીચો
તમે બાળી નાખ્યો !'
અને પછી
મધરાત લગી મદિરાપાન કર્યા કરતા
પડોશીના હાસ્યનો અવાજ
એને ગમવા માંડ્યો
નશામાં ચૂર, લથડતા
છાકટાઓને મધરાત લગી બારીમાંથી
એ જોયા કરતી — જોયા જ કરતી !
અને પછી એ થાકેલી
ગૂંચવાયેલી, રહેવા લાગી —
ખોવાયેલી, રિસાયેલી રહેવા લાગી,
ચિડાયેલી ઉદાસીન.
એની આંખમાં વિહ્વળતા
ભય, નારાજી
કોઈ ઊંડી ખાઈમાં ડોકાતાં ઊભરાય એવાં.
એ બારીમાં ઊભી રહેતી — બસ, ઊભી જ રહેતી.
સાડીઓ કાઢતી, પહેરતી,
ફરી ફરી બદલ્યા જ કરતી
અરીસા સામે બેઠી બેઠી
ટગરટગર જોયા કરતી.
અને પછી એક દિવસ
હું થાકયોપાકયો રાત્રે ઘરે પાછો ફર્યો ત્યારે
અમારા શયનકક્ષમાં
ચોરની જેમ એ એકલી ઊભી હતી — નિસ્તેજ
પારકા ખેતરમાં ચરી રહેલી ગાય
ખેતરના માલિક તરફ જુએ એમ
એણે મારી તરફ જોયું અને પલંગમાં પડતું મૂકયું.
અસ્ખલિત આંસુની ધાર વહેવા લાગી.
રડી — રડતી જ રહી.

રડતાં રડતાં શ્વાસ રૂંધાઈ ગયો.
હું પૂછુંય શું?
એ બોલેય શું?
વિવિશ અવાક
હું એની પાસે બેસી ગયો.
કોઈ ફરિયાદ નહીં,
કોઈ કથોરાં વેણ નહીં!
એની આંખ, સતત કહેતી રહી—
'તું મને કેમ ભાંડતો નથી? પીટતો નથી? હડધૂત કરતો નથી?'
હું ગૂમસૂમ અને સ્થિર
એને માછલીની જેમ તરફડતી જોઈ રહ્યો!
રાત આખી એ રડતી-કકળતી રહી,
આખી ને આખી રાત
હું એને અસહાયની જેમ જોતો રહ્યો!
જેમાં કશું બગડતું નહોતું એવા
એ વેરાયેલાં બોર તો નહોતાં જ!
એ રાત અને પછી આજનો દિવસ—
એણે ફરી વાર ક્યારેય
નજર ઊંચકીને મારી નજરમાં જોયું નથી!
એક ઘરમાં
એક છાપરા નીચે રહેતાં અમે
પરસ્પરથી યોજનો દૂર થઈ ગયાં!
અને પછી શું શું નથી વીત્યું?
મારી ભીતર વસેલા પતિએ
ઓછું સહન નથી કર્યું!
અને અંદર રહેલા પિતાએ પણ
કેટલું સહ્યું!
માંહે પથરાયેલા પુરુષે
જાણે જાતને જ મારી નાખી!
એના નખના પૉલિશનો રંગ

બદલાઈ ગયો !
એના અધરોની લાલાશ
અલોપ થઈ ગઈ !
જીવની જેમ જાળવેલા લાંબા વાળ
એણે કપાવી નાખ્યા !
જે દિવસે પહેલી જ વાર
એના કપાયેલા વાળ મેં જોયા
રાત આખી ઊંઘી શક્યો નહોતો !
આખોય ઉદ્યાન કોઈ લૂંટી જાય
અને એની કશી ફરિયાદ પણ નહીં,
પણ એક વેલીને યાદ કરીને
આંસુ અટકે જ નહીં !
અંતે મેં જાતને સમજાવી લીધી
અને જ્યારે સમજાવી ત્યારે
એકેએક વાતથી
મનને મનાવી લીધું !
ટેબલ પાસે બેસીને
ક્યારેક ચપ્પુ હાથમાં આવી ચડતું ત્યારે
મારી આંગળીઓ પર
ચેકાઓ થઈ જતા !
અંગેઅંગ ક્યારેક ઊકળી ઊઠતાં
ક્યારેક ઠંડાંગાર થઈ જતાં !
મારા હોઠમાંથી લોહી ટપકતું !
ક્યારેક અંધારી રાતે
એકાંત ઓરડામાં આંટા માર્યા કરતો
ત્યારે મારા હાથ, ખિસ્સામાં પડેલી
સાત બારની રિવૉલ્વર પર દબાતા.
કેટલીય વાર સપનામાં
મારા હાથ મેં લોહીથી રંગ્યા.

કેટલીય વાર મેં સ્ત્રીચારિત્ર્ય વિશે વાતો કરી
કેટલીય વાર હું ફાંસીએ લટકી ગયો — કેટલીય વાર.
બંધ ઓરડાની દીવાલો પર માથું પછાડીને
કેટલીય વાર પોકે પોકે રોયો.
આંખ મીંચીને
ચુપચાપ, વ્યર્થ
ઊંડા આસમાનમાંથી
ન્યાયની પ્રતીક્ષા કરતો રહ્યો.
ઊંચી ટેકરીઓ પર ચડીને કેટલી વાર વિચાર્યું —
પગ સરકી જાય તો કેવું !
ઊંડા કૂવામાં ડોકિયું કરતાં થયું —
ચક્કર આવી જાય તો કેવું !
દરિયાનાં મોજાંએ
મને ફરી ફરી તટ પર ધકેલી દીધો.
ફરી ફરી, હસી હસીને,
મોજાં મને હડસેલી રહ્યાં !
મારાં બાળકો
કેટલીય વાર મારા ગળે વળગી પડતાં
માત્ર પિતાની ઉષ્મા પામીને
ફરી ફરીને માને શોધતી એમની આંખો
મારી આંખો સામે મંડાતી.
મારા નોકર, ઉતાવળે ઉતાવળે કામકાજ આટોપતા
અને એ ઉતાવળ —
મારા હૈયામાં ગોળીની જેમ ખૂંચતી.
વાતવાતમાં
પડોશીઓ મારી પત્નીનો ઉલ્લેખ કરતાં
હું સમસમી જતો.
ક્લબમાં, ગામમાં, ઑફિસમાં
લોકો વાતો કર્યા જ કરતાં.

એકેએક વાત અવનવી
અને તોય જાણે અનેક વાર સાંભળેલી.
લોકોને ભુલાવામાં નાખવા મથતો હું
ખુદ ભુલાવામાં પડી જતો !
મને મારી સમજણ પર શંકા થવા માંડતી
જે સાંભળું છું એ સાચું નથી
સાચું તો એ છે
જે મારે સાંભળવું છે !

(દૂર સ્ટેશનેથી એન્જિનની વ્હીસલનો અવાજ —
વ્હીસલનો એક અવાજ, પછી બીજો અવાજ)

સ્ટેશને એન્જિન
ઉપરાઉપર સીટીઓ મારે છે
ચાલું ચાલું કરી રહ્યું છે !
કોઈ પ્રાર્થના એને રોકી નહીં શકે
કોઈ કાકલૂદી એને અટકાવી નહીં શકે !
સંગ-કુસંગ બધું તૂટી પડે છે !
આંચકો લેશે
તોડી નાખશે
કેટલાંય યુગલો આજે વિખૂટાં પડશે !

(ગાડી ચાલવાનો અવાજ. પુરુષ એકાએક હસવા માંડે છે)

ગઈ !
ગાડી ઊપડી ગઈ !
ચિસોટા પાડતી.
કોઈનાં અરમાનોને કચડતી
ગાડી ઊપડી ગઈ !
દૂર, અતિ દૂરથી
ચીંથરેહાલ સંદેશાઓ અને
કોસલાવતા પત્રો આવ્યા કરે છે.
છાતી ચીરીને લોકો અહીં તપાસ કરે છે.

હૈયાના ખૂણેખૂણાને
લાખો વાર પીંખે છે, વાંચે છે.
અને પછી એને પાસ કરે છે.
અહીં માનવ-મૂલ્ય અંકાય છે
એની ઘાતક-શક્તિના
કે મરી જવાની શક્તિના ત્રાજવા પર.
અને હવે જેના માટે જેણે બધું છોડયું હતું
એ તો છે ક્યાંક દૂર — અતિ દૂર !
હવે એ રડયા કરશે, આખી રાત રડયા કરશે
તારાઓ ગણ્યા કરશે
હવે એ હીબકાં ભર્યાં કરશે
અધ-ખીલી કળીઓને જોઈને
જેને ચૂંટીચૂંટીને કોઈ
હમેશાં એને ધર્યાં કરતું હતું
હવે ચોપાસથી આ સૂમસામ પડોશ
એને ખાવા ધાશે.
પડોશના આ આંગણામાં
ચીંથરાં વેરવિખેર પડયાં છે
કાગળો ઊડી રહ્યા છે
પવન બારીઓને કયારેક ખોલે છે
તો કયારેક બંધ કરે છે.

(ફરીથી મોટર ચાલુ થાય છે અને કમ્પાઉન્ડમાં આવે છે)

વાહ !
આજે એ સ્વયં ડ્રાઇવ કરી રહી છે.
મોટર ગૅરેજ બહાર રોકીને
હવે ગૅરેજનો દરવાજો ખોલે છે.
ફરીથી મોટરમાં બેસી ગઈ.
મોટર ગૅરેજમાં લઈ ગઈ.
હવે ગૅરેજનો તોતિંગ દરવાજો

બંધ કરે છે — પોતાની તમામ તાકાતથી.
અને હવે એ આ તરફ આવે છે.
કેવી સુકાઈ ગઈ છે !
લોહીનું ટીપુંય બચ્યું નથી.
ચકળવકળ આંખો
વીખરાયેલા વાળ
કોરું માથું
ફિક્કા, પીળા ગાલ
સૂકા હોઠ.
પગલાં ભરે છે જાણે ગણીગણીને.
ચિંતાગ્રસ્ત.
શોકાતુર.
કંપતા હાથ.
એ હવે નહીં બચે.

(એકદમ ગભરાઈ જાય છે)

અરે ! પડી ગઈ ?
બચી ગઈ.
એક ઠેસથી કેવી ગબડી પડી.
બચવું મુશ્કેલ છે.
નહીં બચે.
મારાં બાળકોની મા મરી જશે.
મરી જશે ?
રાજી મરી જશે ?
વિરહની વેદનાથી એ મરી જશે.
રાજી ! તેં પ્રેમ કર્યો —
તારું સર્વસ્વ સમર્પિત કરીને
તારો પ્રેમી ચાલ્યો ગયો.
તું એને કેટલું ચાહતી હતી ?
તું હવે નહીં જ બચે ?

તું મરી જશે રાજી.
ધ્રૂજતી, રડતી, તરફડતી ?
નહીં ! નહીં !! નહીં !!!
તને જરૂરત છે સાથીની !
તને જરૂરત છે હમદર્દની !
તને જરૂરત છે સ્વજનની !
તને હું મરવા નહીં દઉં.
આ ઘર ખુલ્લું છે — તારા માટે.
આ હાથ ફેલાયેલા છે — તારા માટે.
આ ફૂલ ખીલ્યાં છે — તારા માટે.

(ફૂલદાનીમાંથી ફૂલ ઊંચકે છે)

તું આવ, પ્રિયે.
તું આવ, પ્રિયે.
પંદર વર્ષ સુધી
હું તારી સાથે એક છત નીચે રહ્યો !
પંદર વર્ષોની સાંજ
મારાથી અધિક નિકટનો
તારો સાથી કોણ હોઈ શકે ?
મારાથી અધિક નિકટનો
તારો હમદર્દ કોણ હોઈ શકે ?
મારાથી અધિક નિકટનું
તારું સ્વજન કોણ હોઈ શકે ?

(સીડી પર સ્ત્રીનાં પગલાંનો અવાજ)

તું પગથિયાં ચડી રહી છે.
તું આવ.
ઉપર આવ.
તું આવ.
આવી જા.

(પગથિયાં ચડવાનો પગલાંનો અવાજ. એકધારો અવાજ)

તેં તારા માથાની
બધી બારીઓ
બંધ કરી નાખી છે.
ફિકર નહીં.
હું ખંડેરમાં પણ દીપ પ્રગટાવીશ
કમળપત્ર પર લાગેલો એક ડાઘ
હું સેંકડો પાણીઓથી ધોઈ નાખીશ!
તું આવ.
ઉપર આવ.
તું આવ.

(પગથિયાં ચડવાનો એકધારો અવાજ)

(પડદો પડે છે)

તરણા ઓથે ડુંગર

—અમરીક સિંહ

પાત્રસૂચિ

એસ. એલ. દૂજા : જિલ્લાનો ડેપ્યુટી કમિશનર
રામપ્રસાદ : ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ
સુષમા દૂજા : એસ. એલ. દૂજાની પત્ની
અમરનાથ પુરી : હેડ ક્લાર્ક
પટાવાળો : દૂજાનો પટાવાળો

[ઑફિસ — કમિશનરનો અલાયદો ઓરડો. પડદો ખૂલે છે ત્યારે ડેપ્યુટી કમિશનર દૂજા અને સુપરિન્ટેન્ડેન્ટ રામપ્રસાદ પરસ્પર વાતો કરતા નજરે પડે છે. દૂજા, વય 30–35 વરસ, વિશ્વાસુ અને અન્યને મદદકર્તા પુરુષ છે. રામપ્રસાદ, વય પચાસેકની આસપાસ, માથાના વાળમાં ધોળા વાળનું પ્રમાણ વિશેષ છે. વાણી-વર્તનમાં સખતાઈ અને આત્મવિશ્વાસ છે. ઑફિસની ફાઈલો, એને મન બોજો નહીં, પણ બીજાઓ સમક્ષ સત્તા ચલાવવાનું સાધન છે એમ જોતાંવેંત લાગે છે. એનાં વખાણ કરવાં હોય તો એમ કહેવાય કે એ ઘણો કાબેલ છે અને ટીકા કરવી હોય તો કહી શકાય કે એ લુચ્ચો, તકવાદી છે.]

દૂજા (ટેબલ પર પડેલા કાગળોથી સહેજ ખસીને ખુરસી પર પીઠ ટેકવે છે)**:** નહીં, રામપ્રસાદ બાબુ, આ હુકમ પર હું સહી નહીં કરું !

રામપ્રસાદ: સાહેબ, આપને ખોટો શક ગયો છે. ખરેખર એવું નથી.

દૂજા (ટેબલ પર આગળ ઝૂકીને)**:** ગમે તેમ હોય. પ્રમોશનનો હક મનચંદાનો છે અને તમે રામસરૂપનું નામ સૂચવો છો !

રામપ્રસાદ: મારા મત પ્રમાણે રામસરૂપ આ પ્રમોશન માટે સૌથી યોગ્ય વ્યક્તિ છે, એટલે મેં એના નામનું સૂચન કર્યું છે.

દૂજા: પણ મનચંદામાં ખામી શી છે? એનું નામ કેમ નથી સૂચવતા ?

રામપ્રસાદ: બે વરસ પછી એ પેન્શન પર ઊતરી જશે. એટલે —

દૂજા (સહેજ ચિડાઈને)**:** અજબ વાત છે ! બે વરસ પછી રામસરૂપનો વારો તો આવવાનો જ છે તો પછી મનચંદાને અત્યારે શા માટે તક ન આપવી ?

રામપ્રસાદ: જે જગા બે વરસ પછી રામસરૂપને આપવાની છે એ એને હમણાં જ આપી દેવી જોઈએ એવો મારો મત છે.

દૂજા: એ ખોટું છે ! એ રીતે તો મનચંદાનો હક ડૂબે છે અને એને માટે હું તૈયાર નથી.

રામપ્રસાદ : જે માણસની નોકરી વધુ બાકી હોય એને પ્રમોશન દેવાથી એ નવું કામ શીખીને ઑફિસને વધુ ઉપયોગી થઈ શકે! સરકારી રીત જ એવી છે.

દૂજા : ખોટી રીત છે. અને રીત એટલે શું? રીત તો બદલી શકાય. એવો કોઈ ચોક્કસ કાયદો નથી.

રામપ્રસાદ : સરકાર આપ છો! ઠીક લાગે તે કરી શકો છો. અહીંનો રિવાજ મેં બતાવી દીધો.

દૂજા (કાગળો પાછા આપતાં)**:** મારા મતે, તમે મનચંદાના નામનો પ્રસ્તાવ કરો.

રામપ્રસાદ (નારાજીથી કાગળો લઈ લે છે)**:** સાહેબ, આજે પહેલી જ વાર તમે મારા પ્રસ્તાવને ઠોકરે માર્યો છે, રદ કર્યો છે!

દૂજા : એનું મનેય દુઃખ છે.

(રામપ્રસાદ બહાર જુએ છે.)

દૂજા (ખુરશી છોડીને ટેબલથી આગળ વધતાં)**:** કાલે આખી રાત મેં આ વાતનો વિચાર કર્યો છે. કાલે સાંજે તમે જ્યારે આ કાગળો તૈયાર કર્યા ત્યારે મેં કહ્યું હતું કે સવારે સહી-સિક્કા કરીશ. આ વાતે મને ખૂબ મૂંઝવ્યો છે.

રામપ્રસાદ (અસંતુષ્ટ થઈને)**:** સાહેબ, મને દુઃખ તો એ વાતનું થાય છે કે છેલ્લા એક દોઢ વરસથી મેં જે કંઈ સૂચનો કર્યાં છે એને આપે સ્વીકારી લીધાં છે. આજે પહેલી જ વાર...

દૂજા (ચપટી વગાડીને)**:** એમાં ફેર શો પડ્યો? ક્યારેક એવું થાય પણ ખરું. બે માણસના મત મળતા ન થાય એવુંય કોઈ વાર બને.

રામપ્રસાદ : આપની જેવી ઇચ્છા. (માથું ઢાળીને જવા માંડે છે.)

દૂજા (પાછળથી બૂમ મારીને)**:** એમાં આટલું દુઃખ લગાડવાની જરૂર નથી.

રામપ્રસાદ (પાછા ફરીને, ગંભીરતાથી)**:** સાહેબ, આનો અર્થ એ થયો કે મેં રામસરૂપ પ્રત્યે પક્ષપાત કરવા, મનચંદાનો વિરોધ કર્યો છે એવું તમે માનો છો.

દૂજા : ના, ના. એવું કશું નથી. એ સિવાય પણ મારો મત એક હોય અને તમારો બીજો હોય એવુંય બને.

રામપ્રસાદ: માફ કરજો સાહેબ. આપના કહેવા પછી પણ મારા મનમાં તો એમ રહેવાનું જ કે હવે આપને મારા પર વિશ્વાસ નથી રહ્યો.

હૂજા: એમ? (ઇશારો કરે છે) તો પછી સાંભળો...

(રામપ્રસાદ હૂજાની લગોલગ આવે છે. બંને પોતપોતાની ખુરસી પર બેસી જાય છે.)

હૂજા: ઠીક છે. હવે મારી એક એક વાતના જવાબ આપવા માંડો. પહેલી વાત તો એ કે મનચંદાની કાર્યક્ષમતા સંતોષજનક છે એ વાત તો તમે માનો છો ને?

રામપ્રસાદ: જી હા.

હૂજા: એનું જેટલું પણ નોટિંગ મારી પાસે આવ્યું છે બધું સમજપૂર્વક લખેલું હોય છે. એમાં કોઈ બિનજરૂરી વાતો નથી હોતી.

રામપ્રસાદ: બરાબર છે.

હૂજા: બીજી વાત એ કે એનો રેકર્ડ એકદમ સાફ છે. એની વિરુદ્ધ કદી કોઈએ ફરિયાદ નથી કરી. કોઈએ ખરાબ નોંધ કરી નથી. એ અપ્રામાણિક નથી.

રામપ્રસાદ: સાચી વાત છે સાહેબ.

હૂજા: હવે ત્રીજી વાત એ છે કે એ સહુથી સિનિયર છે. એની નોકરી બે જ વરસ બાકી છે. હવે જતાં જતાં આપણે એને જરા બઢતી આપી દઈએ તો એમાં વાંધો શો છે?

રામપ્રસાદ: વાંધો કંઈ નથી સાહેબ. મેં તો સરકારી રિવાજની તમને વાત કરી. હવે પછીનો નિર્ણય આપનો છે.

હૂજા (જરા તપી જઈ ને)**:** એમ વાત ન કરો. મેં તમને કેટલીય વાર કહ્યું છે કે મારી પાસે આવા શબ્દો વાપરવા નહીં.

રામપ્રસાદ: ભૂલ થઈ સાહેબ. (શરમાઈને) ટેવ પડી ગઈ છે. માફ કરજો.

હૂજા (અધીરાઈથી)**:** નાનકડી વાતની માફી માગો છો ને મોટી મોટી વાતો ઓહિયાં કરી જાઓ છો. હું એમ પૂછું છું કે જ્યારે આ ત્રણેય વાત મનચંદાના પક્ષે હોય ત્યારે આપણે એને શા માટે અન્યાય કરવો જોઈએ? આ હું એટલા માટે નથી કહેતો કે કોઈએ એના માટે મને ભલામણ કરી છે કે કોઈએ આવીને મને કંઈ કહ્યું છે.

રામપ્રસાદ: હું જાણું છું સાહેબ.

હૂજા: મેં તો એને હજુ જોયો પણ નથી. પણ એનું કામ મને ગમે છે. ફાઈલો પર જે લખાઈને આવે છે એનાથી એ ઘણો સમજદાર અને દૂરંદેશીવાળો માણસ લાગે છે.

રામપ્રસાદ (અત્યાર લગી દબાયા પછી વિશ્વાસથી કહેતો હોય એમ)**:** આ બધી વાત સાચી છે સાહેબ. હું પણ મારી વાત આપની પાસે સ્પષ્ટ કરી દઉં. હું અને મનચંદા આજકાલના નહીં, પચીસ વરસથી પડોશી છીએ. મારા કરતાં એની ઉંમર છ વરસ વધુ છે. આ ઑફિસમાં અમે એકસાથે જોડાયા છીએ. એ મૅટ્રિક્યુલેટ અને હું ગ્રેજ્યુએટ છું. એટલે એને પ્રમોશનનો મળી શક્યાં નહીં અને હું સુપરિન્ટેન્ડેન્ટ થઈ ગયો.

હૂજા: હવે જ્યારે એને પ્રમોશન મળે એમ છે ત્યારે તમારે એના માર્ગમાં અવરોધ કરવો ન જોઈએ.

રામપ્રસાદ: ઊલટો હું તો ખુશ થઈશ, પણ વાત થવી તો જોઈએ. . .

હૂજા: કેમ નહીં થાય? તમે એના નામનો પ્રસ્તાવ લખી લાવો. હું હમણાં જ સહી કરી દઉં.

રામપ્રસાદ: ઑફિસમાં બધા એમ જ કહેશે કે રામપ્રસાદ મનચંદાનો પડોશી રહ્યો, વળી મિત્ર પણ, એટલે રામસરૂપનો હક ડુબાડીને મનચંદાને પ્રમોશન અપાવ્યું.

હૂજા (તીખાશથી)**:** હક ડુબાડીને કેમ? હક મનચંદાનો જ છે! રામસરૂપનો નહીં.

રામપ્રસાદ: સાહેબ! આ ઑફિસમાં આમ જ ચાલે છે.

હૂજા: અહીં એવું હશે — બીજે ક્યાંય તો એવું નથી. હું કેટલાય જિલ્લાઓમાં ફર્યો છું — ગુડગાંવ, ગુરદાસપુર. આવો રિવાજ ક્યાંય જોયો નથી.

રામપ્રસાદ: પહેલાં અહીં પણ આવું નહોતું. આપના સસરાજીએ જ આ શરૂઆત કરાવી છે. રાયબહાદુરસાહેબ જ્યાં જ્યાં રહ્યા છે, ત્યાં ત્યાં આ રિવાજ ચાલુ થયો છે. મારું પ્રમોશન પણ આ રીતે જ થયું હતું.

હૂજા (મલકાઈને)**:** તમને સુપરિન્ટેન્ડેન્ટ બનાવવા માટે જ રાયબહાદુર સાહેબે આ રિવાજ તો બનાવ્યો નહોતો ને?

રામપ્રસાદ (ઓઝપાઈને)**:** જી ના. મારી પહેલાં વર્માને લાભ મળ્યો. એ ઝડપથી સુપરિન્ટેન્ડેન્ટ બની ગયો. પછી મારો વારો આવ્યો.

હૂજા (રામપ્રસાદના ક્ષોભને માણતો હોય એમ): મને તો લાગે છે કે તમને નજરમાં રાખીને જ રાયબહાદુરસાહેબે રીત બદલી હશે.

રામપ્રસાદ: બિલકુલ નહીં સાહેબ. ત્યારે તો હું બહુ જુનિયર હતો! તમે બહેનને જ પૂછી લેજો ને.

હૂજા (ચહેરા પર હજુય સ્મિત છે): પૂછવું જ પડશે.

રામપ્રસાદ: જરૂર પૂછજો સાહેબ.

હૂજા (અચાનક ગંભીર થઈ જઈને): ધારો કે આપણે આ રિવાજ બદલાવી નાખીએ તો એથી શું થશે?

રામપ્રસાદ: પારાવાર નુકસાન થશે સાહેબ.

હૂજા: કેવી રીતે?

રામપ્રસાદ: અત્યારે જો મનચંદાને પ્રમોશન મળશે તો રામસરૂપનો વારો બે વરસ પછી નહીં આવે. રિટાયર થવામાં ત્યારે એનાં બે વરસ બાકી હશે.

હૂજા (રામપ્રસાદ તરફ તીણી નજરે જોઈને): હવે મને સમજાઈ ગયું. રામસરૂપનું પ્રમોશન અટકે નહીં એ જ તમારી દાનત લાગે છે. મનચંદાને ભલે ગમે એટલું નુકસાન થાય. (ગુસ્સે થઈને ઊભા થતાં) આવું અંધેર હું નહીં ચલાવી લઉં. હક મનચંદાનો અને લાભ રામસરૂપને! મનચંદા સાથેની તમારી દોસ્તી જોવાઈ ગઈ. અને કહો છો કે પચીસ વરસથી પડોશી છો!

રામપ્રસાદ: સાહેબ, તમારી ગેરસમજ થાય છે. હું કોઈનો સહેજેય પક્ષપાત નથી કરતો. હું તો માત્ર ચાલ્યા આવેલા રિવાજને અનુસરવા માગું છું.

હૂજા (પૂર્વવત્ ક્રોધથી): હવે વધુ બચાવ કરવો રહેવા દો. કાલ સાંજથી આ બધું સાંભળ્યા કરું છું. ઑફિસનો આ રિવાજ છે. ફલાણો સિનિયર છે – ઢીંકણો જુનિયર છે. આનાં બે વરસ અને પેલાનાં ચાર વરસ બચ્યાં છે. કઈ જાતના ગોટાળા ચાલે છે આ ઑફિસમાં? નર્યું અંધેર કે પછી લાગવગ-શાહી?

રામપ્રસાદ (સહેજ ડરીને): સાહેબ, આપને ભ્રમ થયો છે. મારો મત એવો નહોતો.

હૂજા: બિલકુલ નહીં! આમ કેમ નહીં? કાલ સાંજથી આ વાતનો ગૂંચવાડો છે. હવે તમે ગમે એટલી દલીલો કરો — સત્ય મને સમજાઈ ગયું છે.

રામપ્રસાદ (પહેલાં કરતાં થોડી વધુ દઢતાથી): તમે એમ માનો છો સાહેબ, કે રામસરૂપ મારો મિત્ર છે એટલે હું એનો પક્ષ લઉં છું?

હૂજા: ચોક્કસ એમ જ છે. બાકી બધાં બહાનાં છે. વાત સાચી ઠરાવવા માટેની દલીલો છે.

રામપ્રસાદ (મક્કમતાથી): ઑફિસની પ્રણાલિકાને તોડીને મેં જો આ પ્રસ્તાવ મૂક્યો હોત તો તમારું કહેવું વાજબી ઠરત. હું તો...

હૂજા: અને હવે જ્યારે એ પ્રણાલિકા હું તોડવા માગું છું ત્યારે તમે વચ્ચે આવો છો. અને આ બધું એટલા માટે કે તમારા મિત્ર રામસરૂપને નુકસાન થાય છે એટલે...

રામપ્રસાદ: જેવી આપની મરજી. જે યોગ્ય લાગે તે... મારાથી કંઈ ન થઈ શકે. પણ એટલું તો જરૂર કહીશ કે આ બાબતમાં તમને ગેરસમજ થઈ છે.

હૂજા: ગેરસમજ નહીં, સાચી સમજ મળી છે.

રામપ્રસાદ (ધીમેથી): સાચી સમજ!

હૂજા (રામપ્રસાદની સ્થિતિ હવે દયાજનક છે એમ લાગવાથી): પહેલાં તમે લોકો મને જે કંઈ લખી આપતા હતા એના પર હું તાબડતોબ સહી કરી દેતો. મને એમ કે તમે જે લખ્યું હશે, એ બરાબર હશે જ. પણ હવે મને લાગે છે કે મારે એમ નહોતું કરવું જોઈતું.

(હૂજાની પત્ની સુષમા પ્રવેશે છે. છવ્વીસ-સત્તાવીસ વર્ષની સુંદર અને બનીઠનીને આવી છે. એના ચહેરા પર ભોળપણ અને લાડથી પ્રગટતી ઉચ્છૃંખલતા દેખાય છે. પહેલું જ વાક્ય એ પુરવાર કરે છે.)

સુષમા: હલ્લો ડાર્લિંગ! તમે તો પહેલેથી જ તૈયાર ઊભા છો ને શું! (લટકો કરે છે) બસ, અર્ધો કલાક મારી સાથે ક્લબમાં ચાલો. માત્ર અર્ધો કલાક – (હૂજાની આંખમાં જોઈને) પ્રૉમિસ! એથી વધુ વાર નહીં લાગે.

હૂજા: ના, હું હમણાં અર્ધા કલાક માટે પણ જઈ શકું એમ નથી. મારે એકબે જરૂરી કામ પતાવવાનાં છે.

રામપ્રસાદ (સુષમાનું ધ્યાન પોતાની તરફ ખેંચીને): નમસ્કાર, બહેન!

સુષમા (પતિ તરફથી નજર ફેરવીને): નમસ્કાર. અરે! બાબુજી તમે! કહો, કેમ છો?

રામપ્રસાદ: તમારી કૃપા છે.

સુષમા (પહેલાંની જેમ જ)**:** તમને તો હમેશાં કામ જ પકડી રાખે છે. અર્ધો કલાક પણ નથી મળતો.

હૂજા: સવાલ માત્ર અર્ધા કલાકનો નથી. ખરી વાત બીજી જ છે. તારે કશું કામ નથી અને મારા કામનો પાર આવતો નથી. પણ કલબમાં જવાનો આ તે કયો સમય કહેવાય? સાંજે સાથે જઈશું.

સુષમા: મેં મિસિસ નિગમને પણ ત્યાં બોલાવી છે. તમે સાથે હોત તો સારું રહેત. એકબે વાતમાં તમારો અભિપ્રાય લેવો હતો.

હૂજા (રામપ્રસાદને)**:** ભલે, હું તમને થોડી વાર પછી બોલાવીશ. ત્યાં સુધીમાં તમે તમારો પ્રસ્તાવ નવેસરથી લખી કાઢજો.

રામપ્રસાદ (સહેજ ગભરાઈને)**:** આપ જો મનચંદાને જ હેડ કલાર્ક બનાવવા ઇચ્છતા હો તો પછી આપના હાથે જ હુકમ લખી કાઢો એ વધુ ઠીક થશે.

હૂજા (એની દલીલ નાપસંદ કરતો હોય એમ)**:** નહીં, પ્રસ્તાવ તો તમારા તરફથી જ થવો જોઈએ.

રામપ્રસાદ (ગભરાઈને પણ કહી જ દેવાના નિર્ણયથી)**:** આપ જો ક્ષમા કરો તો...

હૂજા (ગુસ્સો રોકતો હોય એમ કાગળો ઉઠાવીને એના હાથમાં આપે છે)**:** આ પ્રસ્તાવ તમારા તરફથી થાય એ જરૂરી છે. રેકર્ડ ઉપર એ વાતની નોંધ ન રહેવી જોઈએ કે મેં તમારો પ્રસ્તાવ રદ કર્યો હતો.

રામપ્રસાદ (કાગળ લેતાંલેતાં)**:** નમસ્તે, બહેન.

સુષમા: નમસ્તે બાબુજી! બ્રિજકિશોરની મજામાં છે ને? એનો કોઈ કાગળ-પત્ર છે?

રામપ્રસાદ (સહેજ હસીને)**:** પરમ દિવસે જ પત્ર આવ્યો છે. માફ કરજો, હું તો ભૂલી જ ગયો. એણે તમને યાદ લખી છે.

સુષમા: મારી યાદ પણ એને લખજો.

રામપ્રસાદ: સો વરસની ઉંમર બેટા! (બહાર નીકળી જાય છે.)

હૂજા: બહુ ચાલાક માણસ છે. એના મનમાં શું છે એ જ સમજાતું નથી.

સુષમા: હું તો તમને પહેલેથી જ કહેતી આવી છું, પણ તમે માનતા જ નથી.

દૂજા: મને ખબર નહીં કે એ આટલો ચાલબાજ હશે અને કાવતરાં પણ કરી શકતો હશે!

સુષમા (સહેજ ધ્યાનપૂર્વક)**:** કેમ, શું થયું?

દૂજા: કાલથી એણે મારી ઊંઘ ઉડાડી મૂકી છે. આખી રાત હું આના કોયડામાં જ ડૂબી રહ્યો અને વિચારતો હતો કે હવે આનો ઉકેલ શું કરવો?

સુષમા: એવું તે શું બન્યું છે?

દૂજા: અમારો હેડ કલાર્ક પુરી આવતા મહિને પેન્શન પર ઊતરે છે. એની જગાએ જેનો હક છે એને બદલે બીજાના નામની આ સિફારશ કર્યા કરે છે!

સુષમા: એથી શું! તમે એની વાત માનશો જ નહીં. આટલીક અમથી વાતમાં તમે નકામા વલોપાત કરો છો. ચાલો, જવા દો. ચાલો, કારમાં બેઠાં બેઠાં એ વિશે વિચારી લઈશું. એમાં શી મોટી ધાડ મારવાની છે!

દૂજા (પ્રશ્નને હળવો સમજવાની સુષમાની વાત નાપસંદ કરતો હોય એમ)**:** તું તો હમેશાં બચ્ચા જેવી જ વાત કરે છે. અત્યારે કલબમાં જવાથી મને શું ફાયદો?

સુષમા: હું કહું છું એની કંઈ કિંમત જ નહીં?

દૂજા: પણ ત્યાં જઈને કરવાનું છે શું? આ જો, ફાઈલોનો કેવો મોટો ઢગલો પડ્યો છે. હજુ કેટલાંય કામ બાકી છે. ત્યાં તો મુલાકાતીઓનો સમય થઈ જશે.

સુષમા (લાડથી)**:** અંહં... મારી સાથે ચાલોને! પ્લીઝ!

દૂજા: પણ હું શું કરીશ? તું તો મિસિસ નિગમ સાથે તડાકા મારવા માંડીશ. હું શું કરીશ?

સુષમા: ત્યાં તમારું ખાસ કામ છે. તમારા વિના વાત આગળ વધશે જ નહીં.

દૂજા (સુષમાના બાળકવેડાથી ખિજાય છે, પણ ખીજ ચહેરા પર નથી લાવતો)**:** મારું ત્યાં શું કામ છે એ જ સમજાતું નથી.

સુષમા: વાત એમ છે કે હું અને મિસિસ નિગમ કલબમાં એક મહિલા-મેળો યોજવા માગીએ છીએ અને એમાં તમારી મદદ જોઈએ છે.

દૂજા (જવાની ખટપટ ટળતી જોઈને)**:** જે મદદ જોઈશે એ મળી જશે. એ કંઈ પૂછવાની વાત છે?

સુષમા : પૂછવા જેવું છે એટલે તો તમને સાથે લઈ જવા આગ્રહ કરું છું. કારણ વિના તમને હેરાન કરવાની શી જરૂર? (સહેજ મોં ચડાવીને) તમે મને શું સમજો છો?

દૂજા (લુચ્ચાઈથી) **:** મજા તો પૂરી કરવી જોઈએ ને!

સુષમા (વધુ મોં ચડાવીને) **:** પાછી એ વાત! મારું આવવું તમને ગમતું ન હોય તો હું આ ચાલી...

દૂજા : બસ, આટલી વાતમાં રીસ ચડી ગઈ? સાવ બાળકની જેમ! ઠીક, પણ મુસીબત શું આવી પડી છે એ તો કહે!

સુષમા (રોષભર્યા અવાજે) **:** મુસીબત કંઈ નથી. સીધી રીતે વાત કરવી હોય તો કરો, નહીં તો હું જાઉં છું.

દૂજા (સુષમાનું બાવડું પકડીને) **:** ચાલ, ખુરસી પર બેસ. કહે જોઉં શી વાત છે?

સુષમા (બેસવાની આનાકાની કરતાં) **:** પહેલાં તમે મને એ કહો કે કલબ સુધી પણ તમે મારી સાથે આવશો કે નહીં?

દૂજા (મક્કમતાથી) **:** નહીં.

સુષમા (થોડી વાર મૂંગી રહે છે. મનમાં કશીક ગણતરી કરતી હોય એમ) **:** વાત એમ છે કે મિસિસ પૌરાણિક પણ આવો જ એક મહિલામેળો યોજવાનું ગોઠવી રહી છે. પણ હું અને મિસિસ નિગમ એના પહેલાં જ આયોજન કરવાનું વિચારીએ છીએ.

દૂજા : કરો, એમાં શું ફેર પડે?

સુષમા : ક્યાંક એવું ન બને કે બ્રિગેડ હેડ ક્વાર્ટરની મદદથી એ મેળો ગોઠવી દે અને અમે મોં જોતાં રહીએ?

દૂજા (વાતમાં રસ લીધા વિના) **:** કેવી અણસમજુ વાત કરે છે? કલબની કારોબારીમાં આપણે ઠરાવ કરી દઈશું કે મિસિસ દૂજાનો પ્રસ્તાવ પહેલો આવ્યો હતો માટે મહિલામેળો એના તરફથી જ થશે. એ તો બહુ સહેલી વાત છે. આજે સાંજે અરજી આપી દેજે.

સુષમા : પછી પાછા તમે જ કહેશો કે સ્ત્રીઓ અંદરઅંદર ઈર્ષા કરે છે અને અમારા સંબંધો બગાડે છે.

દૂજા (પટાવતો હોય એમ) **:** નહીં કહું, બસ ડાર્લિંગ!

સુષમા: પાછા એવુંય કહેતા ફરો છો કે આવી વાતોથી સિવિલ અને મિલિટરીના સંબંધો બગડે છે.

હૂજા (બધું આટોપતો હોય એમ)**:** કંઈ નહીં થાય. તને ફાવે એમ કર. હમેશની જેમ અમે પાછળથી સમજી લઈશું.

સુષમા: તો ભલે, હું એકલી જ કલબમાં જાઉં છું. હું અને મિસિસ નિગેસ બધું નક્કી કરી લઈશું.

હૂજા: પણ હમણાં નહીં જતી. જતાં પહેલાં મારી સમસ્યાનો ઉકેલ લાવ.

સુષમા: શું?

હૂજા: શું? હું આટલી મુસીબતમાં ફસાયો છું અને તું પૂછે છે — શું?

સુષમા: ફરી વાર કહો જોઉં.

હૂજા: તને કહ્યું તો ખરું કે આ રામપ્રસાદબાબુ ચાલાકીપૂર્વક પોતાના એક મિત્રને હેડ ક્લાર્ક બનાવવા માગે છે.

સુષમા (ભોળપણથી)**:** તો તમે એમ કરો.

હૂજા: વાત એટલી સહેલી નથી. અને ના પણ કેમ પાડવી?

સુષમા: હું તો તમને પહેલેથી જ કહેતી આવી છું કે આ રામપ્રસાદની બધી વાત માનશો નહીં. એ માણસ જ એવો છે. પિતાજી પણ એના ઉપર વિશ્વાસ કરીને પસ્તાયા હતા.

હૂજા: પણ એને બગાડચો પણ એમણે જ હતો ને!

સુષમા: કંટાળી જઈને. બેત્રણ મહિના પછી અમારી બદલી થઈ ગઈ હતી.

હૂજા: આજ સુધી તો એની દરેક વાત મેં માની છે, પણ આ વખતે મન થતું નથી.

સુષમા: ન માનવી. એમાં વાંધો શો છે? ખંડવા ઘરે લાવી દીધા કે બાસમતી ચોખા મોકલી આપ્યા એથી કંઈ એના વશમાં આવી જવાય?

હૂજા: પછી પાછો તારી પાસે આવીને આડીઅવળી વાતો કરશે.

સુષમા: ભલે કર્યા કરતો. અને તો એ ગમતો જ નથી. પિતાજીના સમયમાં દાખલ થયેલો માણસ છે અને વળી એની દીકરી સરોજિની સારી ખાસ બહેનપણી હતી. પણ એનો અર્થ એવો તો નથી કે . . .

હૂજા: એ પણ બધાંને એમ જ કહેતો ફરે છે કે સાહેબની પત્ની મારી પુત્રીની ફ્રેન્ડ છે એથી સાહેબ પાસેથી હું ધાર્યું કરાવી શકું.

સુષમા : મેં તમને પચાસ વાર કહ્યું છે કે રામપ્રસાદની બધી વાત માનવી નહીં. મને તો નાનપણથી જ આ માણસ ચાલાક અને લુચ્ચો લાગ્યો છે. પહેલાં હું જ્યારે સરોજિનીને મળવા જતી ત્યારે આખો વખત એ કંઈ ને કંઈ બહાને મારી આસપાસ ફર્યા કરતો. એક વાર કહે — રાયબહાદુરસાહેબને કહેજો કે મારું ધ્યાન રાખે — બસ, એટલે જ મને એ નથી ગમતો. (થોડી વાર અટકીને) પણ તમે એની બધી વાત કેમ માનો છો ?

દૂજા : સુશીલા, બેય તરફ મુશ્કેલી છે. માનું તોપણ અને ન માનું તોપણ.

સુષમા : ન માનવામાં વળી મુશ્કેલી શી ? એ તમારું શું બગાડી શકવાનો છે ?

દૂજા : શેઠ રામદયાળવાળી વાત તો તને યાદ છે ને ?

સુષમા (ચોંકે છે) **:** હા.

દૂજા : મને પછી ખબર પડી કે એ રામપ્રસાદનો સગો હતો.

સુષમા : પછી ?

દૂજા : એનો અર્થ એ થયો કે રામપ્રસાદને ખબર પડી જ હશે કે એનું કામ મેં એટલા માટે કર્યું હતું.

સુષમા : એને જરૂર ખબર પડી જ હશે.

દૂજા (રહસ્ય ખોલતો હોય એમ) **:** એટલે જ હું રામપ્રસાદની બધી વાતો સ્વીકારી લઉં છું. એને આપણી વિરુદ્ધ બોલવાનો મોકો જ ન મળે.

સુષમા : પણ આ બધું આમ ને આમ ક્યાં લગી ચાલશે ?

દૂજા : અત્યાર સુધી તો ચાલ્યું છે.

સુષમા : તો પછી ચલાવ્યે રાખો.

દૂજા : પણ આ વાતમાં મારું મન નથી માનતું.

સુષમા : કેમ ?

દૂજા : મનચંદા સહુથી સિનિયર છે. એનું કામ સંતોષજનક છે. બે વરસ પછી એ પેન્શન પર ઊતરશે. બે વરસ માટે એ હેડ ક્લાર્ક બને તો એમાં વાંધો શો છે ? નહીં નહીં તોય એના પેન્શનમાં મહિને પંદરવીસ રૂપિયાનો ફેર પડી જશે.

સુષમા : વાત તો બરાબર છે.

દૂજા : રામપ્રસાદ પોતાના મિત્ર રામસ્વરૂપને મદદ કરવા માગે છે.

સુષમા (વિચારીને) **:** ધારો કે તમે એની વાત માનો નહીં તો શું થાય ?

દૂજા : થાય શું ? રામપ્રસાદ કદાચ આડીતેડી વાતો ઉપજાવી કાઢે.

સુષમા: બીજી વાર તમારે કંઈ લાભ ઓછો જ લેવાનો છે કે એના કહેવાથી ફેર પડે?

દૂજા: એટલે તો કહું છું કે જે નામ અને આબરૂ આપણે મેળવ્યાં છે એ જળવાઈ રહેવાં જોઈએ — બગડવાં ન જોઈએ.

સુષમા: તો તો વિચારી જોજો હું!

દૂજા: કાલનો એ જ વિચારી રહ્યો છું. બીજું શું કરું છું?

સુષમા: ખિજાવાની જરૂર નથી. શાંતિથી વિચારવાથી કોઈ ને કોઈ રસ્તો સૂઝશે.

દૂજા: બહુ થયું, રહેવા દે. પાછી શિખામણો આપવા માંડી!

સુષમા: તો તમે જ કહો, શેઠ રામદયાળ રામપ્રસાદનો સગો છે એની ખબર તમને ક્યારે પડી?

દૂજા: મને તો ઘણા દિવસથી ખબર છે, પણ મેં તને કહ્યું નહોતું.

સુષમા: કેમ? મને કહેવામાં શો વાંધો હતો?

દૂજા: મને થયું કે તું નકામી ચિંતા કરશે. એમાં ફેર પણ શું પડત?

સુષમા: આવી અગત્યની વાત તમારે મને કહેવી તો જોઈતી હતી. પણ તમને કેવી રીતે ખબર પડી એ તો કહો?

દૂજા: હેડ ક્લાર્ક પુરીએ કહ્યું.

સુષમા: કેવી રીતે?

દૂજા: રામદયાળ શેઠના કાગળો મારી પાસે પડ્યા હતા. પુરી મારી પાસે જ ઊભો હતો. કહે કે — સાહેબ, આ શેઠ તો આપણા સુપરિન્ટેન્ડેન્ટના મામા થાય.

સુષમા: એમ? તો તો નજીકનો સંબંધ થયો.

દૂજા (સુષમાની ચિંતા પર લક્ષ આપ્યા વિના): મેં એની વાત પર ધ્યાન ન આપ્યું એટલે એણે ફરી વાર કહ્યું. મેં કહ્યું — 'હશે, એથી શું ફેર પડે?' — તો એ કહેવા માંડ્યો — 'બીજું તો શું? કદાચ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબે એમના મામા બાબતમાં તમને નહીં કહ્યું હોય એટલે મને થયું કે આપને વાત કહું.'—

સુષમા: પછી તમે શું કહ્યું?

દૂજા: મેં કહ્યું — 'એ જે હોય તે! જે વાજબી છે એ કાયદેસર થશે.'

સુષમા: આનો અર્થ શું? એને શું ખબર હશે કે રામદયાળ પાસેથી તમે...

હૂજા : બનવાજોગ છે કે કદાચ રામપ્રસાદે જ એને શીખવ્યું હોય કે આ રીતે એ મને ટપારી જુએ કે...

સુષમા : રામપ્રસાદ ઘણો લુચ્ચો છે. એવુંય બને કે એ તમને બતાવવા માગતો હોય કે એને તમારી અને શેઠ રામદયાળની વાત ખબર છે.

હૂજા : ગમે તે હોય. શેઠનું કામ કરવાથી ગાડી મળવાની હતી એ મળી ગઈ છે. હવે આપણે બીજી કોઈ ચીજની જરૂર પણ નથી. હા, મને એક વિચાર આવે છે. હું એક કામ કરું છું. (ઘંટડી વગાડે છે, પટાવાળો આવે છે) જરા હેડ ક્લાર્કને અહીં મોકલ. (પટાવાળો જાય છે.)

સુષમા : આ શું કરો છો ?

હૂજા : હું હેડ ક્લાર્કને જ પૂછીશ કે શું કરવું જોઈએ.

સુષમા : એ શું સલાહ આપશે ? (આખી વાતની નબળી કડી પારખી જઈને) મને લાગે છે કે રામપ્રસાદ જે કહે છે એમ જ કરો.

(હેડ ક્લાર્ક પુરીનો પ્રવેશ. પંચાવન વરસનો, સરકારી ઑફિસોથી ઘેવાઈ ગયેલો, એકધારા ખુરસી પર બેસી રહેવાથી ઢળેલી પીઠવાળો ક્લાર્ક. જ્યાં સુધી સાહેબ સામે ઊભો રહે છે ત્યાં સુધી બેઉ હાથ કમર પર ટેકવે છે — જાણે પડતાં પડતાં જાતને ટેકવતો હોય એમ.)

હૂજા : આવો.

પુરી : નમસ્તે.

સુષમા : નમસ્તે.

હૂજા : પુરીસાહેબ, પ્રમોશન બાબતમાં ઑફિસનો રિવાજ શું છે ?

પુરી : એટલે ? મને વાત સમજાઈ નહીં.

હૂજા : મારે એ જાણવું છું કે આવતા મહિને તમે રિટાયર્ડ થશો પછી તમારી જગાએ વારો કોનો છે ?

પુરી : આપણી ઑફિસની રીત તો એવી છે સાહેબ, કે પછીના માણસની નોકરી જો બે વરસ કરતાં ઓછી રહી હોય તો એને તક આપવાને બદલે એની પછીનાને તક આપવી.

(હૂજા પત્ની સામે જુએ છે. સુષમા સ્થિર બેસી રહે છે.)

હૂજા (વાત સ્પષ્ટ કરવા માટે)**:** તો હવે કોનો વારો છે ? મનચંદાનો કે રામસરૂપનો ?

પુરી : મનચંદાનાં હજુ સવાબે વરસ બાકી છે, પણ મારા મને તો રામસરૂપને તક આપવી જોઈએ.

દૂજા : એમ કેમ? મનચંદાની નોકરી હજુ સવાબે વરસ બાકી છે. પછી ચાન્સ રામસરૂપને કેમ અપાય?

પુરી : મને લાગે છે કે રામસરૂપ જ ઠીક રહેશે. મનચંદાની નોકરી એને બદલે સવાબે વરસ બાકી છે, પણ ત્રણ મહિનાનો ફેર એ કંઈ ફેર ન કહેવાય.

દૂજા : કેમ ત્રણ મહિનાના ફેરની કંઈ કિંમત નહીં? ધારો કે તમને ત્રણ મહિના વહેલા રિટાયર કરવામાં આવે તો એ તમને ગમશે?

પુરી : એ વાત જુદી છે સાહેબ!

દૂજા (જરા ગુસ્સાથી)**:** પોતા પૂરતી વાત બદલાઈ જાય છે. તમે બધા અંદરઅંદર મળી ગયા છો. રામપ્રસાદ અને તમે પણ. તમને બધાને વશીકરણ કરવાવાળો આ રામસરૂપ છે કોણ?

પુરી (નમ્રતાથી)**:** સાહેબ, એવું કંઈ નથી.

દૂજા (વધારે આવેશથી)**:** નથી શું? તમે બધા એક જ છો. સમજાતું નથી કે મનચંદા સામે બધાએ ષડ્યંત્ર કેમ કર્યું છે? તમે બધા એના હકનું એને મળવા દેતા નથી. એનો વાંક શું છે? સહુ કરતાં એનું કામ સારું છે. એનામાં દોષ શું છે?

પુરી (પરસેવો વળી જાય છે)**:** મેં તો કશું કહ્યું નથી સાહેબ! મેં તો ઑફિસનો રિવાજ તમને કહ્યો. હવે નિર્ણય આપે લેવાનો છે.

દૂજા : મારે બીજી ફાલતુ વાતો નથી સાંભળવી. (ક્રોધપૂર્વક) નિર્ણય મારી ઇચ્છા પ્રમાણે જ થશે. તમારા રિવાજની મને જરાય પરવા નથી. આ વાતોએ તો મારું માથું પકાવી દીધું છે. આ ઑફિસનો આ જ રિવાજ છે! આનાં બે વરસ, આનાં સવાબે વરસ બાકી છે!

પુરી : માફ કરજો સાહેબ, આપને કશીક ગેરસમજ થઈ છે. મારું કહેવું તો . . .

દૂજા (વચ્ચેથી)**:** મને દુઃખ છે મિ. પુરી કે રિટાયર થતી વખતે પણ તમે ન્યાયની વાત નથી કરી. જતી વેળા તો પાછળ કોઈ યાદ કરે એવું કરવું જોઈએ.

પુરી : સાહેબ, આપ જો મને પેટછૂટી વાત કરવા દો તો . . .

હૂજા : એ બીજી કોઈ વાર વાત. તમે જઈને મિસ્ટર મનચંદા અને મિસ્ટર રામસરૂપ બેયને મારી પાસે મોકલો. હું એમની સાથે વાત કરીને જાતે જ નિર્ણય કરી લઈશ કે બેમાંથી કોણ યોગ્ય છે. (આટલું કહીને સુષમા તરફ જુએ છે. જાણે કે પૂછવા માગતા હોય કે એણે યોગ્ય કર્યું છે ખરું? પણ સુષમા નજર નીચે ઢાળીને બેઠી છે એટલે એની સામે જોઈ શકતો નથી.)

પુરી (ગભરાઈને)**:** પણ મનચંદા તો આજે રજા પર છે સાહેબ.

હૂજા : રજા પર? પણ મારી પાસે એની અરજી તો આવી નથી.

પુરી (વધારે ગભરાઈને)**:** ત્રણ દિવસ સુધીની રજા આપવાનો હક આપે સુપરિન્ટેન્ડેન્ટને આપેલો જ છે સાહેબ!

હૂજા (યાદ કરીને)**:** ઓહ! ઠીક! આ કમબખ્ત રામપ્રસાદ. . . . (વિચારીને) ભલે, તો રામપ્રસાદને જ મારી પાસે મોકલો.

પુરી (ઊઠે છે)**:** નમસ્તે.

સુષમા : નમસ્તે. (પુરીના ગયા પછી) તમે શું કરવા માગો છો?

હૂજા : મેં રામપ્રસાદનો પ્રસ્તાવ નહીં માનવાનું નક્કી કર્યું છે. એને મેં પહેલાં જ કહી દીધું છે કે એ નવો પ્રસ્તાવ લખીને આવે . . .

સુષમા (ચિંતિત અવાજે)**:** બરાબર વિચારી લો. હમણાં જ તમે કહેતા હતા કે એ આડીતેડી વાતો કરશે — ક્યાંક એ . . .

હૂજા : એને ફાવે એ બકવા દે! અંતે એની વાતથી ક્યાં સુધી દબાયેલા રહેવું?

સુષમા (હજુ ચિંતાગ્રસ્ત)**:** હમણાં તો તમે એક વાત કરતા હતા અને હવે બીજી વાત કરો છો?

હૂજા (સમજાવટથી)**:** એમ જ ચાલે. આ વાત પર જો હું મક્કમ ન રહું તો રામપ્રસાદ દિવસે દિવસે મારા પર સવાર થતો જાય. એટલા માટે તો . . . (રામપ્રસાદ પ્રવેશે છે.)

હૂજા (રામપ્રસાદના આવતાંવેંત)**:** પેલો નવો પ્રસ્તાવ તમે લખી લાવ્યા?

રામપ્રસાદ : જી ના.

હૂજા : કેમ?

રામપ્રસાદ : મને લાગે છે કે આ બાબતમાં આપણે હજુ થોડી વાર વધુ વિચાર કરી લઈએ. (હૂજાને સ્થિર જોઈને) એમાં વાંધો પણ શું છે?

હૂજા : વધુ વિચારવાની હવે કંઈ જરૂર નથી. મેં બધો વિચાર કરી લીધો છે.

રામપ્રસાદ : મારા મતે આપણે હમણાં ઉતાવળ ન કરીએ.

સુષમા (વચ્ચે બોલતાં)**:** ભલે. થોડોક વધુ વિચાર કરી લો.

હૂજા : આ વાત કાલથી મારા મન પર પડેલી છે. જ્યાં સુધી એનો નિર્ણય નહીં થાય ત્યાં સુધી મને ચેન નહીં પડે.

સુષમા : ડાર્લિંગ, કાલે નિર્ણય કરજો. આજ અને કાલમાં કયો મોટો ફરક પડવાનો છે?

હૂજા (બેચેનીથી)**:** એક દિવસ! મારા માટે હવે એક પળ પણ ઘણી છે! (રામપ્રસાદને) લાવો, ફાઈલ પર હું હમણાં જ લખી દઉં છું કે પુરી પછી મનચંદાને હેડ ક્લાર્ક બનાવવાનો છે.

રામપ્રસાદ : આપે મારી વાત ધ્યાનમાં નહીં લીધી. આમ કરવાથી ઑફિસમાં તંગદિલી ફેલાશે.

હૂજા : કાંઈ વાંધો નહીં. પણ હક મનચંદાનો અને મળે રામસ્વરૂપને એ અન્યાય હું ચલાવી નહીં લઉં.

રામપ્રસાદ : સાહેબ, ઑફિસની રીત પ્રમાણે ચાલવું એ જ સારું છે. નહીં તો જે લોકો આશાપૂર્વક બેઠા છે એમાં અસંતોષ ફેલાશે.

હૂજા (અધીરાઈથી વાતને ટૂંકાવીને આટોપતો હોય એમ)**:** મેં બધો વિચાર કર્યો છે. નોટિંગ અહીં લાવો. (રામપ્રસાદ ફાઈલ આગળ ધરે છે. હૂજા એના પર કશુંક લખે છે. રામપ્રસાદ સુષમા તરફ જુએ છે. ફાઈલ પર કશુંક લખ્યા પછી હૂજા રામપ્રસાદને પાછી આપે છે. પછી સંતોષથી શ્વાસ લે છે.)

રામપ્રસાદ : સાહેબ, આપને જે ગમ્યું એમાં અમે પણ રાજી છીએ.

હૂજા (વિજયના તોરમાં)**:** હવે તમારે જે કહેવું હોય એ કહો. હું સાંભળવા તૈયાર છું.

રામપ્રસાદ : તો પછી સાહેબ, સાંભળી લો. મનચંદા છેલ્લાં ત્રણ વરસથી આંધળો છે. એક વાર એની સાઇકલ મોટર સાથે ટકરાઈ ગઈ હતી. જીવ તો બચી ગયો, પણ એની બેય આંખનો પ્રકાશ બુઝાઈ ગયો. બચરવાળ માણસ અને નોકરી પણ એની પાંચ વરસ બાકી હતી એટલે અમે બધાએ સાથે મળીને ઠરાવ્યું કે એનું કામ કરીને એની સહી એના ઉપર કરાવી લેવી!

હૂજા (ચહેરા પર રંગ બદલાયા કરે છે): આ તમે શું કહો છો? જે કાંઈ લો એની સહીથી મારી પાસે આવે છે એમાં માત્ર એની સહી જ હોય છે?

રામપ્રસાદ: હું સાવ સાચું કહું છું સાહેબ. ઑફિસના એક ખૂણામાં એ ચૂપચાપ આવીને બેસી રહે છે અને એનું બધું કામ અમે સંભાળી લઈએ છીએ.

હૂજા: સુષમા, તેં આ સાંભળ્યું?

સુષમા: હું તો આ બધું સાંભળી સાંભળીને તંગ થઈ ગઈ!

રામપ્રસાદ (સ્વસ્થતાથી): વાત માત્ર આટલી જ નથી. બે વરસ પછી એનો મોટો દીકરો મૅટ્રિક પાસ થઈ જશે અને એ વખતે મનચંદા રિટાયર્ડ થશે ત્યારે થોડીક મહેનત કરીને એને નોકરીમાં વળગાડી દઈશું, જેથી એના કુટુંબનો રોટલો નભ્યે જાય.

હૂજા: આ બધું તમે મને પહેલાં કેમ ન કહ્યું? આવડી મોટી વાત!

રામપ્રસાદ: કેવી રીતે કહેવું સાહેબ? તમે શું કહો — કોણ જાણે! પહેલાં આ બધું જો તમને કહ્યું હોત તો બનવાજોગ છે તમે — આવા માણસને નોકરીમાં રાખી શકાય નહીં — એવુંય કહ્યું હોત!

હૂજા (નમ્રતાથી): કદાચ!

રામપ્રસાદ (અધૂરી વાત સાંકળતો હોય એમ): હવે જો મનચંદાને હેડ ક્લાર્ક બનાવશો તો ઑફિસ કેવી રીતે ચાલશે?

હૂજા: વિચિત્ર વાત છે!

રામપ્રસાદ (કાગળ સંભાળતો): આપે કદાચ એમ માન્યું હશે કે રામપ્રસાદ કેટલો બેઇમાન માણસ છે! પણ કંઈ વાંધો નહીં સાહેબ. ક્યારેક ભ્રમ થાય . . . ગેરસમજ પણ થાય. કહ્યું છે ને ક્યારેક આંખ આડે એવું તરણું આવી જાય કે એ તરણાની ઓથે રહેલો આખો ડુંગર પણ દેખાય નહીં. પછી મારા જેવા મામૂલી માણસની તો વાત જ શી? (હૂજા સુષમાનું મોં જોયા કરે છે. રામપ્રસાદ કાગળો ઉઠાવીને બહાર ચાલ્યો જાય છે.)

(પડદો પડે છે)

ગૌમુખી-વાઘમુખી

—ગુરુચરણ સિંહ જસૂજા

પાત્રસૂચિ

કિશનદેવી

શરનસિંહ

ચોપડાસાહેબ

સુદર્શન

પ્રથમ દૃશ્ય

—બજારનું દૃશ્ય

[ચોપડાસાહેબ અને શરનસિંહ બજારમાં વાતો કરતા કરતા આવી રહ્યા છે. થોડું ચાલીને એક તરફ ઊભા રહીને વાતો કરે છે. ચોપડા એક વયસ્ક આદમી છે. પૅન્ટ પહેર્યું છે અને હાથમાં હૅટ છે. શરનસિંહ શીખ છે. ગીચ દાઢી, સાધારણ કપડાં તથા મેલી પાઘડી છે. પહોળો પાયજામો તથા ખમીસ પહેર્યાં છે.]

ચોપડા : તમે તો ભારે જોરાવર માણસ છો સરદારજી! જુઓને, અહીં સુધી મને પરાણે ઘસડી લાવ્યા.

શરનસિંહ : બસ ચોપડાસાહેબ! હવે આવી જ પહોંચ્યા છીએ. આ અન્તરમાં જ એ મકાન છે (આંગળી ચીંધે છે), પેલી ગલીના નાકા પરનું મકાન છોડીને બીજું મકાન છે.

ચોપડા : ખેર મકાન તો ઠીક છે, પણ મારી વિનંતી છે . . .

શરન (સાંભળ્યું જ ન હોય એમ) **:** પેલી તરફ જુઓ. લીલા રંગનું છજું છે, રસ્તા પર બે બાજુ બારીઓ છે. છજા પર ઊભા રહો કે હવાની લહેરો આવ્યા જ કરે.

ચોપડા : તમે તો પાક્કા છો. મારે કંઈ એમ ઊભા ઊભા સોદો કરવાનો વિચાર નથી. તને પરાણે ખેંચી લાવ્યા એટલે આવ્યો છું.

શરન : ચોપડાસાહેબ, સાચું પૂછો તો દલાલીનો મને જરાયે લોભ નથી. તમારે માટે મને પ્રેમ છે. નહીં તો ગ્રાહકો તો અનેક છે, પણ સાચું માનશો? સારો સોદો હોય ત્યારે બીજા કોઈને કહેવાનું મન જ નથી થતું.

ચોપડા : આભાર સરદારજી! પણ મૂળમાં અત્યારે કંઈ ખરીદવા જેટલી રકમ જ મારી પાસે નથી.

શરન : એ વાત રહેવા દો! મને બધી ખબર છે. એવી ચીજ અપાવીશ કે તમે યાદ કરશો. જરા ચાલો અને મકાન તો જુઓ.

ચોપડા : પણ મને થાય છે કે નકામો વખત બગાડવાની વાત છે.

શરન: ઓહો! ચોપડાસાહેબ, તમેય કેવી વાત કરો છો? તમે તો વેપારી માણસ છો. વેપારીનું કામ શું? વેપાર કરવો. વેપારીને સસ્તા ભાવે કંઈ પણ મળે કે ખરીદી લે અને વધુ ભાવ મળે કે તરત વેચી દે. પેલા લાલા લાલચંદજી ખરા ને? . . . હા . . . તેલવાળા. બે મહિના પહેલાં મારે હસ્તક એક જમીનનો ટુકડો હતો. — વેચવાલ ગરજવાન હતો. મેં લાલચંદજીને વાત કરી — બસ, સોદો પતી ગયો — અને એ પણ એકદમ સસ્તો. અને ગયા અઠવાડિયે એ જ ટુકડો ત્રણ હજારનો નફો લઈને વેચાવી દીધો. જે કામમાં ચાર પૈસા મળે એમ હોય એને વેપારી માણસ છોડે ખરો?

ચોપડા: ના રે સરદારજી! અમે વેપારી તો ખરા, પણ સમય સમયની વાત છે ને!

શરન: મારું કહ્યું માનીને આ સોદાનો વિચાર કરો. વિચાર કરવાથી કંઈ જવાનું નથી. તમે નહીં લો તો કંઈ જબરદસ્તી તો થવાની નથી.

ચોપડા: તમારી એ વાત તો સાચી.

શરન: ચાંદની ચોક જેવો લત્તો છે. આવો સોંઘો સોદો તો દિલ્હીમાં જવલ્લે જ મળે.

ચોપડા: સોંઘો શાનો? ભાવ તો બાપના બાપ જેટલો કહો છો. કંઈક વાજબી વાત હોય તો કહો.

શરન: કિંમતની વાત જ ક્યાં છે? તમે હજુ કંઈ આપ્યું તો નથી ને? માલ એના માલિકનો છે. ભલેને લાખ માગે! ખરીદનાર તો તમે છો ને! એક કોડીની કિંમત કરો! એમાં ગુસ્સો શા માટે કરવો? સહુ પોતાના ચેત પ્રમાણે વાત કરે. એક વાર તમે મકાન જોઈ તો લો. જોવાની ઓછી જ કિંમત આપવી પડે છે?

ચોપડા: એ વાત તો બરાબર, પણ હમણાં હું મારા દીકરા માટે જુદો ધંધો કરવાનો વિચાર કરું છું. એ આ વરસે જ બી.એ. પાસ થયો છે.

શરન: ચોક્કસ! ચોક્કસ! કામ તો કરવું જ જોઈએ ને! પણ જુદો શા માટે કરાવો છો? એ બિચારો હજુ અણસમજુ છે — બાળક છે. તમે ભલે ન માનો, પણ આજકાલ જમાનો બહુ બારીક આવ્યો છે. એને હજુ થોડું વધુ ભણવા દો કે પછી કોઈ નોકરી અપાવી દો એ વધુ સારું થશે.

ચોપડા: આજકાલ નોકરી મળે છે ક્યાં?

શરન : અરે, વાહ ! તમારા સુપુત્રને વળી નોકરીની કમી છે? તમારો હાથ ક્યાં ક્યાં નથી પહોંચતો ? જ્યાં ફાવે ત્યાં ભલામણ કરો એટલી જ વાર !

ચોપડા : તમેય સમજતા નથી. ધંધા પાસે નોકરીની કિંમત શી ?

શરન : બરાબર છે ! પણ માઠું નહીં લગાડતા. આજકાલના છોકરાઓ ભાગ્યે જ કમાઈને માબાપને આપે છે. તમે તો મારા દોસ્ત છો એટલે કહું છું.

ચોપડા : અરે હોય કંઈ સરદારજી ! મારા બેટાની મગદૂર નથી કે મારી સામે નજર ઊંચી કરે.

શરન : ભલે ! તો જુઓ, એક કામ બતાવું ? આપણી દોસ્તી કબૂલો છો ને ? અને કામ પણ મોભાદાર !

ચોપડા : હા, હા, કહો.

શરન : તો સાંભળો. આ મકાન રણજિતના નામે ખરીદી લો. લોકો મકાનની લે-વેચ નથી કરતા ? અને બીજાય સારા સોદા બતાવતો રહીશ.

ચોપડા : તમારું કહેવું ખોટું નથી. મારા મનમાંય આ વાત બેસે છે.

શરન : તો કરો કંકુના ! તમે અહીં ઊભા રહો. સામેની હોટલમાં રાહ જુઓ. હું મકાનમાલિકને વાત કરીને હમણાં ફરબર મેળવી દઉં.

ચોપડા : પણ તમે કિંમત બહુ કહી છે.

શરન : તમે મકાન અંદરથી જોશો ત્યારે થશે કે શું વસ્તુ છે ! મન રેડીને બનાવ્યું છે આ મકાન ! અને તમે તો જાણો છો કે મનમાગ્યું તો સોન પણ નથી મળતું ! તમે ફિકર ન કરો, કિંમત બાબતમાં હું બધું પતાવી દઈશ. જોકે મકાનમાલિક બાઈ જરાક અકડુ છે, પણ થોડીક સમજાવવી-પટાવવી પડશે. આ મકાન તો એને પ્રાણથીય પ્રિય છે.

ચોપડા : એ તમે જાણો.

શરન : હાસ્તો વળી. એ તો મારું કામ છે. દલાલી લઉં છું શાની ?

(એક બાજુ ચાલ્યો જાય છે.)

દશ્ય બીજું

(કિશનદેવીના મકાનનો ખંડ)

[ખંડની સજાવટ નીચલા મધ્યમવર્ગનો વસવાટ સૂચવે છે. સામાન્ય પણ સ્વચ્છ ફર્નિચર. સામે અભરાઈ પર થોડાં પુસ્તકો, એક બાજુ પલંગ અને

સામે બે ખુરશી છે. પડદો ઊઘડે છે ત્યારે કિશનદેવી ફર્નિચરની સાફસૂફી કરતી નજરે પડે છે. સાધારણ વસ્ત્રધારી આધેડ ઉંમરની સ્ત્રી છે. ઘરકામમાં વ્યસ્ત હોવાથી પહેરવેશ મામૂલી છે.]

કિશનદેવી (પુસ્તકો લૂછે છે) **:** કેટલી ધૂળ જામી ગઈ છે! સુદર્શન, અરે ઓ સુદર્શન! (સત્તર-અઢાર વરસના યુવાનનો પ્રવેશ)

સુદર્શન : આવ્યો બા!

કિશનદેવી : બેટા, તેં તારો ઓરડો સાફ નથી કર્યો લાગતો. જો ને, પુસ્તકો પર કેટલી ધૂળ જામી ગઈ છે!

સુદર્શન : હજુ હમણાં તો બહારથી આવ્યો બા!

કિશનદેવી : અરે, એ તો મને યાદ જ ન આવ્યું. ઘર સાફસૂફ કરવામાં હું બધું ભૂલી જાઉં છું. જરા બેધ્યાન રહીએ ત્યાં કચરા-પૂંજાથી ઘરના દીદાર જ બદલાઈ જાય છે!

સુદર્શન : પણ બા, તું તો અમસ્તી જ મંડી રહે છે!

કિશનદેવી : અમસ્તી જ? જરા મેડી પર જઈને જો—લાદી કેવી ચમકે છે! જોતાંવેંત તબિયત ખુશ થઈ જાય. અને એમાં બીજા પર ઉપકાર ઓછો કરું છું! પોતાના ઘરનું તો કામ છે. (બારણે ટકોરા પડે છે) જરા જો તો સુદર્શન, કોણ છે? (સુદર્શન બહાર જાય છે. કિશનદેવી પુસ્તકો ગોઠવીને પલંગની ચાદર સરખી કરે છે. સુદર્શન અંદર આવે છે.)

સુદર્શન : બા, શરનસિંહ દલાલ આવ્યા છે.

કિશનદેવી (ભ્રમરો ખેંચાય છે) **:** પાછો આવ્યો? દલાલોએ તો લોહી પીધું. કોઈ ને કોઈ મગજ ખાધા જ કરે છે.

(શરનસિંહનો પ્રવેશ)

શરન : નમસ્તે બહેન.

કિશનદેવી : તમે પાછા આવ્યા ભાઈ! મારે મકાન નથી વેચવું — નથી વેચવું — નથી વેચવું! તમને કેટલી વાર કહ્યું? કોઈ જબરદસ્તી ઓછી જ છે?

શરન : તમે તો બહેન, અમસ્તાં જ નારાજ થાઓ છો! મેં તમને કંઈ કહ્યું?

કિશનદેવી : તમે પહેલાંય મારી સાથે સોદાની વાત કરી ગયા હતા. પછી બે મહિના લગી મોં નહોતું દેખાડયું! મેં તમને કેટલી વાર કહ્યું છે

કે હવે મારે મકાન નથી વેચવું. પણ કોણ જાણે તમે દલાલો કઈ માટીમાંથી ઘડાયેલા છો કે માથું દુખાવવા આવી પહોંચો છો?

શરન: તમે જરા નીચે બેસીને મારી વાત તો સાંભળો!

કિશનદેવી: શું સાંભળું? સાંભળવા જેવું કંઈ હોય તો ને! આંટા-ફેરા મારીને તમારા પગ કેમ નથી દુખતા? પાંચ-સાત દિવસ થાય કે આવી જ પડચા છો!

શરન: તમે મારી વાત તો સાંભળતાં જ નથી! તમે મકાન વેચો એવું કહેવા હું આવ્યો જ નથી. વેચો કે ન વેચો — તમારી મતા છે. પણ હું તમને કંઈ કામ આવી શકું એટલા માટે આવ્યો છું.

કિશનદેવી (જરાક શાંત થાય છે)**:** તો પછી બોલો, શી વાત છે?

શરન: બહેન! એ વાત નથી કે... (વાત બદલે છે) તમને તો કદાચ ખબર હશે કે હું કરોલબાગમાં રહું છું. તમારા આશીર્વાદથી ત્યાં મારું પોતાનું મકાન છે. અમારા બે ઓરડાની ફરસ ઊખડી ગઈ છે એટલે નવી નખાવવી છે. વાતવાતમાં મારાથી તમારાં ભાભીને કહેવાઈ ગયું કે બહેનના મકાનની ફરસ ખૂબ સુંદર છે. હવે એ રોજ મારા કાન પકવે છે કે મને લઈ જઈને એ ફરસ દેખાડો એટલે આપણે પણ એવી જ ફરસ બનાવી લઈએ.

કિશનદેવી (ખુશ થાય છે)**:** તો સાથે જ લઈ આવવાં હતાં ને!

શરન: મને થયું કે પહેલાં તમને કહેવું સારું. ક્યાંક અણગમતા મહેમાન ન બની જઈએ!

કિશનદેવી: એમાં શું? તમારું જ ઘર છે. ખુશીથી આવો. જ્યારે ઠીક લાગે ત્યારે આવો.

શરન: હું રોજ મકાનોના સોદા કરું છું. તમારા ઘર જેવી સુંદર અને ડિઝાઇનવાળી ફરસ મેં બીજે ક્યાંય નથી જોઈ.

કિશનદેવી: ભાઈસાહેબ! આ મકાન મેં દિલ દઈને બનાવડાવ્યું છે. સામે ઊભા રહીને મનમાની ફરસ બનાવડાવી હતી. સુદર્શનના બાપુને પણ શાનદાર ઘર બનાવવાનો બહુ શોખ હતો.

શરન: મને ખબર છે. એમની સાથે મારે તો ગાઢ સંબંધ હતો. કેટલા રસથી એમણે આ મકાન બનાવડાવ્યું હતું. પણ બિચારાને એ ભોગવવા ન

મળ્યું. ખેર! એનાં બાળબચ્ચાં તો રહે છે! હવે તો દીકરોય મોટો થઈ ગયો છે. . . . શું નામ તારું બેટા?

સુદર્શન: જી, સુદર્શન!

શરન: શું ભણે છે?

કિશનદેવી: સુદર્શને આ વરસે જ મૅટ્રિક પાસ કરી — પહેલા વર્ગમાં!

શરન: શાબાશ! શાબાશ! અભિનંદન,. બહેન! અભિનંદન! ઘણી ખુશી થઈ. મારા દોસ્તનો પુત્ર છે. મારા દિલને પૂછો, મને એટલો આનંદ થાય છે — તમનેય એટલો નહીં થયો હોય.

કિશનદેવી: તમારો ઘણો આભાર ભાઈ. માફ કરજો, હું નકામી તમારા પર નારાજ થઈ હતી.

શરન: એમાં તમારો કંઈ વાંક નથી બહેન. હું ઠર્યો મકાનનો દલાલ ને!

કિશનદેવી: બીજા બે દલાલ એવા છે કે જ્યારે ને ત્યારે અહીં આવીને માથું પકાવે છે. એકની એક વાત સાંભળીને માણસ કંટાળી જાય ને!

શરન: એ તો એમની અણસમજ થઈ! એક વાર એક વાત થઈ જાય પછી એમાં રસ નથી રહેતો. એકની એક તો દાળ પણ આપણે ઘરે નથી ખાતાં. ઘરે દાળ પણ બદલાવીને કરીએ છીએ.

કિશનદેવી (મલકાઈને)**:** તમે સાચું કહો છો.

શરન: હમેશાં નવા વિચાર, નવી વાત, નવી ડિઝાઇન, નવી ફૅશન, નવી રીતની કિંમત અંકાય છે. આખી દુનિયા નવીનતા પાછળ ગાંડી છે. એમાં તમે મારા જેવા જૂની ઘરેડના દલાલોની ધંધાકીય વાતોથી કંટાળી જાઓ એ સાવ બનવાજોગ છે.

કિશનદેવી: અરે! મારો ખ્યાલ જ ન રહ્યો હોં! ચાબા લેશો કંઈ? બહાર તડકેથી આવો છો ને?

શરન: ના, ના, મને કંઈ ખાસ તરસ નથી.

કિશનદેવી: બેટા, જા! મામા માટે શરબત બનાવી લાવ.

સુદર્શન: ભલે, બા! (જાય છે) (એક મિનિટ ખામોશી)

શરન: સુદર્શનના બાપુ જયારે ગુજરી ગયા ત્યારે એ કેટલો નાનો હતો!

કિશનદેવી: ત્યારે તો આઠેક વરસનો હતો.

શરન: હવે છોકરો હોશિયાર થઈ ગયો. મૅટ્રિક પણ થઈ ગયો! આજે એના બાપ હોત તો કેટલા રાજી થાત!

કિશનદેવી : જેવી લેણુદેણુ ભાઈ! કરમમાં લખ્યું હોય એ કોણ ફેરવી શકે છે? કહેવતમાં કહ્યું છે ને કે પાંચમની છઠ કોઈ કરી શકતું નથી.

શરન : જેવી ઈશ્વરની ઇચ્છા.

કિશનદેવી : હાસ્તો! સમય સમયનું કામ કરે છે. એમનાં ભાગ્ય એટલાં ઓછાં કે આ ભર્યોભર્યો બાગ છોડી ગયા.

શરન : મારી જોડે તો બહુ સારો સંબંધ હતો. અમે સાથે જ ભણ્યા. એક સાથે રમ્યા-કૂદ્યા! બહુ મળતાવડા સ્વભાવના હતા.

કિશનદેવી : આખું જગત એમના માટે એવું જ કહે છે.

શરન : કહ્યું છે ને કે ભલા માણસનો ખપ તો ઈશ્વરનેય રહે છે, એટલે સ્તો એમને વહેલા બોલાવી લે છે! (સુદર્શન ગ્લાસ લઈને આવે છે.)

સુદર્શન : લો સરદારજી, શરબત લો.

કિશનદેવી : લો – પીઓ.

શરન : તમે નાહક તકલીફ લીધી બહેન! (ગ્લાસ પકડે છે.)

કિશનદેવી : પાણીમાં વળી તકલીફ કેવી ભાઈ!

(શરનસિંહ શરબત પીને ગ્લાસ પાછો આપે છે.)

શરન : લે બેટા, ગ્લાસ મૂકી આવ.

સુદર્શન : વધુ આપું?

શરન : ના બેટા! બસ... (ગળું ખોંખારીને) સુદર્શનને હવે કઈ કોલેજમાં દાખલ કરવાનો છે?

કિશનદેવી : એ જ વિચારું છું કે શું કરવું? આગળના ભણતરનો તો ખર્ચ પણ ઘણો આવે. આ મકાનનું ભાડું માત્ર આવે છે!

શરન : વળી બારચૌદ પરીક્ષાઓ પાસ કર્યા પછી પણ નોકરી ક્યાં મળે છે?

સુદર્શન : નોકરી માટે ટ્રાય તો કરું છું, આજે જ ઇન્ટરવ્યૂ આપી આવ્યો છું.

શરન : બેટા, આ ઇન્ટરવ્યૂ તો મોટે ભાગે નાટક હોય છે. એક બનાવટ... માત્ર કાગળની લખાપટ્ટી! ઘણુંખરું તો મોટી મોટી ભલામણોવાળા લાગતાવળગતા માણસો પહેલેથી જ પસંદ થઈ ગયા હોય છે.

કિશનદેવી : તો પછી આ તો બનાવવાની વાત થઈ ને!

શરન : બીજું શું? દીકરાને ખૂબ ભણાવો જેથી સીધો જ મોટો ઑફિસર, ડૉક્ટર, બૅરિસ્ટર, જજ કે એન્જિનિયર થઈ જાય ને જિંદગી સુધરી જાય! નહીં તો ઢસરડો કર્યા કરશે. વળી આજકાલ બેકારી એટલી છે કે બી.એ. થયેલાઓ નાની નાની નોકરીઓ માટે વલખાં મારે છે!

કિશનદેવી : હં! સુદર્શન, કહે જોઈએ, શું વિચાર છે?

શરન : બહેન, મોટી વાતમાં ઉપાધિ પણ મોટી હોય છે! ઉચ્ચ અભ્યાસ એ કંઈ સહેલી વાત છે? ચક્કર આવી જાય એટલું ખર્ચાળ છે. તમે જો મારી વાત માનો તો છોકરાને કોઈક ધંધામાં જવા દો.

સુદર્શન : વાત તો સાચી છે હોં બા!

કિશનદેવી : કામકાજની સૂઝ તને ક્યાં છે? હજુ તો તું બાળક છે!

શરન : પડતાંઆખડતાં એની મેળે સવારી શીખી જશે. આ દુનિયામાં પહેલેથી શીખીને તો કોણ આવ્યું છે? તમારી પાસે તો આવડું મોટું મકાન છે. એને વેચીસાટીને છોકરાને કામે લગાડી દો. કહેવતમાં કહ્યું છે ને કે ધંધો ધંધાને શીખવે અને પૈસો પૈસાને ખેંચે!

કિશનદેવી (જરા ઉતાવળે)**:** પણ મકાન તો મારે વેચવું જ નથી. એક આ આશરો છે એમાં લપાઈને પડ્યાં છીએ. મેં તો તમને પહેલાંય કહ્યું છે ભાઈ, મારે આ મકાન નથી વેચવું.

શરન : ઓહો! તમેય કમાલ છો બહેન! મેં ક્યારે કહ્યું કે તમે મકાન વેચી દો? આ તો વાતવાતમાં વળી કહી દીધું. તમારી સમજાવટ કરવાનો મારો લેશેય ઇરાદો નથી. ઉતાવળ શી છે? જરાક શાંતિથી વિચારી જુઓ. વિચારવામાં નુકસાન શું છે?

સુદર્શન : હા, એમાં શું નુકસાન છે બા?

શરન : જુઓ, ઈશ્વરે માણસને અક્કલ શું કામ આપી છે? વિચારવા માટે! આખરે તમારા સંતાનની જિંદગીનો સવાલ છે. એને તમારે જ રસ્તે ચડાવવાનો છે. એની દેખભાળ કરવાની છે. મારો તો આવો મત છે. તમારો દીકરો તો શ્રવણકુમાર જેવો છે એટલે તમારે કંઈ ચિંતા નથી. એક વાર છોકરો કામે વળગે પછી તો કામથી કામ શિખાય.

કિશનદેવી : કેમ સુદર્શન! કોઈ ધંધે વળગી જા તો સારી વાત છે.

સુદર્શન : તમે જેમ કહો તેમ.

શરન : વેપાર કરવા માટેય પૈસા તો જોઈશે ને! જો તમારો વિચાર મકાન વેચવાનો હોય તો અઢારેક હજાર જેટલી રકમ તો મળી જ જશે.

કિશનદેવી (ક્રોધપૂર્વક) **:** અઢાર હજાર? તમે તો કમાલ કરો છો! હજુ તો ત્રણ મહિના પહેલાં એક દલાલ બાવીસ હજારમાં સોદો કરવા માટે હાથેપગે લાગ્યો હતો!

શરન : બનવાજોગ છે! પણ સમય સમયનો મામલો છે.

કિશનદેવી : બાવીસ હજારથી એક પૈસો પણ ઓછો લઈને મારે મકાન વેચવું નથી.

શરન : હું ક્યાં કહું છું કે ઓછા લેવા? તમને જેટલી વધારે કિંમત ઊપજશે, મને એટલી દલાલી વધુ મળશે. પણ એક વાત નક્કી, કોઈ પણ વાતની મનમાં ગાંઠ વાળી ન લેવી જોઈએ. ગરજવાન ઘરાક કાંઈ દર વખતે નથી મળતા. ખેર, તમે વિચારી જોજો. હું જાઉં છું. ફરી વાર. . .

કિશનદેવી : ના રે! બાવીસ હજારથી એક પાઈ પણ ઓછી નહીં.

શરન (પાછા ફરતાં)**:** હા, એક વાત યાદ આવી. તમારા મકાનની સામે પહેલાં એક કૂવો હતો ને?

કિશનદેવી : હા, હતો તો ખરો.

શરન : ત્યારે તો લોકો કહે છે એ સાચું જ હશે કે કૂવાની સામેનું મકાન અપશુકનિયાળ કહેવાય.

કિશનદેવી : પણ હવે તો એ કૂવો ક્યારનોય બુરાઈ ગયો છે!

શરન : એથી શું? એની અસર ઓછી જાય છે! કૂવાકાંઠે ભૂતપ્રેત અને પિશાચોનો વાસ હોય છે. મને લાગે છે કે કદાચ એટલે જ આ મકાનમાં તમે સુખ નથી ભોગવ્યું.

સુદર્શન (આશ્ચર્યથી) **:** ભૂતપ્રેત વળી કેવાં હોય?

કિશનદેવી : અસલમાં અહીં મેં સુખ ભોગવ્યું નથી. મકાન ચણ્યાને પૂરું એક વરસેય નહોતું થયું ત્યાં સુદર્શનના પિતા મૃત્યુ પામ્યા.

શરન : ઠીક છે. અત્યારે તો મારા હાથમાં એક ઘરાક પણ છે! અહીં પાસે જ છે! અબઘડી અર્ધા કલાકમાં તેડી લાવું! (જવા માંડે છે.)

કિશનદેવી : પણ જુઓ ભાઈ! મેં તમને કહી દીધું છે. હું એક પૈસો ઓછો નહીં લઉં!

શરન (જતાં જતાં)**:** તમે ફિકર નહીં કરતાં. સુદર્શનના બાપુ સાથે મારે ઘર જેવો સંબંધ હતો. આ તો મારું પોતાનું કામ છે. (જાય છે.)

કિશનદેવી : કેમ, સુદર્શન! તો પછી મકાન વેચવું છે ને?

સુદર્શન : જેવી તમારી ઇચ્છા બા! એણે કહ્યું કે સામે તો ભૂતપ્રેત રહે છે. મને તો ડર લાગવા માંડ્યો!

કિશનદેવી : જા, જા, ગાંડિયા! જુવાનજોધ થઈને ડરે છે? પણ કહે તો ખરો, તારા ઇન્ટરવ્યૂનું શું થયું?

સુદર્શન : અત્યારથી શી ખબર પડે? નોકરી મળે એવું લાગતું તો નથી. એ લોકોને આઠ જ માણસો રાખવાના છે અને પચાસ છોકરાઓ આવ્યા હતા. એમાં કેટલાક તો બી.એ. પાસ થયેલા હતા.

કિશનદેવી : તો શરનસિંહની વાત બરાબર જ છે. મકાન વેચીને તું કાંઈક કામધંધો શરૂ કર. પણ શું કરીશ એ તો કહે!

સુદર્શન : તમે જે કહેશો તે!

કિશનદેવી : તું કમાવા માંડીશ પછી કેટલાંય મકાન બનાવજે ને! પછી તારાં લગ્ન પણ કરીશું અને સરસ મજાની વહુ ઘરમાં લઈ આવીશું. મર્યા પહેલાં મારી અબળખા પણ પૂરી તો થઈ જાય.

સુદર્શન (શરમાતાં)**:** તો ભલે એમ. કોઈ ઘરનો ધંધો જ શરૂ કરું.

કિશનદેવી : હાશ! ક્યારેક તો ઇશ્વર મારા મનની વાત પણ સાંભળશે ને! એવી સરસ પરી જેવી વહુ લાવીશ કે ઘરમાં બેઠી હોય તો બહાર અજવાળું થાય! પછી ઘરમાં નાનકડો દીકરો આવશે. એની સાથે રાત-દિવસ રમ્યા કરીશ. મારા માટે ઇશ્વર સુખનો સૂરજ ઉગાડશે! (બારણે ટકોરા થાય છે.)

સુદર્શન : શરનસિંહ આવી ગયા લાગે છે!

શરન (અંદર આવતાં)**:** બરાબર! તારી વાત સાચી છે. હું જ છું. (જોરથી) અંદર આવો ને ચોપડાસાહેબ! (ચોપડાનો પ્રવેશ.)

ચોપડા : નમસ્તેજી.

કિશનદેવી : નમસ્તે. બેસો ને.

શરન : લો, ચોપડાસાહેબ. આ આપણી બહેનનું જ મકાન છે. આ ડ્રૉઇંગ રૂમ છે અને પાછળ ડેલીનો ભાગ છે. અને એની પાછળ એક ઓરડો છે. મકાન સોળ ગજ લાંબું અને છ ગજ પહોળું છે.

ચોપડા : 16 બાય 6 !

શરન : અઢી માળ છે. અને એય એવા કે જોતાંવેંત આંખ ઠરે !

કિશનદેવી : આ મકાન તો મેં માથે ઊભા રહીને, દિલ દઈને બનાવડાવ્યું હતું. પાયામાં ત્રણ ત્રણ હાથ લગી સિમેન્ટ-કોંક્રીટ ભરાવી હતી. અને ફરસ એટલી તો ચમકે છે કે તમારું મોં દેખાય ! ઉપરનો ઓરડો તો ખાસ જાતનો બનાવ્યો છે. (ચોપડા ઊભો થઈને આમતેમ, દીવાલો, છત અને બહારના ભાગમાં જોયા કરે છે.)

શરન : બેટા, તું બાબુજી સાથે જઈને ઉપરનો ઓરડો બતાવી આવ.

ચોપડા : ચાલ બેટા. દાદર કઈ તરફ છે ?

સુદર્શન : ચાલો.

શરન : દાદર આ બાજુ છે ચોપડાસાહેબ. (સુદર્શન અને ચોપડા અંદર ચાલ્યા જાય છે.)

કિશનદેવી : તમે એમને કિંમત તો કહી દીધી છે ને ભાઈ ?

શરન : મેં તો બાવીસ હજાર જ કહ્યા હતા પણ એણે તો કાન પર જ હાથ મૂકી દીધા. મેં કહ્યું — જરા ચાલો તો ખરા. બહેનને સમજાવીશું. થોડીઘણી છૂટછાટ મુકાવીશું.

કિશનદેવી : ના રે, હું એક પૈસોય ઓછો નહીં લઉં.

શરન : પણ એને અહીં સુધી લાવવાનો તો હતો. કામ તો કરવું જ છે. તમને પૂછ્યા વિના જ મેં એને વીસ-એકવીસ હજાર કહી દીધા. મેં માન્યું કે તમે મારું વેણ સાવ નકારશો તો નહીં જ અને એય હજુ ક્યાં માની ગયો છે ?

કિશનદેવી : કાંઈ બાજારભાવથી ઓછી જ છે ભાઈ ! હું ઓછા નહીં લઉં.

શરન : એવી જીદ નહીં કરવી બહેન ! તમે જાતે જ જુઓને — બજારમાં રોજેરોજ મંદી આવતી જાય છે. ભાવ ન ઘટ્યા હોય એવી કઈ ચીજ છે ? સોનું, ચાંદી, ગોળ, ખાંડ, ઘી, ઘઉં બધે મંદી છે ! ત્રણ મહિના પહેલાં એક મકાનના હું બત્રીસ હજાર અપાવતો હતો, ત્યારે એ લોકો ન માન્યા. આજે કહે છે કે અઠ્ઠાવીસ હજાર અપાવો તોય ઘણું. પણ હવે કોઈ ઘરાક પચીસ હજારથી વધુ ખર્ચવા તૈયાર નથી. કહો, હવે કરવું શું ?

કિશનદેવી : તમે સારો ભાવ ન અપાવો તો તમારાથી અમને લાભ શું ?

શરન : પણ તમે જ વિચારો — વાત કંઈક સમજીને કહી હોય તો ઘરાક ભાગી ન જાય અને એવું ન બને કે મહિના પછી ભાવ વધુ ગગડી જાય.

કિશનદેવી (કટાક્ષથી)**:** હા, ભાવ તો ગગડશે જ!

શરન : તમે જો કહેતાં હો તો... વીસ હજાર કહી જોઉં?

કિશનદેવી : ના... ના... વીસ હજાર તો બહુ ઓછા કહેવાય.

શરન : જોઈએ, મહેનત કરી જોઉં. સાડા વીસ કે એકવીસ હજારમાં સોદો થાય તો! એ આવે ત્યારે તમે અંદર જતાં રહેજો એટલે હું વાત કરી શકું.

કિશનદેવી : એકવીસ હજારથી ઓછું જરાય નહીં કહેતા હોં!

શરન : આવો ચોપડાસાહેબ! બધું જોયું કે?

કિશનદેવી : ભલે ભાઈ! તમે વાતો કરો. હું હમણાં જ આવું છું. આવ સુદર્શન! તું મારી સાથે ચાલ. (બંને અંદર જાય છે.)

શરન : કેમ ચોપડાસાહેબ! મકાન ફર્સ્ટ ક્લાસ છે ને! અસલી હીરો છે હીરો!

ચોપડા : બાંધકામ તો સારું છે. મકાનમાલિક કોણ છે?

શરન : આ વિધવા બાઈનું મકાન છે.

ચોપડા : એના પતિનું નામ શું હતું?

શરન : એનું નામ?... એનું નામ તો મને ખ્યાલ નથી. મારા ઓળખીતામાં નહોતા! ઠીક છે... પૂછી લઈશું. ફિકર નહીં. કોઈ વાંધા-વચકાવાળો સોદો નથી. મકાન ફ્રી-હોલ્ડ છે અને એકનો એક સગીર દીકરો છે. આ મા એની વાલી છે.

ચોપડા : પણ સોદો પતે કેટલામાં? અઢાર હજારમાં માનશે?

શરન : તમે તો મજાક કરો છો ચોપડાસાહેબ! ચીજ જોઈને તો કિંમત કરો! ક્યાં બાવીસ હજાર અને ક્યાં અઢાર હજાર? એ તો માનતી જ નથી પણ મને લાગે છે કે એકવીસ હજારમાં વાત પતી જાય ખરી. એય તે બહુ મહેનતથી.

ચોપડા : એકવીસ હજાર તો બહુ છે. ઘણા વધારે... અને મને ખબર છે કે આ મકાન સામે એક કૂવો હતો. કૂવાની સામેનું મકાન આમેય વહેમવાળું ગણાય છે.

શરન: એ તો ક્યારનોય બુરાઈ ગયો! અને તમેય કમાલ છો ચોપડા-સાહેબ! ભણેલાગણેલા થઈને આવા જુનવાણી વિચાર કરો છો. નકામા વહેમ લાવો છો.

ચોપડા: તોય વહેમ તો કહેવાય જ ને!

શરન: આવો વહેમ આવ્યો ક્યાંથી એ કોઈ વાર વિચાર્યું છે?

ચોપડા: ક્યાંથી આવ્યો?

શરન: બન્યું એવું કે એક વાર એક વૃદ્ધ માણસે કૂવા સામેનું મકાન ખરીદ્યું, કૂવા પર તો જાતજાતનાં માણસો નાહવાધોવા આવે. જુવાનજોધ છોકરાઓ માલિશ કરે અને દંડબેઠક કરે. પેલા વૃદ્ધની જુવાન વહુ બારીમાં બેઠી બેઠી આ બધું જોયા કરે. જુવાની તો આંધળી છે... પેલી કોક જુવાન સાથે પોબારા ગણી ગઈ. બસ, એટલી જ વાર. લોકોએ વાત જોડી કાઢી કે કૂવા સામેનું મકાન હતું એટલે અપશુકનિયાળ થઈ ગયું. જાણે કોક ભૂત એ બાઈને લઈને ભાગી ગયું હોય એવી વાત...

ચોપડા (હસતાં હસતાં)**:** વાહ... વાહ... સરદારજી! વાહ... વાહ...! તમે વાતો તો સરસ ઉપજાવો છો.

શરન: વાતો કરવામાં તો અમે રોટલો રળીએ છીએ! નહીં તો ગામમાં અમારી કઈ પેઢી ચાલે છે?

ચોપડા: તો પછી શું વિચાર છે?

શરન: જેવી તમારી મરજી. પણ ભાવ તો થોડોક વધુ ખર્ચવો પડશે.

ચોપડા: ચાલો, ત્યારે ઓગણીસ હજારમાં વાત પતાવો.

શરન: મને શું વાંધો છે? હું વાત કરી જોઉં. તમે જરા પાંચેક મિનિટ બહાર બેસો ત્યાં હું એમની જોડે વાત કરી લઉં.

ચોપડા: ભલે! (બહાર જાય છે.)

શરન (અંદર જોઈને)**:** બહેન... એ સુદર્શન...! (બંને બહાર આવે છે.)

કિશનદેવી: હા, બોલો! કામ થયું?

શરન: બહેન! કામ પતે એવું લાગતું નથી. વખત બદલાઈ ગયો છે. ઘરાક પૈસા ખર્ચતાં ગભરાય છે. બહુ મહેનત કરીએ તો કદાચ ઓગણીસ હજારે વાત પતે ખરી.

કિશનદેવી: ચાલો, જવા દો. અમારે મકાન વેચવું જ નથી. મેં તો તમારું વેણ રાખવા એક હજાર ઓછા કર્યા હતા.

સુદર્શન: હાસ્તો. જવા દો. ન પતે તો કંઈ નહીં. મકાન ફેંકી તો ન જ દેવાય.

શરન: બરાબર વિચારી લો. હાથમાં આવેલા ઘરાકને જતો કરવો ઠીક નહીં. અને વળી આ મકાન તો વાઘમુખી છે.

સુદર્શન: વાઘમુખી ? એ વળી શું ?

શરન: બેટા, જે મકાન આગળથી પહોળું અને પાછળથી જરા સાંકડું હોય એને વાઘમુખી કહેવાય.

સુદર્શન: વાઘમુખીમાં શું વાંધો છે ? એ કંઈ ઓછો જ દોષ છે !

શરન: વાઘમુખી મકાન એના માલિક માટે ઠીક નહીં. જેમ વાઘ બીજાં જનાવરોને ભરખી જાય છે એમ આવું મકાન એના માલિક માટે ભારે કહેવાય.

સુદર્શન (ચિંતિત થઈને)**:** હેં બા ! બાપુનું મરણ અહીં જ થયું હતું ?

કિશનદેવી: તું તો ગાંડો છે દીકરા. તમેય આવા વહેમમાં પડ્યા છો ભાઈ ? અને વળી અમારા મકાનનો મુખ્ય દરવાજો તો પાછલી ગલીમાં છે. અમે એ બંધ રાખ્યો છે. એ દરવાજો ખોલી નાખીએ તો મકાન ઓછું ગૌમુખી થઈ જવાનું છે ?

શરન: પાછલો દરવાજો ખોલીએ તો મકાન દ્વિમુખી થઈ જાય.

કિશનદેવી: દ્વિમુખી મકાનમાં વળી શો વાંધો ?

શરન: વાંધો કેમ નહીં ? બે મોઢાવાળી નાગણ જોઈ છે ને ? કેટલી બધી ઝેરીલી અને ભયંકર હોય છે !

સુદર્શન (ડરી જઈને)**:** તો પછી શું કરીશું બા ?

શરન: તમારે મકાન વેચવું હોય તો વેચો, ન વેચવું હોય તો કંઈ નહીં. માલ તમારો છે. મારી દલાલી ખાતર હું કોઈને ખોટી વાત નહીં કરું. એટલે સ્તો મારા તમામ સ્નેહી-સંબંધીઓ એમના વાડીવજીફાનું કામ મને પૂછીને જ કરે છે.

કિશનદેવી: તો પછી તમને શું લાગે છે ?

શરન: મારું માનતાં હો તો ઘરાકને છોડવા જેવું નથી. એક તો મકાન વિશે વહેમ છે. વહેમવાળી વાત જ જુદી. બીજું તમારે અત્યારે પૈસાની

જરૂર પણ છે. છોકરાએ ધંધો કરવાનો છે. ત્રીજું બજારમાં રોજેરોજ મંદી વધતી જાય છે. જે ભાવ આજે આવે છે એ કાલે નહીં આવે.

કિશનદેવી: એને મકાન લેવું હોય તો લે, ન લેવું હોય તો એની મરજી. હું વીસ હજારથી ઓછું તો કોઈ સંજોગોમાં નહીં લઉં.

શરન: ભલે, હું પ્રયત્ન કરી જોઉં. તમે જરા અંદર જાઓ. ચોપડા-સાહેબ, આવો . . . આપણે વાત કરીએ . . .

કિશનદેવી: ચાલ સુદર્શન, આપણે અંદર જઈએ. (બંને જાય છે.)

શરન (દરવાજા પાસે ઊભો રહીને બૂમ મારે છે): ચોપડાસાહેબ! ચોપડાસાહેબ! અંદર તો આવો. (ચોપડાનો પ્રવેશ)

ચોપડા: ફરમાવો, શો હુકમ છે?

શરન: ચોપડાસાહેબ, તમેય યાદ કરશો કે શરનસિંહ સાથે કામ પાડયું હતું! હવે જોજો, પાછા ન હઠતા. વીસ હજારે વાત પતાવી દઈશ.

ચોપડા: ના. . . ના. . . ના. . . ઓગણીસ હજારથી વધુ ખર્ચવા હું બિલકુલ તૈયાર નથી. એને મરજી હોય તો વેચે. . . નહીં તો કંઈ નહીં.

શરન: જુઓ, આનાકાની રહેવા દો. લત્તો કયો છે એ તો જુઓ. ચાંદની ચોક! દિલ્હીમાં તો લોકોને ખૂણેખાંચરેય ક્યાંય જગા મળતી નથી. લોકો ક્યાં ક્યાં જઈને રહ્યાં છે — કોઈ લોદી કોલોની તો કોઈ પટેલનગર, કોઈ જવાહરનગર તો કોઈ કિંગ્સવે! કોઈ જંગપુરામાં તો કોઈ છાવણીમાં! હવે તો ત્યાં સુધી કે દિલ્હીની જમીનથી થાકયા હોય એમ જીવતેજીવ જ ઇંદ્રલોક, ચંદ્રલોક, દેવનગર અને સ્વર્ણપુરી વસાવી લીધાં છે!

ચોપડા: મતલબ કે જીવતે જીવતાં જ લોકો સ્વર્ગવાસી બનવાના હકદાર થઈ ગયા. (બંને હસે છે.)

શરન: બરાબર છે. તમે તો સમજો છો, દિલ્હી તો ચારેય બાજુ વધી રહ્યું છે ચોપડાસાહેબ! આ લત્તો તો વચ્ચોવચ્ચ છે.

ચોપડા: હા, એ તો સાચી વાત છે.

શરન: અરે! સોળ આના સાચી વાત છે. મને તમારા માટે લાગણી છે એટલે કહું છું. તમારા ફાયદા માટે જ આ સોદો નક્કી કર્યો છે. રોજે-રોજ કિંમત વધતી જાય છે. મારી વાત માનો તો આ સોદો જતો કરવા જેવો નથી.

ચોપડા (આમતેમ જોતાં જોતાં એકાએક મકાનના ફેલાવા તરફ નજર ફેરવે છે.): જુઓ તો સરદારજી! આ ઓરડો આગળથી પહોળો અને પાછળથી સાંકડો છે. છે ને? મને લાગે છે કે આ મકાન વાઘમુખી છે. મકાનમાલિકનું મરણ અહીં જ થયું હતું ને?

શરન (હસવા માંડે છે): વાહ, ચોપડાસાહેબ, વાહ! તમેય આજે સાવ બચ્ચા જેવી વાત કરો છો. જ્યાં કોઈ મર્યું ન હોય એવું એકેય મકાન છે ખરું? જન્મ અને મૃત્યુ તો એકસાથે જ હોય છે! ભગવાન બુદ્ધની પેલી વાર્તા તો તમે સાંભળી હશે. બુદ્ધે એક સ્ત્રીને કહ્યું કે જ્યાં કદી કોઈ મરણ ન થયું હોય એવા ઘરેથી એક મુઠ્ઠીભર અનાજ લઈ આવે તો તારા દીકરાને જીવતો કરી દઉં. પેલી બિચારી ઉંબરે ઉંબરે ધક્કા ખાઈને થાકી તોય એક મુઠ્ઠી અનાજ ન મળ્યું! ક્યાંથી મળે? અંતે એને સમજાયું કે મોત વિનાનું એકેય ઘર ખાલી નથી. બિચારીએ રડી રડીને પુત્રનો વિયોગ સહી લીધો.

ચોપડા: પણ વાઘમુખી મકાન અપશુકનિયાળ હોય છે એ જગજાહેર વાત છે.

શરન: પણ આને વાઘમુખી કહ્યું કોણે? આ તો ગૌમુખી મકાન છે. આનો મુખ્ય દરવાજો તો પાછલી તરફ છે, અને છતાં તમને વહેમ રહેતો હોય તો આ દરવાજો બંધ કરીને પાછળનો દરવાજો ખોલી નાખવો.

ચોપડા: એટલે આ મકાનના દરવાજા બેય તરફથી છે?

શરન: બેય બાજુએથી હવા-પ્રકાશ મળતાં રહે એવા મકાનને તો લોકો શોધતા હોય છે. નવી ઢબથી બનેલાં મકાનો તમે જોજો — ઓછામાં ઓછું બે બાજુએથી તો ખુલ્લાં હોય જ છે.

ચોપડા: તોપણ જે દરવાજો વપરાશમાં રહ્યો હોય એને જ લોકો તો મુખ્ય રસ્તો માનવાના.

શરન: ચોપડાસાહેબ, અર્થહીન વહેમોમાં પડવાનો શો અર્થ? ગૌમુખી-વાઘમુખી એ તો તમે સાંભળી લીધું. બાકી એનો અર્થ ખબર છે?

ચોપડા: શો અર્થ છે?

શરન: ગૌમુખી મકાન મથાળેથી સાંકડું હોય એનાથી મકાનનો મલાજો જળવાય. આવતા-જતા લોકો અંદર નજર નથી નાખી શકતા. દુકાન વાઘમુખી પસંદ કરવા જેવી કેમ કે મથાળેથી પહોળી હોવાથી એની સજાવટ

સારી રીતે થઈ શકે. પણ આ તો ખાલી વાતો છે. વાઘમુખીનો કોઈ કોળિયો નથી કરતું કે ગૌમુખીમાંથી દૂધની શેડો નથી ફૂટતી.

ચોપડા (હસતાં હસતાં): તમે કહેવા તો એ માગો છો ને કે વાઘમુખી બાજુએથી દુકાન કરવી અને ગૌમુખી દિશામાં ઘર બનાવવું. (બંને હસે છે.)

શરન: મને એ નથી સમજાતું કે આવા વહેમમાં પડવાથી તમને શું મળવાનું છે! રોટલાથી કામ કે ટપટપથી? તમે નક્કી માનજો બે-ચાર હજારનો ફાયદો જ થવાનો છે.

ચોપડા: વાત સાચી સરદારજી! તમને ઠીક લાગે એમ કરો.

શરન: તો પછી વીસ હજારે પાકું કરું?

ચોપડા: ના, ઓગણીસ હજારથી વધારે નહીં.

શરન: વાહ ભાઈ, વાહ! પંચ કહે એ પરમેશ્વર, પણ મારો ખીલો નહીં ખસે! તમારે છૂટછાટ તો મૂકવી જ પડશે. એ વિના આ કામ પતશે નહીં. સાડા ઓગણીસ કહું? પછી એ જાણે અને એમનું કામ જાણે.

ચોપડા: પણ જોજો. સાડા ઓગણીસથી એક પૈસો વધુ નહીં આપું.

શરન: તમે ફિકર નહીં કરતા. હવે રૂપિયાની વ્યવસ્થા કરવા માંડો. (જોરથી) સુદર્શન . . .સુદર્શન. . . બહેનને જરા બહાર તો મોકલ. (બંને આવે છે.)

કિશનદેવી: બોલો ભાઈ! શું થયું?

શરન: બેસો બહેન. તમને ઍડ્વાન્સ અપાવી દઉં. ચોપડાસાહેબ, સો રૂપિયાની નોટ કાઢો.

ચોપડા (પાકીટ ખોલે છે): આ લો, સરદારજી!

શરન (નોટ ધરે છે): આ લો એકસો રૂપિયા. સાડા ઓગણીસ હજાર!

કિશનદેવી (નોટને દૂર ખસેડતાં): ના... ના... ના... ભાઈ! મેં તમને પહેલેથી જ કહી દીધું છે—વીસ હજારથી એક પૈસો પણ ઓછો નહીં.

શરન: બહેન! તમે રૂપિયા તો લો.

કિશનદેવી: રૂપિયા અમસ્તા અમસ્તા શું કામ લઉં? બે હજાર રૂપિયા તો મેં પહેલેથી જ ઓછા કહ્યા છે. મારા દીકરાને તો એય નથી ગમ્યું.

સુદર્શન: નહીં સરદારજી! વીસ હજારથી ઓછા તો નહીં જ.

શરન: ચોપડાસાહેબ, જવા દો ને! કામ પતવા દો. પાંચસો માટે આવો સોદો જતો ન કરાય.

ચોપડા : નહીં સરદારજી! તમે આ શું કહો છો? પાંચસો રૂપિયા તો હું પહેલેથી જ વધુ કહી ચૂકયો છું.

શરન : મારે ખાતર પાંચસો બીજા. બીજા કોઈક સોદામાં તમને ફાયદો કરાવી દઈશ.

ચોપડા : નહીં ભાઈસા'બ, આમ નહીં ચાલે. કોઈ પણ સંજોગોમાં હું સાડા ઓગણીસ હજારથી વધુ આપવાનો નથી.

શરન : ભલે, તો પછી ફેંસલો મારા પર છોડો. લો બહેન, આ સો રૂપિયા પકડો. પકડો તો ખરાં. હું હમણાં વાત કરું છું.

કિશનદેવી (નોટ પકડે છે)**:** કહો જોઈએ.

શરન : તમારી વાત રહી અને આમની વાત પણ રહી. ઓગણીસ હજાર સાતસો પચાસ પૂરા.

(ચોપડા અને કિશનદેવી એકી સાથે બોલી ઊઠે છે.)

ચોપડા : ના . . . સરદારજી . . . એમ નહીં!

કિશનદેવી : ના ભાઈ! હું ઓછા નહીં લઉં.

શરન : ચોપડાસાહેબ, તમે જરા મૂગા રહો. બહેન, તમે સાંભળી લો. આંગણે આવેલી લક્ષ્મીને પાછી ન કઢાય. આ તો લક્ષ્મી છે લક્ષ્મી! અઢીસો રૂપિયા કંઈ મોટી વિસાત છે? વિચારો તો ખરાં!

કિશનદેવી : કેમ, સુદર્શન! શું વિચાર છે?

શરન : એને બિચારાને શું ખબર પડે? આજે સાંજે જ રજિસ્ટ્રારની ઑફિસમાં જઈ, દસ્તાવેજ કરીને પૂરી રકમ લઈ લો.

ચોપડા : હા . . . હા . . . જ્યારે અનુકૂળ હોય ત્યારે લખાણ કરી લઈએ.

શરન : ચોપડાસાહેબ, એક બીજી મહેરબાની મારા ઉપર કરો! અર્ધી દલાલી મને હમણાં જ આપી દો, ઘરે રૅશન લઈ જવાનું છે. મનમાં હતું કે એક વાર ચોપડાસાહેબનું કામ પતી જાય પછી આ કામ કરીશ.

કિશનદેવી : તમે ભારે જબરા માણસ છો હોં! તમે તો બસ, વર મરો, કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો! આંટાફેરા મારી મારીને વાતો-માં ઉતારીને અંતે તમે મારું મકાન વેચાવ્યું ત્યારે જંપ્યા!

શરન : આ તો અમારો રોજનો ધંધો છે બહેન! કહ્યું છે ને કે સત્તામાં ગરમી, ધંધામાં નરમી અને દલાલીમાં બેશરમી!

(બધાં હસે છે.)

(પડદો પડે છે)

એક છોકરીનું અપહરણ

—કપૂર સિંહ ઘુમ્મણ

પાત્રસૂચિ

ખડકૂ	:	એક જાટ
વિરસા	:	ખડકૂનો મિત્ર
કરતારો	:	ખડકૂની પત્ની
જીતા	:	ખડકૂનો પુત્ર
સલમા	:	અપહૃતા
થાણદાર		
સિપાઈ		

[**સ્થળ:** અમૃતસરના અજનાલા તાલુકાનું ફત્તુવાલ ગામ — જે પાકિસ્તાનની સરહદને અડીને આવેલું છે.

સમય: જાન્યુઆરી 1949ની એક સવાર — ખડ્ડૂ જાટનું કાચું — ગામડી ઘર. ઘરને બે દરવાજા છે. જમણી બાજુ રસોડું છે. ડાબી બાજુ ઓરડો છે. પાછળના ભાગમાં નાનો કોઠાર દેખાય છે. બહારથી આવવા માટે રસોડા પાસે એક વધારાનો દરવાજો છે. એક દરવાજા પાસે લાકડાનો એક રેંટિયો, પાટલો તથા પૂણીઓની કેટલીક ટોપલીઓ પડી છે. આઠ વરસનો જીતા શેરડી ચૂસી રહ્યો છે. એની પાસે શેરડીનો ભારો પડ્યો છે. આંગણામાં છોતરાં પડ્યાં છે. રસોડા પાસે, ઘડમાંચી પર માટલું નજરે પડે છે. પરસાળની દિશામાં ચૂલો તથા સામે એઠાં વાસણનો ઢગલો પડ્યો છે. દરવાજા નજીક એક ખાટલા પર એક બાળક ઊંઘે છે. બાજુમાં ખાલી ખાટલો ઢાળેલો છે. કરતારો દૂધનું વાસણ લઈને આવે છે.]

કરતારો: અલ્યા જીતુડા, તારી શેરડી પૂરી થઈ કે નહીં?

જીતા: પેલી તો ક્યારનીય પૂરી થઈ ગઈ! (હાથમાંની શેરડી દેખાડે છે) આ બીજી પૂરી નથી થઈ.

કરતારો: કેવા દુકાળના દિવસોમાં તું જન્મ્યો'તો અભાગિયા! તારું મોઢું ચાલુ જ રહે છે. (રસોડામાં જાય છે)

જીતા: બાપુ તો ઢગલા મોઢે શેરડી ચૂસે છે. એને તો કંઈ કહેતી નથી.

કરતારો: બહાર નીકળીને એ એકલા હાથે દસ માણસનું કામ કરે છે. તારી જેમ એકલા ખાધોકડા નથી.

જીતા: બાપુ જેવડો મોટો થઈ જઈશ ત્યારે હું પણ કામ કરીશ.

કરતારો: તું કામ કરીશ ત્યારે દુનિયા આખી જોઈ રહેશે. નિશાળે રોજ મારામારી કરે છે. નિશાળનું લેસન તો કોઈ દિવસ કરતો નથી અને ખેતરમાં કામ કરવાનો!

જીતા: જોજે તો ખરી!

કરતારો: ચાલ, ઊભો થા. કૂવા ઉપર તારા બાપુને છાશ આપી આવ. સાથે બે ભાખરી અને અથાણું લેતો જજે!

જીતા : હું ઘરે રહીશ, તું જ આપી આવને ?

કરતારો : હવે ઊઠે છે કે નહીં ? મોટો શાહજાદો ન જોયો હોય ! (અંદર જાય છે)

જીતા : લાવ ત્યારે બે ભાખરી અને અથાણું. (શેરડી ચૂસ્યા કરે છે)

કરતારો (બહાર આવીને કપડાના ટુકડામાં લપેટેલી ભાખરી તથા છાશનો લોટો આપે છે) **:** એકએ વાર કહેવાની તો તારા ઉપર કાંઈ અસર જ નથી થતી. માણસના બચ્ચાની જેમ સીધેસીધો ઊઠે છે કે પછી બીજો રસ્તો લઉં ?

જીતા : મને ભૂખ લાગી છે.

કરતારો : રાતની ટાઢી ભાખરીને માખણ લગાડીને તું ખાઈ ગયો છે — આઠ-દસ શેરડી ઓહિયાં કરી ગયો — હવે બીજું શું જોઈએ છે ? — છાણ ? ઊઠ, જલદી કર !

(કરતારો જીતાની શેરડી ફેંકી દે છે. જીતા હોઠ ફફડાવે છે, પછી ભાખરીનું પડીકું માથે મૂકી, હાથમાં લોટો લઈને ચાલવા માંડે છે.)

જીતા (દરવાજામાંથી) **:** હું આવું ત્યાં લગીમાં બધી શેરડી પૂરી નહીં કરી નાખતી.

કરતારો : હમણાં આગ લગાડી દઉં છું આ શેરડીમાં ! જલદી જા, તારા બાપુ રાહ જોતા હશે. (જીતા જાય છે)

(કરતારો છાણાં તોડીતોડીને ચૂલામાં ભરે છે. અંદરથી દૂધ લાવીને, કડાઈને પાણીથી ધુએ છે. પછી કડાઈમાં દૂધ નાખીને ચૂલા પર મૂકે છે. પછી ચરખો કાંતવા માંડે છે. વિરસાસિંહ હાંફતો હાંફતો અંદર આવે છે.)

વિરસા : ભાભી ભાપાજી છે કે ઘરમાં ?

કરતારો : નથી ! મજામાં છો ને ? આજે તમે ક્યાંથી આવ્યા ?

વિરસા : ઉચ્ચેગામમાં પોલીસ આવી ગઈ છે.

કરતારો : ત્યાં દારૂનાં પીઠાંય કેટલાં છે !

વિરસા : પોલીસ દારૂ પકડવા નથી આવી.

કરતારો : તો પછી શાના માટે ?

વિરસા : ઉપાડી જવાયેલી બાઈઓને શોધવા માટે.

કરતારો : ઉપાડી જવાયેલી બાઈઓ ?

વિરસા: હા, સાથે લશ્કરની ટુકડી પણ આવી છે. જે સ્ત્રીઓ માટે ફરિયાદ થઈ છે એને શોધી શોધીને પાકિસ્તાન રવાના કરે છે.

કરતારો: પણ એમાં તમે કેમ હાંફળાફાંફળા થઈ ગયા છો?

વિરસા: ભાભી! પેલો ઉચ્ચેગામવાળો શેરૂ છે ને, પોલીસ એને પકડી ગઈ છે.

કરતારો: કેમ?

વિરસા: એ ફજલદીન મોચીની દીકરીને ક્યાંક વેચી આવ્યો છે.

કરતારો: પછી તો એનું એવું જ થાય ને! સ્ત્રીઓને ઢોરની જેમ વેચી દેવી એ કંઈ ન્યાય છે?

વિરસા: પણ સાથોસાથ નિર્દોષ લોકોને પણ સહેવું પડે છે ને! એ છોકરી જ પાકિસ્તાન જવા નથી માગતી. એને બળજબરીથી મોકલી દે છે.

કરતારો: પણ એમાં તમે કેમ ડરો છો? ક્યાંક તમેય કોઈને ભગાડી નથી લાવ્યા ને?

વિરસા: મેં કોઈને નથી ભગાડી હોં—સોગંદપૂર્વક! ભગવાન જેવો સાક્ષી છે. એક છોકરીનો જીવ બચાવ્યો છે. કોઈનો જીવ બચાવવો એને પાપ કહેવાતું હોય તો હું જરૂર પાપી છું.

કરતારો: તો પછી ડરો છો શું કામ? સાચને વળી આંચ કેવી? કાંઈ અંધાધૂંધી તો નથી ફેલાણી કે જેને આવે એને પકડી લે!

વિરસા: આપોઆપ કોઈ નથી પકડતું ભાભી! ગામમાંથી જ કોઈ ફરિયાદ કરી આવે એટલે પોલીસ તૂટી પડે.

કરતારો: અંતે તો સત્યનો જ જય થાય છે ને?

વિરસા: તમારી વાત સાચી. પણ ઘંટીમાં ઓરાયેલું બધું અનાજ પિસાઈ જાય છે!

કરતારો: સીધેસીધી વાત કરો ને! બન્યું છે શું?

વિરસા: અત્યારે મારી આબરૂ અને એક છોકરીની જિંદગીનો સવાલ છે ભાભી!

કરતારો: તમે તો મારા સગા દિયર જેવા જ છો! પેટછૂટી વાત કરો.

વિરસા: હું મહામુસીબતે અહીં સુધી આવ્યો છું.

કરતારો: તમારી આબરૂ નહીં જાય. ધીરજ રાખો.

વિરસા (ખાટલા પર બેસે છે) **:** સલમાને પાકિસ્તાન જવું નથી અને જો પોલીસ મને પકડી જશે તો પછી એને કોઈ આશરો નથી.

કરતારો : સલમા કોણ છે ?

વિરસા : પેલી, ઉચ્ચેગામવાળા સતરુની દીકરી — હુલ્લડ વખતે તોફાની-ઓના હાથમાં ફસાઈ ગઈ હતી એ.

કરતારો (આંખમાં ઝળઝળિયાં લાવીને) **:** સલમા જેવું તો ભગવાન કોઈના ઉપરન વિતાવે ! યાદ કરું છું ત્યાં કાળજું થડકી જાય છે.

વિરસા : રાવળપિંડીથી આવેલા લોકો જે વાતો કરતા હતા એના પર મને વિશ્વાસ નહોતો આવતો. આડોશપાડોશની બહેન-દીકરીઓનું સરઘસ કાઢવું, એમને બકરીની જેમ વેચી દેવી કે કાપી નાખવી આ બધું મને બહુ જ ખરાબ લાગતું હતું. પણ આ બધું આપણી નજર સામે સલમા સાથે બન્યું.

કરતારો : નજર સામે ? અને તમે મૂગા મૂગા જોઈ રહ્યા ? તમે કોઈ દુષ્ટને રોકયો કેમ નહીં ? કોકનો હાથ કેમ ન તોડી નાખ્યો ?

વિરસા : મારું ચાલત તો હું બધું જ કરત ! પણ કચડાયેલા સાપની જેમ ઝેર ઓકવા સિવાય મારાથી કંઈ થઈ શકે એમ નહોતું. આ જુઓ, (ખમીસ કાઢીને દેખાડે છે.) સલમાની ઇજ્જત બચાવવા મેં એ પાગલ થઈ ગયેલા ટોળાને પડકાર્યું પણ એ બધાંએ મળીને મને સાંકળથી ઝાડ સાથે બાંધીને ખૂબ માર્યો. સલમાના બાપ અને ભાઈની નજર સામે એ લોકોએ જે કર્યું એ મારાથી કહેવાય એમ નથી. કોઈ બાપ, કોઈ ભાઈ આ જોઈ ન શકે. એ બધાએ સલમાના માંસને ચૂથ્યું — હડકાયાં કૂતરાંની જેમ — ભૂખ્યાં ગીધડાંની જેમ ! સલમાના સ્ત્રીત્વને હમેશ માટે ખતમ કરી નાખ્યું. ઊડતા સાપનેય દૂધ પિવડાવે એવી એ સ્ત્રીની હત્યા કરી નાખી. (કરતારો આંસુ લૂછે છે) એને કેટલીય વાર વેચી, કેટલીય વાર એના પર અત્યાચાર થયા અને પછી એક બાજુ ફેંકી દીધી.

ગયા રવિવારે સાંજે, ઢોર માટે ચારો લઈને હું લાલુબાન ગામ પાસેથી પસાર થતો હતો ત્યારે કોઈનો કૂવામાં પડવાનો અવાજ આવ્યો. માથાનો ભારો ફેંકીને મેં કૂવામાં જોયું તો કોક માણસનું શરીર હોય એવું લાગ્યું. કૂદકો મારીને મેં એ ડૂબતી સ્ત્રીને બહાર કાઢી અને જોયું તો અવાક થઈ ગયો ! એ સલમા હતી !

કરતારો : સલમા !

વિરસા : એ બરાબર ભાનમાં નહોતી, પણ જેવી ભાનમાં આવી કે ઊઠીને કૂવા તરફ દોડી. મેં એને પરાણે રોકી. 'હવે તું ક્યાંય નહીં જઈ શકે સલમા ! હું તારી રક્ષા કરીશ. તને તારાં માબાપ પાસે-પહોંચાડી દઈશ' – એમ કહ્યું પણ એ તો જીવવા જ માગતી નહોતી. એણે પૂરી તાકાતથી હાથપગ ઉછાળ્યા. મારા હાથે બચકાં ભર્યાં પણ મેં એને છોડી નહીં.

કરતારો : પછી ?

વિરસા : મેં એને કહ્યું — આ દુનિયામાં તને ખૂબ અન્યાય થયો છે સલમા, પણ હું તને ન્યાય આપવા માગું છું. તારા પર અત્યાચાર કરનારાઓનાં માથાં કાપી કાપીને તારા પગમાં મૂકીશ. તારું શરીર ચૂંથવાવાળાના માથા પર તારા જોડા ફટકારીશ. હું તારો હાથ પકડીશ. તારો ભાઈ કહે તો ભાઈ અને પતિ કહે તો પતિ બનીને ! તને જે ગમે તે રૂપમાં તું મારો સ્વીકાર કર. તારા માટે હું આખી દુનિયા સાથે ટકરાવા તૈયાર છું — એક વાર જોઈ તો જો !

કરતારો : એ માની ગઈ?

વિરસા : માની તો ખરી પણ એક આકરી શરતે.

કરતારો : કઈ શરત ?

વિરસા : કોઈ સાથે બદલો ન લેવો, કોઈનું ખૂન ન કરવું. એના પર જુલમ કરનારાં કોઈ પારકાં તો નહોતાં ને !

કરતારો : પારકાં નહોતાં ?

વિરસા : હા, કોણ જાણે એનું દિલ શાનું ઘડાયું છે ? જે લોકો એના દેહના ટુકડેટુકડા કરીને ભરખી ગયા છે એનું લોહી વહેવડાવવા એ નથી ઇચ્છતી. એમને સજા કરવા એ તૈયાર નથી. કહે છે — 'એમને એવા તો શરમિંદા કરીશ કે સાત પેઢી સુધી એમનો કોઈ વંશજ માથું ઊંચું કરીને અભિમાનથી ચાલી નહીં શકે.' હું સલમાનું આ સપનું પૂરું કરવા માગું છું. પણ મને ચિંતા એ છે કે ક્યાંક પોલીસને આની બાતમી ન મળી જાય. અને તમારા સિવાય અમારે બીજો કોઈ આશરો નથી ભાભી !

કરતારો : હું બધી રીતે તમારી સાથે છું. જેમ કહેશો એમ કરીશ.

વિરસા : સલમા મારી પાસે છે એની કોઈનેય ખબર નથી, પણ કહે છે ને કે દીવાલોનેય કાન હોય છે.

કરતારો : લોકોથી સાવધાન રહેવું સારું.

વિરસા : દુશ્મનાવટથી લોકો ખોટી ફરિયાદો પણ કરે છે — અને આખું ગામ મારું તો દુશ્મન છે.

કરતારો : તો પછી કરવું છે શું ?

વિરસા : બેએક દિવસ સલમાને અહીં સંતાડી રાખો. પોલીસના ગયા પછી હું એને અહીંથી લઈ જઈશ.

કરતારો : તમે ચિંતા ન કરતા. હું એની પૂરતી સંભાળ લઈશ.

વિરસા : જો જો, ભાઈનેય ખબર નહીં પડવા દેતાં.

કરતારો : એ તો મુશ્કેલ છે. એમને ખબર પાડયા વિના . . .

વિરસા : સલમા માટે તમારે આટલો ભોગ આપવો જ પડશે ભાભી !

કરતારો : ભલે, તો પછી એય કબૂલ છે.

વિરસા : તો પછી જઈને સલમાને મોકલું ?

કરતારો : પણ એને આવતાં કોઈ જોઈ જશે તો ?

વિરસા : એની તમે ચિંતા કરતાં નહીં. એ શેરડીના ખેતરમાં છુપાયેલી છે. ચારેય બાજુ શેરડીના ઢગલા અને આકડાની વાડ છે. તમે મને કપડાં આપો. હું એને માથા પર ભારો લઈને મોકલું છું. તમારું ઘર એણે જોયું છે.

કરતારો : તો તો ઠીક. ભારો માથા પર હશે એટલે કોઈ એને ઓળખશે પણ નહીં. (ખાટલા પરથી કપડું ઉઠાવીને) લો, કપડાં લઈ જાઓ.

વિરસા : હવે અમારી લાજ તમારે હાથ છે ભાભી. ફરી નહીં જતાં.

કરતારો : તમે બેફિકર રહો. ઈશ્વર જે કરે છે એ ભલા માટે જ કરે છે વિરસાભાઈ !

(વિરસા ભીની આંખે કરતારો સામે જુએ છે. પછી એને પગે પડે છે.)

કરતારો : હં . . . હં . . . રહેવા દો, ભાઈ !

વિરસા : તમારી સચ્ચાઈ હું જિંદગીભર યાદ રાખીશ. (જાય છે. કરતારો દૂધનું વાસણ લઈને ચૂલામાં બે છાણાં નાખે છે. પછી પાટલા પર બેસીને વિચારે છે. જીતા આવે છે તો લોટો લઈ લે છે. જીતા ગભરાયેલો છે.)

જીતા : બા, બહાર સિપાઈ આવ્યા છે.

કરતારો : સિપાઈ ?

જીતા : હા. (ઓશિયાળું મોં કરીને) બચુ કહે છે કે એ લોકો મારાં બાપુ અને બાને પકડવા આવ્યા છે.

કરતારો : તારા બાપુને અને મને ? બચુને કોણે કહ્યું ?

જીતા: એના કાકા કહેતા હતા.

કરતારો: તને એમ જ ડરાવે છે બેટા! અમને કોઈ શું કામ પકડે? તું કહી દેજે કે તારા કાકાને પકડવા આવ્યા છે.

જીતા: બચુ મને મારે છે. હું સિપાઈને કહી દઈશ, બચુના કાકા દારૂ ગાળે છે. એ લોકો એને પકડી લેશે ને?

કરતારો: કોઈ નહીં પકડે બેટા!

જીતા: મને બધી ખબર છે હોં! નાહમોને પકડી ગયા હતા. પછી કેદમાં લઈ ગયા હતા. એણે દારૂ ગાળ્યો હતો. અત્યારે જેલમાં ચક્કી પીસતો હશે.

કરતારો: લવારો બંધ કર. તારા બાપુને ભાખરી આપી આવ્યો કે નહીં?

જીતા: આપી તો આવ્યો પણ એમણે ખાધું નહીં.

કરતારો: કેમ?

જીતા: કોણ જાણે! છાશ પીને બાપુ તો ખેતર તરફ જતા રહ્યા'તા.

કરતારો: અને ખાવાનું?

જીતા: કહેતા ગયા કે બળદને ખવડાવી દેજે, એટલે મેં તો ખવડાવી દીધું.

કરતારો: બીજું કંઈ તો નહોતું બન્યું ને?

જીતા: ના.

કરતારો: ગામમાં સિપાઈ આવ્યા છે એની તારા બાપુને ખબર છે?

જીતા: કોણ જાણે!

કરતારો: સિપાઈ અત્યારે ક્યાં છે?

જીતા: ગુરુદ્વારામાં ઊભા છે. રખો ચોકીદાર એમને માટે ખાટલો લઈ ગયો છે.

કરતારો: જઈને સાંભળ તો ખરો—એ લોકો વાતો શું કરે છે?

જીતા: ઊંહું! ક્યાંક મને પકડી લે તો! હું તો પહેલેથી જ બચવા માટે બીજે રસ્તેથી આવ્યો છું.

કરતારો: ના રે! તને નહીં પકડે.

જીતા: સિપાઈઓની મને બહુ બીક લાગે છે. અને મને ભૂખ પણ લાગી છે.

કરતારો: તારી ભૂખમાં આગ લાગે! તારામાં કોઈ ડાકણ ઘૂસી છે શું?

જીતા: હું શેરડી ચૂસું બા?

કરતારો: ચૂસ્યા કર! ગુરુદ્વારામાં હું બીજા કોઈને મોકલું છું.

(જીતા શેરડી ચૂસવા માંડે છે. કરતારો પાટલા પર બેસી જાય છે. સિપાઈ અંદર આવે છે. જીતા ભયભીત થઈ જાય છે.)

જીતા: બા . . . પશાઈ. . . (શેરડી ફેંકી દઈને ગભરાઈને અંદર દોડી જાય છે. કરતારો ફિક્કી પડી જાય છે.)

સિપાઈ: ખડકસિંહનું ઘર આ જ છે કે?

કરતારો: હા.

સિપાઈ: એ ક્યાં છે?

કરતારો: ખેતરે ગયા છે.

સિપાઈ: આ ઘરમાં બીજું કોઈ તો નથી રહેતું ને?

કરતારો: ના રે!

સિપાઈ: જઈને જલદીથી ખડકસિંહને બોલાવી લાવો.

કરતારો: વાત શું છે?

સિપાઈ: વાત એની સાથે જ કરવાની છે.

કરતારો: એણે તો કોઈ દિવસ કોઈ ખરાબ કામ નથી કર્યું. નથી લૂંટફાટ કરી કે નથી દારૂ ગાળ્યો. એને શું કહેવાનું છે?

સિપાઈ: પહેલાં તાબડતોબ ખડકસિંહને બોલાવી લાવો. બધી વાત પછી.

કરતારો: અલ્યા જીતિયા. . . . એય જીતુ . . .

સિપાઈ (ક્રોધથી)**:** બહાર નીકળ જીતાના બચ્ચા! જલદી કર. (ભયભીત જીતા બહાર નીકળીને હાથ જોડે છે.)

જીતા: હું કદી દારૂ નથી પીતો સિપાઈ દાદા! હું તો શેરડી ચૂસું છું.

સિપાઈ: જા, જઈને તારા બાપુને બોલાવી લાવ.

જીતા: મારા બાપુય દારૂ નથી પીતા સિપાઈ દાદા! વૈશાખીને દિવસેય નહીં.

સિપાઈ: અબે સાલા! કહું છું પહેલાં તારા બાપને બોલાવી લાવ—જલદી કર!

જીતા: જાઉં છું...

સિપાઈ: દોડતો જજે . . . જો વાર લગાડી તો માર ખાઈશ!

(જીતા સિપાઈ તરફ જુએ છે.)

સિપાઈ: હજુ બિલાડાની જેમ અહીં કેમ ઊભો છે?

જીતા : ગુરુદ્વારામાં બીજા સિપાઈ છે. મને એ પકડી લેશે તો ?

સિપાઈ: તને કોઈ નહીં પકડે. હું કહું છું — દોડતો જા. (જીતા જાય છે)

કરતારો : છાશ પીશો, જમાદાર સાહેબ ?

સિપાઈ: હોવ્વે ! છાશ પીશ.

કરતારો : ખાટલા પર બેસોને !

(કરતારો રસોડામાં જાય છે. સિપાઈ ખાટલા પર બેસીને આમતેમ જોયા કરે છે. કરતારો છાશનો ગ્લાસ એને આપે છે. ઉપર માખણ તરે છે.)

સિપાઈ (માખણ મોંમાં નાખીને)**:** ખડકસિંહ તારે શું થાય ?

કરતારો : મારો ઘરવાળો.

સિપાઈ: તારું નામ શું ?

કરતારો : જી ! કરતારકૌર.

સિપાઈ (છાશ પીને)**:** ઉચ્ચેગાંવમાં અમે છોકરીઓની ભાળ મેળવી છે.

કરતારો : બે છોકરીઓ ?

સિપાઈ: હા. અને એકના વાવડ અહીં મળ્યા છે.

કરતારો : ક્યાંથી ?

સિપાઈ: ગામમાંથી જ કોઈએ ખબર આપ્યા છે. અમને સપનું તો નહીં આવ્યું હોય ને !

કરતારો : એ છોકરી કોણ છે ?

સિપાઈ: એ બધું થાણદાર કહેશે. મારાથી ના કહેવાય. (વ્યંગમાં) અહીં તો નથી ને ?

(બારણે ટકોરા થાય છે. કરતારો ગભરાઈને દરવાજા લગી જાય છે. જીતા અંદર આવે છે.)

કરતારો : અભાગિયા ! હજુ તું ગયો નથી ?

જીતા : મને સિપાઈઓની બીક લાગે છે.

સિપાઈ: સિપાઈ કાંઈ ભૂત-પ્રેત નથી સુવ્વર ! ચાલ, તને રસ્તો દેખાડું. કરતારકૌર ! ખડકસિંહ આવે કે તરત એને ગુરુદ્વારામાં મોકલી આપજે.

કરતારો : ભલે. (જીતા અને સિપાઈ બહાર જાય છે. સલમા માથા પર ભારો લઈને અંદર આવે છે. કરતારો ઉતાવળે અંદરથી સાંકળ વાસી દે છે ! સલમા ભારો ફેંકીને આમતેમ જોવા માંડે છે.)

કરતારો: ભગવાને લાજ રાખી સલમા! તું જરાક જ વહેલી આવી હોત તો બધું પકડાઈ જાત.

સલમા: મારું કાળજું તો હજુય થડકે છે. આ કરતાં તો હું કપાસના ખેતરમાં રહી હોત તો સારું થાત.

કરતારો: પણ હવે તું ફિકર નહીં કરતી. હવે તારી સામે કોઈ જોઈ પણ નહીં શકે.

સલમા: પોલીસ દરેક ઘરની ઝડતી લેશે?

કરતારો: હા, પોલીસવાળા અહીં તો જરૂર આવશે.

સલમા: તો પછી હું શું કરું?

કરતારો: આ ઓરડીની પાછળ એક નાનકડું ભંડકિયું છે. એમાં છાણાં ભર્યાં છે. તું એ છાણાંની પાછળ લપાઈ જા. હું તારી ઉપર છાણાં ઢાંકી દઈશ.

સલમા: ચાલો બહેન, જલદી કરો. મને પોલીસની બહુ બીક લાગે છે.

કરતારો: એક વાત પૂછું?

સલમા: જલદી.

કરતારો: તું તારાં માબાપ પાસે પાકિસ્તાન કેમ નથી ચાલી જતી?

સલમા (ચોંકીને)**:** તમે આ શું કહો છો બહેન? તમારો વિચાર શો છે? તમે ક્યાંક મને . . .

કરતારો: ના રે ના! એવી કોઈ વાત નથી. મેં વિરસાસિંહને વચન આપ્યું છે કે તારી સંભાળ લઈશ. પણ હું સ્ત્રી છું. મને તારી દયા આવે છે. મને થયું કે ખાતરી કરી લઉં કે તું તારી ઇચ્છાથી અહીં રહેવા માગે છે કે નહીં?

સલમા: કયું મોં લઈને માબાપ પાસે જાઉં? એમની નજર સામે હું કેવી રીતે જોઈ શકું? મારી સાથે હવે લગ્ન કોણ કરે? મારા પેટમાં જે પાપ પોષાઈ રહ્યું છે એને કોણ પોતાના માથા પર લેવાનું? કઈ સાસુ મને માનથી જોશે? કઈ નણંદ મને મહેણાં નહીં મારે? કઈ નાતજાતમાં મારી આબરૂ જળવાશે? કયું બાળક મારા જેવી મા માટે આદર રાખશે?

કરતારો: એમાં તારો શો વાંક છે? અને અહીં રહેવાથી પણ તને શું માન મળવાનું છે?

સલમા: મારે જીવવું નથી, પણ છતાંય મારે થોડીક વાર જીવતા રહેવું પડશે.

કરતારો: શા માટે?

સલમા: એટલા માટે કે પેટમાં પોષાતા આ પાપને હું એ લોકોના માથા પર ઠોકી શકું જેનાં કરતૂતોનું એ ફળ છે. એમનાં બૈરીછોકરાં આ પાપની સામે આંગળી ચીંધીને એમને બેઆબરૂ કરે. એમના સજ્જનતાના મહોરા ઉપર આ પાપનો ડાઘ હમેશાં લાગેલો રહે.

કરતારો: સ્ત્રીઓમાં તું હીરા જેવી છે સલમા! તારા માટે હું બધું કરવા તૈયાર છું.

સલમા: તો મને જલદી જલદી સંતાડી દો. વાતો તો પછી થશે.

કરતારો: અંદર ચાલ. (કરતારો અને સલમા અંદર જાય છે. બહારના બારણે ટકોરા પડે છે. કરતારો ગભરાયેલી બહાર આવે છે. ઓરડીનો દરવાજો બંધ કરીને ખડકીની સાંકળ ખોલે છે. ખડકસિંહનો પ્રવેશ.)

ખડક: સિપાઈ ઘરે આવ્યો હતો?

કરતારો: હા, જીતા તમને મળ્યો?

ખડક: ના.

કરતારો: ઠીક છે. પોલીસ આપણી પાસે શું કામ આવી હશે?

ખડક: હું દરબાર પાસે ગયો હતો. એ તો મળ્યા નહીં, સમજાતું નથી – શું હશે?

કરતારો: કોકે ફરિયાદ તો નહીં કરી હોય?

ખડક: આપણી ફરિયાદ કોઈ શા માટે કરે?

કરતારો: લોકો તો જૂઠાણાં પણ ફેલાવે જ છે ને!

(થાણદાર અને સિપાઈ આવે છે.)

થાણદાર: ખડકસિંહ તારું નામ છે?

ખડક: જી હા! આવો, બેસોને સાહેબ!

થાણદાર: અમને બેસવાનો વખત નથી. આ કોણ છે?

ખડક: જી! કરતારકૌર છે. મારી વહુ. મારી ઘરવાળી.

થાણદાર (વ્યંગ્યથી)**:** પત્ની? હં... પહેલાં શું હતી?

ખડક: લગ્ન પહેલાં?

થાણદાર: હા. એ કયા ગામની છે?

ખડક: જી, ઠીકરીવાલની.

થાણુદાર (ખુશ થઈને): વાત મળીને. એના બાપનું નામ શું હતું?

ખડક (ગભરાઈને): પણ તમે આ બધું કેમ પૂછો છો?

થાણુદાર: જે પૂછું એનો જવાબ આપ. એના બાપનું નામ શું હતું?

ખડક: મને તો ખબર નથી...

થાણુદાર: સીધેસીધો કહી દે.... નહીં તો તનેય લઈ જવો પડશે.

ખડક: મને?

થાણુદાર: નહીં તો શું? અમારી સાથે ચાલાકી કરે છે? બોલ જોઉં, આ તારી ઘરવાળી કરતારો, નૂરદીન લુહારની દીકરી બરકત છે કે નહીં?

ખડક: થતી હતી ખરી... પણ પછી તો એણે અમૃતપાન* કરી લીધું હતું.

થાણુદાર: અમૃત તો બધાં પીધાં કરે છે. એને એનાં માબાપ પાસે પાકિસ્તાન પહોંચાડવાનો અમને હુકમ છે.

ખડક: પણ સાહેબ... અમારાં લગ્ન તો...

થાણુદાર: તારાં લગ્નની ઐસીતૈસી...

ખડક: પણ સરકાર, એ તો દસ વરસથી મારા ઘરમાં છે. એનાથી થયેલો મારો દીકરો જીતા પણ આઠ વરસનો છે.

થાણુદાર: એ વાતનો નિવેડો પોલીસચોકીએ થશે. તારા ગામમાંથી જ ખબર મળ્યા છે કે કરતારોનું અપહરણ કરવામાં આવ્યું છે!

ખડક: અપહરણ?

કરતારો (કાકલૂદી કરતાં): મને કોઈ ભગાડીને નથી લાવ્યું. સાહેબ, કોઈ પાપિયાએ જૂઠો લવારો કર્યો છે. મારું અપહરણ નથી થયું. મારાં માબાપને આ બધી ખબર છે. હું તો મારી રાજીખુશીથી...

થાણુદાર: ઝાઝું બકબક રહેવા દે છિનાળ! ચાર દિવસ જાટના ઘરમાં બેઠી કે ચૌધરાણી બની ગઈ, કેમ? ફૌજાસિંહ, એને લઈ જાઓ અહીંથી ટ્રકમાં. (ફૌજાસિંહ સિપાઈ થાણુદારને સલામ કરીને કરતારોનું બાવડું પકડે છે. કરતારો છોડાવે છે. રડે છે. ખાટલા પર સૂતેલું બાળક રડવા માંડે છે. થાણુદાર એના કાળા દંડાને જમણા પગ સાથે ઘસે છે. ગભરાયેલો ખડક થાણુદાર સામે જોઈ રહે છે.)

* શીખ ધર્મ અંગીકાર કરવાનો વિધિ.

સિપાઈ: આ બચ્ચુંય આનું જ છે.

થાણદાર: એને ઝૂંટવીને એની માને આપી દો. બીજી વાર અહીં ધક્કો નહીં.

ખડક (હાથ જોડીને)**:** મારા પર દયા કરો, માબાપ! મારું ઘર વેરાન થઈ જશે.

થાણદાર (ક્રોધથી)**:** બચ્ચું લઈને આ બાઈને આપી દો. જલદી કરો. (ખડકસિંહ બાળકને ઉપાડીને આંસુ લૂછે છે. કરતારો પોકે પોકે રડે છે.)

(પડદો પડે છે)

તિરાડ

— હરસરન સિંહ

પાત્રસૂચિ

મિસ ગુરચરણ : વય 24 વરસ
મિસ રાજીંદર : વય 23 વરસ
મિસ્ટર સંધુ : વય 24 વરસ

(લાંબી અને પાતળી એટેચીમાં ગુરચરણ કપડાં ભરી રહી છે. બહાર જવા માટે તૈયાર કર્યાં હોય એવા બીજા બે ટૂંકો પણ ઓરડામાં દેખાય છે. એક ટેબલ અને આસપાસ બે ખુરશીઓ છે. જમણી તરફ દીવાલ પાસે બે વધારાની ખુરશી પડી છે. દીવાલ પરની છબીમાં ગુરચરણ અને રાજીંદર પરસ્પરનો હાથ પકડીને ઊભાં છે. ઠંડીને લીધે બારીબારણાં બંધ છે. થોડી વાર પછી લાંબી-પાતળી કાયાવાળી મિસ રાજીંદર બહારના દરવાજેથી ઝડપથી અંદર આવે છે. એનાં વસ્ત્રો મિસ ગુરચરણ જેવાં જ છે. ગુરચરણ કામ પડતું મૂકીને એની તરફ ફરે છે.)

રાજીંદર: મેં મોડું તો નથી કર્યું ને? (કાંડા-ઘડિયાળમાં જુએ છે.)

ગુરચરણ (હસીને)**:** ઘણું મોડું કર્યું મેરી જાન!

રાજીંદર: બધું મળીને અર્ધો જ કલાક થયો છે.

ગુરચરણ: ના રે! અર્ધી જિંદગી વીતી ગઈ.

રાજીંદર: ચન્ની! (એને બાથ ભરી લે છે.)

ગુરચરણ (ભર્યા અવાજે)**:** તારા વિના હું ત્યાં કેવી રીતે રહી શકીશ?

રાજીંદર: મૂંઝાઈશ નહીં ચન્ની, હું પણ તારી સાથે જ જવાની છું.

(ગુરચરણ અચાનક એનાથી અળગી થઈ જાય છે.)

ગુરચરણ: તું... મારી... સાથે... (એકાએક ખુશીથી) પ્રિન્સિપાલ માની ગઈ કે શું, મેરી જાન?

રાજીંદર: ના... મેં રાજીનામું આપ્યું!

ગુરચરણ (આશ્ચર્યથી)**:** રાજી...નામું?

રાજીંદર: મેં પ્રિન્સિપાલને ચોખ્ખું જ કહી દીધું કે ગુરચરણને મારા વિના નહીં ચાલે અને મને એના વિના ...

ગુરચરણ: પણ રાજીનામું ...?

રાજીંદર (વચ્ચેથી જ)**:** એણે કહ્યું કે આ વાત ખોટી છે.

ગુરચરણ: તો તારે મૂગા રહેવું હતું.

રાજીંદર: મેંકહ્યું — સત્યને વળી સાબિતી શી? આ લો, મારું રાજીનામું!

ગુરચરણ : મેરી જાન ! તેં બહુ ઉતાવળ કરી. નોકરીને લાત...

રાજીંદર (વચ્ચેથી જ ભારે અવાજે) **:** મારી ચન્ની મને બે રોટલી પણ નહીં ખવડાવે શું ?

ગુરચરણ (એને ભીંસી નાખે છે.) **:** મેરી જાન ! તું તો એક ફૂલ માગે તો તને આખો બગીચો સોંપી દેવા હું તૈયાર છું.

રાજીંદર : મારી ભલી, ભોળી ચન્ની !

ગુરચરણ : તેં જો રાજીનામું ન આપ્યું હોત તો ત્યાં ગયા પછી પહેલું કામ એ જ કર્યું હોત ! તારા ગયા પછી હું ત્રણ વાર રડી હતી.

રાજીંદર (હસીને) **:** ગાંડી !

ગુરચરણ : તું કદી જુદી પડી જ નથી મેરી જાન ! (બન્ને ખુરશી પર બેસે છે)

રાજીંદર : મને જોઈને પ્રિન્સિપાલ હસી પડી અને કહે — (ચાળા પાડતી હોય એમ) બહુ નવાઈની વાત છે. આજે પહેલી જ વાર આ માથું એકલું દેખાય છે. વેણી કયાં ગઈ ? અહીંથી જતી રહી કે શું ?

ગુરચરણ : તારેય એવો જવાબ દેવો'તો કે એનાં અંગેઅંગ ...

રાજીંદર (અટકાવીને) **:** પણ હું તો વિનંતી કરવા ગઈ હતી ને એટલે ચૂપ રહી.

ગુરચરણ : મને તો ખાતરી જ છે કે મારી બદલી એણે ઈર્ષ્યાથી જ કરી છે.

રાજીંદર : જ્યારે મેં એને કહ્યું કે મારી બદલી પણ મિસ ગુરચરણની સાથે જ કરી દો ત્યારે એ ખડખડાટ હસવા માંડી.

ગુરચરણ : પછી ?

રાજીંદર : અને કહે કે — મિસ રાજ ! તમારી અને ગુરચરણની દોસ્તી કંઈક અજબ છે.

ગુરચરણ : મારો વહેમ સાચો જ છે. ઈર્ષ્યાને લીધે જ...

રાજીંદર (ટોકતાં) **:** પછી એણે કહ્યું — આ તો 'મોસ્ટ અન-નૅચરલ' છે — બહુ જ અસ્વાભાવિક !

ગુરચરણ : આ વાક્ય સાઇકૉલૉજીના પ્રોફેસરનું છે. વિદ્યાર્થીઓમાં એણે આ ચલાવ્યું છે !

રાજીંદર: અને એ માજી પાછી મજાક કરવા માંડયાં (ચાળા પાડે છે). મેં તો એવું સાંભળ્યું છે કે ગુરચરણ સાથે તમારાં લગ્ન થઈ ગયાં છે!

ગુરચરણ: તારે કહી દેવું હતું ને કે જરૂર... જ્યાં બે મન...

રાજીંદર: મે પૂછ્યું—'બે ખોળિયાં પણ જીવ એક'વાળી વાત શું પતિ-પત્ની પૂરતી જ લાગુ પડે છે?

ગુરચરણ: પછી?

રાજીંદર: પણ એ તો પાછી ખડખડાટ હસી પડી. પછી હસવું રોકીને વ્યંગમાં બોલી — 'એક જીવ, બે ખોળિયાં' — અને પાછી હસવા માંડી.

ગુરચરણ (ક્રોધથી)**:** ડાકણ!

રાજીંદર: મને ગુસ્સો ચડયો. મેં એને પૂછ્યું — 'તમારો બીજો ભાગ કયાં છે?' સાંભળતાંવેંત એનું હસવું ગાયબ થઈ ગયું, પછી હળવેકથી બોલી — (ચાળા પાડે છે.) 'કયો બીજો ભાગ?' મેં કહ્યું — 'જેની સાથે ગોર મહારાજે તમને સાત પગલાં ફેરવ્યાં હતાં એ!'—

ગુરચરણ (ઉત્સાહથી)**:** શાબાશ! (એને પડખામાં લે છે.) તેં મને ખુશ કરી દીધી મેરી જાન!

રાજીંદર: એ ઠિંગુજીનું મોં એકદમ લેવાઈ ગયું, કાંઈ બોલી જ ન શકી. પછી અટકી અટકીને કહે — (નકલ કરતાં) એ... તો... એ... તો... અમે... લગભગ ચારેક વરસથી... જુદાં થઈ ગયાં... છીએ! (બન્ને હસે છે.)

ગુરચરણ (વ્યંગથી)**:** એક જીવ — બે ખોળિયાં!

રાજીંદર: પછી હું ઊભી થઈ ગઈ અને કહ્યું — 'મેડમ! મિસ ગુરચરણ અને રાજ સદાને માટે એક છે. સાથે જીવશે, સાથે મરશે.'

ગુરચરણ: દુનિયા ભલે સળગ્યા કરતી. ચાલ, આપણે જમી લઈએ.

રાજીંદર: તું હજુ જમી નથી?

ગુરચરણ: તારા વિના મારાથી કેમ જમાય! પહેલાં કોઈ વાર જમી છું?

રાજીંદર (ચિંતાભર્યા અવાજે)**:** તો પછી જલદી કર, તને તો બહુ જ ભૂખ લાગે છે. તારા પેટમાં તો ગલૂડિયાં બોલતાં હશે!

(બન્ને પાછળના ઓરડા તરફ જવા માંડે છે. બરાબર એ જ વખતે બારણે ટકોરા પડે છે. બન્ને રોકાઈ જાય છે. પહેલાં દરવાજા તરફ અને પછી એકબીજાં સામે જોવા માંડે છે.)

રાજીંદર: કોણ છે?

બહારથી (જોરથી)**:** સંધુ નાકિંગ !

બંને (આશ્ચર્યથી)**:** સંધુ !

રાજીંદર : આ સંધુ કોણ છે ?

ગુરચરણ : હું તો કોઈ સંધુને ઓળખતી નથી ! (દરવાજે પાછા ટકોરા)

રાજીંદર : મને બારીમાંથી જોઈ લેવા દે — કોણ છે ? (જુએ છે) કોઈક અજાણ્યો યુવક લાગે છે. પૅન્ટ-કોટ, ટાઈ ફેલ્ટ...

ગુરચરણ : બીજું કોઈ જોઈ જશે તો કેવું લાગશે ! પહેલાં તો કોઈ જુવાન આપણે ઘરે...

બહારથી : મિસ સેખોં ! હું તમને મળવા માટે જ ખાસ આવ્યો છું !

રાજીંદર (ચિડાઈને)**:** નૉન્સેન્સ ! ખાસ મળવા માટે...

ગુરચરણ : મળી જો ને ! એમાં શું ?

રાજીંદર (વચ્ચેથી જ)**:** જવા દે... કોણ જાણે કેવાય લોફર...

બહારથી : મિસ રાજીંદર !

ગુરચરણ : લે, હવે તો તારું નામ લઈને બોલાવે છે.

રાજીંદર : પણ હું તો એને ઓળખતીય નથી ! પહેલાં એને ક્યારેય જોયો પણ નથી !

ગુરચરણ : ક્યાંક તારો કોઈ સગો ન હોય !

રાજીંદર : મારે કોઈ સગું નથી ! એક કાકા છે — જેણે મને પાળી-પોષીને ઉછેરી છે.

ગુરચરણ : તારો એક ભાઈ છે ને જે ઇંગ્લંડ ગયો છે ?

રાજીંદર : એ તો લાંબો અને ઊંચો છે. આ તો... (ફરીથી ટકોરા)

ગુરચરણ : ચાલ, બન્ને જઈને જોઈએ. એ ઓછો જ ચિત્તો છે કે ગળી જશે ?

(બન્ને બહારના દરવાજા તરફ જાય છે. પછી બારણું ખોલે છે. હાથમાં એટેચી લઈને મિસ્ટર સંધુ ઊભેલો નજરે પડે છે.)

સંધુ : ગુડ ઇવનિંગ !

ગુરચરણ : માફ કરજો, તમને અમે ઓળખ્યા નહીં !

સંધુ : હું...સંધુ છું ! ઇંગ્લંડથી આવું છું.

રાજીંદર : ઇંગ્લંડથી ?

સંધુ : જી હા ! ઇંગ્લંડથી ! સેખોંનો સંદેશો અને સંપેતરું લઈને...

રાજીંદર (પ્રસન્નતાથી)**:** તમે મારા ભાઈ પાસેથી આવો છો ?

સંધુ : જી હા ! સેખોં મારો જિગરી દોસ્ત છે !

રાજીંદર : ભાઈના શું ખબર છે ?

સંધુ : મજામાં છે ! તમારા માટે એણે કેટલીક ચીજો...(એ ટેચી નીચે મૂકે છે.)

રાજીંદર : અંદર તો આવો ! પહેલાં ભાઈના સમાચાર તો આપો.
(સંધુ એટેચી ઊંચકીને બન્નેની પાછળ અંદર આવે છે. પછી બધાં ખુરશી પર બેસે છે.)

સંધુ : સેખોં લહેરમાં છે. નવો ફ્લૅટ લીધો છે. એક મેમ પણ લઈ આવ્યો છે.

રાજીંદર (આશ્ચર્યથી — પ્રસન્નતાથી) **:** ભાઈએ લગ્ન કરી લીધાં ?

સંધુ : કોર્ટ-શિપ — લવમૅરેજ ! (હસે છે.) સેખોંએ કહ્યું છે કે મારી બહેનને કહેજો કે જો એણે હજુ સુધી લગ્ન ન કર્યાં હોય તો હવે કરી લે — તમે મૅરિડ છો ?

રાજીંદર : ના રે !

સંધુ (ખુશ થઈ ને) **:** ગુડ !

ગુરચરણ : લગ્ન કરવાનો એનો વિચાર જ નથી.

સંધુ : નૉટ એ બૅડ આઇડિયા ! તમે મિસ સેખોંના...

રાજીંદર : એ મારી બહેન છે.

સંધુ : બહેન ! સગી બહેન ? પણ સેખોં તો કહેતો હતો કે એને એક જ બહેન છે !

રાજીંદર : તમારા જીવન-મરણ સાથે કોઈ એકરૂપ થઈ જાય ત્યારે એ સગા કરતાંય વિશેષ છે.

સંધુ : ખરી વાત ! આખું બર્મિંગહામ મને અને સેખોંને એક જ બાપના દીકરા સમજતું હતું. રહેવું એકસાથે, પહેરવું એકસરખું, ફરવુંય સાથે અને જમવામાંય સાથે જ ! પણ...(ખેદથી) એક દિવસ એણે ચૂપચાપ લગ્ન કરી લીધાં અને મારાથી જુદો થઈ ગયો.

ગુરચરણ : એના પ્રણય વિશે તમને પહેલેથી ખબર નહોતી ?

સંધુ : જરાય નહીં ! એ તો છૂપો રુસ્તમ નીકળ્યો ! પણ મેં એને કહ્યું– 'સેખોં, પહેલ તેં કરી છે ! હવે હું પણ લગ્ન કરી લઈશ.' આ સાંભળતાંવેંત

એણે કૂદકો માર્યો. પૂછવા માંડ્યો કે કઈ મેમ સાથે? મેં કહ્યું — 'કોઈ મેમ સાથે નહીં. હું તાબડતોબ પંજાબ જતો રહીશ અને ત્યાં જ...'

ગુરચરણ: તો તમે લગ્ન કરવા આવ્યા છો?

સંધુ: હા, એવા ખ્યાલથી આવ્યો તો છું.

ગુરચરણ: તમે પાછળ કેમ રહી ગયા?

સંધુ: સેખોંએ મને બહુ ચીડવ્યો છે. (બધાં હસે છે.)

રાજીંદર: અરે! આપણે તો વાતોમાં જ પડી ગયાં! તમે કંઈ ખાશો-પીશો?

સંધુ: કંઈ જ નહીં! તમારી ચીજવસ્તુઓ તમે સંભાળી લો એટલે હું છુટ્ટો! મારે અર્ધા કલાક પછી ગાડી...

ગુરચરણ: કંઈ ખાધાપીધા વિના તો તમને જવા નહીં દઈએ. કૉફી, ચા કે પછી નાસ્તો? જમવાનું તૈયાર જ છે.

સંધુ: કંઈ પણ નહીં! બસ રજા આપો.

ગુરચરણ: તો ફળ લ્યો...(ઊઠે છે.)

રાજીંદર: તું બેસ ચન્ની, હું લઈ આવું છું.

ગુરચરણ: એકનું એક જ છે ને!

સંધુ: તમે બન્ને બેસો. મારે થોડી વારમાં તો સ્ટેશને પહોંચવું છે.

ગુરચરણ: હું પાંચ મિનિટમાં જ આવું છું. (રાજીંદરને ખુરશીમાં બેસાડીને પોતે પાછળના ઓરડામાં જતી રહે છે.)

સંધુ: મિસ સેખોં! તમારો ભાઈ બહુ નસીબદાર છે.

રાજીંદર: મારી ભાભી કેવીક છે?

સંધુ: ખૂબ સુંદર!

રાજીંદર: મને આ જાણીને બહુ જ આનંદ થાય છે.

સંધુ: એ કહેતી હતી કે મારી પ્રિય બહેનને કહેજો કે એય હવે લગ્ન કરી લે...

રાજીંદર: શું?

સંધુ: લગ્ન કરી લો...

રાજીંદર: મારી બહેને હમણાં જ તમને કહ્યું કે હું લગ્ન નથી કરવાની.

સંધુ: પણ એણે કંઈ કારણ નથી દર્શાવ્યું. તમે જ કહી દો — સેખોંને જતાંવેંત કહેવું તો પડશે ને!

રાજીંદર : કારણમાં ખાસ કંઈ નહીં... બસ...

સંધુ : તમારી મરજી! પણ લગ્ન નહીં કરવાનું કોઈ કારણ તો હશે જ. ખાસ કરીને છોકરી જ્યારે દૃઢ નિર્ણય કરી લે ત્યારે એની પાસે કોઈ કારણ તો હોવું જ જોઈએ.

રાજીંદર : તમે ભાઈને કહેજો કે જે છોકરી સાથે હું રહું છું એને માબાપ, ભાઈબહેન કોઈ જ નથી. એને પણ એક સંબંધીએ પાળીપોળીને ઉછેરી છે. ભણાવી છે. એ મારે ખાતર લગ્ન નથી કરતી અને એટલે એના માટે હું પણ આજીવન કુંવારી રહેવા માગું છું.

સંધુ (હસીને) **:** અરે, વાહ! (ઊંડો શ્વાસ લઈને) હું અને સેખોં પણ એક વાર આવી જ વાતો કર્યા કરતા હતા. પણ પેલી મેમ આવી કે... ખેર! સેખોં ખુશ છે અને હું પણ! લગ્ન કરવા માટે હું પણ બર્મિંગહામથી અહીં આવ્યો છું. (એકાએક કશુંક યાદ આવ્યું હોય એમ) અરે! તમારું સંપેતરું તો ભૂલી જ ગયો! આ ઘડિયાળ લો. (જરસીના ખિસ્સામાંથી કાઢીને આપે છે.) જલદી કાંડે બાંધી લો.

રાજીંદર : એક તો પહેલેથી બાંધેલી જ છે. (સંધુ હસી પડે છે.)

સંધુ : આ લો, (આંગળીએથી કાઢીને) સોનાની વીંટી. માફ કરજો, પણ એને આંગળીએ પહેરીને આવું નહીં તો કોઈ અહીં લાવવા જ ન દે!

રાજીંદર : એમાં શું?

સંધુ : આ વીંટી તમારી વચલી આંગળીએ સારી લાગશે. જરા પહેરી તો જુઓ!

રાજીંદર : હમણાં નહીં.

સંધુ : હમણાં નહીં! (હસે છે.) ચાલો, જેવી તમારી મરજી! (એટેચીમાંથી રૂપિયાની નોટો કાઢીને) અને આ છે સો સો રૂપિયાની દસ નોટો... ગણી લો.

રાજીંદર : આ તમે શું કહો છો?

સંધુ : મિસ રાજીંદર! પૈસા બાબતમાં તો વહેવાર ચોખ્ખો રાખવો જોઈએ. સેખોંની થાપણ તમને પહોંચાડીને હું હળવો થયો છું. હા, એક વાત કહું. હું મારી ભાવિ પત્ની માટે પણ ઘણી-બધી ચીજો લાવ્યો છું.

રાજીંદર : અચ્છા!

સંધુ: આ ઘડિયાળ, બે વીંટી, પેન, મોજાં, પર્સ, રૂમાલ અને રેડીમેડ સૂટ!

રાજીંદર (આશ્ચર્યથી) **:** રેડીમેડ સૂટ?

સંધુ: હા, ત્યાં બહુ મળે છે.

રાજીંદર: મને એમ થાય છે કે કદાચ તમારી ભાવિ પત્નીને એ બંધબેસતો ન થાય તો —

સંધુ: સૂટ જો મોટો પડશે તો ટૂંકો કરાવી લઈશું અને જો ટૂંકો પડશે તો... તો મોટો નહીં કરાવું. મારી નવવધૂને હું સાંધેલાં કપડાં પહેરાવવા નથી ઇચ્છતો.

(રાજીંદર હસે છે.)

સંધુ: મિસ રાજીંદર! માફ કરજો પણ જો હું એમ કહું કે મારા લાવેલા સૂટો પહેરવાવાળી છોકરીનું માપ તમારાથી વધુ નહીં હોય તો ...?

રાજીંદર (સહેજ ઓઝપાઈને) **:** તમે એમ કેવી રીતે કહી શકો?

સંધુ: તમે 'ટૉલ ઍન્ડ સ્લિમ' છો. લાંબાં અને પાતળાં. હું સૂટ આવી જ કોઈ છોકરી માટે લાવ્યો છું.

રાજીંદર (જરા હળવાશથી) **:** લાંબી અને પાતળી છોકરી તમને શા માટે પસંદ છે?

સંધુ: એટલા માટે કે જ્યારે એ ચાલતી હોય ત્યારે આકાશમાં ઊડતી કોઈ પતંગને કોઈ ધીમે ધીમે ઝટકા મારતું હોય એવું મને લાગે છે! જ્યારે એ હસે છે ત્યારે એના ગાલ પર આછાં આછાં ખંજન નજરે પડે છે. મને મેઘધનુષ્ય બહુ ગમે છે... પણ છોડો, એ વાતને. તમે હજુ સુધી વીંટી તમારી આંગળીએ પહેરી નથી!

રાજીંદર: મને શોખ નથી.

સંધુ: શોખ નથી! પણ ...જરા હું જોઉં તો ખરો!

રાજીંદર: જોઈને શું કરશો?

સંધુ: સ્ત્રી જ્યારે શણગાર સજે છે ત્યારે એ શણગાર શા માટે છે એનો અર્થ એને બરાબર ખબર હોય છે.

રાજીંદર: ઇંગ્લંડમાં રહીને તમે સ્ત્રી સાઇકોલૉજીથી ઘણા પરિચિત થઈ ગયા લાગો છો.

સંધુ: ઇંગ્લંડમાં સ્ત્રીને સમજવી મુશ્કેલ નથી. જોકે ભારતીય સ્ત્રી બહુ જટિલ છે. (બન્ને હસી પડે છે.)

રાજીંદર (જરા ઉતાવળાશથી)**:** તમે ક્યારે લગ્ન કરવાના છો?

સંધુ : ટૂંક સમયમાં જ! ઘડિયાં લગ્ન જ કહોને! તાબડતોબ ઇંગ્લંડની બે ટિકિટો પણ બુક!

રાજીંદર : ઇંગ્લંડ ગયા વિના શું તમને ન ચાલે?

સંધુ : ઇંગ્લંડ તો જવાનો જ ... હું સેખોં ને મારી પંજાબી ...

રાજીંદર (અટકાવીને)**:** મારું કહેવું એમ હતું કે ધારો કે તમારાં લગ્ન એક એવી છોકરી સાથે થાય કે જે પોતાનાં મા-બાપ, મિત્રમંડળને છોડીને સાત સમુદ્રની પેલે પાર ન આવી શકે તો ...

સંધુ : હં! એ તો વખત આવ્યે ખબર પડે!

રાજીંદર : લગ્ન અનેક રીતે ત્યાગ માગે છે.

સંધુ : એ તો છે જ! જીવનમાં કંઈ મેળવવા માટે કંઈ ખોવું પણ પડે છે.

રાજીંદર : અરે! વાતવાતમાં મેં તો ઘડિયાળ કાંડે બાંધી લીધી!

સંધુ : બહુ સરસ લાગે છે. કાંડાની શોભા તો આપણી સ્ત્રીઓ જ સમજે છે. વિદેશી સ્ત્રીઓ બધી શક્તિ ... હવે વીંટીય પહેરી લો.

રાજીંદર : આ વચલી આંગળીમાં બરાબર બંધબેસતી આવે છે.

સંધુ : મેં તો કહ્યું હતું! (બન્ને હસે છે.)

રાજીંદર : તો પછી તમે તાબડતોબ વિદેશ જતા રહેશો?

સંધુ : લગ્ન પત્યા પછી કાર્યક્રમ ગોઠવાય.

રાજીંદર : વચલી આંગળીએ વીંટી સરસ લાગે છે.

સંધુ : અરે! અદ્‌ભુત! (અંદરના ઓરડામાંથી ગુરચરણ ફળોની રકાબીઓ લઈને આવે છે.)

ગુરચરણ : તારે કાંડે ઘડિયાળ ખૂબ સરસ લાગે છે, મેરી જાન!

સંધુ (આશ્ચર્યથી)**:** મેરી જાન!

ગુરચરણ : હું આને મેરી જાન કહીને જ બોલાવું છું. એ મારી જિગર છે!

સંધુ : એ તો લાગે જ છે. (હસે છે.)

ગુરચરણ : મેરી જાન! તારી આંગળીએ વીંટી પણ સુંદર લાગે છે.

રાજીંદર (ગભરાઈને)**:** મેં તો અમસ્તી જ પહેરી લીધી'તી! એને કાઢતી હતી ...

ગુરચરણ : અરે ગાંડી! રહેવા દે ...

રાજીંદર (ઊઠતાં)**:** હું હમણાં આવું છું. (પાછલા ઓરડા તરફ વળે છે.)

ગુરચરણ: ક્યાં જાય છે?

રાજીંદર (જતાં જતાં)**:** હું હમણાં આવું છું. (ગુરચરણ હસે છે.)

ગુરચરણ: બહુ શરમાળ છોકરી છે. (સંધુ હસે છે.)

સંધુ: તમારી જોડી પણ કમાલ છે. એકસરખું શરીર, એકસરખો પહેરવેશ, એકસરખાં જ રૂપ-રંગ!

ગુરચરણ: અમારાં બન્નેની લગભગ દરેક ચીજ એકસરખી જ હોય છે.

સંધુ: એવી એકવાક્યતા તમે કેવી રીતે મેળવી?

ગુરચરણ: મનમનનો સવાલ છે. મન મળી જાય એટલે બધું પત્યું!

સંધુ: સાવ સાચું . . . પણ . . . (નામ ભૂલી જાય છે.)

ગુરચરણ: ગુરચરણ!

સંધુ: થેંક યુ! હું એમ કહેતો હતો મિસ ગુરચરણ! હું અને સેખોં પણ એક જમાનામાં એક-દિલ હતા પણ . . . (ઉદાસીનતાથી) એક દિવસ એણે ચૂપચાપ લગ્ન કરી લીધાં.

ગુરચરણ (વ્યંગથી હસતાં)**:** લગ્ન?

સંધુ: શરૂઆતમાં તો મારો વિચાર કુંવારા રહેવાનો જ હતો.

ગુરચરણ: પછી તમેય હરીફાઈમાં ઊતર્યા – ખરું?

સંધુ: મિસ ગુરચરણ, હરીફાઈ શાની?

ગુરચરણ: સમાજની સામે સાચા રહેવા માગો છો?

સંધુ: એમ પણ નહીં!

ગુરચરણ: તો પછી બીજી કઈ વાત છે? લગ્ન માટે તમારે અહીં સાત સમુદ્ર પાર કરીને કેમ આવવું પડ્યું?

સંધુ: મિસ ગુરચરણ! મારો અનુભવ છે કે જેમ ખાવું-પીવું, સૂવું-જાગવું, હરવું-ફરવું, હસવું-ગાવું વગેરે વિચારો આવે છે એમ જ લગ્નનો વિચાર માણસને આવે છે.

ગુરચરણ (વ્યંગથી)**:** વિચાર!

સંધુ: તમે જરા વિચારી જુઓ, તમે . . .

ગુરચરણ (વચ્ચેથી જ)**:** લગ્ન એક વિચારમાત્ર છે. કોઈ એને તાણી-ખેંચીને મોટો ગ્રંથ બનાવી દે છે, કોઈ એને સંકોચીને શબ્દમાત્ર બનાવી દે છે જે અશુદ્ધ હોવાથી પૂરો થઈ જાય છે.

સંધુ: મારો તો હજુ એવો જ મત છે, મિસ ગુરચરણ, કે લગ્નનો વિચાર દૂર કરી શકાય નહીં. હા, એને દબાવી શકાય ખરો, પણ એક વાત છે, જ્યારે એ ઊછળે છે ત્યારે ભૂખ્યા વાઘ જેવી હાલત થઈ જાય છે.

ગુરચરણ (વ્યંગથી હસે છે): ભૂખ્યા વાઘ જેવી?

સંધુ: એટલે કે વાઘ જ્યાં સુધી સશક્ત હોય છે એ બધું કરી શકે છે, પણ જ્યારે એના નખ તૂટી જાય છે, દાંત પડી જાય છે ત્યારે...

ગુરચરણ (વચ્ચેથી જ): તમે કશુંક ખાઓ તો ખરા. (સંધુ રકાબી ઉપાડે છે.)

સંધુ: તમેય લોને! (મિસ ગુરચરણ પણ રકાબી લેવા હાથ લંબાવે છે.)

સંધુ: એ કુદરતી છે કે જિંદગીમાં કોઈ પણ સ્થળે કોઈ ને કોઈ સંગાથ જોઈએ.

ગુરચરણ: રાજીંદર મને હંમેશા સંગાથ આપે છે.

સંધુ: તમે બન્ને બહુ નસીબદાર છો.

ગુરચરણ: તમારાં લગ્ન ક્યારે થવાનાં છે?

સંધુ: તાબડતોબ!

ગુરચરણ: ક્યાં?

સંધુ: એ હજુ નક્કી નથી. તમે બતાવશો?

ગુરચરણ: હું બતાવું? (ગભરાઈને) હું... હું... શું બતાવું? હું કોઈ મૅરેજ-બ્યૂરો ઓછી છું?

(સંધુ હસે છે. ગુરચરણ પણ હસે છે. રાજ અંદર આવે છે.)

સંધુ: આવો મિસ રાજ!

ગુરચરણ: કાઢી કેમ નાખી મેરી જાન?

રાજીંદર (ઓઝપાઈને): કાઢયાં તો હતાં... પણ પાછાં પહેરી લીધાં.

(સંધુ અને ગુરચરણ હસે છે.)

સંધુ (ઘડિયાળમાં જોઈને): ઓહ! મારી ગાડી આવવાનો સમય થઈ ગયો. મને હવે રજા આપો. (ઍટેચી ઉપાડીને ઊભો થાય છે.) હું તમને મારું સરનામું આપતો જાઉં છું. (ખિસ્સામાંથી કાર્ડ કાઢીને બન્ને સામે ધરે છે.) એટલા માટે કે તમે બન્ને મને બહુ જ પસંદ છો. તમારા બેમાંથી એકેયને જો મારી સાથે લગ્ન કરવાનો વિચાર થાય તો મને આ સરનામે જણાવજો.

પંદર દિવસ સુધી હું તમારા પત્રની રાહ જોઈશ. પછી નહીં ! (કાર્ડ ટેબલ પર મૂકી દે છે.) બાય . . . બાય . . . ! (સંધુ ઝડપથી બહાર ચાલ્યો જાય છે. બન્ને છોકરીઓ એને જતો જોઈ રહે છે પછી થોડી વાર ગુમસુમ બેસી રહે છે.)

ગુરચરણ : મેરી જાન !

રાજીંદર : હં !

ગુરચરણ : આપણા પર જાણે કોઈક ઉદાસીનતા છવાઈ ગઈ !

રાજીંદર : હં !

ગુરચરણ : એ તો જવાનો જ હતો !

રાજીંદર : સરનામું આપતો ગયો છે !

ગુરચરણ : આપણે એનું શું કામ છે ?

રાજીંદર : લાવ, એને બારીમાંથી બહાર ફેંકી દઈએ !

ગુરચરણ : ભલેને પડયું ! આપણું શું જાય છે ?

રાજીંદર : હા, આપણે તો કાલે સવારે જવાનું જ છે.

ગુરચરણ : જે નવો ભાડૂત અહીં આવશે એ આને નકામું સમજીને ફાડીને ફેંકી જ દેવાનો છે !

રાજીંદર : એ કરતાં આપણે એને આપણી સાથે જ રાખીએ.

ગુરચરણ : હા, રાખી મૂકીએ એમાં શું વાંધો છે ?

(બન્ને કાર્ડ લેવા માટે હાથ લંબાવે છે.)

(પડદો પડે છે.)

લેખક-પરિચય

1. **ઇશ્વર ચંદર નંદા** (1892–1966)

જન્મ: 30 સપ્ટેમ્બર 1892, ગામ – ગાંધિયાં પુનિયાડ, જિલ્લો – ગુરદાસપુર.

શિક્ષણ: અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ., લાહોરની દયાલસિંહ કૉલેજ તથા એફ. સી. કૉલેજ અને ઑક્સફર્ડ યુનિવર્સિટી.

વ્યવસાય: 1947માં નિવૃત્ત થયા ત્યાં સુધી પંજાબના શિક્ષણખાતામાં અધ્યાપન.

મૃત્યુ: 2 સપ્ટેમ્બર 1966 – દિલ્હી.

પ્રથમ પંજાબી એકાંકી નાટક 'દુલ્હન' (1913) – દયાળસિંહ કૉલેજ, લાહોરમાં ભજવાયું.

નાટક: સુભદ્રા (1920), શામૂ શાહ (1928)–(શેક્સ્પિયરના નાટક 'મર્ચન્ટ ઑફ વેનિસ' પર આધારિત) વરઘર (1928), સોશિયલ સર્કલ (1954).

એકાંકી સંગ્રહ: ઝલકારે, લિશકારે, ચમકારે.

આધુનિક પંજાબી નાટક અને રંગમંચ પરંપરાના પ્રવર્તક. કલા અને ઇતિહાસ બંને દૃષ્ટિએ, લેખન, અભિનય અને દિગ્દર્શન ત્રણેય ક્ષેત્રમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. સમકાલીન ધોરણોના પ્રભાવ હેઠળ નાટ્યરચનાનો આદર્શ સમાજ-સુધારણા અને નૈતિક શિક્ષણ રહ્યો છે. જોકે સ્વસ્થ મનોરંજન પણ સ્પષ્ટ અભિગમ બની રહ્યો છે. એમનાં પાત્રો પંજાબી સમાજનું પૂર્ણ પ્રતિનિધિત્વ કરે છે. એમાં વ્યાજખાઉ વેપારી, અંધવિશ્વાસ અને રૂઢિઓનો ભોગ બનેલ દેવાદાર, પાખંડી સાધુ, ભોળી, ઘરરખુ ગૃહિણીઓ, બાલવિવાહનો ભોગ બનેલી કન્યાઓ, બાળવિધવાઓ, અંગ્રેજીના ઉપાસક સાહેબો, વગેરે છે. આ બધાંનું એમણે કુશળ આલેખન કર્યું છે.

ઇશ્વરચંદર નંદાનાં પાત્રો વ્યક્તિગત નહીં, પ્રતિનિધિ પાત્રો હોય છે. સામાજિક દૃષ્ટિએ નીચલા સ્તરનાં લાગતાં આ પાત્રોનું મૂળ હાસ્ય-કટાક્ષ હોય છે, દ્વેષ નહીં. ખલનાયકોની માનવતાને જાગ્રત કરે છે, એટલું જ નહીં,

વાચક કે પ્રેક્ષકની સહાનુભૂતિ પણ પ્રાપ્ત કરે છે. વાસ્તવવાદનું સચોટ આલેખન હોય છે. સંવાદો પણ તીક્ષ્ણ, વાસ્તવિક અને મનોરંજક હોય છે.

2. **સંત સિંહ સેખોં** (1908—)

જન્મ: 30 મે, 1908 – પાકિસ્તાનના લાયલપુર જિલ્લામાં.

શિક્ષણ: અંગ્રેજી સાહિત્ય અને અર્થશાસ્ત્ર સાથે એમ.એ., એફ. સી. કૉલેજ, લાહોર.

વ્યવસાય: 1931–51–ખાલસા કૉલેજ(અમૃતસર)માં પ્રાધ્યાપક. 1951–61 અંગ્રેજી વિભાગના અધ્યક્ષ, 1961–71 પંજાબની જુદી જુદી કૉલેજોમાં પ્રિન્સિપાલ રહ્યા. અંગ્રેજી પત્રકારત્વ પણ કર્યું છે. વચ્ચે પાંચેક વર્ષ લોકનિર્માણના તથા રાજકારણના ક્ષેત્રે પણ પ્રવૃત્ત રહ્યા. અત્યારે લુધિયાણા જિલ્લાના દાખા ગામમાં ખેતી અને લેખનકાર્ય કરે છે.

નાટકો: કલાકાર (1946), નારકી (1953), મોઇયાં સાર ન કાઈ, વારિસ, બેડા બંધ ના સકિયો, ભૂમિદાન (1954), સિયાલાં દી નદ્દી, દમયંતી (1964), મિત્તર પ્યારા (1970), (મિત્તર પ્યારા નાટકને 1972નો સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયો છે.)

એકાંકી સંગ્રહ: છ ઘર (1940), તપિયા કયોં ખપિયા, નાટ્ સુનેહે

અનુવાદ: મૅકબેથ (શેક્સ્પિયર)

એક સિદ્ધાંતવાદી સમીક્ષક તરીકે વિશેષ જાણીતા. શ્રી સેખોંનું વાર્તા, નવલકથા તથા કાવ્ય-નાટકના ક્ષેત્રે પણ નોંધપાત્ર અર્પણ છે. ભાષાવિજ્ઞાન, પંજાબી સાહિત્યનો ઇતિહાસ, પંજાબી કોષ, અંગ્રેજીમાંથી અનુવાદો જેવાં બૌદ્ધિક પ્રકાશનોમાં એમનો ફાળો સર્વોત્તમ છે. એમનાં નાટકોની બે વિશેષતાઓ. એમાં ઘટનાઓનો જોરદાર વેગ કે ચબરાક સંવાદો નથી.—કલાની અપેક્ષાએ અનંત બૌદ્ધિક પિપાસા અને મનુષ્યજીવનના આંતરબાહ્ય સંઘર્ષોના ભાવો આલેખ્યા છે.

તાર્કિક જ્ઞાનના પ્રકાશમાં, પાત્રો દ્વારા માનવીને સમજવાનો એમનો પ્રયત્ન રહ્યો છે. સમીક્ષક તરીકે એમની સિદ્ધાંતનિષ્ઠા વ્યાપક રહી છે. સર્જક તરીકે એમનો બૌદ્ધિક સ્તર ઊંચો રહ્યો છે. સમાજવાદી દર્શન અને પાશ્ચાત્ય સમાજશાસ્ત્ર તથા મનોવિજ્ઞાનની બૌદ્ધિક ભૂમિકા પર એમણે રચનાઓ કરી છે. એમણે ભારતીય પુરાણો તથા મધ્યકાલીન ભારત (ખાસ કરીને

પંજાબ)ના ઐતિહાસિક સમયખંડોને આવરતી કૃતિઓનું નિર્માણ કર્યું છે. ઇન્દ્ર-અહલ્યાની કથા ('કલાકાર'), નળદમયંતીના પ્રસંગો ('દમયંતી') જેવી પુરાણકથાઓ, મધ્યકાલીન ઇતિહાસ(બેડા બંધ ના સકિયો' 'મોઇયાં સાર ન કાઇ')માં સમકાલીન દૃષ્ટિ અને મનન એમની કૃતિઓને નવું પરિમાણ બક્ષે છે. નાટકની અભિનયક્ષમતા એમને કદી અભિપ્રેત રહી નથી. ગંભીર વાચન-ક્ષમતા અને બૌદ્ધિક સંતોષ એમના ગુણપક્ષે છે.

3. **ગુરદયાલ સિંહ ખોસલા** (1912)

જન્મ : 15 જાન્યુઆરી 1912 – લાહોર

શિક્ષણ : અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ. ગવર્નમેન્ટ કૉલેજ, લાહોર.

વ્યવસાય : એક વરસ કૉલેજમાં પ્રાધ્યાપક રહ્યા પછી દક્ષિણ-પશ્ચિમ રેલવેમાં અધિકારી બન્યા. 1970માં પશ્ચિમ રેલવેના જનરલ મૅનેજરપદેથી નિવૃત્ત થયા પછી પંજાબ વિશ્વવિદ્યાલયમાં બે વરસ સુધી નાટ્ય વિભાગના સલાહકાર તરીકે રહ્યા. અત્યારે પંજાબી થિયેટરના સંયોજક છે.

નાટક : બુહે બૈઠી ધી (1950), મર મિટણ વાલે, પરલો તોં પહિલો

એકાંકી સંગ્રહ : બેઘરે, સતારહવાં પતિ.

અનુવાદ : ચાંદી દા ડિબ્બા (ગાલ્સવર્ધીનું 'સિલ્વરબૉક્સ')

એમની કૃતિઓમાં નાગરિક જીવનની સમસ્યાઓ દ્વારા તીવ્ર વ્યંગ અને કલા નિખરે છે. મધ્યમવર્ગીય જીવનની સંકીર્ણતાઓ અને એની પાછળ પ્રગટતી વિશેષતાઓનું કુશળ આલેખન કર્યું છે. વ્યંગ દ્વારા સામાજિક-રાજકીય સંસ્થાઓને ઉઘાડી કરવામાં સિદ્ધહસ્ત છે. આથી સાદ્યંત રસ જળવાઈ રહે છે. રંગમંચના ક્ષેત્રે એમનું પ્રદાન અધિક મહત્ત્વપૂર્ણ છે. અવિભાજિત પંજાબના લિટલ થિયેટર ગ્રૂપ(લાહોર)ના અધ્યક્ષ હતા. પંજાબી થિયેટર ગ્રૂપ(દિલ્હી)ની સ્થાપના કરી દિલ્હીમાં પંજાબી નાટકો રજૂ કર્યાં. નોકરી દરમ્યાન ખોસલા જ્યાં જ્યાં ગયા, પંજાબી થિયેટરને સાથે લેતા ગયા હતા. હાલ દિલ્હીમાં પંજાબી થિયેટર ગ્રૂપની ફરીથી સ્થાપના કરી નાટકસંબંધી વિવિધ પ્રવૃત્તિઓનો સમન્વય કરી રહ્યા છે.

4. **હરચરણ સિંહ** (1914 –)

જન્મ : 10 ડિસેમ્બર 1914–પાકિસ્તાનનો શેખપુરા જિલ્લો.

શિક્ષણ : એમ.એ.(ઇતિહાસ–પંજાબી), પીએચ.ડી. દિલ્હી વિશ્વવિદ્યાલય.

વ્યવસાય : પ્રાધ્યાપક. પંજાબી વિશ્વવિદ્યાલય, પટિયાલા, પંજાબી વિભાગના અધ્યક્ષ.

નાટક : કમલાકુમારી (1937), રાજા પોરસ (1939), દૂર દુરાડે શહિરોં, ખેડણુ દે દિન ચાર, અનજોડ, દોષ, પુન્નિયા દા રાજા, સત્તા સાલૂ, શોભા શક્તિ, કંચન માટી, ઇતિહાસ જવાબ માંગદા હૈ, કલ અજ્જ, અને ભલક.

એકાંકી સંગ્રહ : જીવનલીલા(1940), સપ્તઋષિ, પજ ગીટડાં, પંચ પરધાન, મુઢકે દી ખુશઆે, ચમકૌર દી ગઢી.

ઇશ્વરચંદર નંદાની નાટ્યપરંપરાના મુખ્ય ઉત્તરાધિકારી. પ્રારંભિક પંજાબી નાટકમાં વ્યક્ત સમાજવાદી અને માનવઉત્કર્ષનો અભિગમ એમનાં નાટકોમાં દેખાય છે. ઐતિહાસિક વિષયોમાં રુચિ. સામાજિક તથા વ્યક્તિગત કલ્યાણને આલેખતી આરંભિક કૃતિઓ સરળ અને સ્પષ્ટ છે. ગ્રામ સંસ્કૃતિ પ્રત્યેનો પક્ષપાત તથા શહેરી સંસ્કૃતિ પ્રત્યેની સૂગ પ્રતિબિંબિત થાય છે. ટેકનિકની દૃષ્ટિએ એમણે ગંભીર પ્રયોગો કર્યા છે. આમ છતાં સામાજિક વાતાવરણ અને સમસ્યાઓ પરથી લક્ષ ખસતું નથી. આ પીઠિકા અને સરળતાને લીધે એમની કૃતિઓ ઘણી લોકપ્રિય થઈ છે.

સફળ નાટ્યકાર ઉપરાંત તેઓ સફળ દિગ્દર્શક અને પ્રભાવશાળી અભિનેતા પણ છે. રંગમંચથી ભિન્ન એવા નાટકને તેઓ સ્વીકારતા નથી. એમની નાટ્યકળાની આ શક્તિ કહો કે અશક્તિ કહો.

5. **બલવંત ગાર્ગી** (1916)

જન્મ : 4 ડિસેમ્બર 1916 સહેણાગામ ભટિંડા જિલ્લો.

શિક્ષણ : એમ.એ. (રાજનીતિ અને અંગ્રેજી સાહિત્ય) લાહોર

વ્યવસાય : લેખન. નાટ્ય દિગ્દર્શક, પત્રકાર. 1964–66 દરમ્યાન વૉશિંગ્ટન યુનિવર્સિટીમાં ભારતીય નાટકના પ્રાધ્યાપક રહ્યા. 1968થી પંજાબ વિશ્વ-વિદ્યાલયમાં થિયેટર વિભાગના અધ્યક્ષ.

નાટક : લોહાકુટ્ટ (1944), બિસવેદાર, સૈલ પત્થર (1952), નવાં મુઢ, ધુગ્ગી કણકદી બલ્લી (1954), સોહણી મહિવાલ (1958), ધૂણી દી અગ્ગ (1968), ગગન મેં થાલ (1969).

એકાંકી સંગ્રહ : કુઆરી ટોસી (1945), દોયાસે (1946), પતનાદી બેડી, દસ બંધ, દુવધ દીયાં ધારાં.

આમ તો જોકે એમનું પ્રદાન વાર્તા, રેખાચિત્રો, નાટ્યસમીક્ષા, ઐતિહાસિક લખાણો વગેરેમાં પણ છે. પરંતુ નાટ્યક્ષેત્રે એમનું અર્પણ સૌથી વિશેષ છે. પંજાબીમાં નાટકને સ્વતંત્ર સાહિત્યિક સ્વરૂપ આપવામાં એમનો ફાળો સૌથી વધુ છે. એમના વિવેચનગ્રંથ 'રંગમંચ'ને સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયો છે. નાટ્યરચનાઓમાં શિલ્પને એમણે અગ્રસ્થાન આપ્યું છે. માનવ-જીવનના સંઘર્ષોના માધ્યમ દ્વારા માનવીના વિભિન્ન સ્તરો અને મનના ભાવોને આબાદ નિરૂપે છે. સ્ત્રી-પુરુષનું નિરંતર આકર્ષણ અને એમાંથી જન્મતા સંઘર્ષોએ એમને વસ્તુ પૂરું પાડયું છે. ભૌતિક દૃષ્ટિકોણથી લખાયેલાં નાટકો રંગમંચ પર સફળ થવા છતાં કલાદૃષ્ટિએ ઊણાં છે. સંવાદો એમની મુખ્ય વિશિષ્ટતા છે. પાત્ર-પાત્ર વચ્ચેની ભિન્નતા સંવાદ દ્વારા પ્રગટ થાય છે. ભાષામાં પ્રતીકાત્મક શૈલીનો વિનિયોગ કરે છે. આરંભિક રચનાઓમાં રોમેન્ટિક ભાવની લઢણ, પણ પાછળથી કરુણાંતિકાઓનું સફળ આલેખન કર્યું છે.

6. **કર્તાર સિંહ દુગ્ગલ** (1917)

જન્મ: 1 માર્ચ, 1917, ગામ દયાલ, રાવળપિંડી જિલ્લો.

શિક્ષણ: એમ.એ. (અંગ્રેજી સાહિત્ય) લાહોર

વ્યવસાય: 1940–66 ઑલ ઇન્ડિયા રેડિયોમાં. 1966થી નેશનલ બુક ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા, નવી દિલ્હીમાં સચિવ, અને 1971થી નિર્દેશક. પછી યોજના કમિશનમાં સલાહકાર હતા, અને હાલ એક પુસ્તક પ્રકાશન સંસ્થાના સલાહકાર છે.

કૃતિઓ: પુરાનિયાં બોતલાં, મિટ્ઠીપાણી, કૌહકન

એકાંકી સંગ્રહ: ઇક સિફર સિફર (1941), તિન્ન નાટક (1951), સતનાટક.

કર્તાર સિંહ દુગ્ગલ અગ્રણી પંજાબી લેખક છે. પાશ્ચાત્ય સાહિત્ય પ્રતિભા-ઓને એમણે પંજાબી સાહિત્યની આગવી લઢણ બની શકે એવી રીતે ઢાળી છે. આધુનિક પંજાબી નવલિકા એમની રચનાઓ દ્વારા જ જન્મી છે. પંજાબી નવલકથામાં માનવીય પાત્રોને ઉપસાવવામાં એમનું અર્પણ અનોખું છે. એમની નવલકથા 'હાલ મુરીદાં દાં'માં વિસ્તૃત કથાવસ્તુ અને શૈલી-વૈવિધ્ય હોવા છતાં ખૂબ લોકપ્રિય બની છે. એમના વાર્તાસંગ્રહ 'ઇક છિટ ચાનણ દી'ને સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયો છે. નાટ્યક્ષેત્રે એમનું

વિશેષ પ્રદાન રેડિયો-રૂપકો છે. રંગમંચના દશ્યગુણને, સંવાદોની ચિત્રાત્મકતા અને ભાવ દ્વારા શ્રાવ્યગુણ અર્પવામાં દુગ્ગલ અદ્વિતીય છે. અભિવ્યક્તિની એમની શૈલી સંવાદો દ્વારા કાવ્યની લગોલગ પહોંચે છે. સહજ અભિવ્યક્તિ અને સૂક્ષ્મ દૃષ્ટિને કારણે એમનાં પાત્રોની સ્વગતોક્તિ માત્ર આત્મચિંતન જ નહીં, વિભિન્ન મુદ્રાઓ વડે પારદર્શક બને છે.

7. **અમરિક સિંહ** (1920–)

જન્મ: 20 સપ્ટેમ્બર, 1920 એબટાબાદ (પાકિસ્તાન)

શિક્ષણ: એમ.એ. લાહોર પીએચ.ડી. (અંગ્રેજી સાહિત્ય), લંડન વિશ્વવિદ્યાલય

વ્યવસાય: કૉલેજોમાં પ્રાધ્યાપક. 1963–65માં પંજાબી વિશ્વ વિદ્યાલય – પટિયાલામાં અંગ્રેજી વિભાગના અધ્યક્ષ, 1965થી ઇંટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા, નવી દિલ્હીમાં સચિવ.

નાટક: પરછાવિયાં દી પકડ, રાહાં દે નખેડ તે, કમ્મ દી ધડમ્મ

એકાંકી સંગ્રહ: જીવન ઝલકાં, આસાં દે અંબાર.

અનુવાદ: નાગિયાં દી સરાં (લેડી ગ્રેગરી કૃત વર્ક હાઉસ વોર્ડ), પ્રેત (ઇબ્સન કૃત 'ઘોસ્ટ').

છઠ્ઠા દસકાના આરંભનાં વરસોમાં, અમરિકસિંહે નાટ્યજગતમાં પ્રવેશીને સહુનું ધ્યાન ખેંચ્યું. લિટલ થિયેટર ગ્રૂપ તથા કૉલેજનાં મંડળોના ઉપક્રમે પશ્ચિમી નાટકોને પંજાબીમાં મંચ પર પ્રસ્તુત કર્યાં. આ સફળતાએ એમને બીજાં નાટકો લખવા પ્રેર્યા. એમનાં નાટકોમાં વિશિષ્ટ નાટકીય ઘટનાઓને બદલે સામાન્ય માનવીના રોજિંદા જીવનની નિસ્તેજ ઘટનાઓની પાછળ રહેલા અર્થને ઇંગિત કરે છે. તીવ્ર સંઘર્ષ, શબ્દોની તડીમાર કે ચબરાકિયા સંવાદો એમની કૃતિઓમાં નથી. સરળ અને સામાન્ય લાગતી ઘટનાઓને તેઓ આલેખે છે. અંતમાં જે ચમત્કૃતિ સર્જે છે એ કાળ અને અર્થનું નવું પરિમાણ આપે છે.

8. **ગુરચરણ સિંહ જસૂજા** (1925–)

જન્મ: 1 મે, 1925 – અમૃતસર

શિક્ષણ: એમ.એ. અમૃતસર

વ્યવસાય: વ્યાપાર

નાટક: મકડી દા જાલ, કંધા દે રેત દીયાં, અંધકાર, ચઢિયા સોધણ ધરતુ લોકાઈ.

એકાંકી સંગ્રહ: ગૌમુખી-શેરમુખી, ચાર દીવારી, પછતાવા.

સંગીતનાટક: વિસમાદ નાદ.

એમનાં નાટકો, શહેરના મધ્યમવર્ગીય જીવનનાં આર્થિક સંકટો, માનસિક યંત્રણાઓ અને ભાવ-સંકીર્ણતાનો પરિચય કરાવે છે. રૂઢ અર્થમાં તેઓ સુધારાવાદી કે ક્રાંતિકારી નથી. એમનાં પાત્રો પરસ્પરથી ભિન્ન વ્યક્તિત્વ નહીં, પણ પરસ્પરને પૂરક હોય એવી રીતે રજૂ થાય છે. આનું કારણ મધ્યમવર્ગીય જીવનની ખીચાંતાણ પદ્ધતિ છે. એમની શૈલીમાં વ્યંગ છે. કૉમેડી કે ટ્રૅજેડી એમની નાટ્યકલામાં નથી.

9. કપૂર સિંહ ઘુમ્મણ (1927 —)

જન્મ: 2 ફેબ્રુઆરી, 1927, ગામ દલચોકે, (પાકિસ્તાન – જિલ્લો, સિયાલકોટ)

શિક્ષણ: પંજાબી સાથે એમ એ.

વ્યવસાય: પંજાબ રાજ્યના ભાષાવિભાગમાં સહાયક નિર્દેશક, પટિયાલા.

નાટક: પૂતલીઘર, જીંદી લાશ, જિંદગી તોં દૂર, ગુઝારત, અતીત દે પરછાંવે.

એકાંકી સંગ્રહ: જૈલદાર, રબ્બ દે રંગ, કવિ તે કવિતા, દો જોતાં મૂરતાં, જંગલ માય, કચ્ચ દે ગજરે.

આદર્શવાદ, લોકપ્રિય કથાવસ્તુ અને સરળ નાટ્યશૈલીને લીધે કપૂર સિંહ ઘુમ્મણનાં નાટકો એમને ઇશ્વર ચંદર નંદા તથા હરચરણ સિંહની લોકપ્રિય મંચપરંપરામાં લઈ જાય છે. એટલે જ એમનાં નાટકો સર્વત્ર ખાસ કરીને શાળા-કૉલેજોમાં ભજવાય છે. છેલ્લાં પંદર વરસથી પટિયાલામાં સફળ નાટકોની એક હારમાળા સર્જી દીધી છે. ભારતીય તથા પશ્ચિમી ક્લાસિકલ નાટકોને પંજાબી મંચ પર સ્થાન આપવાથી, પંજાબી રંગમંચને જે ઊંડાણ અને નાટ્યશૈલીની પરિપક્વતા પ્રાપ્ત થઈ એ ઘુમ્મણના પ્રદાન વિના નોંધી શકાત નહીં. આમ તો જોકે અનેક સામાજિક પ્રશ્નો એમનાં નાટકોના વિષયો બન્યા છે, પણ મુખ્યત્વે વ્યક્તિગત ચેતના જ એમાં દશ્યમાન થાય છે. એમનો દૃષ્ટિકોણ આદર્શવાદી છે, કલાકારની આકાંક્ષાઓ તથા એની માનસિક કે ભાવાત્મક જરૂરિયાતોને, જનસામાન્યથી તેઓ નોખાં તારવે છે. એમની વિશેષતા તીખા, તેજસ્વી સંવાદો અને ઘટનાઓનો ક્રમિક વિકાસ છે.

10. **હરસરન સિંહ** (1929—)

જન્મ: 10 ફેબ્રુઆરી, 1929, ગુજ્જરખાન (પાકિસ્તાન – જિલ્લો, રાવળપિંડી.)

શિક્ષણ: એમ.એ. (પંજાબી)

વ્યવસાય: પંજાબ રાજ્યના શિક્ષણખાતામાં સંપાદક.

નાટક: જિગરા, ઉદાસ લોક, ફુલ્લ કુમલા ગયા, અપરાધી.

એકાંકી સંગ્રહ: જોત તોં જોત જગે, તરેડ, મેરે આઠ એકાંકી.

ગુરચરણ સિંહની જેમ જ હરસરન સિંહ પણ મધ્યમવર્ગીય જીવનના સર્જક છે શહેરી મધ્યમવર્ગીય જીવનમાં ઊભરાતા આર્થિક અભાવો અને એમાંથી પ્રગટતી માનસિક અને ભાવાત્મક તાણનું બેધડક આલેખન કર્યું છે. સામાન્ય માનવીની નીરસ પરિસ્થિતિને પેલે પારથી કશોક અર્થ શોધવાની એમની મથામણ રહી છે. એમનાં પાત્રો પરંપરાગત નિષ્ઠાથી દૂર જીવનસાગરમાં નિરુદ્દેશ્ય મોજાંઓની થાપટો ખાતાં ભટકતાં નજરે પડે છે. માનવીય સંવેદના, પીડા અને સહનશીલતા એમનાં પાત્રોને સજીવ બનાવે છે.